સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 47
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ માર્ગશીર્ષ સુદ -૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૩૦ નવેમ્બર ૨૦૨૫, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઍરબસનાં વિમાનોનાં સોફ્ટવેરમાં ખામીથી ફફડાટ


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,691/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## ભારતમાં ઊડતાં ૩૩૮ એ૩૨૦ વિમાનમાંના ૮૦ ટકા પ્લેનના સોફ્ટવેરને અપડેટ કરાયું : અનેક ફ્લાઈટ્સ મોડી પડી

નવી દિલ્હી : ભારતની વિવિધ ઍરલાઈન્સ દ્વારા ઑપરેટ કરાતાં ૩૩૮ એ૩૨૦ ફેમિલી વિમાનોના સોફ્ટવેરને સુધારવાની જરૂર છે અને આમાંથી ૮૦ ટકા વિમાનોનાં સોફ્ટવેરને સુધારવામાં આવ્યું છે, એવી માહિતી ડિરેક્ટરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશન (ડીજીસીએ)એ આપી હતી. ઍરબસે શુક્રવારે ચેતવણી આપી હતી કે તીવ્ર સૌર કિરણોત્સર્ગને લીધે ફ્લાઈટ રેકોર્ડ કરપ્ટ થઈ શકે. આની અસર એ૩૨૦ ફેમિલીના મોટા ભાગના પ્લેન પર પડશે અને આ બાબતના ઉકેલ માટે તેના સોફ્ટવેરમાં ફેરફાર કરવો પડશે.

સૂત્રોએ માહિતી આપી હતી કે કોઈ ફ્લાઈટ રદ કરાઈ નથી પરંતુ અસરગ્રસ્ત વિમાનમાં સોફ્ટવેર અપડેટ કરાતું હોવાથી વિમાનો ૬૦-૯૦ મિનિટ મોડાં હતા. સોફ્ટવેર અપડેટ ૧૮૦ વિમાનમાં કરવામાં આવ્યું હતું એવી માહિતી ડીજીસીએએ ૨૯ નવેમ્બરના સવારના દસ વાગ્યા સુધીના ડેટાના આધારે આપી હતી. બધા જ અસરગ્રસ્ત વિમાનના અપડેટ ૩૦ નવેમ્બરે પરોઢિયેના ૫:૨૯ કલાક સુધી પૂરા કરવાના છે. ડીજીસીએએ શનિવારે ભારતીય ઍરલાઈન ઑપરેટરને વિમાનનાં જરૂરી સોફ્ટવેર અપગ્રેડ કરવાનો આદેશ આપ્યો હતો. ઍરબસે વિશ્વના (જુઓ પાનું ૨) ▸▸



સિદ્ધરમૈયા અને શિવકુમારમાં બ્રેકફાસ્ટ ડિપ્લોમેસી પછી દાવો કરાયો કે,

## કર્ણાટક કૉંગ્રેસમાં ઑલ ઈઝ વેલ

બેંગ્લૂરુ : કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધરમૈયા અને તેમના ડેપ્યુટી ડી. કે. શિવકુમારે શનિવારે તેમના વચ્ચે સંપ હોવાનું બતાડીને રાજ્યમાં નેતાગીરીના વિવાદનો અંત આણ્યો હતો. બન્ને નેતાએ બ્રેકફાસ્ટ મીટિંગ કર્યા બાદ કહ્યું હતું કે અમારી વચ્ચે કોઈ મતભેદો નથી અને ભવિષ્યમાં પણ અમે સાથે રહીશું.

સિદ્ધરમૈયાના નિવાસસ્થાન કાવેરીમાં બ્રેકફાસ્ટ મીટિંગ બાદ સંયુક્ત રીતે પત્રકાર પરિષદને સંબોધતાં બન્ને નેતાઓએ કહ્યું હતું કે અમે પક્ષનું મોવડીમંડળ જે આદેશ આપશે એનું પાલન કરીશું. મોવડીમંડળના કહેવાથી મુખ્ય પ્રધાને નાસ્તા માટે તેમના નાયબને આમંત્રણ આપ્યું હતું. કૉંગ્રેસની અઢી વર્ષ જૂની સરકારને આ મડાગાંઠ સતાવતી હતી અને વિરોધ પક્ષ ભાજપે જો બન્ને નાતા વચ્ચેનો સત્તાસંઘર્ષ (જુઓ પાનું ૨) ▸▸



**તૈયારી ખેલયજ્ઞની:** અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ ૨030નું યજમાનપદ મળ્યું છે તો તેની તૈયારીરૂપે શનિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમની નજીકના ગેરકાયદે મકાનો તોડાયાં હતાં. (એજન્સી)

## વાવાઝોડાની અસરઃ તમિળનાડુ, આંધ્ર પ્રદેશમાં વરસાદી વિનાશ

ચેન્નઈઃ વાવાઝોડા દિત્વાને લીધે પડતા વરસાદે શનિવારે તમિળનાડુ અને આંધ્ર પ્રદેશના તટીય વિસ્તારો અને કાવેરી ત્રિભુજ પ્રદેશને ધમરોળી નાખ્યાં હતાં. આની માઠી અસર રામનાથપુરમ અને નાગપટ્ટીનમ જિલ્લામાં પડી છે. વાવાઝોડું ખુલ્લા સમુદ્રમાં પ્રવેશીને તમિળનાડુ સમુદ્રતટીય તરફ જઈ રહ્યું છે. ભારે પવન અને વરસાદને લીધે સતત બીજા દિવસે રામેશ્વરમનું જનજીવન ખોરવાઈ ગયું હતું. નાગપટ્ટીનમમાં પણ ભારે વરસાદ પડ્યો હતો અને થોડાં (જુઓ પાનું ૨) ▸▸




## જુલમ થશે તો જેહાદ થશેઃ મદનીના વિધાનથી મોટો વિવાદ

**મૌલવીએ તો સુપ્રીમ કોર્ટની પણ આકરી ટીકા કરી**

નવી દિલ્હીઃ જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના મહમૂદ મદનીએ વિવાદાસ્પદ અને ભડકાઉ નિવેદનો આપતા નવો વિવાદ સર્જાયો છે. 'જ્યારે જુલમ થશે ત્યારે જેહાદ થશે', એમ કહીને હવે તેણે નવો વિવાદ ઊભો કર્યો છે. તેમજ તેણે ન્યાયતંત્ર અને સરકાર પર લઘુમતીઓના અધિકારોને નબળા પાડવાનો પણ આરોપ લગાવ્યો હતો.

તેમની આ ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ પર ભાજપ તરફથી તીવ્ર રાજકીય પ્રતિક્રિયાઓ આવી છે. ભાજપે તેમના પર મુસલમાનોને ઉશ્કેરવાનો અને બંધારણીય સંસ્થાઓને પડકારવાનો આરોપ લગાવ્યો છે. મદનીએ આરોપ લગાવ્યો કે બાબરી મસ્જિદ અને ટ્રિપલ તલાક કેસ સહિત તાજેતરના સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ દર્શાવે છે કે ન્યાયતંત્ર સરકારી દબાણ હેઠળ કામ કરી રહ્યું છે.તેમણે દાવો કર્યો કે તાજેતરના વર્ષોમાં એવા ઘણા નિર્ણયો લેવામાં આવ્યા છે જેણે (જુઓ પાનું ૨) ▸▸




## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
## તા. ૩૦-૧૧-૨૦૨૫ થી તા. ૬-૧૨-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ વૃશ્ચિક રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. માર્ગી બુધ તુલા રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી ગુરુ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર વૃશ્ચિક રાશિમાં અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. માર્ગી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. પ્રારંભે ચંદ્ર મીન રાશિમાં રહે છે. તા. ૧લીએ મેષ રાશિમાં, તા. ૩જીએ વૃષભ રાશિમાં, તા. ૫મીએ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં તેજીના વેપારમાં પ્રગતિ જણાશે. નોકરીમાં હસ્તગત કાર્યો પૂર્ણ કરવા માટે સફળ રહેશો. સપ્તાહમાં પરિવારનું પ્રોત્સાહન, સહયોગ મેળવશો. નાણાંની આવકના સાધનો વધુ મજબૂત બનશે. મહિલાઓ સંતાનના જવાબદારીના કામકાજ પૂર્ણ કરી શકશે. વિદ્યાર્થીઓ અભ્યાસના સફળ પરિણામો અનુભવશે. નવા અભ્યાસનો પ્રારંભ પણ થઈ શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરી માટે સપ્તાહની તા. ૫, ૬ શુભ જણાય છે. મિલકત, વાહન, મકાનના નિર્ણયો લઈ શકશો. પ્રવાસ દ્વારા નવા કામકાજનો પ્રારંભ શક્ય થાય. નાણાંની આવકની મૂંઝવણ દૂર થશે. પ્રવાસ દ્વારા પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજ મહિલાઓ પૂર્ણ કરવામાં સફળ નીવડશે. વિદ્યાર્થીઓના નિત્ય અભ્યાસ નિયમિત રીતે જળવાઈ રહેશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. તા. ૩૦, ૧, ૨ નોકરી માટે યશસ્વી પુરવાર થશે. નાણાવ્યવહાર સફળતાથી પૂર્ણ કરી શકશો. નાણાઆવકના નવા સાધનો પણ પર્યાપ્ત થશે. સામાજિક જીવનમાં યશ મેળવશો. મહિલાઓને કુટુંબના પ્રસંગોમાં સંબંધીઓનો સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ શક્ય જણાય છે. નોકરીમાં સહકાર્યકરો અને ઉપરી અધિકારી ઉપયોગી થશે. તા. ૩૦, ૨, ૪ સફળતાસૂચક છે. સપ્તાહમાં નાણાઆવકના નવા સાધનો મેળવશો. નવા કામકાજના પ્રારંભમાં સફળતા જણાશે. મિલકત માટે સફળ નિર્ણયો લઈ શકશો. મહિલાઓને તા. ૫મીએ પરિવારના વડીલો સાથેના વિવાદનો ઉકેલ જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શાળા-કોલેજના અભ્યાસમાં સફળતા મેળવશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારની દૈનિક પ્રવૃત્તિઓ સફળતાથી પૂર્ણ થશે. તા. ૨, ૪, ૫ નોકરીમાં યશસ્વીપણું દર્શાવે છે. સહોદરો સાથેના આ સપ્તાહના નાણાવ્યવહાર પણ સફળતાથી પૂર્ણ થશે. મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજમાં સરળતા જણાશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ પરીક્ષા માટેના નિર્ણયો સફળતાથી લઈ શકશે. અભ્યાસના સાધનો પણ મેળવી શકશો.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સફળતા મેળવશો. નોકરીમાં તા. ૩૦, ૫, ૬ શુભ પુરવાર થશે. નોકરીમાં પરિવર્તનો પણ શક્ય જણાય છે. કાર્યક્ષેત્રે કાયદા, કાનૂની કામકાજ, મિલકતના કામો ઈત્યાદિ સફળતા પૂર્ણ કરી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં નવીન હુન્નર પ્રવૃત્તિઓ પૂર્ણ કરવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિનો યશસ્વી અનુભવ થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળતાથી પૂર્ણ થઈ શકશે. નોકરી માટે તા. ૩૦, ૧, ૨ શુભ જણાય છે. તા. ૫મીએ વિશિષ્ટ નાણાવ્યવહાર પૂર્ણ કરી શકશો. વેપાર અને અન્ય કારોબારમાં પ્રગતિ જળવાઈ રહેશે. કુટુંબના સભ્યો મહિલાઓને કાર્યક્ષેત્રે ઉપયોગી થતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનમાં નિયમિતતા દાખવવા માટે સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જૂનાં રોકાયેલા નાણાંમાંથી નફો મેળવી શકશો. નોકરી માટે તા. ૧, ૨, ૪ શુભ જણાય છે. પ્રવાસમાં યશસ્વી અનુભવ કરાશો. પ્રવાસ દ્વારા નવા વ્યવસાયના સંબંધો, નવા કામકાજ નિર્માણ થશે. પ્રવાસ દ્વારા જૂના ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય જણાય છે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે યશસ્વી અનુભવ થશે. કિંમતી ચીજોની ખરીદી આ સપ્તાહમાં શક્ય જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના કામકાજમાં સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિનું જ્ઞાન મેળવી શકશો. નવી નોકરીનો પ્રારંભ શક્ય જણાય છે. કામકાજ માટે પ્રવાસ શક્ય છે. કારોબારમાં અકારણ નાણાખર્ચ શક્ય હોય સતર્કતા વધુ જરૂરી છે. મિલકતના નિર્ણયોમાં વિલંબ થાય તેમ છે. મહિલાઓને આ સપ્તાહમાં નવા પરિવારના સંબંધોનો સુખદ અનુભવ થશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા અને એકાગ્રતા જાળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારમાં સફળતા મેળવશો. નોકરીમાં વ્યક્તિગત પ્રભાવ, મહત્તા વધશે. પ્રવાસ દ્વારા જૂનાં ઉઘરાણીનાં નાણાંની વસૂલી શક્ય જણાય છે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે, નાણાવ્યવહાર પણ પૂર્ણ થશે. પ્રવાસ દ્વારા ગૃહિણીઓના કિંમતી ચીજોની ખરીદીના નિર્ણયો પૂર્ણ થઈ શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકુળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. નોકરી માટે તા. ૧, ૨, ૬ શુભ જણાય છે. નોકરીમાં યશસ્વી અનુભવ કરશો. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ અને ઈચ્છાશક્તિ વધુ પ્રબળ બનશે. નાણાખર્ચ વિશે સાવધાની રાખવી જરૂરી છે. પ્રવાસમાં ઓળખાણો થાય. વેપાર વધશે. મહિલાઓને સ્વતંત્ર પ્રવૃત્તિમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે પ્રોત્સાહન મદદ પ્રાપ્ત થશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જરૂરી માહિતી જ્ઞાન મેળવી શકશો. નોકરીમાં તા. ૩, ૪, ૫ શુભ જણાય છે. નવા કામકાજનો પ્રારંભ આ સપ્તાહમાં શક્ય જણાય છે. નાણાઆવકની વૃદ્ધિ થશે. મિલકત વાહનની ખરીદી શક્ય જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનની જવાબદારીમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. ■

## આજનું પંચાંગ
### દક્ષિણાયન - સૌર હેમંતઋતુ,
### રવિવાર, તા. ૩૦-૧૧-૨૦૨૫

ભારતીય દિનાંક ૯, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭,
માર્ગશીર્ષ સુદ-૧૦
જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ,
તિથિ સુદ-૧૦
પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૪થો તીર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને,
માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૬મો મેહેર,
માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૦મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૧૦ સુધી (તા. ૧) પછી રેવતી, ચંદ્ર મીનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૪, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
-મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ-
સવારે ક. ૦૬-૫૬, રાત્રે ક. ૨૦-૧૭
ઓટઃ બપોરે ક. ૧૩-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૨ (તા. ૧)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - દસમી. પંચક. શુભાશુભ દિનશુદ્ધિ : શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ લગ્ન, શનિ-સૂર્ય પૂજા, ગાયત્રી હવન, જાપ, સ્થિર પ્રકારના કાર્યો અહિંબુધન્ય દેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, લીમડો વાવવો, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા ચઢાવવી, દસ્તાવેજ, દુકાન-નોકરી, વસ્રો, આભૂષણ, સ્થાવર લેવડદેવડ, પશુ લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, બાળકને અન્નપ્રાશન, નામકરણ દેવદર્શન.
આચમન : શુક્ર-હર્ષલ પ્રતિયુતિ ઈર્ષ્યાળુ સ્વભાવ, શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ લાગણીપ્રધાન, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય.
ખગોળ જ્યોતિષઃ શુક્ર-હર્ષલ પ્રતિયુતિ, શુક્ર-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ
ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
### તા. ૩૦-૧૧-૨૦૨૫ થી તા. ૬-૧૨-૨૦૨૫

રવિવાર, માર્ગશીર્ષ સુદ-૧૦, વિ. સં. ૨૦૮૨, તા. ૩૦મી નવેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૧૦ સુધી (તા. ૧) પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પંચક. લગ્ન, શુભ દિવસ.

સોમવાર, માર્ગશીર્ષ સુદ-૧૧, તા. ૧લી ડિસેમ્બર, નક્ષત્ર રેવતી રાત્રે ક. ૨૩-૧૭ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં રાત્રે ક. ૨૩-૧૭ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. મોક્ષદા એકાદશી (રાજગરો), ગીતા જયંતી, ભદ્રા ક. ૦૮-૧૯થી ૧૯-૦૧, પંચક સમાપ્તિ રાત્રે ક. ૨૩-૧૮. લગ્ન, સામાન્ય દિવસ.

મંગળવાર, માર્ગશીર્ષ સુદ-૧૨, તા. બીજી, નક્ષત્ર અશ્વિની રાત્રે ક. ૨૦-૫૧ સુધી, પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. અખંડ દ્વાદશી, દાન દ્વાદશી (ઓરિસ્સા), ભોમ પ્રદોષ, મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય) સૂર્યોદયથી ક. ૨૦-૫૩. સૂર્ય જયેષ્ઠામાં ક. ૨૫-૧૫. લગ્ન, શુભ દિવસ

બુધવાર, માર્ગશીર્ષ સુદ-૧૩, તા. ત્રીજી, નક્ષત્ર ભરણી સાંજે ક. ૧૭-૫૯ સુધી, પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં રાત્રે ક. ૨૩-૧૩ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. ભરણી દીપમ દક્ષિણ ભારત. સામાન્ય દિવસ.

ગુરુવાર, માર્ગશીર્ષ સુદ-૧૪, તા. ચોથી, નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૪-૫૩ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, શ્રી દત્તાત્રેય જયંતી, પૂર્ણિમા ક્ષય તિથિ છે. બહુચરાજીનો મેળો, લવણદાન, કૃતિકા દીપમ, અન્વાધાન, ભદ્રા ક. ૦૮-૩૮થી ક. ૧૮-૪૧. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, માર્ગશીર્ષ વદ-૧, તા. પાંચમી, નક્ષત્ર રોહિણી સવારે ક. ૧૧-૪૫ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૨-૧૪ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, વક્રી ગુરુ મિથુનમાં સાંજે ક. ૧૭-૩૫. લગ્ન, શુભ દિવસ.

શનિવાર, માર્ગશીર્ષ વદ-૨, તા. છઠ્ઠી, નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૦૮-૪૯ સુધી, પછી આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૩૦-૧૨ (તા. ૭) સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. બુધ વૃશ્ચિકમાં ક. ૨૦-૨૯. સામાન્ય દિવસ. ■

# ભારત-અમેરિકા વચ્ચે સીહૉક હેલિકૉપ્ટર્સ માટે ૭,૯૯૫ કરોડ રૂપિયાનો કરાર

નવી દિલ્હી : ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતીય માલસામાન પર ૫૦ ટકા ઊંચા ટૅરિફ લાદવા છતાં, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં વ્યૂહાત્મક ભાગીદારી સતત મજબૂત થઈ રહી છે. બંને દેશોએ ભારતીય નૌસેનાના અદ્યતન એમએચ-૬૦ આર સીહૉક હેલિકોપ્ટર કાફલાની જાળવણી અને ટેકા માટે ₹૭,૯૯૫ કરોડ રૂપિયાનો એક મહત્વપૂર્ણ સંરક્ષણ કરાર કર્યો હતો. પાંચ વર્ષના 'ફોલો-ઓન સપોર્ટ' અને 'ફોલો-ઓન સપ્લાય સપોર્ટ' હેઠળ થયેલો આ સોદો માત્ર નૌસેનાની ઓપરેશનલ ક્ષમતા વધારશે એટલું જ નહીં, પણ વેપારી મતભેદો વચ્ચે પણ બંને દેશોની વ્યૂહાત્મક ભાગીદારીની ઊંડાઈનો સંકેત આપે છે.

આ કરાર, જે ૨૦૨૦માં લગભગ ૨.૪ અબજ ડોલરમાં ખરીદાયેલા ૨૪ એમએચ-૬૦ આર હેલિકોપ્ટર માટે 'પાંચ વર્ષનું કવચ' પૂરું પાડશે, તેને નિષ્ણાતો હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીનના વધતા પ્રભાવ સામે ભારતની દરિયાઈ શક્તિને મજબૂત કરવાના એક મોટા પગલા તરીકે જોઈ રહ્યા છે. વ્યાપારી ટૅરિફના પડકારો વચ્ચે આ સંરક્ષણ કરારનું થવું ખાસ મહત્વ ધરાવે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે ઓગસ્ટ ૨૦૨૫ના અંતમાં ભારત પર ૫૦ ટકા ટૅરિફ લાદ્યા હતા, જેમાં રશિયા પાસેથી તેલ આયાત ચાલુ રાખવા બદલ પચીસ ટકા 'જવાબી' અને વધારાના પચીસ ટકા 'પેનલ્ટી' ટૅરિફનો સમાવેશ થાય છે.

જોકે, સંરક્ષણ ક્ષેત્રમાં થયેલા આ નવા સોદાએ વેપારી તણાવ હળવો થવાના સંકેતો આપ્યા છે. વાણિજ્ય મંત્રાલયના અધિકારીઓએ સંકેત આપ્યો છે કે વર્ષના અંત સુધીમાં ભારત-અમેરિકા વચ્ચે એક વ્યાપક વેપાર કરાર થવાની સંભાવના છે. આ સંભવિત કરાર હેઠળ, ભારત અમેરિકન ઊર્જાની આયાત વધારી શકે છે, જ્યારે યુએસ ભારતીય કૃષિ ઉત્પાદનો (જેમ કે મકાઈ અને સોયાબીન) પર છૂટ આપી શકે છે, જેનાથી ટૅરિફમાં ૧૫-૨૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. ■

# અસીમ મુનીરને સરમુખત્યાર જેવી સત્તા આપે છે નવા બંધારણીય સુધારા

### પાકિસ્તાનના સંવિધાનમાં કરાયેલા સુધારા ન્યાયતંત્રની સત્તા પર કાપ મૂકે છેઃ યુનોને પણ ચિંતા

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના બંધારણમાં તાજેતરમાં કરવામાં આવેલા સુધારાઓને લીધે લશ્કરી વડા અસીમ મુનીરને સરમુખત્યાર જેવી સત્તાઓ મળી છે અને ન્યાયતંત્રની સત્તા પર સ્પષ્ટ પણ કાપ મુકાયો છે. આ ઘટનાથી સંયુક્ત રાષ્ટ્રસંઘ પણ ચિંતિત છે.

માનવાધિકાર કાર્યાલયના પ્રમુખ વોલ્કર ટર્કે આ સુધારા અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આ સુધારો દેશની ન્યાયિક સ્વતંત્રતા સેનાની જવાબદેહી અને કાયદાના શાસન માટે એક ગંભીર પડકાર છે. ટર્કે જણાવ્યું કે આ સુધારો કોઈપણ જાતના જાહેર કે કાયદાકીય પરામર્શ વિના ઉતાવળમાં પસાર કરવામાં આવ્યો છે, જે ગત વર્ષના ૨૬મા સુધારા જેવો જ છે, જેમાં પણ ન્યાયતંત્ર અને નાગરિક સમાજની અવગણના કરવામાં આવી હતી. નવેમ્બર ૧૩ ના રોજ પસાર કરાયેલા આ સુધારા હેઠળ એક નવી ફેડરલ કોન્સ્ટિટ્યુશનલ કોર્ટની રચના કરવામાં આવી છે, જે હવે તમામ બંધારણીય કેસોની સુનાવણી કરશે. આના કારણે પાકિસ્તાનની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટ, લગભગ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે અને તેનો અધિકારક્ષેત્ર માત્ર દીવાની અને ફોજદારી કેસો પૂરતો મર્યાદિત કરી દેવાયો છે. ટર્કે સ્પષ્ટપણે કહ્યું કે આ પ્રકારની એકપક્ષીય કાર્યવાહી સત્તાના વિભાજનના મૂળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ છે, જે લોકશાહીનો પાયો છે અને માનવાધિકારોનું રક્ષણ કરે છે.

વોલ્કર ટર્કે ખાસ કરીને તે જોગવાઈ પર ગહન ચિંતા વ્યક્ત કરી છે, જેમાં રાષ્ટ્રપતિ, ફીલ્ડ માર્શલ, વાયુસેના પ્રમુખ અને નૌસેના પ્રમુખ જેવા ટોચના પદાધિકારીઓને આજીવન ફોજદારી મુકદ્દમા અને ધરપકડમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમણે ચેતવણી આપી કે આવા જોગવાઈઓ સત્તામાં બેઠેલા લોકોની જવાબદેહીની શક્યતાને સંપૂર્ણપણે ખતમ કરી દે છે. ■

### વાઈટ કૉલર ટેરર
# શાહીન શાહીદની રૂમમાંથી ૧૮ લાખ કૅશ મળ્યા

ફરીદાબાદ : નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની ટીમે ગુરવારે રાત્રે અલ-ફલાહ યુનિવર્સિટીના ડૉક્ટર શાહીન શાહિદની હોસ્ટેલ રૂમમાંથી ૧૮ લાખ રૂપિયા જપ્ત કર્યા હતા. રૂમ નંબર ૩૨ની અલમારીમાંથી નોટનું બંડલ મળ્યું હતું. એનઆઈએને એવી શંકા છે કે આ નાણાંનો ઉપયોગ યુનિવર્સિટીની અંદરના 'વાઈટ કોલર ટેરર મોડ્યુલ'ને ફંડ આપવાનો હતો.

૧૦ નવેમ્બરના દિલ્હી બ્લાસ્ટમાં કથિત ભૂમિકા બદલ શાહીનની ધરપકડ કરવામાં આવી હતી. તેને એનઆઈટી એરિયાની દુકાનમાં લઈ જવામાં આવી હતી જ્યાંથી વિસ્ફોટક પદાર્થ ખરીદવામાં આવ્યા હતા. ત્યાર બાદ શાહીનને યુનિવર્સિટી કેમ્પસમાં લઈ જવાઈ હતી. એનઆઈએ ટીમ પહેલાં તેને એડમિનિસ્ટ્રેટિવ બ્લોકમાં લઈ ગઈ. ત્યાં શાહીને તે જે લોકર વાપરતી હતી એ બતાડ્યું. ત્યાર બાદ શાહીનને હોસ્ટેલની તેની રૂમમાં લઈ જવામાં આવી હતી. આમાં શોધ કર્યા બાદ ૧૮ લાખ રૂપિયા મળ્યા હતા. અધિકારીઓએ નાણાંની ગણતરી રૂમમાં જ કરીને તેને જપ્ત કર્યા હતા.

અધિકારીઓએ કહ્યું હતું કે અમે હવે ફંડના સોર્સની તપાસ કરી રહ્યા છીએ. આ નાણાં મોડ્યુલના નેટવર્ક વાટે મોકલવામાં આવ્યાં હતાં કે નહીં એ અમે તપાસી રહ્યા છીએ. નાણાંની ટ્રાન્સફરમાં મદદ કરનારને પકડવા દરોડા પાડવામાં આવી રહ્યા હતા. એનઆઈએના અધિકારીઓએ શાહીનને કેમ્પસમાં ફેરવી હતી. તેને મેડિકલ વોર્ડ, ક્લાસરૂમ અને ડૉક્ટર્સ કેબિનમાં લઈ જવામાં આવી હતી. અધિકારીઓ તે દરરોજ શું કરતી હતી એનો તાગ મેળવી રહ્યા હતા. આતંકવાદી નેટવર્ક ઊભું કરવા માટે તેણે જે વિદ્યાર્થીઓ અને સ્ટાફનો સંપર્ક કર્યો હતો તેની અધિકારીઓ યાદી બનાવી રહ્યા છે. ■

# ઈન્ડોનેશિયામાં પૂર અને ભેખડો ધસી પડીઃ મરણાંક વધીને ૨૭૯

અગમઃ ઇન્ડોનેશિયામાં અચાનક પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત ઘણા વિસ્તારોમાં પીડિતો સુધી પહોંચવામાં બચાવ કાર્યકરોને શનિવારે ભારે મુશ્કેલી પડી હતી. આ આપદામાં અત્યાર સુધીમાં ૨૭૯ લોકો મૃત્યુ પામ્યા છે. હજુ પણ મૃત્યુઆંક વધવાની શક્યતા અધિકારીઓએ વ્યક્ત કરી હતી.

ઉત્તર સુમાત્રા પ્રાંતમાં પૂર અને ભૂસ્ખલનને કારણે રસ્તાઓ અને સંચાર લાઇનોને નુકસાન થતાં કેટલાક વિસ્તારો મોટાભાગે સંપર્કવિહોણા બન્યા છે. આ વિસ્તારોમાં રાહત વિમાનોની મદદથી સહાય પહોંચાડવામાં આવી રહી છે.

પ્રાંતીય પોલીસ પ્રવક્તા ફેરી વાલિન્ટુકને જણાવ્યું કે ઉત્તર સુમાત્રામાં બચાવકર્તાઓએ શનિવારે ૩૧ મૃતદેહો બહાર કાઢ્યા હતા. જેના કારણે મૃત્યુઆંક વધીને ૨૭૯ થવા પામ્યો હતો. હજુ પણ ૧૭૪ લોકો ગુમ છે. તેમની શોધખોળ માટે ૩૫૦૦થી વધુ પોલીસ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. તેમજ સમગ્ર પ્રાંતમાં કામચલાઉ સરકારી આશ્રયસ્થાનોમાં રહેતા ૨૮,૪૦૦થી વધુ લોકોને સહાય પહોંચાડવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે ચોમાસાના વરસાદને કારણે નદીઓમાં રેલ આવી હતી. આ પૂરના કારણે પર્વતીય ગામડાઓમાં ભારે તબાહી મચી હતી. પશ્ચિમ સુમાત્રા પ્રાંતના અગમ જિલ્લામાં ત્રણ ગામોમાં લગભગ ૮૦ લોકો ગુમ થયા હતા. ■

# બાળકોમાં મોબાઈલ અને સોશ્યલ મીડિયાનો વધતા વપરાશઃ અદાલતે લાદ્યાં નિયંત્રણો

### એક વ્યક્તિના નામ પર ત્રણથી વધુ સિમ કાર્ડ ન આપવા આદેશ : સોશ્યલ મીડિયાનાં બાળકો દ્વારા વપરાશ માટે કડક એસઓપી બનાવવા સૂચન

જોધપુરઃ બાળકોમાં હાલ મોબાઈલનો ઉપયોગ વધી રહ્યો છે. જેને લઈ જોધપુર હાઈ કોર્ટે મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટ ૧૬થી ઓછી વયના બાળકોના મોબાઇલ-સોશ્યલ મીડિયા અંગે કડક ગાઈડલાઈન બનાવવા તથા એકથી વધુ વ્યક્તિના નામ પર ત્રણથી વધારે સિમ કાર્ડ આપવા પ્રતિબંધ લગાવવાનો આદેશ આપ્યો હતો.

કોર્ટે બાળકો દ્વારા મોબાઇલ ફોન અને સોશિયલ મીડિયાના દુરુપયોગની ગંભીરતા નોંધીને શિક્ષણ વિભાગને નિર્દેશ આપ્યો હતો. શાળાઓમાં મોબાઈલ ફોન, ઓનલાઈન ગેમ્સ અને સોશ્યલ મીડિયાના ઉપયોગ અંગે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે કડક એસઓપી બનાવવા આદેશ આપ્યો હતો.

સાયબર છેતરપિંડીમાં બેંકિંગ સિસ્ટમનો દુરુપયોગ થતો હોવાથી, કોર્ટે બેંકોને પણ કડક સૂચનાઓ આપી હતી. તમામ બેંકો અને ફિનટેક કંપનીઓએ 'મ્યુલ એકાઉન્ટ્સ' અને શંકાસ્પદ વ્યવહારો શોધવા માટે આરબીઆઇ દ્વારા વિકસિત 'મ્યુલ હન્ટર' જેવા એઆઇ ટૂલ્સનો ઉપયોગ કરવા જણાવાયું હતું. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઍરબસનાં

ઑપરેટર અને યુરોપિયન સેફ્ટી ઓથોરિટીને સોફ્ટવેર અપગ્રેડ કરવાની એલર્ટ આપી હતી.

ઈન્ડિગો, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસ એ-૩૨૦ ફેમિલીનાં પ્લેન ઑપરેટ કરે છે. આમાં એ૩૨૦ સીઈઓ અને એનઈઓ અને એ-૩૨૧ સીઈઓ અને એનઈઓનો સમાવેશ થાય છે. અસરગ્રસ્ત વિમાનોનાં સોફ્ટવેર અપગ્રેડ કે હાર્ડવેર એલાઈનમેન્ટની જરૂર છે. ઈન્ડિગોનાં ૨૦૦ વિમાન અસરગ્રસ્ત થયાં છે અને ૧૪૩માં સોફ્ટવેરનું અપગ્રેડ થઈ ગયું છે, જ્યારે ઍર ઈન્ડિયાનાં ૧૧૩ વિમાન અસરગ્રસ્ત છે અને ૪૨માં અપગ્રેડ કરવામાં આવ્યું છે. એર ઈન્ડિયા એક્સપ્રેસના પચીસ પ્લેન અસરગ્રસ્ત છે અને શનિવારે સવારના દસ વાગ્યા સુધી ચાર વિમાનમાં સોફ્ટવેર અપગ્રેડ કરવામાં આવ્યું છે. આ અપગ્રેડ દિલ્હી, બેંગ્લૂરુ, મુંબઈ, ચેન્નઈ, હૈદરાબાદ, અમદાવાદ અને કોલકતાના એરલાઈનના બેસમાં સોફ્ટવેર અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે. એર ઈન્ડિયાએ કહ્યું હતું કે અમારા એન્જિનિયર ચોવીસ કલાક કામ કરી રહ્યા છે.

#### જેટબ્લૂનાં પ્લેને અચાનક ઊંચાઈ ગુમાવતા ખામી સામે આવી

ઍરબસના વિમાનોમાં સોફ્ટવેરના અપગ્રેડ કરવાની એલર્ટને લીધે આખા વિશ્વની ફ્લાઈટ કાં તો કેન્સલ કરવી પડી હતી અને એમાં વિલંબ થયો હતો. ગયા મહિનાના જેટબ્લૂ પ્લેને ઓચિંતી ઊંચાઈ ગુમાવી એનું કારણ સોલર રેડિયેશનને લીધે કોમ્પ્યુટર કોડ કરપ્ટ થવાનું હતું. અમેરિકાનાં ૫૦૦ વિમાન આનાથી પ્રભાવિત થયાં છે. ઈયુ સેફ્ટી એજન્સીએ કહ્યું હતું કે આને લીધે ફ્લાઈટના શેડ્યુલમાં ટૂંકા ગાળાનો વિક્ષેપ થયો છે. જાપાનમાં અલ નિપન ઍરવે પાસે આવાં ૩૦ પ્લેન છે. ઍરવેઝે ૬૫ ડોમેસ્ટિક ફ્લાઈટ કેન્સલ કરી હતી. અમેરિકન ઍરલાઈન પાસે આવા ૨૦૯ પ્લેન છે. (એજન્સી) ■

### વાવાઝોડાની અસર

ઝાડ પડી ગયાં હતાં. વાવાઝોડું રવિવારે તમિળનાડુ અને આંધ્ર પ્રદેશ પહોંચશે અને મોટો વિનાશ વેરશે એવી શક્યતા છે.

રાજ્યના મેહસૂલ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખાતાના પ્રધાન કેકેએસએસઆર રામચંદ્રને માહિતી આપી હતી કે એ સ્પષ્ટ નથી કે આ વાવાઝોડું ચેન્નઈ નજીકના તટીય વિસ્તારમાં અથડાશે કે નહીં...જોકે રાજ્યનું વહીવટીતંત્ર યુદ્ધનાં ધોરણે બચાવ અને રહાત કામગીરી શરૂ કરવા સજ્જ છે. એસડીઆરએફ અને એનડીઆરએફ સહિત ૨૮ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમને તૈયાર રાખવામાં આવી છે. અમે બીજા રાજ્યોમાંથી દસ વધુ ટીમને હવાઈમાર્ગે બોલાવી છે. હવાઈ દળ અને કોસ્ટ ગાર્ડને સાબદા કરવામાં આવ્યા છે. રવિવારે દેખરેખ રાખનારી ટીમ જિલ્લાઓમાં મોકલવામાં આવશે.

વાવાઝેડાને લીધે અત્યાર સુધી કોઈ જાનહાનિ થઈ નથી. જોકે ૧૬ પશુ મરણ પામ્યા છ અને ૨૪ ઝૂંપડાને નુકસાન થયું છે. અત્યાર સુધી ભારે વરસાદની એટલી માઠી અસર જોવા મળી નથી રાજ્ય સરકાર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે અને ટીમ બચાવ અને રાહત કામગીરી માટે તૈયાર રાખી છે. ૬,૦૦૦ રાહત શિબિર ઊભી કરવામાં આવી છે.

હવામાન ખાતાની આગાહી છે કે વાવાઝોડું ચેન્નઈ કોસ્ટમાંથી સમાંતર પસાર થશે અને ભારે વરસાદ લાવશે. માછીમારોને સતત બીજા દિવસે સમુદ્રમાં ન જવાની ચેતવણી અપાઈ છે. ચેન્નઈ એરપોર્ટના સત્તાવાળાઓએ કહ્યું હતું કે ૫૪ ફ્લાઈટ રદ કરવામાં આવી છે. આ વાવાઝોડાએ આ અગાઉ શ્રીલંકામાં ૧૫૦ જણના જીવ લીધા છે. વાવાઝોડાને આપવામાં આવેલું નામ દિત્વા યમનનું છે જે યમનનું એક ખારા પાણીનું સરોવર છે. (એજન્સી) ■

### કર્ણાટક

લાંબો ચાલે તો અવિશ્વાસની દરખાસ્ત લાવવાની ચેતવણી આપી હતી.

પત્રકાર પરિષદને સંબોધતા સિદ્ધરમૈયાએ કહ્યું હતું કે બિનજરૂરી ગૂંચવાડો ઊભો કરાતો હોવાથી મેં શિવકુમાર સાથે બ્રેકફાસ્ટ મીટિંગ રાખી હતી. આ ગૂંચવાડો મીડિયા દ્વારા સર્જવામાં આવી રહ્યો હતો. અમારી વચ્ચે કોઈ મતભેદો નથી. આજે પણ કોઈ મતભેદો નથી અને હું ખાતરી આપું છું કે ભવિષ્યમાં પણ નહીં હોય. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે અમે સંગઠિત રીતે ૨૦૨૮ વિધાનસભાની ચૂંટણી લડીશુ. સિદ્ધરમૈયાએ દાવો કર્યો હતો કે શાસક પક્ષનો કોઈ સભ્ય કે પ્રધાન સરકાર વિરુદ્ધ નથી. બીજી બાજું શિવકુમારે કહ્યું હતું કે લોકોએ કૉંગ્રેસ પક્ષને ટેકો આપ્યો છે અને તેને સત્તા આપી છે. આથી કૉંગ્રેસે તેમની અપેક્ષાની પરીક્ષામાં ખરા ઊતરવું જોઈએ. મારે મુખ્ય પ્રધાન સાથે કોઈ મતભેદ નથી. અમારા પક્ષમાં જૂથવાદ નથી. અમે સાથે કામ કરીશું. અમે મોવડીમંડળના આદેશનું પાલન કરીશું.

શિવકુમાર પક્ષના કર્ણાટક એકમના અધ્યક્ષ પણ છે. તેમણે કહ્યું હતું કે અમે ૨૦૨૮ની વિધાનસભાની ચૂંટણી માટે વ્યૂહરચનાની ચર્ચા કરી હતી. (એજન્સી) ■

### જુલમ થશે

બંધારણમાં આપવામાં આવેલા લઘુમતીઓના અધિકારોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું છે. પૂજા સ્થાન અધિનિયમ, ૧૯૯૧ અમલી હોવા છતાં ચાલી રહેલા કેસોનો ઉલ્લેખ કરતાં મદનીએ કહ્યું કે આવા વિકાસ બંધારણીય ફેરફારોને પ્રતિબિંબિત કરે છે.

તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટને સુપ્રીમ કહેવાનો અધિકાર તો જ છે જો ત્યાં બંધારણ સુરક્ષિત હોય તો. જો એવું ન હોય તો તે બાકીના વિશ્વમાં પણ સુપ્રીમ કહેવાને લાયક નથી. મદનીએ ભારતમાં મુસ્લિમોને લઇને લોકોની ભાવનાનું પણ મૂલ્યાંકન કર્યું અને કહ્યું કે ૧૦ ટકા લોકો તેમની સાથે છે, ૩૦ ટકા તેમની વિરુદ્ધ છે, જ્યારે ૬૦ ટકા લોકો મૌન છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જેહાદ હંમેશા પવિત્ર હતી અને રહેશે. ધાર્મિક ગ્રંથોમાં જેહાદનો ઉલ્લેખ બીજાના કલ્યાણ અને ભલાઇ માટે કરવામાં આવ્યો છે. તેમણે વિવાદાસ્પદ નિવેદનનું પુનરાવર્તન કરતાં કહ્યું કે જ્યારે પણ જુલમ થશે ત્યારે જેહાદ થશે.

#### ભાજપ ભડક્યો

ભાજપના ધારાસભ્ય રામેશ્વર શર્માએ મદનીની ટિપ્પણી પર આકરી પ્રતિક્રિયા આપી હતી. ભાજપે તેમના પર મુસ્લિમોને ઉશ્કેરવાનો અને બંધારણીય સંસ્થાઓને પડકારવાનો આરોપ લગાવ્યો હતો.શર્માએ કહ્યું કે ભારતમાં નવા ઝિણા ઉભરી રહ્યા છે જે દેશના મુસલમાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

તેમણે માંગ કરી કે સુપ્રીમ કોર્ટ મદનીના નિવેદનોની સ્વતઃ નોંધ લે અને કાર્યવાહી શરૂ કરે. શર્માએ આકરા પ્રહારો કરતાં કહ્યું કે મદની બંધારણનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને સુપ્રીમ કોર્ટને પડકાર ફેંકી રહ્યા છે. તેમણે તેને મર્યાદામાં રહેવાની ચેતવણી આપી હતી.

તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે મદની જેવા લોકો આતંકવાદીઓ, જેહાદીઓ, બળાત્કારીઓ પેદા કરે છે અને લવ જેહાદ, ભૂમિ જેહાદ અને થૂંક જેહાદ જેવા આંદોલનોને સમર્થન આપે છે. પછી સુપ્રીમ કોર્ટ તેને બિરયાની પીરસે તેવી અપેક્ષા રાખે છે. તેમણે વધુમાં કહ્યું કે મદનીએ પોતાના ખરાબ વર્તન પર કાબૂ રાખવો જોઇએ. ■

# ૧૦ જ મિનિટમાં બાન્દ્રાથી વર્સોવા

## ૧૮ હજાર કરોડનો પ્રોજેક્ટ ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થશે

મુંબઈ: મુંબઈમાં મૂળભૂત સુવિધાનું નિર્માણ ઝડપભેર આગળ વધી રહ્યું છે અને ઘણા મહત્વપૂર્ણ રસ્તાઓ અને પુલોના કામે વેગ પકડ્યો છે. શહેરના બીજા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ - બાન્દ્રાથી વર્સોવા સી-લિંક વિશે નવી ઉત્સાહ વધારનારી માહિતી બહાર આવી છે. અધિકારીઓએ જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટ ૪૦ ટકા પૂર્ણ થઈ ગયો છે અને મે, ૨૦૨૮ સુધીમાં આ ભવ્ય માર્ગ મુંબઈમાં પ્રવાસ કરતા લોકો માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી અપેક્ષા છે.

મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી)ના જણાવ્યા અનુસાર ચોમાસુ પૂરું થયા પછી બાન્દ્રા, કાર્ટર રોડ, જુહુ અને વર્સોવાની ચારેય દિશામાં સમુદ્રમાં કરવામાં આવી રહેલા કામ ફરી ઝડપથી આગળ વધી રહ્યા છે. દરિયામાં રસ્તાનું નિર્માણ શરૂ થઈ ગયું છે. ચોમાસા દરમિયાન દરિયામાં કામ બંધ થઈ ગયું હોવા છતાં લેન્ડ કનેક્ટરનું બાંધકામ ચાલુ રહ્યું હતું. મુંબઈ હેરિટેજના સોશિયલ મીડિયા એકાઉન્ટ 'એક્સ' પરથી ડ્રોન મારફત શેર કરવામાં આવેલા વીડિયોમાં બાન્દ્રા - વર્સોવા સી-લિંકનું બાંધકામ નજરે પડે છે.

બાન્દ્રા - વર્સોવા સી લિંક પ્રોજેક્ટ ૧૭.૭ કિ.મી. લાંબો છે, જેમાંથી મુખ્ય દરિયાઈ લિંકનો વિસ્તાર ૯.૬૦ કિ.મી. લાંબો છે. આ દરિયાઈ માર્ગ સમુદ્રથી ૯૦૦ મીટરની અંદર બનાવવામાં આવી રહ્યો છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી બાન્દ્રાથી વર્સોવા સુધીની મુસાફરી માત્ર ૧૦ મિનિટમાં પૂર્ણ થઈ જશે.

પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. ૧૮ હજાર ૧૨૦ કરોડ છે. કામ ૨૦૧ માં શરૂ થયું હતું, પરંતુ કોવિડ -૧૯ લોકડાઉન અને કોન્ટ્રાક્ટરોની નાણાકીય મુશ્કેલીઓને કારણે પ્રોજેક્ટમાં વિલંબ થયો હતો. મૂળ યોજના અનુસાર આ પ્રોજેક્ટ ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં પૂરો થવાનો હતો. હવે એ મે ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. ■

# દુબઈ-સિંગોપાર જેવું માછલીઘર હવે રાણીબાગમાં

## ૨૦૨૭ સુધી પર્યટકોને લાભ મળશે


મુંબઈ: મુંબઈના ભાયખલા વિસ્તારમાં સ્થિત વીરમાતા જીજાબાઇ ભોસલે પાર્કમાં આવતા સહેલાણીઓ માટે એક સારા સમાચાર છે. અહીં એક નવુંનક્કોર માછલીઘર બનાવવામાં આવશે.

સહેલાણીઓ ઘણા વર્ષોથી રાણીબાગમાં દરિયાઇ જીવ જોવા માટે ઉત્સુક છે અને હવે તેમની પ્રતીક્ષા સમાપ્ત થવાની તૈયારીમાં છે. રાણીબાગમાં માછલીઘર પર કામ શરૂ થઈ ગયું છે અને ૨૦૨૭ની આસપાસ પૂર્ણ થશે.

મળતી માહિતી અનુસાર હાલમાં જ્યાં પેંગ્વિન રાખવામાં આવ્યા છે ત્યાંથી લગભગ ૨૫-૨૫ મીટરના વિસ્તારમાં આ નવું માછલીઘર બનાવવામાં આવી રહ્યું છે.

જળ સંસાધનના સંરક્ષણ માટે ૧૦ હજાર લિટર ક્ષમતાની લાઇફ સપોર્ટ સિસ્ટમ બેસાડવામાં આવશે. માછલીઘરમાં જળચર જીવો માટે કુદરતી વાતાવરણ બનાવવા માટે કૃત્રિમ ખડકો પણ હશે. આશરે સો પ્રવાસીઓ એક જ સમયે ઉભા રહી શકશે અને વિવિધ માછલીઓ જોવાનો આનંદ મેળવી શકશે. માછલીઘર તૈયાર કરવા અંદાજે ૫૫ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

મુંબઈ મહાનગરપાલિકાએ આ પ્રોજેક્ટ મેસર્સ એસ કે એસ કારકાને સોંપ્યો છે. નવું માછલીઘર એક્રેલિક ગ્લાસથી બનેલી બે પારદર્શક ટનલ સાથે ગુંબજના આકારમાં બનાવવામાં આવશે. દુબઈ અને સિંગાપોરના ટનલ માછલીઘરની ડિઝાઈન અનુસાર આ તૈયાર કરવામાં આવી રહ્યું છે. ■




# વસઈમાં વિદ્યુત ઉપકરણો તૈયાર કરતા કારખાનામાં ભીષણ આગ: લાખોનું નુકસાન

મુંબઈ: વસઈ પૂર્વમાં ધુમાળનગર પરિસરમાં શનિવારે વહેલી સવારના એક વિદ્યુત ઉપકરણો તૈયાર કરતા કારખાનામાં ભીષણ આગ ફાટી નીકળી હતી. વહેલી સવારના ચાર વાગે લાગેલી આગ પર ભારે જહેમત બાદ નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે આગમાં લાખો રૂપિયાની કિંમતનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

વસઈ પૂર્વમાં વાલીવમાં ધુમાળનગર પરિસરમાં ઈંટરટેક ટેક્નોલોજી પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની એલઈડી વિદ્યુત ઉપકરણો તૈયાર કરે છે. શનિવારે સવારના ચાર વાગ્યાની આસપાસ કારખાનામાં આગ લાગ્યા બાદ પરિસરમાં ખળભળાટ મચી ગયો હતો. કારખાનામાં આગ લાગ્યા બાદ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર નિયંત્રણ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા. જોકે કારખાનામાં પ્લાસ્ટિકનો કાચો માલ અને વિદ્યુત ઉપકરણો તૈયાર કરવા માટેનો સામાન હોવાથી આગ ઝડપભેર ફેલાઈ ગઈ હતી. તેથી ફાયરબ્રિગ્રેડને આગ પર નિયંત્રણ મેળવવામાં ભારે જહેમત ઉઠાવી પડી હતી. લગભગ ત્રણથી ચાર કલાકના પ્રયાસ બાદ આગ નિયંત્રણમાં આવી હતી પણ મોડે સુધી કુલિંગ ઓપેરશન ચાલ્યું હતું. ■

# મુંબઈગરાની સેવામાં 30 નવા મિની કૉમ્પૅક્ટર વાહનો દાખલ

### કચરો લઈ જવાની ક્ષમતા બમણી થશે: ઈંધણની પણ બચત થશે



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં પ્રતિદિન નીકળતા કચરાને ડમ્પિંગ ગ્રાઉન્ડ સુધી લઈ જવું વધુ સરળ થવાની સાથે જ વાહનોની ફેરીની સંખ્યામાં ઘટાડો થઈને ઈંધણની બચત થવાની છે. મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ૩૦ નવા મિની કૉમ્પૅક્ટર વાહનોની ખરીદી કરવામાં આવી હતી. અગાઉના મિની કૉમ્પૅક્ટરની સરખામણીમાં નવા વાહનોમાં એક જ ફેરીમાં બમણા કચરાનું પરિવહન કરવાની ક્ષમતા છે. આ વાહનો એક સત્રમાં બે ફેરી કરશે.

પાલિકાના દાવા મુજબ મુંબઈમાંથી પ્રતિદિન સરેરાશ ૬,૫૦૦ ટનની આસપાસ કચરો નીકળે છે. મોટા પ્રમાણમાં નીકળતા કચરાને ડમ્પિંગ ગ્રાઉન્ડ સુધી પહોંચડવાની મોટી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને આવશ્યક સુધારણા કરીને અત્યાધુનિક વાહનો લેવામાં આવ્યા છે, જેમાં સ્વચ્છતા કર્મચારીને બેસવા માટે આસનવ્યવસ્થા, ભીનો અને સૂકો કચરો રાખવા માટે અલગ અલગ કમ્પાર્ટમેન્ટની વ્યવસ્થા છે.

કચરો ગાડીમાં ભરીને લઈ જતા સમયે વાહનોમાં રહેલા કચરામાંથી સતત નીકળતા દ્રવ્ય (લિચેટ)ને કારણે ગાડીના પતરા ખરાબ થતી હોય છે. તેથી નવા વાહનોમાં પાંચ મીલીમીટર જાડાઈના 'હાડૉક્સ' સ્ટીલ મટિરિયલ ફ્લોરિંગ વાપરવામાં આવ્યું છે. પરિણામે વાહનોનું આયુષ્ય વધશે. તેમ જ હાઈડ્રોલિક પદ્ધતિના ક્લોઝિંગ પ્લેટ કવરને કારણે વાહનોના પાછળના ભાગમાંથી ચાલતી ગાડીએ કચરો પડવાનું બંધ થશે. પાલિકાના ઘનકચરા વિભાગના કાફલામાં રહેલા તમામ વાહનોનો રંગ હવેથી સફેદ અને બ્લુ કલર રહશે. તબક્કવાર તમામ વાહનોનો કલર બદલવામાં આવશે. ગાડીમાં પાંચ ટન જેટલો કચરો સમાવવાની ક્ષમતા હશે. ■


# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વે ટિટવાળામાં શિવસૈનિકની હત્યા

થાણા: થાણે જિલ્લાના ટિટવાળામાં એકનાથ શિંદેની આગેવાની હેઠળના શિવસેનાના એક કાર્યકર્તાની અજાણ્યા શખ્સોએ છરીના ઘા ઝીંકીને હત્યા કરી દીધી છે. અધિકારીએ જણાવ્યું હતું કે આ ઘટના શુક્રવારે મોડી રાત્રે કલ્યાણ - મુરબાડ રોડ પર આવેલા મામનોલી ગામ નજીક બની હતી.

મામનોલી ગામમાં ચારથી પાંચ લોકોએ શિવસૈનિકનું વાહન અટકાવી ઉપરાછાપરી છરીના ઘા માર્યા હતા. શિવસૈનિકને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં પહોંચતા જ ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો એમ કલ્યાણ તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. મૃતક કિરણ ઘોરાડની હત્યા સંદર્ભે પોલીસ દરેક સંભાવના ચકાસી રહી છે.

શિવસૈનિકના સાથીદારોએ જણાવ્યું હતું કે મૃતક કિરણ ઘોરાડ (૩૫) પક્ષનો સક્રિય સભ્ય હતો. બીજી ડિસેમ્બરે યોજાનારી જિલ્લા પરિષદ, ગ્રામ પંચાયત અને મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણી પહેલા હત્યાના સમયને ધ્યાનમાં રાખીને રાજકીય દૃષ્ટિકોણની અટકળો ઉભી થઈ છે. કલ્યાણ તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે વ્યાપક તપાસ ચાલી રહી છે.

વધુ જાણકારી આપતા અધિકારીઓએ કહ્યું હતું કે અમે તપાસ કરી રહ્યા છીએ કે શું આ ભૂતકાળની દુશ્મનાવટ, સંપત્તિ અથવા જમીન વિવાદનું પરિણામ છે અથવા રાજકીય દૃષ્ટિકોણ છે, કારણ કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી નજીક છે. આ કેસને ઉકેલવા અને દોષિતોને પકડવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. (પીટીઆઈ) ■



**રમેશ શેઠ**

(૦૩-૦૭-૧૯૩૩ થી ૨૮-૧૧-૨૦૨૫)

ખાલી ખુરશી જોઈને, 'કેટલા સારા! કેટલા દયાળુ!' એવું વિચાર કરતાં હૈયું ભરાઈ જાય છે.

– ટેનીસન

ઉષા - અલ્પા અને VMS કંસલટંટ્સ પ્રા. લિ.

# ગેરકાયદે મત્સ્યપાલન પર દરોડો: ૨.૪ ટન આફ્રિકન કેટફિશનો ખાત્મો

મુંબઈ: મહારાષ્ટ્રના મત્સ્યોદ્યોગ વિભાગે પુણે જિલ્લાના ઉજની જળાશયના સ્થિર પાણીમાંથી ૨.૪ ટન ગેરકાયદેસર રીતે ઉછેરવામાં આવેલી આફ્રિકન કેટફિશ જપ્ત કરી તેનો નાશ કર્યો હતો એમ સંબંધિત અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદન અનુસાર માછલી ઉછેર ફાર્મના માલિકોને અગાઉથી ચેતવણી આપવામાં આવી હોવા છતાં પ્રતિબંધિત પ્રજાતિનો ઉછેર ચાલુ હોવાનું અધિકારીઓને જાણવા મળતા ગુરુવારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. સામાન્ય રીતે આફ્રિકન માંગુર તરીકે ઓળખાતી આફ્રિકન કેટફિશ આક્રમક પરાયું પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. મીઠા જળ (દરિયા સિવાય નદી, સરોવર ઈત્યાદિનું પાણી)ના વિવિધ જીવ અને આર્દ્ર ભૂમિ માટે મોટો ખતરો ગણાતી આફ્રિકન કેટફિશનું પાલન દેશમાં કરવા પર પ્રતિબંધ છે. બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (બીએનએચએસ)એ ઓપરેશન દરમિયાન વૈજ્ઞાનિક સહાય પૂરી પાડી હતી. વેટલેન્ડ ઇકો-રિસ્ટોરેશન એન્ડ ફિશરીઝ ડેવલપમેન્ટ પ્રોગ્રામના વડા ડૉ. ઉનમેશ જી કટવાટેની આગેવાની હેઠળની ટીમે જપ્ત કરાયેલી માછલીની વર્ગીકરણની પુષ્ટિ કરી છે. (પીટીઆઈ) ■

**દ્વિતીય પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી**



ગં.સ્વ. **રુક્ષ્મણીબેન કિશોરભાઈ ઠક્કર(અનમ)**

(કચ્છ ગામ પત્રી) (૦૨.૦૮.૧૯૪૪ – ૩૦.૧૧.૨૦૨૩)

**માઁ** કી અહમિયત ઉનસે પુછો... જિનકી મા નહીં હોતી...

ડો.દિપકભાઈ ઠક્કર અને વિજયભાઈ ઠક્કર પરિવારની હાર્દિક પુષ્પાંજલી

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

# બૅન્કમાંથી ૧૧૧ કરોડ રૂપિયાની ઉચાપતનો પ્રયાસ: નગર પંચાયતના પ્રમુખની ધરપકડ

પાલઘર: બોગસ દસ્તાવેજો રજૂ કરીને ૧૧૧ કરોડ રૂપિયાની ઉચાપતનો પ્રયાસ એક જાહેર ક્ષેત્રની બૅન્કના અધિકારીની સતર્કતાને કારણે નિષ્ફળ બન્યો હતો. પોલીસે આ મામલે વિક્રમગડ નગર પંચાયતના પ્રમુખની ધરપકડ કરી હતી.અધિકારીના જણાવ્યા મુજબ આરોપી નીલેશ ઉર્ફે પિન્કા રમેશ પડવલે નગર પંચાયતનો પ્રમુખ હોવાની સાથે ઓ. વી. કન્સ્ટ્રક્શન કંપનીની માલિકી પણ ધરાવે છે. પોલીસની ટીમે શુક્રવારે તેની થાણે પરિસરમાંથી ધરપકડ કરી હતી.

સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા (એસબીઆઈ)ની જવ્હાર શાખામાં સાતમી નવેમ્બરે કન્સ્ટ્રક્શન કંપનીને નામે ૧૧૧.૬૩ કરોડ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ જારી કરવા માટે જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી)નો બોગસ રિક્વેસ્ટ લેટર રજૂ કરવામાં આવ્યો ત્યારે આ કાવતરું સામે આવ્યું હતું.

ડિમાન્ડ લેટર અને તેની સાથેના ચેક પર પીડબ્લ્યુડીના એક્ઝિક્યુટિવ એન્જિનિયર અને એકાઉન્ટન્ટની સહીઓ હતી. જોકે લેટરની ચકાસણી દરમિયાન બૅન્કના અધિકારીને શંકા ગઈ હતી. તેમાં 'કરોડ'ને બદલે બિલિયન શબ્દનો ઉપયોગ કરવા સાથે અનેક વિસંગતિ જણાઈ આવી હતી. વળી, પત્ર લેખનની શૈલી પણ અત્યંત અલગ હતી, જેને આધારે આ મામલો બહાર આવ્યો હતો.(પીટીઆઈ) ■

# સમાજને સુધારક અને વિચારકની સાથે સાથે પતિતનો સ્વીકાર કરીને તેનો ઉદ્ધાર કરનારાઓની જરૂર છે: પૂજ્ય મોરારિબાપુ



પૂજ્ય મોરારિબાપુએ ૯૬૭મી માનસ વંદે માતરમ્ રામકથાના આઠમા દિવસે લોક ઉદ્ધારની પવિત્ર ભાવનાને ઉજાગર કરતી અમૃતવાણી પીરસી હતી. બાપુએ સમજાવ્યું કે પ્રભુ શ્રીરામે જીવનભર દીન-દુ:ખી, પતિત, વંચિત, ઉપેક્ષિત, અસ્પૃશ્ય અને સમાજના છેવાડે રહેલા દરેકના ઉદ્ધાર માટે કરુણા વરસાવી છે. અહિલ્યા ઉદ્ધારનો પ્રસંગ યાદ કરાવતા બાપુએ કહ્યું કે શ્રીરામના જીવનમાંથી આપણે પણ લોકોના ઉદ્ધારની પ્રેરણા લેવી જોઈએ. બાપુએ સ્પષ્ટ કહ્યું કે જેમ પરમાત્મા પાસે બેસીને કોઈ બીજા પાસે યાચના કરવી એ ઈશ્વરનો અનાદર છે, તેમ જ આપણા પાસે કામ કરનાર લોકો પોતાની નાની-મોટી જરૂર માટે જો અન્યત્ર મદદ માગે, તો તે આપણા માટે પણ અપમાન સમાન છે. અત: તેમની મનોકામનાઓ પૂરી કરવી એ જ સાચો માનવધર્મ છે.

### પરાગભાઈ શાહ ખરા અર્થમાં રામકાર્ય કરી રહ્યા છે

આ અવસરે વ્યાસપીઠ પરથી પૂજ્ય બાપુએ શ્રી રામકથાના મનોરથી



પરાગભાઈ શાહની લોક ઉદ્ધાર કરવાની નિષ્ઠાને હૃદયપૂર્વક બિરદાવી હતી. બાપુએ કહ્યું કે જેમ પરાગભાઈનું જીવન પ્રગતિ પામ્યું, તેમ તેમણે પોતાના સહયોગીઓના જીવનમાં પણ પ્રકાશ ફેલાવવાનો સંકલ્પ લીધો છે. આજ તેઓ પોતાના સહકાર્યકરોને ઘર આપીને તેમના જીવનનું વિસ્તરણ કરી રહ્યા છે. બાપુએ પ્રસન્નતાથી જણાવ્યું કે પરાગભાઈએ ખરા અર્થમાં પોતાના ગુરુના સિદ્ધાંતોને આત્મસાત્ કર્યા છે. તેઓ લોકોનો ઉદ્ધાર કરી રહ્યા છે, જે સાચું રામકાર્ય છે.

### માનસ વંદે માતરમ્: રાષ્ટ્ર વંદના, માતૃભક્તિ અને સાધુધર્મની સુગંધ ભરેલું પાવન પ્રસ્તાવન

રામકથા શરૂ કરતા પૂર્વે પૂજ્ય બાપુએ વંદે માતરમ્ના ૧૫૦ વર્ષ, સદ્ભાવના વૃદ્ધાશ્રમના સેવાકાર્યો અને જૂનાગઢ ખાતે નિર્માણ પામતી કેશ કાઉન્ટર વિનાની અદ્યતન હોસ્પિટલની પૃષ્ઠભૂમિ સાથે ''માનસ વંદે માતરમ્'' રામકથાની પૂર્વભૂમિકા બાંધી હતી. પૂર્વ વડા પ્રધાન બાજપાઈજીની રચના ''भारत जमीन का टुकडा नहीं, जीता-जागता राष्ट्रपुरुष है''નું પઠન કરીને પૂજ્ય બાપુએ માતૃભૂમિને રાષ્ટ્રપુરુષ કહીને વંદન કર્યા હતા. બાપુએ રાજકોટના કૌશિકભાઈ મહેતાની કવિતાના સ્પર્શક શબ્દોનું પઠન કર્યું હતું, જેમાં આ રામકથાના પવિત્ર હેતુઓને સુંદર રીતે ઉજાગર કરવામાં આવ્યા છે. માતૃપંચકની શૃંખલા આગળ વધારતા પૂજ્ય બાપુએ રામની માતા કૌશલ્યા, ભરતની માતા કૈકેયી, લક્ષ્મણની માતા સુમિત્રા, અશોકવાટિકામાં સીતાજી દ્વારા માતૃસન્માન પામેલી ત્રિજટા અને હનુમાન માતા સીતાની હૃદયસ્પર્શી ચર્ચા કરી હતી.

### સુધારક નહીં, સ્વીકારક બનો, ઉદ્ધારક બનો; બાપુની દિવ્ય પ્રેરણા


પૂજ્ય બાપુએ ઉદ્ધારની દિવ્ય ભાવનાને આગળ ધપાવતાં એક અત્યંત ઉમદા અને હૃદયને હચમચાવી દેતો સંવાદ કર્યો હતો. ડિસેમ્બર ૨૦૧૮માં અયોધ્યા ખાતે ગણિકાઓના ઉદ્ધાર્થે યોજાયેલી માનસ ગણિકા રામકથાનું સ્મરણ કરતાં બાપુએ જણાવ્યું કે મુંબઈની આ ગણિકાઓને તેમણે પોતાની દીકરીઓ માની, એક સ્નેહી પિતા તરીકે તેમની પાસે જઈ તેમને રામકથાનું નિમંત્રણ આપ્યું હતું. તે પ્રસંગોના સ્પર્શક સ્મરણો રજૂ કરતાં બાપુએ સમાજને સ્પષ્ટ શબ્દોમાં સત્યનું દર્પણ બતાવ્યું હતું. બાપુના આ શબ્દોમાં કરુણા, માનવતા અને પતિતને સ્વીકારવાના મૂળ તત્ત્વો ઊંડાણપૂર્વક ઝીલાઈ ઊઠ્યા.

### સત્ય અને સમર્પણ વગર કોઈ અનુષ્ઠાન પૂર્ણ નહીં; રામકથામાં બાપુની હૃદયસ્પર્શી વ્યાખ્યા

શ્રી રામકથાને આગળ વધારતા પૂજ્ય બાપુએ ઋષિ વિશ્વામિત્ર દ્વારા રામ-લક્ષ્મણને યજ્ઞરક્ષા માટે બોલાવવાના પ્રસંગથી લઈને તેમના આશ્રમપ્રવેશ, રાક્ષસોનો સંહાર, યજ્ઞની પૂર્ણાહુતિ, જનકપુરી તરફની યાત્રા, રામ દ્વારા અહલ્યાનો ઉદ્ધાર અને જનકપુરીમાં મળેલા સ્નેહભર્યા સ્વાગત સુધીના તમામ પ્રસંગોને અત્યંત ભાવવિહવળ શબ્દોમાં રજૂ કર્યા હતા. આ વર્ણનમાં બાપુએ જણાવ્યું કે ઋષિ વિશ્વામિત્રનું અનુષ્ઠાન તો ત્યારે જ પૂર્ણ થયું જ્યારે રામ અને લક્ષ્મણ તેમના આશ્રમમાં આવ્યા અને આ પ્રસંગ પરથી બાપુએ એક સુંદર તાત્પર્ય સમજાવ્યું કે, રામ એટલે સત્ય અને લક્ષ્મણ એટલે ત્યાગસમર્પણ. જ્યાં સુધી જીવનના કાર્યમાં સત્ય અને સમર્પણનો પ્રકાશ નહીં ઉમેરો, ત્યાં સુધી અનુષ્ઠાન સંપૂર્ણતાનો સ્પર્શ નહીં પામે.

### માનસ વંદે માતરમ્ રામકથાના આઠમાં દિવસે પૂજ્ય બાપુના શ્રી મુખેથી ઉચ્ચારાયેલા દિવ્ય આશીર્વચનો

* અંતરથી શાંતિ પ્રાપ્ત કરવી હોય તો ઈર્ષા, રાગ અને દ્વેષને જાકારો આપો
* સાધુ અને સંતોને વધુ સુવિધા આપવી નહીં, તેનાથી તેમના ભજનમાં બાધા આવી શકે છે. જેને લીધે વિશ્વ કલ્યાણમાં વાર લાગી શકે છે
* જે શરીર સુધી સીમિત છે તે ''સુખ'' છે. શરીરની સાથે જે મન સાથે જોડાય છે તે ''મહાસુખ'' છે અને શરીર, મન અને આત્મા સુધી જે પહોંચી જાય છે તે ''પરમ સુખ'' છે
* વિષમ પરિસ્થિતિને સંભાળી લેવી તે પણ વિષપાન જ છે
* મહત્ત્વ વ્યક્તિનું નથી હોતું, મહત્ત્વ સ્થાનનું હોય છે
* વક્તાને વિસ્તાર કરતા પણ આવડવું જોઈએ અને સંક્ષિપ્ત કરતા પણ આવડવું જોઈએ
* ઈશ્વર તો પ્રાણવાયુ છે, ફેફસામાં જેટલી તાકાત હોય તેટલો ભરી લે
* જે વિશેષ છે તે વિભૂતિ છે
* એટલી ઝડપથી આગળ ના વધો કે કોઈ દીન-દુ:ખિયા ને તમે જોઈ ના શકો કે તેમનો અવાજ તમારા સુધી પહોંચી ના શકે
* કોઈ ખોટું કામ થયું હોય તો ખરા દિલથી પસ્તાવો કરી લેજો, ઉદ્ધાર કરવા અયોધ્યાનો રામ પોતે આવશે
* તમારી અંતરાત્માને પૂછી લેજો કે કોણ દૂધનું ધોયેલું છે?
* અન્ન તણા કોઠાર ભર્યા સુખ સાધવા સારું,
પણ શેર લોટનો જ તું અધિકારી, બાકી બધું પરબારું.
* મંદિરની સાથે સાથે માનવ મંદિરનો પણ ઉદ્ધાર કરો



માનસ વંદે માતરમ્ રામકથાના ઉપલક્ષ્યમાં ગઈકાલે સાંજે ચિત્રકૂટ ધામ આચાર્ય અત્રે મેદાન ખાતે ધારાસભ્ય પરાગભાઈ શાહ દ્વારા ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૂર સમ્રાજ્ઞી ધારિણી ઠક્કર, અષાઢી ગાયક ચેતન ગઢવી, કોકિલકંઠી સંગીતા લાબડીયા તથા લોકગાયક બ્રીજરાજ લાબડીયાએ ભક્તિગીતો તથા લોકગીતોનો રસથાળ પીરસ્યો હતો. હાસ્ય કલાકાર ભાગ્યેશ વોરા તેમની હાસ્ય અને લોકસાહિત્યની અનોખી શૈલીમાં આ લોકડાયરાનું સુપેરે સંચાલન કર્યું હતું. લોકગીત અને સંગીતના હજારો રસિકોએ ઉપસ્થિત રહીને આ લોકડાયરાનો આસ્વાદ માણ્યો હતો.

# રાજ ઠાકરેએ સાધુ ગ્રામ માટે વૃક્ષો કાપવાનો વિરોધ કર્યો

## સરકારના ઘટકપક્ષ એનસીપીના નેતા અને વૃક્ષપ્રેમી અભિનેતા સયાજી શિંદે સરકાર વિરોધી વલણ લેવાની ચીમકી ઉચ્ચારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુંભ મેળા પહેલા નાશિકમાં 'સાધુ ગ્રામ' બનાવવા માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા વૃક્ષો કાપી નાખવાનો વિરોધ વધી રહ્યો છે, મનસેના નેતા રાજ ઠાકરે અને સત્તાધારી ગઠબંધનના ઘટકપક્ષ એનસીપીના નેતા અને વૃક્ષ પ્રેમી અભિનેતા સયાજી શિંદેએ પણ આ મુદ્દે સરકાર વિરોધી વલણ અપનાવ્યું હોવાથી આ વિવાદ વધવાની શક્યતા જોવાઈ રહી છે.

મનસેના વડા રાજ ઠાકરેએ શનિવારે કહ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસ સરકારે લોકોની લાગણીઓનો આદર કરવો જોઈએ અને સંઘર્ષને વધવા દેવો જોઈએ નહીં. સરકાર પર 'તકવાદ' કરવાનો આરોપ લગાવતા, તેમણે કહ્યું હતું કે તે કુંભ મેળાના બહાને વૃક્ષો કાપીને પછી તેમના 'પ્રિય ઉદ્યોગપતિઓ'ને જમીન દાનમાં આપવાની યોજના ધરાવે છે. તેમણે એમ પણ કહ્યું કે જો સરકાર 'સંઘર્ષાત્મક વલણ' અપનાવે છે, તો તેમનો પક્ષ લડાઈમાં લોકોની સાથે ઊભો રહેશે.

બીજી તરફ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના સભ્ય અભિનેતા અને વૃક્ષ કાર્યકર્તા સયાજી શિંદેએ શનિવારે નાશિકના તપોવન વિસ્તારની મુલાકાત લીધી અને કહ્યું કે જો સરકાર વૃક્ષો કાપવા પર અડગ રહેશે તો તેઓ તેની વિરુદ્ધ જશે.

૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી શરૂ થનારા કુંભ મેળા પહેલા તપોવન વિસ્તારના ૧,૨૦૦ એકરમાં ધાર્મિક નેતાઓ અને સંતો માટે સાધુ ગ્રામનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૧,૬૭૦ વૃક્ષોને પીળા રંગથી દૂર કરવા માટે ચિહ્નિત કરવામાં આવ્યા હતા. પ્રકૃતિ પ્રેમીઓ અને નાગરિકોએ દાવો કર્યો હતો કે કેટલાક વૃક્ષો ૧૦૦ વર્ષ જૂના છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાજ ઠાકરેએ કહ્યું હતું કે આ પહેલી વાર નથી કે નાસિકમાં કુંભ મેળો થઈ રહ્યો છે.

'જ્યારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) નાસિકમાં સત્તામાં હતી, ત્યારે મનસેને વૃક્ષો કાપવાની જરૂર નહોતી લાગી,' એમ તેમણે કહ્યું હતું.

રાજ્ય સરકાર પર તેમનો આ હુમલો તેમના પિતરાઈ ભાઈ અને શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેના એક દિવસ પછી આવ્યો છે જ્યારે તેમણે કહ્યું હતું કે તપોવન, જ્યાં પ્રસ્તાવિત સાધુ ગ્રામ બનવાનું છે, તે સ્થાન છે જ્યાં વ્યાપકપણે માનવામાં આવે છે કે ભગવાન રામ, સીતા અને લક્ષ્મણ તેમના વનવાસ દરમિયાન રહ્યા હતા. સયાજી શિંદેએ પ્રધાન ગિરીશ મહાજનની ટીકા કરી અને કહ્યું કે તેમણે વિવાદાસ્પદ નિવેદનો કરવાથી દૂર રહેવું જોઈએ.

# એસટી બસના ડ્રાઈવરની મારપીટના કેસમાં બે જણ નિર્દોષ જાહેર

થાણેઃ વિવાદ બાદ એસટી (સ્ટેટ ટ્રાન્સપોર્ટ) બસના ડ્રાઇવરની મારપીટ કરવાના કેસમાં થાણે જિલ્લાની કોર્ટે બે જણને નિર્દોષ જાહેર કર્યા હતા.

એડિશનલ સેશન્જ જજ જી.ટી. પવારે ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૩, ૩૩૩ અને ૫૦૪ હેઠળ જય અનિલ દેશમાને અને રાહુલ દાદાસાહેબ ખેરાડકરને નિર્દોષ જાહેર કર્યા હતા. ૨૬ નવેમ્બરે કોર્ટે આ આદેશ આપ્યો હતો.

૨૦ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ નોંધાયેલા એફઆઇઆર અનુસાર એમએસઆરટીસીના ડ્રાઇવર માધવ અંબાદાસ વાઘમારેએ આરોપ કર્યો હતો કે સૂરજ વોટર પાર્ક નજીક સ્કૂટરને ઓવરટેક કરવાને મુદ્દે વિવાદ થયા બાદ આરોપી બસમાં પ્રવેશ્યા હતા અને મારપીટ કરી હતી. આ કેસમાં બસ ડ્રાઇવર અને કન્ડક્ટર સહિત ચાર સાક્ષીદારને તપાસવામાં આવ્યા હતા. જજ પવારે પોતાના આદેશમાં એ ધ્યાન દોર્યું હતું કે તપાસકર્તા પક્ષ ડેપોના મેનેજરની પૂછપરછ કરવામાં નિષ્ફળ ગયો હતો, જેથી પુરવાર કરી શકાય કે ફરિયાદી ડ્રાઇવર અને કન્ડક્ટર મારપીટ સમયે ફરજ પર હાજર હતા.

તપાસકર્તા અધિકારીએ આ કેસમાં નજરે જોનારા સાક્ષીદારની પૂછપરછ કરી નહોતી અથવા સ્વતંત્ર સાક્ષીદારનું નિવેદન નોંધ્યું નહોતું, એવું કોર્ટે નોંધ્યું હતું. (પીટીઆઇ)

# થાણેના વેપારીને ૧૦૦ કરોડની લોન અપાવવાના બહાને ૩૧ લાખની ઠગાઇઃ ત્રણ સામે ગુનો દાખલ

*થાણેઃ* થાણેના વેપારીને ૧૦૦ કરોડ રૂપિયાની લોન અપાવવાના બહાને ૩૧.૨૧ લાખ રૂપિયાની ઠગાઇ આચરવા બદલ પોલીસે ત્રણ જણ સામે ગુનો દાખલ કર્યો હતો.

આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદને આધારે કાસારવડવલી પોલીસે બુધવારે મીરા રોડના લાલબાબુ ઠાકુર અને વિનોદ યાદવ તેમ જ વડોદરાના શૈલેશ વલનાડ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮ (૪) (છેતરપિંડી) હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે ત્રણેય આરોપીએ ડિસેમ્બર, ૨૦૨૪માં તેનો સંપર્ક સાધ્યો હતો અને દાવો કર્યો હતો કે મોટી ફાઇનાન્સ કંપનીઓ સાથે તેમના સારા સંબંધ છે. તેમણે ૧૦૦ કરોડ રૂપિયાની બિઝનેસ લોનની વ્યવસ્થા કરી આપવાનું પણ આશ્વાસન આપ્યું હતું.

આરોપીઓએ ફરિયાદી પાસેથી વિવિધ ચાર્જ પેટે ૩૧.૨૧ લાખ રૂપિયા લીધા હતા, પણ તેમણે ફરિયાદીને કોઇ લોન મેળવી આપી નહોતી. ફરિયાદીએ પોતાના રૂપિયા પાછા માગ્યા હતા, પણ તેમણે તે આપ્યા નહોતા પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં વેપારીએ પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# પોક્સોના કેસમાં જામીન પર છૂટી ફરાર થયેલો આરોપી છ વર્ષે પકડાયો

મુંબઈઃ સગીરા સાથે દુષ્કર્મના કેસમાં જામીન પર છૂટ્યા બાદ ફરાર થઈ ગયેલો આરોપી છ વર્ષે ફરી પકડાયો હતો. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ પંકજ પ્રકાશ પાંચાળ (૨૭) તરીકે થઈ હતી. જોગેશ્વરી પૂર્વના સુભાષ નગરમાં રહેતા આરોપીને સેશન્સ કોર્ટે અદાલતી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો હતો. જોગેશ્વરીમાં રહેતી સગીરા સાથે દુષ્કર્મ કરવાનો ગુનો ૨૦૧૯માં જોગેશ્વરી પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. એ કેસમાં પંકજની ધરપકડ કરવામાં આવી હતી. જોકે બાદમાં તે જામીન પર છૂટ્યો હતો. જામીન પર છૂટ્યા પછી પંકજની કોઈ ભાળ મળી નહોતી. અદાલતી પ્રક્રિયા દરમિયાન પણ તે હાજર રહેતો નહોતો. આખરે દિંડોશી સેશન્સ કોર્ટે તેની વિરુદ્ધ બિનજામીનપાત્ર વૉરન્ટ ઈશ્યુ કર્યા હતા. દરમિયાન જોગેશ્વરીમાં નવલકરવાડી સ્થિત એસઆરએની બિલ્ડિંગમાં પંકજ આવવાનો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસે છટકું ગોઠવી પંકજને તાબામાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

# મ્હાડા દ્વારા વિવિધ સુવિધાઓ માટે આરક્ષિત ૧૬ જમીનોની ઈ-લિલામીની ટૂંકમાં જાહેરાત થશે

મુંબઈઃ મુંબઈમાં મ્હાડાની માલિકીની અનેક ખાલી જમીનો છે, જે વિવિધ સુવિધાઓના વિકાસ માટે આરક્ષિત રાખવામાં આવી છે. આ જમીનોને જે હેતુથી આરક્ષિત કરવામાં આવી હોય તેના માટે જ વાપરવી બંધનકારક છે. તેને અનુલક્ષીને મ્હાડાના મુંબઈ વિભાગે મુંબઈના વિવિધ ઠેકાણે ૮૪ ભૂખંડોની ઈ-લિલામી માટે નોંધણી, અરજીનું વેચાણ-સ્વીકૃતિનું કાર્ય શરુ કર્યું છે. તેની સાથે મુંબઈમાં આરક્ષિત ૧૬ ભૂખંડોની લિલામી કરવાનો નિર્ણય પણ મ્હાડાએ લીધો છે, અને તેની જાહેરાત કરવાની તૈયારી ચાલી રહી છે. આવતા ૧૫ દિવસમાં આ માટેની જાહેરાતો પ્રસિદ્ધ થવાની શક્યતા છે. શાળા, હોસ્પિટલ, અને અન્ય સુવિધાઓ માટે આરક્ષિત જમીનોનો તેમાં સમરેશ થાય છે. આ ભૂખંડોના લિલામથી મ્હાડાને કરોડો રૂપિયાની મહેસુલી આવક થવાની અપેક્ષા છે.

મ્હાડા દ્વારા ૮૦-૯૦ વર્ષના ભાડાપટ્ટે જમીનો અપાય છે.

છેલ્લા પાનાનું ચાલુ

## પત્નીની આત્મહત્યા

આપવામાં આવતો હતો. પતિ પ્રભુ ચાટે સ્વાતિના ચારિત્ર્ય પર અને તેના ગર્ભમાં રહેલા બાળકના પિતા વિશે પણ શંકા કરતો હતો.

ફરિયાદ અનુસાર સ્વાતિના આ વર્ષના એપ્રિલ મહિનામાં જ પ્રભુ સાથે લગ્ન થયાં હતાં. લગ્ન બાદથી પતિ અને સાસરિયાં સ્વાતિને ત્રાસ આપવા લાગ્યા હતા. પતિ દારૂ ઢીંચીને આવતો અને સ્વાતિની મારઝૂડ કરતો હતો.

પોલીસે જણાવ્યું હતું કે બીજી નવેમ્બરે દંપતી મીરા રોડમાં રહેવા આવ્યું ત્યારથી પતિ સ્વાતિની મારપીટ કરતો હતો. તે વારંવાર ગર્ભમાંના બાળકના પિતા કોણ છે તેની મેડિકલ ટેસ્ટ કરવાનું સ્વાતિને કહેતો. પતિના ત્રાસથી કંટાળેલી સ્વાતિએ ૨૭ નવેમ્બરે માતાને ફોન કર્યો હતો. પતિનો ત્રાસ હવે સહન નથી થતો કહીને તેણે આત્મહત્યા કરી હતી. (પીટીઆઈ)

## નવી મુંબઈથી

પોલીસ સ્ટેશનની હદમાંથી ૧૪ વર્ષની કિશોરી ઘરથી નીકળ્યા પછી પાછી ફરી નહોતી. આ પ્રકરણે વડીલોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઘર આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવી રહ્યાં છે તો મોબાઈલ લૉકેશનની પણ ચકાસણી થઈ રહી છે. વાતોમાં ભોળવી કોઈ સગીરાને પોતાની સાથે લઈ ગયાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. દરમિયાન એનઆરઆઈ સાગરી પોલીસની હદમાં ૧૬ વર્ષની સગીરા સહસ્યમય રીતે ગુમ થઈ હતી. સગીરા દિવસ દરમિયાન ઘરમાં એકલી હતી. વાલીઓ સાંજે આવ્યા ત્યારે તે ગુમ હોવાનું જણાયું હતું. વળી, તેનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઑફ્ફ આવતો હતો. જોકે આ સગીરાનું નામ અગાઉ અમુક પ્રકરણોમાં સામે આવ્યું હતું, પણ એ શું મામલો હતો તેની સ્પષ્ટતા પોલીસે કરી નહોતી. આ રીતે સગીરા એકાએક ગુમ થઈ જતાં પોલીસે પણ તપાસની વ્યાપ્તિ વધારી દેવી પડી છે.

આ જ રીતે તાજેતરમાં રબાળે, એપીએમસી અને કોપરખૈરાણેથી ચાર છોકરી ઘરબહાર ગયા પછી પાછી ફરી નહોતી. તેમના ગાયબ થવાનું કારણ સ્પષ્ટ થયું નથી અને વાલીઓએ પણ કોઈના પર શંકા વ્યક્ત કરી નથી. જોકે ગુમ થયેલી છોકરીઓ સગીર વયની હોવાથી પોલીસે બધી ફરિયાદોમાં અપહરણના ગુનો નોંધ્યા છે.

નવી મુંબઈ પોલીસે આ બધી ફરિયાદીઓની સંયુક્ત તપાસ કરવાનું નક્કી કર્યું છે. આ માટે પોલીસ સ્ટેશનોના ચુનંદા અધિકારીઓની ટીમને દરેક મુદ્દે તપાસના આદેશ અપાયા છે. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ, મોબાઈલ લૉકેશન્સ અને ગુમ સગીરાઓના ફ્રેન્ડ્સની પૂછપરછ કરવામાં આવી રહી છે. સગીરાઓ ગુમ થવા લાગતાં વાલીઓમાં ગભરાટ ફેલાવા લાગ્યો છે. છોકરીઓની સુરક્ષાને મામલે વાલીઓમાં ચર્ચા જામી હોવાનું કહેવાય છે. બીજી બાજુ, પોલીસે નાગરિકોને સતર્ક રહીને કોઈ શંકાસ્પદ માહિતી મળે તો તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધવાની વિનંતી કરી છે.

## 'સ્ટિંગ ઑપરેશન'

નહીં,' એમ તેમણે કહ્યું હતું. આ બધા કિસ્સાઓમાં, આ બધું ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે, એવો ગંભીર આરોપ વિધાનસભ્ય નિલેશ રાણેએ લગાવ્યો હતો. નીલેશ રાણેના ભાઈ અને જિલ્લાના પાલક પ્રધાન નિતેશ રાણેએ ભાઈની પડખે ઉભા રહ્યા હતા અને મહાયુતિના નેતાઓ પર નિશાન સાધ્યું હતું. નીલેશ રાણેને જાણી જોઈને એકલા પાડીને બલિનો બકરો બનાવવામાં આવી રહ્યા છે એવો સનસનાટીભર્યો આરોપ તેમણે લગાવ્યો હતો.

બીજી તરફ ભૂતપૂર્વ પ્રધાન દીપક કેસરકરે સાવંતવાડીમાં પાલક પ્રધાન નિતેશ રાણેની ટીકાનો જવાબ આપતાં કહ્યું હતું કે માલવણમાં પૈસા જપ્ત થયા છતાં, સંબંધિત પક્ષો સામે કોઈ એફઆઈઆર દાખલ કરવામાં આવ્યો નથી. 'જ્યારે સંબંધિત પક્ષો કહે છે કે વ્યવહારમાં પૈસા હતા ત્યારે વિધાનસભ્ય નિલેશ રાણે સામે કેસ દાખલ કરવામાં આવી રહ્યો છે તો તે ખોટું છે.

તેમણે એવો પ્રસ્તાવ મૂક્યો હતો કે સાવંતવાડી મેયરપદ શિવસેનાએ લેવું જોઈએ અને વેંગુર્લાના મેયરનું પદ મહાયુતિએ ભાજપે લેવું જોઈએ.

## પ્રદૂષણ વધારનારા

ધરવામાં આવ્યું છે. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટેની ૨૮ મુદ્દા સાથેની ગાઈડલાઈન મુજબ કસ્ટ્રકશન સાઈટ પર ફરજિયાત રીતે સેન્સર આધારિત એર ક્વોલિટી ઈન્ડેક્સ મોનિટરિંગ મશીન બેસાડવા ફરજિયાત હોવા છતાં તેનો અમલ થયો ન હોવાનું અનેક જગ્યાએ જણાઈ આવ્યું છે. તેથી હવે જે સાઈટ પર મોનિટરિંગ મશીન નહીં બેસાડેલા જણાયા તો તાત્કાલિક ધોરણે તેમની સામે આકરા પગલા લેવામાં આવશે. પાલિકાએ ખાસ તે માટે ૨૮થી ૩૦ નવેમ્બર સુધીની ત્રણ દિવસની ઝુંબેશ હાથ ધરી છે, જેમાં મહત્ત્વના રસ્તા પર ધૂળમાં પણ ઘટાડો થાય તે પર ધ્યાન આપવામાં આવ્યું છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ વોર્ડમાં તાજેતરમાં ૯૫ જગ્યાએ કરવામાં આવેલા ઈન્સ્પેકશન દરમ્યાન ૧૧૭ સેન્સર નિષ્ક્રિય જણાયા હતા, જેમાંથી ફક્ત ૪૪ ટકા ડેવલપરો જૂનમાં આવેલા આવેલા આ નિર્દેશનું પાલન કરી રહ્યા છે.

હાલ મુંબઈમાં ૬૬૨ સેન્સર બેસાડેલા છે, તેમાથી ૪૦૦ સીધા શહેરના એર ક્વોલિટ ડેશબોર્ડ સાથે જોડાયેલા છે. મોટાભાગના જોકે સેન્સર કામ કરતા બંધ થઈ ગયા છે. તેથી ડેવલપરોને આકરા પગલા લેવાની ચીમકી પાલિકાએ આપી છે. પાલિકાએ આગામી સમયમાં વધુ ૨૫૧ સેન્સર બેસાડવાનું આયોજન કર્યું છે. મુંબઈમાં શનિવારે સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૪ નોંધાયો હતો, જે મધ્યમ શ્રેણીમાં આવે છે. ત્રણ દિવસની પાલિકાની ઝુંબેશમાં જુનિયર સુપરવાઈઝરે દત્તક લીધેલા ૭૩૦ રસ્તાઓની સફાઈ વધારી હતી અને તેનું ઈન્સ્પેકશન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના આસિસ્ટન્ટ એન્જિનિયિર દ્વારા કરવામાં આવી રહ્યા છે અને તેઓ દરરોજ ચીફ એન્જિનિયરને રિપોર્ટ કરી રહ્યા છે. જે વિસ્તારમાં પ્રદૂષણનું પ્રમાણ વધી ગયું છે અને હવાની ગુણવત્તાનો સ્તર પણ ઊંચો નોંધાઈ રહ્યો છે તે વિસ્તારોમાં પાલિકા દ્વારા પાણીના ટેન્કર, મિસ્ટિંગ મશીન અને મિકેનિકલ સ્વીપર્સનો ઉપયોગ કરીને ધૂળને નિયંત્રણમાં લાવવામાં પ્રયાસ ચાલી રહ્યા છે. શનિવારે બાન્દ્રા પૂર્વમાં ૧૫૨, બોરીવલી પૂર્વમાં ૧૬૩, ચારકોપમાં ૧૮૦, કોલાબામાં ૧૪૭, દેવનારમાં ૧૨૭, જુહુમાં ૧૫૪, કુર્લામાં ૧૫૬, મલાડ પશ્ચિમમાં ૧૬૭, મઝગાંવમાં ૧૫૧, મુલુંડ પશ્ચિમમાં ૧૫૬, બીકેસીમાં ૧૫૪ જેટલો એર ક્વોલિટી ઈન્ડેક્સ નોંધાયો હતો.

## આજે મધ્ય રેલવે

રહેશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી-વાશી વચ્ચે સ્પેશિયલ લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. ટ્રાન્સ હાર્બર લાઈન પર પણ સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી થાણે-પનવેલ વચ્ચે અપ-ડાઉન લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન થાણેથી વાશી અને નેરુલ વચ્ચે ટ્રેનો ઉપલબ્ધ રહેશે.

## સુધરાઈની

છે. પાલિકાએ આપેલા આંકડા મુજબ શહેરમાં ૫૯૨ બેકરી છે. પાલિકાએ તમામ બેકરીની તપાસ કર્યા બાદ ૨૦૯ બેકરીઓને પર્યાવરણસ્નેહી ઈંધણ એટલે કે એલપીજી, ઈલેક્ટ્રિક અને પીએનજી પણ શરૂ હોવાનું જણાયું હતું. આ દરમ્યાન પાલિકાની નોટિસ બાદ ૫૭ બેકરીઓએ પર્યાવરણ અનુરૂપ ઈંધણમાં પરાવર્તિત થઈ રહી હોવાનું જણાયું હતું.

## ૨૦૦૦ રોકાણકાર

ભોલે ૧૦૦થી વધુ રોકાણકાર લાવી હતી, પરંતુ તે પછી તેને દાળમાં કંઈક કાળું હોવાનું જણાયું હતું. ત્યાર બાદ કંપની દ્વારા વળતર આપવાનું બંધ કરાયું હતું, જેથી રોકાણકારોએ નવલે પાસે જવાબ માગવાનું શરૂ કર્યું. નવલેએ દાવો કર્યો હતો કે શૅરબજારમાં અસ્થિરતાને કારણે ભંડોળ ઉપાડી શક્યો નથી.

જોકે બાદમાં આરોપીએ ઑફિસ બંધ કરી દીધી અને રોકાણકારોના કૉલ રિસીવ કરવાનું પણ ટાળ્યું હતું, જેને પગલે ભોલેએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બન્ને આરોપીએ ભોલે જેવા ૪૦ એજન્ટની મદદથી ૨૦૦૦ રોકાણકાર સાથે ૪.૪૧ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી. પોલીસે બન્ને વિરુદ્ધ ગુનો નોંધી તેમની શોધ હાથ ધરી હતી. (પીટીઆઈ)

## ભારતીય પરંપરા

વ્યાખ્યાને ધ્યાનમાં લઈએ, તો તેમાં સામાન્ય રીતે એક રાષ્ટ્ર-રાજ્યનો સમાવેશ થાય છે જેમાં કેન્દ્ર સરકાર આ પ્રદેશનું સંચાલન કરે છે. જો કે, ભારત હંમેશા 'રાષ્ટ્ર' રહ્યું છે, ભલે તે વિવિધ શાસનકાળમાં અને વિદેશી શાસનકાળ દરમિયાન પણ હોય.

આરએસએસના વડાએ કહ્યું કે ભારતનું રાષ્ટ્રીયત્વ ઘમંડ કે અભિમાનમાંથી નહીં પરંતુ લોકો વચ્ચેના ઊંડા આંતરસંબંધ અને પ્રકૃતિ સાથેના તેમના સહઅસ્તિત્વમાંથી જન્મ્યું છે.

આપણે બધા ભાઈઓ છીએ, કારણ કે આપણે ભારત માતાના સંતાન છીએ, અને ધર્મ, ભાષા, ખાવાની આદતો, પરંપરાઓ કે રાજ્યો જેવો બીજો કોઈ માનવ-નિર્મિત આધાર નથી. વિવિધતા હોવા છતાં, આપણે એક રહીએ છીએ કારણ કે તે આપણી માતૃભૂમિની સંસ્કૃતિ છે, એમ તેમણે કહ્યું.

# હિન્દુ મરણ

માયાબેન જેઠાલાલ ઠક્કર (ઉં.વ.૭૩) ગામ અંજાર (કચ્છ) હાલ મુલુંડ તા. ૨૧-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. જેઠાલાલ વિશ્રામ ગંધાના પત્ની. તે સ્વ. ઝવેરબેન વિશ્રામ ગાંધાના પુત્રવધૂ. તે સ્વ. ઝવેરબેન વીરજી ચોથાણીના પુત્રી. વૈશાખી, કામિની, યશના માતુશ્રી. નીરવભાઇ ઝવેરી, ગૌરવભાઇ મહેતાના સાસુ. દેવ, દર્શ ના નાનીજી. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ગોંડલ નિવાસી હાલ મલાડ, ચંદુલાલ પોપટ મણિયારના પુત્ર મુકેશ મણિયાર (ઉં. વ. ૬૪) ૨૮.૧૧.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે હિનાબેનના પતિ. ચેતાબેનના પિતાશ્રી. સ્વ. હર્ષદભાઈ, રાજુભાઈ, ભાનુબેન તથા નીલાબેન (ડ્રેલીબેન)ના ભાઈ. સ્વ. તુલસીદાસ જગજીવન આશરાના ભાણેજ, સ્વ. તુલસીદાસ પ્રાણજીવન ચચ્ચાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩૦/૧૧/૨૫ના રવિવારે ૪.૩૦ થી ૬.૩૦. સ્થળઃ સ્વામિનારાયણ સંસ્કારધામ, ૩જે માળે, એસ વી રોડ, નિલગીરી એપાર્ટમેન્ટની પાસે, મલાડ વેસ્ટ.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

ધંધુકા નિવાસી હાલ અંધેરી, રસીલાબેન કનૈયાલાલ ગદ્દાણી (ઉં. વ. ૬૮) ૨૫/૧૨/૨૫ના રામશરણ પામેલ છે. તે કનૈયાલાલ મગનલાલ ગદ્દાણીના ધર્મપત્ની. લલીતાબેન અંબારામ મકવાણાના દીકરી. વૈભવ તથા અમિષા મયુરકુમાર પટેલના માતુશ્રી. જયશ્રીના સાસુ. હિના અનીલકુમાર પાટડીયા, હિમાંશુ, હિતેશ, અમિત મકવાણાના બહેન. બંને પક્ષની સાદડી ૧/૧૨/૨૫ના ૪ થી ૬. જે એન ભુટ્ટા હોલ, શ્રી એન ડી ભુટ્ટા હાઈસ્કૂલ ઓલ્ડ નાગરદાસ રોડ, અંધેરી ઈસ્ટ.

**કપોળ**

ઉમરાળાવાળા હાલ કાંદિવલી, રાજેશ કનૈયાલાલ પારેખ (ઉં. વ. ૬૪) તે ભાવનાબેનના પતિ. ખુશ્બુ રચિત પારેખ તથા તીશાના પિતા. ધીરેન્દ્રભાઈ, મુકેશભાઈ, સ્વ. પરેશભાઈ, ભારતીબેન અનંતરાય મહેતા, હર્ષદાબેન કિર્તીકુમાર સંઘવીના ભાઈ. સાસરાપક્ષે સમઢીયાળા મુલાણીવાળા સ્વ. વિજયાબેન દ્વારકાદાસ મુનીના જમાઈ. ગીતા અશ્વિનકુમાર મહેતા તથા ચેતના નિખિલકુમાર મહેતાના બનેવી. તા. ૨૮/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૩૦/૧૧/૨૫ના ૫ થી ૭. લોહાણા મહાજનવાડી, બીજે માળે, શંકર મંદિર પાસે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી દશા સોરઠીયા વણિક**

તરાવડાવાળા હાલ સુરત, મૃદુલાબેન રાજકોટિયા (મંગુબેન) (ઉં.વ.૯૩) સ્વ. જયંતીલાલ પ્રભુદાસ રાજકોટિયાના ધર્મપત્ની, જયેશ જીતેશ કીર્તિ, સોનલ વિકાસ ગડાના માતુશ્રી. તરવડાવાળા સ્વ. નરભેરામ નાગજી સાંગાણીના દીકરી. સ્વ. પ્રફુલભાઇ, સ્વ. લલિતભાઈ, સ્વ. કૃષ્ણકાંતભાઈ, સ્વ. જશુબેન ભગવાનદાસ વૈધ, સ્વ. ઈન્દિરાબેન હરીશકુમાર માલવિયા, ગં.સ્વ. હંસાબેન રમેશકુમાર શેઠના ભાભી. ગીતાબેન રાજકોટીયાના જેઠાણી. વિકાસકુમાર ગડા, દ્રીપ્તિ, નમ્રતા, સુમિત્રાના સાસુ બુધવાર તા. ૨૬.૧૧.૨૫ના સુરત શ્રીજીચરણ પામ્યા છે. સાદડી તથા લૌકિક ક્રિયા બંધ રાખવામાં આવેલ છે.

**હાલાઇ લોહાણા**

ગામ મંડેરવાળા હાલ વસઈ, સ્વ. સુધાબેન (ભાનુબેન) ચંદ્રકાંત નથવાણી (ઠક્કર) ના પુત્ર ચંદન (ચિન્ટુ) (ઉં. વ. ૪૪) ૨૪/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સંજુબેનના પતિ. ધ્રુવ તથા સિમરના પિતા. ભગતભાઇ, ચુનીભાઇ, રતિભાઈ, નરોત્તમભાઈ તથા કિશોરભાઈ પોપટના ભાણેજ, બનશેશ્વરી દેવી તથા બલબીર સીંગના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. જયાબેન ધનજી સોમૈયાના સુપુત્ર ભરત ધનજી સોમૈયા (પીપરાણી)ના ધર્મપત્ની આશાબેન (ઉં. વ. ૬૪) ગામ ભદ્રેશ્વર સ્વ. હેમંત સોમૈયા, ભારતી કિશોર સેજપાલ, મનીષા ગિરીશ કતીરાના ભાભી. સ્વ. દમયંતી કરસનદાસ ચોથાણી. ગામ મુન્દ્રા સુપુત્રી. સ્વ. હસુમતી મહેન્દ્ર ચંદન, સ્વ. અરુણા જીતેન્દ્ર કતીરા, સતીશભાઇના બહેન. તા. ૨૮-૧૧-૨૫ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**મોડાસા દશાનિમા વૈષ્ણવ વણિક**

મુંબઇ નિવાસી સ્વ. મણિબેન ગાંધી તથા ચંદુલાલ ગાંધીના પુત્ર નરેન્દ્ર ચંદુલાલ ગાંધી (ઉં.વ.૮૫) તા. ૨૮-૧૧-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે ઉષાબેનના પતિ. પિર્યસ, ચિરાગના પિતા. અર્ચનાના સસરા. વંશિકાના દાદા. સરોજબેન સુરા, સ્વ. ગગન બિહારી ભરતભાઇ, લલિતભાઇ, કલ્પનાબેન મહેતાના ભાઇ. પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ડો. દમયંતી શાહ (ઉં. વ. ૭૮) તે સ્વ. ઓધવજી મુલજી ઠક્કર (રૂપારેલ) તથા સ્વ. કંકુબેન ઓધવજી રૂપારેલ ગામ સંઘડ હાલ મુંબઇના પુત્રી. ધવલ શાહના માતા. અ. સૌ. રશ્મિબેનના સાસુ. રિતિકા તથા નાયસાના દાદી. સ્વ. નરભેરામભાઇ, સ્વ. પ્રેમાબેન, ભાનુબેન, સ્વ. શાંતાબેન, શશીકાંતભાઇ, મુક્તાબેન તથા સ્વ. હંસાબેનના બહેન. તે તા. ૨૮-૧૧-૨૫ના સ્વર્ગવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧-૧૨-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા જ્ઞાતિ**

દિટોઇ નિવાસી હાલ ઘાટકોપર મુકુંદભાઇ જમનાશંકર ઠાકર (ઉં. વ. ૬૭) તા. ૨૭-૧૧-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. ચંદ્રકાંતાબેન તથા સ્વ. જમનાશંકર ઠાકરના સુપુત્ર. તે ભાવનાબેનના પતિ. તે સેજલબેન જયકુમાર ત્રિવેદી અને પ્રિયાંકિબેન અતિતકુમાર ઠાકોરના પિતાશ્રી. તે નિરુબેન બંકિમભાઇ ગોર, દેવ્યાનીબેન કિરીટકુમાર વ્યાસ, પન્નાબેન જયેશભાઇ ગોર, હેમલતાબેન બિમલકુમાર ભટ્ટ અને કલ્પનાબેન હરિશચંદ્ર ભટ્ટના ભાઇ. તે ક્રિશ, મિરાયા, રિયાન અને વેદાન્ગા નાના. તે ગં. સ્વ. તુલસીબેન નવીનચંદ્ર વ્યાસના જમાઇ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૦-૧૧-૨૫ના ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોશી લેન, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

પ્રવીણ દ્વારકાદાસ હિંગવાલા (ઉં. વ. ૭૬) તે સ્વ. ધનીબાઇ અને સ્વ. દ્વારકાદાસ હિંગવાલાના પુત્ર. અરુણાના પતિ. ગાયત્રી, ચિરાગ અને જયના પિતા. રાહુલભાઇ સ્વાલી, અ. સૌ. અમલા તથા અ. સૌ. રુચિના સસરા. તે સ્વ. રવિન્દ્ર, રાજેન્દ્ર, સ્વ. પ્રભા આશર, રેણુકા કલાપી અને બિંદુના ભાઇ. તે સ્વ. મથુરાદાસ મોરપરિયાના જમાઇ. તા. ૨૫-૧૧-૨૫ના મંગળવારના દિને વિનીપેગ-કેનેડા મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સઈ-સુથાર જ્ઞાતિ**

સુરેન્દ્રનગર નિવાસી હાલ વિલેપાર્લા- પુર્વ, ભરતભાઇ પ્રવિણભાઈ સોલંકી (ઉં.વ.૬૬) ૨૬ નવેમ્બર ૨૦૨૫ના દેવશરણ પામેલ છે. તે સ્વ.હીરાબેન પ્રવિણભાઈ ગગજી સોલંકીના પુત્ર. જયશ્રીબેનના પતિ. મહેશભાઇ, સ્વ. શૈલેષભાઇ, છાયાબેન જીતેન્દ્ર મકવાણા, ભાવનાબેન સુરેશ ચૌહાણના ભાઈ. તે ગૌરાંગ જગદીશ શેઠના સસરા. રીના ગૌરાંગ શેઠ, હેતલ, અક્ષયના પિતાશ્રી. ચંદનબેન ચંદુલાલ વાલજી સોલંકીના જમાઈ, લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

# જૈન મરણ

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મલાડ, સ્વ.પ્રવિણચંદ્ર જાધવજીભાઈ શાહના પુત્ર વિમલ (ઉં. વ. ૫૨) શુક્રવાર તા. ૨૮/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કેતન, સ્વ. મીલનના ભાઈ. સ્વ. ગંભીરભાઈ, સ્વ. ભૂપતભાઈ, સ્વ. શાંતિભાઈ, વસંતભાઈના ભત્રીજા, જીજ્ઞાના દિયર. મોસાળપક્ષે ચત્રભુજ હેમચંદ કનાડીયા (તણસા) ના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વડિયાદેવળી નિવાસી હાલ વસઈ, સ્વ. તારાબેન શાંતિલાલ કલ્યાણજી પારેખના પુત્ર વિનોદરાય શાંતિલાલ પારેખ (ઉં. વ. ૭૮) તા. ૨૮/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. હિતેશ, ભાવેશ, શૈલેષના પિતાશ્રી. સ્વ. બળવંતરાય, સ્વ. હંસાબેન પ્રાણલાલ વોરા, સ્વ. રમાબેન રસીકભાઇ મહેતા, સ્વ. જોસનાબેન અરવિંદકુમાર સંઘરાજકાના ભાઈશ્રી. અકાળા નિવાસી હાલ વસઈ સ્વ.શિવલાલ વનમાળીદાસ વોરાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૧૧-૨૫ રવિવારના ૧૦.૩૦ થી ૧૨.૦૦. સ્થળઃ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, માણિકપુર,વસઈ રોડ વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

કોડાય/પૂનાના કાંતિલાલ મગનલાલ ગોગરી (ઉં. વ. ૭૪) તા. ૨૮-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. માતુશ્રી ગોમીબાઈ મગનલાલના પુત્ર. સ્વ. રેખાના પતિ. બિશીર, રોમીલના પિતા. વસંત, સ્વ. મણીલાલ, સ્વ. વેણીક, કીરીટ, મો.આસંબીયા દમયંતી ટોકરશી, બિદડા પ્રભા દામજી, મો. ખાખર વિમળા વસનજી, ફરાદી સ્વ. ખંતીલા શામજી, ના. ખાખર મીના નવિન, બાડા પ્રતિભા વિનોદના ભાઈ. રાયધણજર વિજયાબેન જેઠાલાલ ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. બિશીર ગોગરી : ૨૦૩, સંકલ્પ સિધ્ધી લેન બી/૩૨, ધાયરી, પૂના-૪૧.

નરેડીના માતુશ્રી તેજબાઈ લાલજી નાગડા (ઉં. વ. ૮૫) તા. ૨૮-૧૧-૨૫ ના રોજ અવસાન પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબેન જીવરાજના પુત્રવધૂ. સ્વ. લાલજીના પત્ની. રાજેશ, જીતેશ, દમયંતી, કસ્તુરના માતુશ્રી. કોટડા (રોહા) માતુશ્રી હીરબાઈ જીવરાજના સુપુત્રી. ખીમજી, મોરારજી, તારાચંદ, નવલબેન, જવેરબેન, સુંદરબેન, મુલબાઇ, દમયંતીના બેન. પ્રાર્થના : શ્રી ક.વિ.ઓ. દે. જૈ. મ. સં. શ્રી જીરાવલા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ) ટા.: ૩ થી ૪.૩૦.

મોટી ખાખરના હરખચંદ દેઢિયા (ઉં. વ. ૬૭) તા. ૨૨-૧૧-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. નેણબાઈ મોરારજીના પુત્ર. રશ્મિબેનના પતિ. ધૈર્યના પિતા. બારોઈ સ્વ. મણિબેન પ્રેમજી કેનિયાના જમાઈ. પ્રાર્થના : શ્રી વ.સ્થા.શ્રા.જૈન સં.સં. કરસન લધુ નિસર હોલ, જ્ઞાનમંદિર રોડ, દાદર (વે), તા. ૩૦-૧૧-૨૦૨૫ ના સાંજે ૪ થી ૫:૩૦.

ડોણના તરૂણ ફુરીયા (ઉં. વ. ૪૬) ૨૮-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી સાકરબેન ગાંગજી વેલજીના પૌત્ર. માતુશ્રી વિમળાબેન હરીલાલના સુપુત્ર. પુર્વીના પતિ. જ્યોતિ, ભારતીના ભાઇ. વલસાડ નીરૂબેન સુરેશ રાઠોડના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જ્યોતિ ગોસર, એફ-૬૦૧, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ).

રામાણીયા ના ભોગીલાલ મોરારજી રાંભીયા (ઉં. વ. ૮૦) તા. ૨૭-૧૧-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મણીબેન મોરારજી દેવજીના સુપુત્ર. સ્વ. ભારતીબેનના પતિ. દક્ષા, પ્રીતી, દિમીના પિતા. સ્વ. મુલચંદ, સ્વ. શાંતિલાલ, જયેન્દ્ર, વિમળા, હેમલતાના ભાઇ. લુણીના વેલજી ભીમશી ધરોડના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, દાદર. ટા. ૨ થી ૩.૩૦. નિ. પ્રીતી કેનીયા, ૩૦૪, હબીબ નગર સો., પંપ હાઉસ, અંધેરી (પૂર્વ) ૫૩.

મોટી ખાખરના શ્રીમતી ભારતીબેન નેમજી દેઢિયા (ઉં. વ. ૬૯) તા. ૨૮-૧૧-૨૫ના અવસાન પામ્યા છે. રતનબેન ધનજી મેઘજીના પુત્રવધૂ. નેમજીભાઈના ધર્મપત્ની. દિવાળીબાઈ વેલજીની સુપુત્રી. ડિમ્પલ, રચનાના માતુશ્રી. બેરાજાના ખીમજી (બબુભાઈ), દિનેશના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રચના રિતેશ શાહ, એફ-૨૦૦૧, આર્કિડ સબર્બીયા, લીંક રોડ, કાંદિવલી (વેસ્ટ). ૬૭.

વડાલાના માતુશ્રી હેમકુંવરબેન (લક્ષ્મીબેન) દામજી કેનીયા (ઉં. વ. ૯૪) તા.૨૭-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. હાંસબાઈ પુનશીના પુત્રવધુ. દામજીના પત્ની. અરવિંદ, જયા, હેમલતાના માતા. વડાલા દેમુબેન તેજશી નરશી ધરોડના પુત્રી. રાઘવજી, વડાલા મેઘબાઈ હંસરાજ, લુણી ઉમરબાઈ લાલજી, લીલબાઈ કાનજી, વડાલા પુરબાઈ મેઘજી, હીરબાઈ તેજશી, સાકરબાઈ દામજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ : અરવિંદ કેનીયા. બી-૨૨, ઓમગા, સી.એચ.એસ, સેક્ટર - ૭, શ્રી નગર, થાણા-૪૦૦૬૦૪.

નાગ્રેચાના માતુશ્રી નિર્મળાબેન જીવરાજ નિસર (ઉં. વ. ૭૯) તા. ૨૮-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. મેઘબાઈ શીવજીના પુત્રવધુ. સ્વ. જીવરાજના પત્ની. દિપક, બિનાના માતા. ડુમરાના ગંગાબાઇ શામજી કારાણીના સુપુત્રી. દામજી, જયેન્દ્ર, જયંતીલાલ, નિર્મલા, રતન, ધનવંતી, દિવ્યાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિપક નિસર, ૧૨૦૩, સાયપ્રસ ટાવર ૫, રૂનવાલ ગ્રીન્સ, મુલુંડ ગોરેગાંવ લિંક રોડ, ભાંડુપ (વે), મું.

**ઝાલાવાડી સ્થાનીક જૈન**

લખતર નિવાસી હાલ કાંદિવલી સ્વ. હેમંતભાઇ ત્રિભોવનદાસ સંઘવી (ઉં. વ. ૮૨) શુક્રવાર, તા. ૨૮-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનનાં પતિ. સમીર અને દેવાંગના પિતાશ્રી. મોનીકા અને અવનીનાં સસરા. મીનાબેન રવિભાઇ શાહ તથા વિપુલભાઇ અને તુષારભાઇના બનેવી. સાગર-નિયતી, ગ્રીષ્મા-મનન, પ્રીયાંશ, ગીતનાં દાદા. સ્વ. હિંમતલાલ કલ્યાણજી વોરાના જમાઇ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૩૦-૧૧-૨૫ના બપોરે ૩થી ૫માં. ઠે.પાવનધામ, પહેલે માળે, મહાવીર નગર, સચીન તેંડુલકર જીમખાનાની પાસે, કાંદિવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુંબઇ વસંતરાય મણીલાલ દોશી (ઉં. વ. ૯૦) તા. ૨૮-૧૧-૨૫ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જિનેન્દ્રાબેનના પતિ. નિલેશભાઇ અને હેમાંગીબેનના પિતા. દક્ષાબેન અને અજયભાઇના સસરા. સ્વ. તલકચંદ લલ્લુભાઇ શાહ (મદ્રાસવાળા)ના જમાઇ. સ્વ. ચંદુલાલ મણીલાલ દોશી, સ્વ. પ્રભાવતીબેન નટવરલાલ શાહના ભાઇ. પૂજાના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

જામવણથલી નિવાસી હાલ મુંબઇ (વાલકેશ્વર) સ્વ. બાબુલાલ ન્યાલચંદ મહેતાના ધર્મપત્ની તારાબેન બાબુલાલ મહેતા (ઉં. વ. ૯૪) તા. ૨૭-૧૧-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે બિપીનભાઇ, નીતિનભાઇ, નરેશભાઇ, મીનાબેન મુકેશભાઇ મહેતા, ડો. હંસાબેન આનંદભાઇ, અરુણાબેન જીતેન્દ્રભાઇ મહેતાના માતુશ્રી. પિયર પક્ષે સ્વ. અંબાબેન માવજીભાઇ મહેતાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૂનાગઢ ઝાંઝેડા નિવાસી હાલ મીરારોડ લક્ષ્મીકાંત છગનલાલ અંબાવીદાસ શાહના ધર્મપત્ની અ. સૌ. ભાનુબેન (ઉં. વ. ૭૮) તા. ૨૭-૧૧-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે રાહુલના માતુશ્રી. જીનલના સાસુ. તૃષ્નાના દાદી તથા સ્વ. ભૂપતભાઇ, સ્વ. દિલીપભાઇ, કાંતિભાઇ, લલિતભાઇ, અશોકભાઇ તથા સ્વ. સુશીલાબેન, ઇન્દુબેન, મંજુબેન, સ્વ. ઉષાબેન, હેમાબેનના ભાભી. તે સ્વ. કાંતિલાલ પ્રભુલાલ દોશીના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

રતિ એરચશૉ વજીફદાર (ઉં. વ. ૬૯) તા. ૨૯-૧૧-૨૫ના ગુજરી ગયાં છે. તે મરહુમ એરચશૉ વજીફદાર અને મરહુમ ગુલબાઈ વજીફદારનાં દીકરી. તે મહેરૂ પર્સી મોદીનાં બહેન. ઉઠમણું ૩૦-૧૧-૨૫નાં. ઠેઃ ચાલ નં. ૧, રૂમ નં. ૭, રઘુનાથ નગર, અસિલા પાડા, ઉલ્હાસનગર ૪, હિન્દુસ્તાન પેન્સિલ ફેક્ટરી, થાણે.

શ્રીટી ફ્રેડી કૂપર (ઉં. વ. ૮૩) તા. ૨૮-૧૧-૨૫ના ગુજરી ગયાં છે. તે ફ્રેડી દાદી કૂપરના પત્ની. તે મરહુમ કેકી દિનશા મીસ્ત્રી અને મરહુમ ફ્રેની કેકી મીસ્ત્રીનાં દીકરી. તે ખુશરૂનાં માતુશ્રી. તે મેહરૂ, ડોગ્ડો, પ્રોચીનાં બહેન, તે ખુશનુમ, બુરઝીન, પરિઝાદ, નવરોઝનાં આન્ટી. તે આલુ અને દાદી કૂપરનાં પુત્રવધૂ. ઉઠમણું ૩૦-૧૧-૨૫ના ઠેઃ બિલ્ડિંગ નં. ૩ બી, બી/૫૧૧, ૫૧૨, સાલસેટ પારસી કોલોની, પમ્પ હાઉસ, અંધેરી (ઈસ્ટ), મું-૯૩.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|











# પ્રભાદેવી બ્રિજ બંધ : પ્રવાસી હેરાન

## હાલ પૂરતી રાહત આપવા બેસ્ટે બસસેવા વધારી

મુંબઈ: મુંબઈનો એલ્ફિન્સ્ટન બ્રિજ તોડી પાડવાને કારણે આ બ્રિજ પરથી જનારી બેસ્ટની બસોને અન્ય રૂટ પર વાળવામાં આવી છે તો અમુક બસ બંધ કરી દેવામાં આવી છે. જોકે તેને કારણે મુંબઈગરાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જોકે અમુક બસ રૂટ બંધ કરી દેવાને કારણે ૪૦ નંબરના રૂટ પર પ્રવાસીઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી ગઈ છે. દરરોજ નિર્માણ થનારી સમસ્યાને પગલે બેસ્ટ પ્રશાસને એક મહત્વનો નિર્ણય લીધો છે, જેમાં આ નંબરની રૂટની બસ સેવા વધારવામાં આવી છે.

પ્રભાદેવી બ્રિજ બંધ થવાને કારણે પ્રવાસી પર્યાયી માર્ગ શોધી રહ્યા છે પણ આ રૂટ મર્યાદિત છે. તેમ જ વરલી-શિવડી એલિવેટેડ રોડ માટે થનારા બાંધકામને કારણે પ્રભાદેવી પશ્ચિમથી પરેલ-શિવડી તરફ જનારી બસ નંબર એ-૧૬૨, ૧૬૮, ૨૦૧ હવે ફક્ત પ્રભાદેવી સુધી જ જાય છે. તેથી દાદર પશ્ચિમ તરફ જનારા વિદ્યાર્થીઓ અને નાગરિકો હવે બસ નંબર ૪૦માં પ્રવાસ કરીને વીર કોતવાલ ઉદ્યાન સુધી પ્રવાસ કરે છે અને આગળનો પ્રવાસ અન્ય બસથી કરવો પડે છે. તેથી આ રૂટ પર પ્રવાસીઓની સંખ્યામાં મોટો વધારો થયો છે.

અગાઉ, પ્રભાદેવી બ્રિજ બંધ કરતી વખતે સ્થાનિકો દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. ■

# નવી મુંબઇ એરપોર્ટથી એર ઇન્ડિયા એક્સપ્રેસની આ બે મુખ્ય શહેરો માટે વિશેષ ફ્લાઇટ્સ

મુંબઈ : સ્થાનિક વિમાન કંપની એર ઇન્ડિયા એક્સપ્રેસે શુક્રવારે જણાવ્યું હતું કે તે ૨૫ ડિસેમ્બરથી નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી ફ્લાઇટ સેવાઓ શરૂ કરશે, અને તેની પ્રથમ ફ્લાઇટ બેંગલુરુ માટે રવાના થશે.

૨૫ ડિસેમ્બર, એરપોર્ટ પર વાણિજ્યિક કામગીરીના પ્રથમ દિવસથી એર ઈન્ડિયા એક્સપ્રેસ બેંગલુરુ માટે દૈનિક ફ્લાઇટ્સ અને દિલ્હી માટે પાંચ સાપ્તાહિક ફ્લાઇટ્સનું સંચાલન કરશે, જે તેના બે સૌથી મોટા સ્થાનિક હબ છે. જાન્યુઆરી ૨૦૨૬ થી, તે આ બંને રૂટ પર દિવસમાં બે વાર સેવા ચલાવશે , એમ એરલાઈને જણાવ્યું હતું. એર ઇન્ડિયા એક્સપ્રેસે જણાવ્યું હતું કે, એરલાઇન શહેરમાંથી ૫૩૦ થી વધુ સાપ્તાહિક ફ્લાઇટ્સનું સંચાલન કરે છે અને ઉમેર્યું હતું કે તેણે તાજેતરમાં બેંગલુરુથી બેંગકોક, જેદ્દાહ, કુવૈત અને રિયાધ સુધીની સીધી ફ્લાઇટ્સનું પણ ઉદ્‌ઘાટન કર્યું છે.

એર ઇન્ડિયા એક્સપ્રેસના મેનેજિંગ ડિરેક્ટર આલોક સિંઘે જણાવ્યું હતું કે, અમને નવા એરપોર્ટ સાથે કામ કરવાનો આનંદ છે,જે ભારતના સૌથી મોટા પરિવહન કેન્દ્રોમાંના એકને ઝડપી વિકાસના માર્ગ પર લાવશે.'' એર ઇન્ડિયા એક્સપ્રેસ બેંગલુરુ અને નવી દિલ્હી સાથે સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે. આગળ જતા અમે નવી મુંબઈમાં અમારા સંચાલનનો વિસ્તાર કરતી વખતે તબક્કાવાર રીતે વધુ ફ્લાઇટ્સ ઉમેરીશું, સિંઘે ઉમેર્યું.

એર ઇન્ડિયા એક્સપ્રેસ હાલમાં ૫૦૦ થી વધુ દૈનિક ફ્લાઇટ્સનું સંચાલન કરે છે, જે ૪૫ સ્થાનિક અને ૧૬ આંતરરાષ્ટ્રીય સ્થળોને જોડે છે. એરલાઇન પાસે ૧૧૫ વિમાનોનો કાફલો છે, જેમાં ૭૫ બોઇંગ ૭૩૭ અને ૪૦ એરબસ એ૩૨૦નો સમાવેશ થાય છે. ■

# મુંબઈ 'ગૅસ ચેમ્બર' બની રહ્યું છેઃ કૉંગ્રેસ

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને કોંગ્રેસના નેતા વર્ષા ગાયકવાડે શનિવારે રાજ્ય સરકાર પર મુંબઈમાં વધતા વાયુ પ્રદૂષણને રોકવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો અને એવો દાવો કર્યો કે પીએમ ૨.૫નું સ્તર 'ખતરનાક' સ્તરે પહોંચી ગયું છે અને શહેર 'ગેસ ચેમ્બર' બની રહ્યું છે. મુંબઈ કોંગ્રેસ દ્વારા શહેરમાં હવાની કથળી રહેલી ગુણવત્તાના મુદ્દે આયોજિત એક બેઠકમાં બોલતા, ગાયકવાડે હાર્વર્ડ યુનિવર્સિટીના એક અભ્યાસનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં એવો અંદાજ લગાવવામાં આવ્યો હતો કે મુંબઈમાં દર વર્ષે લગભગ ૫,૧૦૦ લોકો પ્રદૂષણને કારણે મૃત્યુ પામે છે.

'આ ફક્ત આંકડા નથી. આ એવા પરિવારો છે જેઓ તેમના પ્રિયજનો ગુમાવી રહ્યા છે. ભ્રષ્ટ મહાયુતિ સરકારની કોન્ટ્રાક્ટર-ફર્સ્ટ, પીપલ-લાસ્ટ મૉડેલને કારણે અને સલામતી વિના બેફામ બાંધકામ, પર્યાવરણ સંબંધિત નિયમોનું ઉલ્લંઘન, ખુલ્લી જગ્યાઓ અને વૃક્ષો કાપવાને શહેરમાં વધી રહેલા પ્રદૂષણના સ્તર માટે જવાબદાર મુખ્ય પરિબળો ગણાવ્યા હતા. ■

# સંસ્થા સમાચાર

## સમન્વય મહોત્સવ

પ.પૂ. આધ્યાત્મયોગી આ. દેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ-પ્રતિષ્ઠાચાર્ય પ.પૂ. ગુરુદેવ આ.ભ. શ્રીવિ. તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. પૂ. પંન્યાસપ્રવર શ્રી તીર્થરતિવિજયજી અને શ્રી તીર્થરૂચીવિજયજી મ.સા. સાથે આદિ વિશાળ શ્રમણવૃંદની નિશ્રામાં ગુજરાતના ધાંગધ્રા હળવદ રોડ ઉપર શ્રી તારંગાધામ ચૂલી મહાતીર્થમાં શ્રીનેમિસરસ્વતી સાધના મંદિરના '૬૧' શ્યામવર્ણી શ્રીનેમિનાથ દાદાની અંજનશલાકા અને જિનશાસનમાં પ્રથમવાર ૨૪ સરસ્વતી દેવીઓ, ૧૬ વિદ્યાદેવીઓની પ્રતિષ્ઠા સમન્વય મહોત્સવનું ભક્તિભાવ-ભવ્યતાથી આયોજન સંપન્ન થયું. ૧૮ વર્ષ પહેલાં આ મહાતીર્થની પ્રેરણા પૂ. આ. ભ. શ્રી વિજયતીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા. (પૂ. ગણિવર્ય તીર્થભદ્ર વિ.જી મ.સા.)એ આપી હતી. વિશ્વવિખ્યાત તીર્થભૂમિમાં આધ્યાત્મયોગી પૂ. આચાર્યદેવ શ્રીકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબના પાવન પગલાં થયાં છે.

## ચાતુર્માસ પરિવર્તન

તપાગચ્છીય શ્રી પ્રેમ-ભુવન-જયઘોષસૂરી સમુદાયના પૂ. ગચ્છાધિપતિઆચાર્ય દેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી જિનશાસનના વિવિધ શુભકાર્યોના આયોજન-પ્રેરણાદાતા પૂ. સમુદાય વડીલ મુનિરાજ શ્રી વિશ્વાનંદ વિજયજી મ.સા. પૂ. મુનિરાજ શ્રી હેમકીર્તિ વિજયજી મ.સા. શ્રી વિવેકસારવિજયજી મ.સા. અને શ્રી પ્રિતીયશવિજયજી મ.સા. આદિ ઠાણા-૪ના ચાતુર્માસ પરિવર્તન ઘોડબંદર રોડ, દેઢિયા ટાવરમાં થયા.

## સંભવિત વિહાર કાર્યક્રમ

પ.પૂ. આચાર્ય દેવ શ્રીવિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ ગુરુદેવ આ.દે. શ્રી વિજયતીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્ય પૂ. મુનિરાજ શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ થાણા-૫નું યશસ્વી ચાતુર્માસ શ્રી વાગડ વિસા ઓસવાળ શ્વે. મૂર્તિ, તપાગચ્છ જૈન સંઘના પૂ. કલાપૂર્ણસૂરી મામા-ભાણેજ આરાધના ભવન થાના (પ)માં સંપન્ન થયું.

## ક્રિકેટ ખેલાડીઓનું સિલેક્શન કેમ્પ

આગામી સીઝન ૨૦૨૫-૨૬ દરમિયાન યોજાનારી વિવિધ ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈની ક્રિકેટ ટીમ 'રઘુવીર' આ વર્ષે પણ સહભાગી થશે. એના માટે ૩૦ નવેમ્બરે એટલે આ રવિવારે યુવા ક્રિકેટ ખેલાડીઓનું સિલેક્શન કેમ્પ નાહુર સ્ટેશન નજીક સેનરૂફ ક્રિકેટ ગ્રાઉન્ડમાં સવારે ૬.૪૫થી ૯.૩૦ કલાક દરમિયાન આયોજન થયું છે.

## પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

કચ્છ લખપત તાલુકાના હમનખુડી ગામે રઘુવંશીઓના ઈષ્ટદેવ ભગવાન ઝૂલેલાલના મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ૨૮-૨૯ અને ૩૦ નવેમ્બરે યોજવામાં આવ્યો છે. આ ભારતનું પ્રથમ મંદિર છે અને એની અખંડ જ્યોત છેલ્લાં ૮૫૦ વર્ષથી અવિરત ઝળહળી રહી છે. આ મહોત્સવમાં સામેલ થવા માટે સૌથી મોટા મહાજન શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ (દરિયાસ્થાન) વડગાદી દ્વારા તમામ ભક્તોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## અખિલ હિન્દ મહિલા પરિષદનું સ્નેહ સમ્મેલન

અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા સ્નેહ સમ્મેલન તેમ જ લાઈબ્રેરી નિમિત્તે ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહિલાઓની સમાજમાં સ્થિતિ વિશે કવિતાના માધ્યમથી સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

## અન્નકૂટ ઉત્સવનું આયોજન

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંસ્થા દ્વારા હાલાઈ લોહાણા નિવાસ-ચીરાબજારમાં અન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. એ દરમિયાન ભજન-કીર્તનમાં હાજર લોકો ગરકાવ થયા હતાં. મોટી સંખ્યામાં વૈષ્ણવોએ આ કાર્યક્રમમાં હાજરી પુરાવી હતી.

## શુભમંગલ કાર્યોનો શુભારંભ

શ્રીરઘુકુળ યુવક પ્રગતિ મંડળ (રજી) વસઈમાં આવેલા શ્રી જલારામ મંદિરના ધાર્મિક ઉત્સવોનું આયોજન છેલ્લાં ૧૧ વર્ષથી કરવામાં આવે છે. હવે ૧૭થી ૨૩ ડિસેમ્બર સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ પર વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્ય પૂ. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદય શ્રી બિરાજમાન થશે. આ જ્ઞાનયજ્ઞની આમંત્રણ પત્રિકાનો શુભમંગલ કાર્યક્રમનો આરંભ મંત્રોચ્ચાર સાથે થયો છે.

## આગામી વિહાર કાર્યક્રમો

રાજસ્થાન મેવાડકેસરી પૂ. આ. દેવ શ્રીહિમાચલસૂરીશ્વરજી મહારાજ સાહેબ, દાદાગુરુદેવ ગચ્છાધિપતિઆચાર્ય દેવ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભઆશિષ સાથે પ્રતિષ્ઠા આચાર્યાધિપતિ મહામાંગલિક સમ્રાટ પૂ.આ. દેવ. શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા. મહામાંગલિક-જીનાલય શિલાન્યાસ કાર્યક્રમ ઠાકુરદ્વાર ધુલેવા ટાવરમાં યોજ્યો હતો. આગામી મહામાંગલિક ૨૧ ડિસેમ્બરે રવિવારે પાલઘરના ઢેકાલે ગામના મેવાનગરના શ્રીનાકોડા ભૈરવ દર્શન ધામ મહાતીર્થમાં યોજવામાં આવશે.

## રીયુનિયન

૧૯૭૫ના બેચના એમ.પી. ભુતા સાયન સ્કૂલના વિદ્યાર્થીઓનું રીયુનિયન ૧૪મી નવેમ્બરે માટુંગાની ગુજરાતી ક્લબમાં યોજવામાં આવ્યુ હતું. આ રીયુનિયન માટે બે વર્ષ પહેલા જ તૈયારી શરૂ કરવામાં આવી હતી. અહીં હાજર જૂના વિદ્યાર્થીઓ સ્કૂલના એ દિવસોને યાદ કરીને એ સુવર્ણકાળમાં સરી ગયા હતા. એકબીજા સાથે વર્ષો બાદ મળ્યા પછી લાગણીની સરિતામાં બધા ઓતપ્રોત થઈ ગયા હતાં. બધા પોતાના લાઇફ-પાર્ટનર સાથે હાજર રહ્યાં હતાં. થોડો સમય માટે મળીને સૌ કોઈએ આ કાર્યક્રમનો ભરપૂર આનંદ લીધો હતો.

## ખેલ મહોત્સવ

દાલમિયા લાયન્સ ખેલ મહોત્સવનો શુભારંભ ૩ ડિસેમ્બરથી સવારે સાડા આઠ કલાકે મલાડ વેસ્ટમાં આવેલી પ્રહલાદરાય દાલમિયા લાયન્સ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સમાં થવાનો છે. ૫ ડિસેમ્બર સુધી આયોજિત આ સ્પોર્ટ્સ ઈવેન્ટમાં કેરમ, રિંક ફૂટબોલ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ચેસ અને કબડ્ડીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ દ્વારા યુવાઓને ખેલ પ્રત્યે પ્રોત્સાહન આપવામાં આવશે.


કૃતજ્ઞતા

# શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટના વિકાસનો મુખ્ય પાયો એટલે ભાનુરત્ન "શ્રી પ્રતાપભાઈ છગનલાલ જોઈસર"

શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટના ઇતિહાસમાં સોનેરી પાને લખાયેલો અધ્યાય, એટલે પ્રખર વિચારક, સમાજ સુધારક, એકતા અને સંગઠનના મશાલધારી, દાનવીર અને અગ્રણી ઉદ્યોગપતિ શ્રી વેલજી નરશી જોઈશર ગોધરાવાલા પરિવારનો પ્રચંડ પુરુષાર્થ અને ગૌરવવંતી ભાનુશાલી જ્ઞાતિ વિકાસ માટે એમના સર્વે પરિવારજનોનો તન મન ધનથી અપાયેલ અનમોલ સહયોગ.

માતૃશ્રી ખેતબાઈ વેલજી નરશીની પ્રેરણાથી, શેઠ શ્રી હરિદાસ વેલજી જોઈસર, શેઠ શ્રી પ્રેમજી વેલજી જોઈસર, શેઠ શ્રી છગનલાલ વેલજી જોઈસર એવમ્ સમસ્ત પરિવાર, ભાનુશાલી જ્ઞાતિની સેવા અને ઉત્કર્ષનાં કાર્યોમાં જોડાઈ ગયો. આ પરિવારની દાનવીરતાનો પ્રવાહ ભાનુશાલી જ્ઞાતિ માટે આજ સુધી અવિરત વહેતો રહ્યો છે.

ઈ. સ. ૧૯૩૫માં કચ્છનાં ૨૮ ગામડાઓમાં શ્રી વેલજી નરશી જોઈશર પરિવાર દ્વારા પ્રાથમિક શિક્ષણ શાળાઓની સ્થાપના. માતૃ વંદના (વિધવા સહાયક ફંડ) સ્થાપિત દાતા માતૃશ્રી ખેતબાઈ વેલજી નરશી જોઈસરથી શરૂઆત કરી, માવજત સહાય ફંડ સ્થાપિત દાતા શ્રી છગનલાલ વેલજી જોઈસર, શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ નિર્મિત ભાનુશાલી નગર ઘાટકોપરના સ્થાપિત દાતા શ્રી વેલજી નરશી જોઈસર ગોધરાવાલા પરિવાર, બાપનું ઘરનું અનુદાન, કન્યા કેળવણી સ્કોલરશિપ ફંડ સ્થાપિત દાતા માતૃશ્રી ખેતબાઈ વેલજી નરશી, માંડવી કન્યા છાત્રાલય સ્થાપિત દાતા માતૃશ્રી ખેતબાઈ વેલજી નરશી પરિવારની દાનવીરતાની શૃંખલામાં, શ્રી પ્રતાપભાઈ છગનલાલ જોઈશર પણ વડીલોના ચીતરેલ ચિલ્લો આગળ વધાર્યો. આદરણીય વડીલ શ્રી છગનલાલ વેલજી જોઈશરની કંડારેલ શિક્ષણની કેડી ઉપર પ્રયાણ કરીને પરમ પૂજ્ય સંત શ્રી ઓધવરામ એજ્યુકેશન ફાઉન્ડેશનમાં કોમ્પ્યુટર ડિવિઝન માટે કોમ્પ્યુટરના સાધનો, પૂનામાં વિદ્યાર્થી હોસ્ટેલ ઓધવરામ ભવન અને ભૂમિદાતા તરીકે માતબર દાન, નવી મુંબઈ નેરૂલ સમાજવાડીમાં સહયોગી સ્થાપિત દાતા, એરોલી નોલેજ સેન્ટરમાં સહયોગી સ્થાપિત દાતા, માંડવી જનકલ્યાણ કેન્સર હોસ્પિટલમાં અનુદાન, ઘાટકોપર સ્મશાન ભૂમિ નુતનીકરણમાં અનુદાન, કચ્છમાં કોઠારાની સ્કૂલ માટે અનુદાન, અમદાવાદ નરોડા ભાનુશાલી વાડીના સ્થાપિત દાતા, મહેસાણા ભાનુશાલી વાડીમાં અનુદાન આમ સતત દાનની ગંગા વહેડાવતા રહ્યા.

Bhanu Ratna AWARD



મુંબઈ મહાનગરપાલિકા દ્વારા વેલજી નરશી જોઈશર પરિવારના નવ દાયકાઓની સામાજિક કાર્યોની કદરરૂપે ઘાટકોપર પૂર્વ ખાતે ભાનુશાલી નગરના માર્ગને શ્રી વેલજી નરશી ભાનુશાલી માર્ગ નામકરણ કરવામાં આવ્યો છે.

શ્રી વેલજી નરશી જોઈસર પરિવારના સભ્ય એવા સમર્પિત કાર્યકર્તા, આદરણીય વડીલ અને દિલાવર દાતાશ્રી પ્રતાપ છગનલાલ જોયસર કે જેમણે તન મન ધનથી ભાનુશાલી સમાજ અને અનેક સંસ્થાઓને અતિઉપયોગી યોગદાન આપેલ છે.

શ્રી પ્રતાપભાઈની સમાજ સેવા, દાનવીરતા અને એમના ભગીરથ અમૂલ્ય યોગદાન બદલ શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા "ભાનુરત્ન" પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. સ્વર્ગસ્થ શ્રી પ્રતાપભાઈ છગનલાલ જોઈસર યુવાપેઢીને સમાજના કાર્યો સાથે જોડવાનો પવિત્ર યજ્ઞ પોતાના છેલ્લા શ્વાસ સુધી કરતા રહ્યા.

પોતાના પરિવારના સંસ્કારોના અનમોલ વારસો મેળવી શ્રી પ્રતાપભાઈ છગનલાલ જોઈશર શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટના આજીવન ટ્રસ્ટી પદે રહી એક સામાન્ય કાર્યકર્તા બની પોતાનો અમૂલ્ય સમય અને ભાવસભર સેવાઓ આપી જ્ઞાતિની ભાવિ પેઢી સમક્ષ, શિક્ષણ, સહકાર, સેવા, સમર્પિતતા તથા ત્યાગ અને દાનના અનુકર્ણીય ઉદાહરણો છોડી ગયા છે.



મુંબઈ સમાચાર
ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# વૈશ્વિક ચાંદીમાં પુરવઠાખેંચ સામે પ્રબળ માગે સપ્તાહના અંતે ૬.૧ ટકાનો ઝડપી ઉછાળો

## ચાંદીમાં વધી રહેલી ઔદ્યોગિક માગ અને સોનાના વધતા ભાવ તેજીનો વક્કર જાળવી રાખશે

કોમોડિટી

રમેશ ગોહિલ

સામાન્યપણે કિંમતી ધાતુઓમાં સોના પછી ચાંદી બીજો ક્રમાંક ધરાવે છે, પરંતુ હાલના તબક્કે વળતરને ધ્યાનમાં લેતાં સોના કરતાં ચાંદી ઝડપથી આગળ નીકળી ગઈ છે. ચાંદીમાં ઝડપી વૃદ્ધિનું મુખ્ય કારણ પુરવઠાખાધની સામે સલામતી માટેની માગ ઉપરાંત સોલાર પેનલ જેવા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રો સહિતની વધી રહેલી ઔદ્યોગિક માગ છે. ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સત્રના અંતિમ તબક્કામાં હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૬.૧ ટકા ઉછળીને ઔંસદીઠ ૫૬.૭૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને માસિક ધોરણે ૧૬.૬ ટકા જેટલો તોતિંગ ઉછાળો દર્શાવાઈ રહ્યો હતો, જ્યારે સોનામાં ફેડરલ રિઝર્વ દ્વારા આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવા આશાવાદ સાથે હાજરમાં ભાવ આગલા બંધ સામે ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૨૧૦.૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને સાપ્તાહિક ધોરણે ૩.૬ ટકાનો અને માસિક ધોરણે ભાવમાં ૫.૨ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૧મી નવેમ્બરના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૨૩,૧૪૬ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૨૩,૦૫૭ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૨૩,૦૫૭ અને ઉપરમાં રૂ. ૧,૨૬,૬૬૬ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૨.૮૦ ટકા અથવા તો રૂ. ૩૪૪૫ વધીને રૂ. ૧,૨૬,૫૯૧ના મથાળે બંધ રહ્યા હતા. જોકે, એકંદરે સપ્તાહ દરમિયાન તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલી નિરસ રહેવાની સાથે જ્વેલરી ઉત્પાદકોની માગ પણ મર્યાદિત રહેવાની સાથે રિટેલ સ્તરની લગ્નસરાની અપેક્ષિત માગનો વસવસો રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં ગત સપ્તાહે ચાંદીમાં પણ દરિયાપારના પ્રોત્સાહક અહેવાલે ઝડપી તેજી જોવા મળતા સપ્તાહના આરંભે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૧,૫૧,૧૨૯ના બંધ સામે સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૫૩,૦૫૪ અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૧,૬૪,૩૫૯ની સપાટીએ બંધ રહ્યા હતા. આમ ચાંદીમાં સાપ્તાહિક ધોરણે ૮.૭૫ ટકાનો અથવા તો કિલોદીઠ રૂ. ૧૩,૨૩૦નો ઉછાળો જોવા મળ્યો હતો. જોકે, ચાંદીમાં પણ રિટેલ સ્તરની માગ પાંખી હતી, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહી હતી. જોકે, ગત સપ્તાહના અંતે વૈશ્વિક ચાંદીમાં છ ટકા કરતાં વધુ માત્રામાં ઉછાળો આવ્યો હોવાથી સોમવારે સ્થાનિક સ્તરે ચાંદીના ભાવમાં કેટલો ઉછાળો આવે છે તેના પર બજાર વર્તુળોની મીટ મંડાયેલી છે.

વાસ્તવમાં જોઈએ તો કિંમતી ધાતુઓમાં સોના પછી બીજા ક્રમાંકે ચાંદી આવે છે, પરંતુ રોકાણકારોને વળતર આપવાના સંદર્ભમાં જોઈએ તો સોનાની સરખામણીમાં ચાંદી વધુ સારું પ્રદર્શન કરી રહી છે. માળખાકીય પુરવઠા ખાધ અને સોલાર પેનલ જેવી રિન્યુએબલ ટેક્નોલૉજી ક્ષેત્રની વધી રહેલી માગ ભવિષ્યમાં લાંબા સમયગાળા સુધી ચાંદી વળતરની દૃષ્ટિએ આકર્ષક દેખાવ જાળવી રાખે તેવી શક્યતા નકારી ન શકાય. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ઑક્ટોબર, ૨૦૨૩થી ચાંદીમાં તેજીના મંડાણ શરૂ થયાં હતાં. ગત ત્રીજી ઑક્ટોબર, ૨૦૨૩નાં રોજ ચાંદીના ભાવ ઔંસદીઠ ૨૦.૬૭ ડૉલર હતા તેની સામે ગત ૨૮મી નવેમ્બરનાં રોજનાં ઔંસદીઠ ૫૬.૭૮ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા હતા. તે જોતા માત્ર બે વર્ષના જ સમયગાળામાં ચાંદીના ભાવમાં લગભગ ૧૭૪ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. તેની સરખામણીમાં ગત ત્રીજી ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ સોનાના ઔંસદીઠ ભાવ ૧૮૧૩.૯૦ ડૉલર હતા તેની સામે ગત સપ્તાહના અંતે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૨૧૦.૯૪ ડૉલરની સપાટીએ રહ્યા હતા તે જોતા સોનાના ભાવમાં આ બે વર્ષના સમયગાળામાં ૧૩૨ ટકા ભાવવૃદ્ધિ જોવા મળી છે.

હાલના તબક્કે ખાસ કરીને સોનામાં અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સત્તા પર આવતા હળવી નાણાનીતિનો આશાવાદ સપાટી પર આવવાની સાથે સાથે ફેડરલ રિઝર્વ પર અમેરિકી વહીવટીતંત્રના નિયંત્રણો વધવાની ભીતિને ધ્યાનમાં લેતા અમેરિકી ડેબ્ટ જેવી અસ્ક્યામતો પર રોકાણકારોનો વિશ્વાસ ઓછો થવાથી સોનામાં રોકાણકારોનું આકર્ષણ વધ્યું છે. આ સિવાય કેન્દ્રવર્તી બૅન્કો તથા એક્સચેન્જ ટ્રેડેડ ફંડોની લેવાલીનો ટેકો મળી રહ્યો છે. તેની સરખામણીમાં જોઈએ તો ચાંદીને સલામતી માટેની માગના ટેકા ઉપરાંત ઔદ્યોગિક માગનો ટેકો મળી રહ્યો છે.

લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રૂપ (એલએસઈજી)ની આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૪માં ચાંદીની ઔદ્યોગિક માગ જે વર્ષ ૨૦૨૩માં ૬૪.૪ કરોડ ઔંસની હતી તે વધીને ૬૮.૯૧ કરોડ ઔંસની સપાટીએ પહોંચી છે. જેમાં સોલાર પેનલ માટેની માગ વર્ષ ૨૦૨૦ની ૯.૪૪ કરોડ ઔંસની માગ સામે ૧૫૮ ટકા અને વર્ષ ૨૦૨૩ની ૧૯.૧૮ કરોડ ઔંસની માગ સામે વધીને ૨૪.૩૭ કરોડ ઔંસની સપાટીએ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક સોલાર ક્ષમતામાં ૬૦૦ ગિગા વૉટનો વધારો થયો હતો અને વર્ષ ૨૦૩૦ સુધીમાં તે વધીને ૧૦૦૦ ગિગા વૉટ થવાની ધારણા છે. જોકે, ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ વર્ષ ૨૦૨૪થી ૨૦૩૦ દરમિયાન નવી સોલાર ક્ષમતામાં ૪૦૦૦ ગિગા વૉટની નવી સોલાર ક્ષમતા સ્થાપવાનો અંદાજ મૂક્યો છે તે જોતા વર્ષ ૨૦૩૦ સુધીમાં ચાંદીની માગમાં વાર્ષિક ૧૫ કરોડ ઔંસનો વધારો થશે.

અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી નીતિવિષયક બેઠક ૯-૧૦ ડિસેમ્બરના રોજ યોજાનાર છે. આ બેઠક પૂર્વે તાજેતરમાં જાહેર થયેલા અમેરિકાના રિટેલ વેચાણ, જોબ ડેટા અને ફુગાવા સહિતના આર્થિક ડેટાઓ રેટકટની તરફેણમાં હોવાથી સોના-ચાંદીમાં તેજીનું વલણ જોવા મળી રહ્યુ છે. વધુમાં અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ જૅરોમ પૉવેલના અનુગામી તરીકે હળવી નાણાનીતિની તરફેણ કરતાં કેવિન હેઝેટની જાહેરાત થતાં તેજીને વેગ મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહે વૈશ્વિક સોનામાં ઔંદીઠ ૩૮૯૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની અને ૪૫૫૦ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ઔંસદીઠ ૧,૧૯,૮૦૦થી ૧,૨૮,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના ભાવ ૧,૫૨,૦૦૦થી ૧,૭૨,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

# વિદેશી હૂંડિયામણની અનામત ૪.૪૭ અબજ ડૉલર ઘટી

મુંબઈ: ગત ૨૧મી નવેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે ખાસ કરીને સોનાની અનામતમાં ઘટાડો થવાથી દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૪.૪૭૨ અબજ ડૉલર ઘટીને ૬૮૮.૧૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૫.૫૪૩ અબજ ડૉલરના વધારા સાથે ૬૯૨.૫૭૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ અનામતમાં સૌથી વધુ હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧.૬૯ અબજ ડૉલર ઘટીને ૫૬૦.૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત પણ ૨.૬૭૫ અબજ ડૉલરના ઘટાડા સાથે ૧૦૪.૧૮૨ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૮.૪ કરોડ ડૉલર ઘટીને ૧૮.૫૬૬ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૨.૩ કરોડ ડૉલર ઘટીને ૪.૭૫૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું.

# સરકારી સુધારાલક્ષી પગલાંને ટેકે બીજા ત્રિમાસિકગાળાનો વૃદ્ધિદર ૮.૨ ટકા: ગોયલ

વડોદરા: સરકારના ઈઝ ઑફ ડુઈંગ બિઝનૅસમાં સુધારાલક્ષી પગલાંઓ હાથ ધરતા અર્થતંત્રમાં સુધારો જોવા મળ્યો છે અને ગત સપ્ટેમ્બરના અંતે પૂરા થયેલા ત્રિમાસિકગાળામાં દેશનો આર્થિક વૃદ્ધિદર ૮.૨ ટકાની ઊંચી સપાટીએ જોવા મળ્યો છે. વધુમાં વૈશ્વિક વેપારોમાં અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે ત્યારે દેશની નિકાસ પણ સ્વસ્થ વૃદ્ધિ દાખવી રહી હોવાનું વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું છે.

અત્રે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ રાષ્ટ્રીય પદયાત્રામાં ભાગ લેતા જણાવ્યું હતું કે ૮.૨ ટકાનો વૃદ્ધિદર સરકાર દ્વારા સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા માટે લીધેલા ઘણાં પગલાંઓ પ્રતિબિંબિત કરે છે. નોંધનીય બાબત એ છે કે ગુજરાત સરકાર દ્વારા જન્મજયંતીની ઉજવણી નિમિત્તે રાજ્યના નર્મદા જિલ્લામાં કરમસદથી સ્ટેચ્યુ ઑફ યુનિટી સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

વૃદ્ધિના આ આંકડાઓ અમુક ક્વૉર્ટર્સ દ્વારા કરવામાં આવેલા દાવાઓને નકારી કાઢ્યા છે અને દર્શાવે છે કે ભારત સૌથી ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આપણે અવિરત વૃદ્ધિ જોવાનું ચાલુ રાખી શકીશું તેમ જ એપ્રિલથી ઑક્ટોબર દરમિયાન દેશની મર્કન્ડાઈઝ અને સર્વિસીસ નિકાસમાં પણ ઉચ્ચ વૃદ્ધિ નોંધાઈ છે. વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ઑક્ટોબર દરમિયાન દેશની મર્કન્ડાઈઝ નિકાસ સાધારણ ૦.૬૩ ટકા વધીને ૨૫૪.૨૫ અબજ ડૉલરના સ્તરે અને આયાત ૬.૩૭ ટકા વધીને ૪૫૧.૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી છે, જ્યારે આ સમયગાળામાં દેશની સર્વિસીસ નિકાસ ગત સાલના સમાનગાળાના ૨૧૬.૪૫ અબજ ડૉલર સામે વધીને ૨૩૭.૫૫ અબજ ડૉલરના સ્તરે રહી છે. વર્તમાન નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિકગાળામાં ૭.૮ ટકા જીડીપી (ગ્રોસ ડૉમૅસ્ટિક પ્રોડક્ટ) રહ્યા બાદ સપ્ટેમ્બર અંતના બીજા ત્રિમાસિકગાળાનો ૮.૨ ટકા વૃદ્ધિદર રહેતાં ભારતે સૌથી વધુ ઝડપભેર વિકસી રહેલા અર્થતંત્રનું સ્થાન જાળવી રાખ્યું હોવાનું અધિકૃત યાદીમાં જણાવાયું છે. નોંધનીય બાબત એ છે કે તહેવારોની મોસમ પૂર્વે જીએસટીનાં દરનું તાર્કિકરણ કરીને સુધારો કરવામાં આવ્યો હોવાથી અપેક્ષિત માગ વૃદ્ધિને ધ્યાનમાં લેતા ઉત્પાદનમાં થયેલી વૃદ્ધિને કારણે જીડીપીમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

# છૂટાછવાયા કામકાજે ખાદ્યતેલમાં ટકેલું વલણ

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૮૯ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે શિકાગોના પ્રોત્સાહક અહેવાલે ભાવમાં ધીમો સુધારો જોવા મળ્યો હતો. જેમાં ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૫, રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૮૫ અને સન રિફાઈન્ડના ડિસેમ્બર તથા જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૪૮૫, મહેશ ઑઈલના સોયા રિફાઈન્ડના નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૫૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના ૨૯મી નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી ડિલિવરી શરતે રૂ. ૧૨૫૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૩૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૪૫ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૪૮ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા.

દરમિયાન હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, સિંગતેલના રૂ. ૧૫૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં ટકેલા ધોરણે થયા હતા.

## ગુજરાત

# સુરતમાં પતંગ પકડવા જતા ૧૨ વર્ષનાં કિશોરનું મોત, શહેરમાં બીજો કિસ્સો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તરાયણના તહેવારના બે મહિના પહેલા જ સુરત શહેરમાં પતંગને લીધે જીવ જોખમમાં મુકાવાની ઘટના ઘટવા લાગી છે. અગાઉ પતંગના દોરાને લીધે એક વાહનચાલકનું ગળું કપાતા તેણે હોસ્પિટલ ભેગું થવું પડ્યું હતું જ્યારે બીજી એક ઘટનામાં ૧૨ વર્ષીય કિશોરે જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. શહેરના લિંબાયત વિસ્તારમાં પતંગ પકડવા ગયેલા ૧૨ વર્ષના કિશોર પર દીવાલ પડતાં મોત થયું હતું. મૃતક ત્રણ ભાઈ-બહેનમાં સૌથી નાનો હતો.

લિંબાયત વિસ્તારમાં રહેતો વિદ્યાર્થી પતંગ પકડવા માટે ગયો હતો. આ સમયે અચાનક એક જર્જરીત દીવાલ તૂટી પડી હતી. જેની નીચે દબાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ તેના પિતા દોડી આવ્યા હતા અને આસપાસના લોકોની મદદથી બહાર કાઢ્યો હતો. જે બાદ તેને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. કિશોરે થોડા દિવસ પહેલા જ નવી સ્કૂલમાં એડમિશન લીધું હતું.

# સુરતના ડુમસ સી-ફેસ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો પૂર્ણતાના આરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત મહાનગરપાલિકા દ્વારા ડુમસ બીચના કિનારે તૈયાર કરવામાં આવી રહેલા ડુમસ સી-ફેસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ ગણાતો ઝોન ૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જવાની અપેક્ષા છે, જેનું લગભગ ૭૫% કામ અત્યાર સુધીમાં સમાપ્ત થઈ ચૂક્યું છે. એકવાર આ પ્રોજેક્ટ પૂર્ણ થઈ જશે પછી સુરત શહેરને મનોરંજન સુવિધાઓ અને નેચર ટૂરિઝમ આકર્ષણોથી સજ્જ એક આધુનિક બીચફ્રન્ટ મળશે. શુક્રવારે મહાનગર-પાલિકાની સામાન્ય સભામાં આ પ્રોજેક્ટ વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જે અનુસાર ડુમસ સી-ફેસ પ્રોજેક્ટ કુલ ૧૦૨ હેક્ટરમાં ફેલાયેલો છે અને તે ૫ કિલોમીટરના દરિયાકિનારાને આવરી લે છે. આખા પ્રોજેક્ટને ચાર મુખ્ય ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે. જેમાં ઝોન વનના ૨.૮૬ હેક્ટર વિસ્તારમાં આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે, જેમાં બાળકો માટે કિડ્સ પ્લે એરિયા, ઇવેન્ટ ગ્રાઉન્ડ, ૩,૮૦૦ ચો.મી.નો અર્બન બીચ, યોગા ઝોન, ૫૨,૦૦૦ ચો.મી.નો પબ્લિક હોર્ટિકલ્ચર એરિયા, કાફે, વોકવે, સાઇકલ ટ્રેક, ગોલ્ફ કાર્ટ ટ્રેક, આઈએનએસ સુરત યુદ્ધજહાજ પ્લાઝા, અરાઇવલ પ્લાઝા અને સરફેસ પાર્કિંગનો સમાવેશ થાય છે.

# ગુજરાત ગ્રામ્ય વિસ્તારના વિકાસકાર્યો માટે ₹ ૭૪૧ કરોડની ફાળવણી

અમદાવાદ: રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વસતા નાગરિકોને પાયાની અને આવશ્યક સેવાઓ સતત અને સરળતાથી પ્રાપ્ત થતી રહે તે માટે રાજ્ય સરકારે ૧૫મા નાણાપંચની ભલામણો મુજબ બીજા હપ્તા હેઠળ પંચાયતી રાજ સંસ્થાઓને કુલ રૂ.૭૪૧.૯૦ કરોડની માતબર રકમની ફાળવણી કરી છે.

પંચાયત પ્રધાન ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ૧૫મા નાણાપંચ હેઠળ આ વ્યાપક ફાળવણીનો મુખ્ય હેતુ રાજ્યના ગ્રામીણ માળખાને વધુ મજબૂત બનાવવાનો અને ગ્રામીણ નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે. આ કુલ ફાળવણીને પંચાયતી રાજના ત્રણેય સ્તરો વચ્ચે રેશિયો મુજબ વહેંચવામાં આવી છે. આ વહેંચણી મુજબ ગ્રામ પંચાયતોને ૭૦ ટકા લેખે રૂ. ૫૧૯.૩૩ કરોડ, તાલુકા પંચાયતોને ૨૦ ટકા લેખે રૂ. ૧૪૮.૩૮ કરોડ તથા જિલ્લા પંચાયતોને ૧૦ ટકા લેખે રૂ. ૭૪.૧૯ કરોડ ફાળવવામાં આવ્યા છે, તેમ પ્રધાને ઉમેર્યુ હતું.

# અહેમદ પટેલના દીકરા ફૈઝલે નવો પક્ષ રચવાની જાહેરાત કરતા રાજકારણ ગરમાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને પક્ષનાં પૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધીનાં ખૂબ વિશ્વસનીય મનાતા નેતા સ્વર્ગીય અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે કૉંગ્રેસ પાર્ટી સાથે છેડો ફાડી નવો પક્ષ રચવાની જાહેરાત કરતા ગુજરાત સહિત દેશનું રાજકારણ ગરમાયું છે. ફૈઝલે કૉંગ્રેસ એપી (અહેમદ પટેલ) તેવું નામ પણ જાહેર કર્યું હતું અને સોશિયલ મીડિયા પોસ્ટમાં લોકોના અભિપ્રાય માગ્યા હતા. આ સાથે તેણે એમ પણ લખ્યું હતું કે લગભગ મારી બહેન પણ જોડાશે. જોકે તેની પોસ્ટનો જવાબ આપતા બહેન મુમતાઝે સ્પષ્ટતા કરી હતી કે હું કૉંગ્રેસ છોડીને કોઈપણ નવો પક્ષ જોઈન કરવાનો ઈરાદો ધરાવતી નથી. મારા ભાઈના મત અને નિર્ણય તેના પોતાના છે, મને તેની સાથે જોડશો નહીં.

બિહારની હાર બાદ મુમતાઝે કૉંગ્રેસ પક્ષની આકરા શબ્દોમાં નિંદા કરી હતી. જ્યારે ફૈઝલે બે ત્રણ વાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારની પ્રસંશા કરી હતી.

# માત્ર ફાઈલ વર્ક નહીં, ફીલ્ડ વિઝિટથી કાર્યક્ષમતા વધશે: મુખ્ય પ્રધાન

અમદાવાદ: વલસાડ જિલ્લાના ધરમપુરસ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફની થીમ સાથે યોજાયેલી ૧૨મી ચિંતન શિબિરનું સમાપન કરાવતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને ફરજો અને વિભાગોની ઓનરશિપ સાથે સંપૂર્ણ સમર્પણ, જવાબદારી અને લોકહિતની પ્રતિબદ્ધતા સાથે નિભાવવાનું જણાવતાં ઉમેર્યું હતું કે આપણે જ્યાં હોઇએ ત્યાં આપણું શ્રેષ્ઠ કાર્યપ્રદાન આપીને રાજ્યના વિકાસમાં અને સામાન્ય માનવીના સુખ સુવિધાનાં કામોમાં કાર્યરત રહીએ ત્યારે જ આત્મસંતોષ મળે.

સંદર્ભમાં કહ્યું હતું કે માત્ર ફાઇલ વર્ક કરીને સંતોષ માનવા કરતાં નિયમિતપણે ફિલ્ડ વિઝિટ, સ્થળ પર હાજરી, વાસ્તવિક સમસ્યાઓનો સૂઝબૂઝથી સામનો કરવાની પહેલવૃત્તિ અને લોકહિત તથા કલ્યાણ માટે સંવેદના જગાવીને કાર્યક્ષમતામાં અનેકગણો વધારો થઇ શકે અને આપણે પોતે કરેલાં કામોના મૂલ્યાંકનથી વિકાસની સાચી દિશા નક્કી થઇ શકે.

# લાંચ કેસમાં ઓરિએન્ટલ ઇન્સ્યોરન્સ કંપનીના ભૂતપૂર્વ સિનિયર ડીએમને ત્રણ વર્ષની કેદ, એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

અમદાવાદ: સીબીઆઈ કોર્ટે અમદાવાદમાં શનિવારના રોજ રાજકોટના તત્કાલીન સિનિયર ડીએમ, ઓરિએન્ટલ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડના આરોપી મહેન્દ્ર એ. લૂંકરને લાંચ કેસમાં દોષિત ઠેરવીને ત્રણ વર્ષની કેદ અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ ૧૧.૦૭.૨૦૧૨ ના રોજ આરોપી વ્યક્તિ સામે કેસ નોંધ્યો હતો જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાજકોટના ઓરિએન્ટલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડના તત્કાલીન સિનિયર ડીએમ મહેન્દ્ર એ. લૂંકરે ફરિયાદી પાસેથી રૂ. ૧૫,૦૦૦ ની લાંચ માગી હતી અને સ્વીકારી હતી, જેથી તેમના કર્મચારીના અકસ્માત અને ઇજા અંગે તેમના દ્વારા દાખલ કરાયેલ અકસ્માત વીમા દાવાને પાસ કરી શકાય.

આરોપી મહેન્દ્ર એ. લૂંકરની ૧૧.૦૭.૨૦૧૨ ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તેમના નિવાસસ્થાન અને ઓફિસ પરિસરમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તપાસ પૂર્ણ થયા પછી, ૦૩.૧૨.૨૦૧૨ ના રોજ આરોપી વિરુદ્ધ આરોપી જાહેર સેવક દ્વારા લાંચ માગવા અને સ્વીકારવા અને ગુનાહિત ગેરવર્તણૂક કરવા બદલ ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. માનનીય કોર્ટે, ટ્રાયલ પછી, આરોપીને દોષિત ઠેરવ્યો અને સજા ફટકારી હોવાનું જાણવા મળ્યું હતું.

# શતાબ્દી એક્સપ્રેસના તત્કાલના બુકિંગમાં રેલવેએ કર્યો મહત્ત્વનો ફેરફાર

અમદાવાદ: રેલવે બોર્ડ દ્વારા પશ્ચિમ રેલવે તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્ત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. ૧લી ડિસેમ્બરથી મુંબઈ સેન્ટ્રલ અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસથી આ નવો નિયમનો અમલ શરૂ થશે, તેમ રેલવેએ જણાવ્યું હતું. આ અંગે વિગતો આપતા પશ્ચિમ રેલવેએ જણાવ્યું હતું કે આ ઓટીપી-આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમ ૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ૦૦:૦૦ કલાકથી લાગુ કરવામાં આવશે. ટ્રેન નંબર ૧૨૦૦૯/૧૨૦૧૦ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસથી આ સિસ્ટમ લાગુ કરવામાં આવશે તેવું પણ સૂત્રોએ જણાવ્યું હતું. આ નવી સિસ્ટમ કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટર, અધિકૃત એજન્ટો, આઈઆરસીટીસી વેબસાઇટ અને મોબાઇલ એપ્લિકેશન દ્વારા કરવામાં આવતી તત્કાલ બુકિંગ પર લાગુ કરવામાં આવશે.

આ નવા નિયમ અનુસાર તત્કાલ ટિકિટ હવે સિસ્ટમ-જનરેટેડ વન-ટાઇમ પાસવર્ડ નાખ્યા બાદ જ મળી શકશે. આ ઓટીપી બુકિંગ સમયે મુસાફરે જે મોબાઇલ નંબર આપ્યો હશે તેના પર મોકલવામાં આવશે. ઓટીપીની સફળ ચકાસણી પછી જ ટિકિટ જારી કરવામાં આવશે.

# બનાસકાંઠામાં ૧૧૭ પોલીસકર્મીની આંતરિક બદલી

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લામાં પોલીસકર્મીઓની આંતરિક બદલીઓ કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુમ્બે દ્વારા આ બદલીનો આદેશ આપવામાં આવ્યો હતો. જિલ્લા પોલીસ વડાએ બનાસકાંઠા જિલ્લાના કુલ ૧૧૭ પોલીસકર્મીઓની બદલીનો આદેશ કર્યો હતો. બનાસકાંઠાના વિવિધ પોલીસ મથકોમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


જિલ્લા પોલીસ વડાના આદેશ પ્રમાણે વિવિધ પોલીસ મથકોમાં કાર્યરત ૮૪ પોલીસકર્મીઓની પોલીસ હેડક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે. જ્યારે હેડક્વાર્ટરમાં ફરજ બજાવતા ૩૩ પોલીસકર્મીઓને જિલ્લાના અલગ-અલગ પોલીસ મથકોમાં બદલી કરવામાં આવી છે.

કવર સ્ટોરી


વિજય વ્યાસ
feedback@bombaysamachar.com


# ચૂંટણી પંચની આ તે કેવી ‘જીવલેણ’ બેદરકારી?

**દેશમાં સમયાંતરે મતદાર યાદી સુધારવી જરૂરી છે, પણ ચૂંટણી પંચના અણઘડ આયોજનોને લીધે હાલમાં ૧૨ રાજ્યમાં ચાલી રહેલી મતદાર-યાદીની પુનઃ ચકાસણી (SIR) ની મુખ્યત્વે કામગીરી બજાવી રહેલા શિક્ષકો અને સ્ટાફ માટે ઘાતક પૂરવાર થઈ રહી છે. ઓછા સમયમાં વધુ પડતાં કામના દબાણને કારણે ક-મોત અને આત્મહત્યાની સંખ્યાબંધ ઘટનાથી દેશભરમાં રોષ અને વિવાદ જાગ્યા છે. ચૂંટણી પંચ કરવા ગયું કંસાર ને થઈ ગઈ થૂલી જેવો ઘાટ થઈ ગયો છે.**



કેન્દ્રીય ચૂંટણી પંચે દેશભરની મતદાર યાદીઓમાં સુધારાની કામગીરી હાથ ધરી છે. તેના ભાગરૂપે ગુજરાત સહિતનાં ૧૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની કામગીરી ચાલી રહી છે. ૧૨રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૫૧ કરોડથી વધુ મતદારોના ઘરે ઘરે ફરીને ૫.૩૨ લાખથી વધુ ‘બૂથ લેવલ ઓફિસર્સ’ (BLOs) આ કામગીરી કરી રહ્યા છે અને હવે આ કામગીરી વિવાદોના વંટોળમાં ફસાઈ ગઈ છે.

પહેલાં રાજકીય પક્ષોએ આક્ષેપ કર્યો કે, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (SIR)ના બહાને ભાજપ વિરોધી મતદારોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવાનું ષડયંત્ર રચવામાં આવ્યું છે. આ વિવાદ હજુ સુધી શમ્યો નથી ત્યાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની પ્રક્રિયા પૂરી કરવામાં કરવા માટે થતી ઉતાવળ અને બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) પર વધુ પડતું બિનજરૂરી દબાણ કરાતું હોવાનો વિવાદ ઊભો થઈ ગયો છે.

મતદાર યાદીમાં સુધારણા માટેની કામગીરીમાં મોટા ભાગે શિક્ષકો જોડાયેલા છે અને ચૂંટણી પંચે તેમને બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) બનાવ્યા છે. આ વ્યવસ્થા નવી નથી, પણ વરસોથી ગોઠવાયેલી છે. આ શિક્ષકોને શિક્ષણને બાજુ પર મૂકીને ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન’ (SIR)નું કામ કરવાની ફરજ પડાતી હોવાના આક્ષેપો શિક્ષક સંગઠનોએ કર્યા છે. બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ન હોય એવા શિક્ષકોને પણ આ કામગીરીમાં સામેલ કરાયા છે અને તેમને ઓનલાઈન વિગતો ભરવા માટે ફરજ પડાતી હોવાના આક્ષેપો રાષ્ટ્રીય શિક્ષક સંઘે કર્યા છે.

આ બંને વિવાદ શમ્યા નથી ત્યાં હવે એ ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કામગીરીના કારણે બૂથ લેવલ ઓફિસર્સ (BLOs)નાં એક પછી એક મોત થઈ રહ્યાં છે તેનો વિવાદ ચગ્યો છે. દેશનાં ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં છેલ્લા એક મહિનાથી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (SIR)ની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન ૭ રાજ્યમાં ૨૬ થી વધુ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs)નાં મોત થયાં છે. આ પૈકી કેટલાક બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) કામનું દબાણ સહન ના કરી શકતાં હાર્ટ એટેકના કારણે મોતને ભેટ્યા તો ઘણાંએ આપઘાત પણ કરી લીધો છે. આ આંકડો વાસ્તવમાં બહુ મોટો હોવાના દાવા પણ થઈ રહ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ દેશનાં ૭ રાજ્યમાં પચીસ BLOનાં મોતનો દાવો કરે છે. મધ્ય પ્રદેશમાં સૌથી વધુ ૯ બીએલઓનાં મૃત્યુ થયાં છે જ્યારે ગુજરાતમાં પાંચ બીએલઓ મોતને ભેટ્યા છે. ઉત્તર પ્રદેશમાં પણ ૪ બીએલઓએ જીવ ગુમાવ્યો છે.

આ બધા વચ્ચે ‘તૃણમૂલ કૉંગ્રેસ’નું કહેવું છે કે, ફક્ત પશ્ચિમ બંગાળમાં જ ૩૪ બીએલઓ મોતને ભેટ્યાં છે. પશ્ચિમ બંગાળના મંત્રી અરૂપ બિસ્વાસે SIRના કારણે બંગાળમાં ૩૪ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે.

ઉપરાછાપરી આ રીતે થઈ રહેલાં બીએલઓનાં ક-મોતના કારણે શિક્ષકોમાં આક્રોશ છે ત્યારે ચૂંટણી પંચ બિલકુલ મૌન છે તેથી આક્રોશ વધ્યો છે. સુપ્રીમ કોર્ટે આ મામલે સંવેદના બતાવીને ચિંતા વ્યક્ત કરી છે ત્યારે ચૂંટણી પંચ સંવેદનાના બે શબ્દો પણ બોલવા તૈયાર નથી. ચૂંટણી પંચે સાવ ઉડાઉ જવાબ આપીને કહી દીધું છે કે, જિલ્લા અને તાલુકા ચૂંટણી અધિકારીઓના રિપોર્ટ આવે તેની રાહ જોઈ રહ્યા છીએ. આ રિપોર્ટ્સમાં શું હશે એ કહેવાની જરૂર નથી. ચૂંટણી અધિકારીઓ થોડું એવું સ્વીકારવાના કે, અમારા દબાણના કારણે બીએલઓ મરી રહ્યા છે? એ લોકો પોતાનો બચાવ જ કરવાના ને પંચ એ બચાવને સ્વીકારીને ભીનું સંકેલી દેશે એ સ્પષ્ટ છે તેથી શિક્ષકો કે તેમનાં સંઘો ગમે તેટલી હોહા કરે પણ કંઈ વળવાનું નથી. ચૂંટણી પંચે પોતે પણ નિરાંતે ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન’ (SIR)ની પ્રક્રિયા હાથ ધરવાના બદલે બિનજરૂરી ઉતાવળ કરાવી હોવાથી એ પોતે પણ વાંકમાં આવવા ના માગે તેથી બીએલઓનાં મોતને મુદ્દે કશું થવાનું નથી.

દેશમાં સમયાંતરે મતદાર યાદીઓની સુધારણા જરૂરી છે તેથી આવા સ્પેશિયલ રિવિઝનની જરૂરી છે એ ખરું, પણ પણ ચૂંટણી પંચના અણઘડ આયોજનના કારણે આ પ્રક્રિયા દબાણ સર્જનારી બની ગઈ છે. કરવા ગયા કંસાર ને થઈ ગઈ થૂલી જેવો ઘાટ થઈ ગયો છે. ચૂંટણી પંચ પાસે ‘સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન’ માટે સ્પેશિયલ સ્ટાફ નથી.

વરસોથી ચૂંટણીને લગતી તમામ પ્રક્રિયાઓ માટે પંચ શિક્ષકોને ઘસ્યા કરે છે. આ સંજોગોમાં ફટાફટ આ પ્રક્રિયા પાર પાડવાની ઉતાવળ કરવાના બદલે આયોજનબદ્ધ રીતે કામગીરી હાથ પર લેવાની જરૂર હતી. એને બદલે પંચે સૌથી મોટી ભૂલ તો એ કરી છે કે, તમામ મતદાર પાસે ફોર્મ ભરાવી રહ્યાં છે. વાસ્તવમાં જે મતદારોનાં નામ ૨૦૦૨માં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવિઝન (SIR) હાથ ધરાયું ત્યારે મતદાર યાદીમાં હતાં અને જેમનાં સરનામાં બદલાયાં નથી તેમની પાસે ફોર્મ ભરાવવાની જરૂર જ નહોતી. જે લોકો ૨૦૨૩થી એક જ સ્થળે મતદાર છે તેમની પાસે ફોર્મ ભરાવવાં એ વ્યર્થ ક્વાયત છે.

છેલ્લાં બે-ત્રણ વર્ષમાં મતદાર બન્યા હોય તેમનાં નામ પૂરતી ચકાસણી પછી જ દાખલ કરાયાં હોત તો પણ કામનું બહુ મોટું ભારણ ઘટી ગયું હોત કેમ કે મોટી સંખ્યા તો નવા મતદારોની જ છે. આ મતદારો અત્યારે તેમનાં મા-બાપ, દાદા-દાદી વગેરેનાં ૨૦૦૨ની યાદીમાં નામ શોધે છે ને તેની વિગતો ભરવામાં જ બહુ મોટી સમસ્યા થઈ રહી છે. એ જ રીતે સ્થળાંતર કરીને જનારા મતદારોની પણ મોટી સમસ્યા છે. પંચે બધો અભ્યાસ કરીને અલગ અલગ કેટેગરી બનાવીને મતદારોની ચકાસણી કરવાની જરૂર હતી પણ તેના બદલે એકસામટો બોજ નાખી દીધો, તેમાં બીએલઓ બઘવાઈ ગયા છે ને એના ટેન્શન-તણાવની જીવલેણ રાડ અસરમાં પોતાના જીવ ગુમાવી રહ્યાં છે.

બીએલઓની આ સમસ્યા માટે પંચની સાથે રાજકારણીઓ પણ જવાબદાર છે કેમ કે ઘણાં ઠેકાણે બીએલઓ પર ચોક્કસ વર્ગનાં લોકોનાં નામ કાઢી નાખવા માટે પણ દબાણ કરે છે. ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં ઝેર ખાઈને આત્મહત્યા કરનાર BLO શિક્ષક વિપિન યાદવના પિતા સુરેશ યાદવે આક્ષેપ મૂક્યો છે કે, મારા દીકરાએ મરતાં પહેલાં ફોન પર કહ્યું હતું કે SDM અને BDO મતદાર યાદીમાંથી OBC મતદારોના નામ હટાવવા અને સામાન્ય વર્ગનાં નામ વધારવા માટે દબાણ કરી રહ્યા હતા. મારો દીકરો આ કામ ના કરે તો સસ્પેન્શન અને ધરપકડની ધમકી આપવામાં આવી હતી.

ગુજરાતમાં પણ બીએલઓની કામગીરી કરતાં પાંચથી વધુ શિક્ષકોનાં મોત થયાં છે. એમાં ૨૦ નવેમ્બરે કોડીનાર તાલુકાના છારાના શિક્ષક એવા BLO અરવિંદ મૂળજી વાઢેરે ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું. એ પહેલાં લખેલી સુસાઈડ નોટમાં SIRની કામગીરીના કારણે પેદા થયેલા તણાવ અને ઉપલી કચેરીના કામના દબાણના લીધે આપઘાત કર્યાનું લખ્યું હતું. આ પ્રકારના આક્ષેપો બીજા લોકોએ પણ કર્યા જ છે, પણ આ મુદ્દાને કોઈ ગંભીરતાથી નથી લઈ રહ્યું.


બીજી કમનસીબી એ છે કે, આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પણ કોઈ પગલાં લેવાઈ નથી રહ્યાં. ભારતમાં મતદાર બનવા માટે દેશના નાગરિક હોવું જરૂરી છે. મજાની વાત એ છે કે, ભારતમાં નાગરિકતા નક્કી કરવા માટે હજુ સુધી કોઈ ચોક્કસ દસ્તાવેજ જ નથી. સરકારે નવાં જન્મતાં તમામ બાળકને સિટિઝન કાર્ડ આપીને આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે પહેલું પગલું ભરવું જોઈએ પણ એવું કશું થતું નથી.

બીએલઓની આ બબાલ ચાલુ છે, પણ અસલી બબાલ ૯ ડિસેમ્બરે મતદાર યાદીઓનો પહેલો મુસદ્દો બહાર પડશે ત્યારે શરૂ થશે તેથી વધુ એક વિવાદ માટે આપણે તૈયાર રહેવું પડશે... ■

અરાઉન્ડ દ વર્લ્ડ


નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com


# હવે ક્યાં જવું જોઈએ? નિર્ણય લેવા મને મદદરૂપ થવા દો!



પ્રવાસનો એક સૌથી રોમાંચક છતાં પડકારજનક ભાગ ક્યાં જવું જોઈએ તે પસંદ કરવાનો છે. દુનિયા અતુલનીય સ્થળોથી ભરચક છે,જે દરેક કશુંક અજોડ પ્રદાન કરે છે - મંત્રમુગ્ધ કરનારું નિસર્ગસૌંદર્ય, સમૃદ્ધ સંસ્કૃતિઓ, સ્વર્ણિમ શહેરો અને અવિસ્મરણીય અનુભવો.જોકે ઘણા બધા વિકલ્પો સાથે મૂંઝવણમાં મુકાઈ જવાય તે સ્વાભાવિક છે.

હું પણ તેમાંથી ગુજરી ચૂક્યો છું. ટ્રાવેલ બ્લોગ્સ સ્ક્રોલ કરવું, નકશાઓ જોવા અને આગામી વખતે ક્યા સ્થળની મુલાકાત લેવી તે નક્કી કરવાનો પ્રયાસ કર્યો હતો. શું રિલેક્સ કરવા માટે બીચ પર જવું જોઈએ? સંસ્કૃતિથી સમૃદ્ધ સાહસ ખેડવું જોઈએ? તે પછી રોમાંચક શહેરીઅનુભવ કરવો જોઈએ? શક્યતાઓ નિરંતર છે અને અમુક વાર સૌથી મુશ્કેલ ભાગ કોઈ એકની પસંદગી કરવાનો હોય છે.

વીણા વર્લ્ડમાં અમે પ્રવાસ જીવીએ અને શ્વાસમાં ભરીએ છીએ. અને તે પૅશન તમારી સાથે આદાનપ્રદાન કરવાની મારી એક મનગમતી રીતઅમારો પોડકાસ્ટ - ટ્રાવેલ. એક્સપ્લોર. સેલિબ્રેટ લાઈફ છે. યુટ્યુબ, સ્પોટિફાઈ, જિયોસાવન અને એપ્પલ પોડકાસ્ટ્સ પર ઉપલબ્ધઆ સાપ્તાહિક શો પ્રેરણાત્મક પ્રવાસ વાર્તાલાપ, મોજીલી પ્રવાસ વાર્તાઓ, એક્સપર્ટ ટિપ્સ અને દુનિયાભરના અંગત અનુભવો છે.આથી જો તમને થોડી વધારાની પ્રવાસ પ્રેરણાની જરૂર હોય તો ટ્યુન કરો અને આ પ્રવાસ પર અમારી સાથે જોડાઓ જાઓ!

જોકે આજે મને તમારો પ્રવાસ નિર્ણય થોડો વધુ આસાન બનાવવો છે. અહીં ત્રણ અદભુત સ્થળો વિશે માહિતી આપી છે,જે દરેક પોતાની ખૂબી ધરાવે છે. તો ચાલો, તેમાં ડોકિયું કરીએ.

**મોરિશિયસ - ટ્રોપિકલ એસ્કેપ**

શું તમે સફેદ રેતીવાળો બીચ, પાર્શ્વભૂમાં નમ્ર લહેરોનો અવાજ અને ઠંડો ઠંડો પવન મહાસાગરની સુગંધ લાવતો હોય ત્યાં રિલેક્સ કરતા હોયએવી ક્યારેય કલ્પના કરી છે? જો હા હોય તો તમારે માટે તે સ્થળ મોરિશિયસ છે. ભારતીય મહાસાગરના હાર્દમાં વસેલો આ ટાપુનોસ્વર્ગ અદભુત બીચ, ટર્કોઈસ લગૂન, હરિયાળીઓ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે પ્રસિદ્ધ છે.

મોરિશિયસમાં સૌથી વિખ્યાત સ્થળમાંથી એક આઈલ ઓક્સ સર્ફસ છે, જે કાચ જેવા સાફ પાણી, નરમ સફેદ રેતી અને ભરપૂર સાહસ સાથેસપના જેવો ટાપુ છે. તમે બીચ પર રિલેક્સ કરો, નિર્મળ જળમાં સ્નોર્કેલિંગ કરો અથવા રોમાંચક સ્પીડબોટ સવારી પર નીકળો. નિસર્ગ પ્રેમીઓ જિયોલોજિકલ અજાયબી ચેમેરલ્સ સેવન- કલર્ડ અર્થથી મોહિત થઈ જશે, જ્યાં રેતીના ટેકરાઓ લાલ, કથ્થઈ, જાંબુડી, વાદળી,લીલા અને પીળા શેડ્સ પ્રદર્શિત કરે છે, જે લાખ્ખો વર્ષોમાં જ્વાળામુખીની પ્રવૃત્તિઓનું પરિણામ છે. નજીકમાં ચેમેરલ વોટરફોલ મોરિશિયસમાં સર્વોચ્ચ છે, જ્યાં પાણીનો ધોધ હરિયાળી પાર્શ્વભૂ સામે નાટકીય રીતે નીચે ધસમસતો આવે છે, જે તેને પિક્ચર - પરફેક્ટ સાઈટ બનાવે છે.

જો તમે નિસર્ગ અને વાઈલ્ડલાઈફથી પ્રભાવિત હોય તો આઈલ ઓક્સ આઈગ્રેટીસની મુલાકાત લેવાનું આવશ્યક છે. આ સુરક્ષિત ટાપુ સંગ્રહાલય દુર્લભ જાતિઓનું ઘર છે, જેમાં અલ્ડાબ્રા વિરાટ કાચબા, ગુલાબી કબૂતરો તમને ફક્ત મોરિશિયસમાં જ મળી આવશે. સાહસપ્રેમીઓ માટેબ્લેક રિવર ગોર્જીસ નેશનલ પાર્ક પરિપૂર્ણ ટ્રીટ છે. આ હરિયાળો, પહાડી પ્રદેશ હાઈકિંગ અને નેચર વોક માટે ઉત્તમ છે,જે મનોરમ્ય નજારો, વોટરફોલ્સ પ્રદાન કરવા સાથે વાઈલ્ડલાઈફ સાથે પણ પરિચય કરાવે છે.

મોરિશિયસ સંસ્કૃતિઓનું ઉત્તમ સ્થળ છે અને ગ્રાન્ડ બસિન પવિત્ર ક્રેટર લેક છે, જે હિંદુ સમુદાય માટે મહત્ત્વપૂર્ણ યાત્રાસ્થળ છે. ભગવાન શિવની ઊંચી પ્રતિમાનું ઘર આ ભક્તિમય બનાવતું સ્થળ આધ્યાત્મિકતા, ઈતિહાસ અન મંત્રમુગ્ધ કરનારા નૈસર્ગિક સૌંદર્યની ચાહનારા માટે ઉત્તમ છે.

**શ્રીલંકા - સંસ્કૃતિ અને નિસર્ગની ધરતી**

જો તમે ઈતિહાસ, નિસર્ગ અને ઉષ્માભરી મહેમાનગતીનું ઉત્તમ સંમિશ્રણ પ્રદાન કરતું સ્થળ જોતા હોય તો શ્રી લંકા તમને બોલાવે છે.મોટે ભાગે ’પર્લ ઓફ ધ ઈન્ડિયન ઓશન’ તરીકે સંદર્ભિત કરાતું આ ટાપુ રાષ્ટ્ર પ્રાચીન મંદિરો અને નિસર્ગરમ્ય ટ્રેન સવારીથીસુવર્ણ બીચ અને હરિયાળા ચાના બાગ સુધી અનુભવોનો ખજાનો છે.

શ્રી લંકાનાં સૌથી પ્રતીકાત્મક સીમાચિહનમાંથી એક સિગિરિયા રોક ફોર્ટ્રેસ છે, જે સ્થાપત્ય અને ઐતિહાસિક અજાયબી છે.આ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ લાયન રોક તરીકે પણ ઓળખાય છે, જે આસપાસના જંગલની 200 મીટર ઉપરથી નાટકીય રીતે ઊભરી આવે છે. સિગિરિયાથી ટૂંકી ડ્રાઈવ તમને ડંબુલા કેવ ટેમ્પલ લઈ જાય છે, જે વધુ એક યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. આ સંકુલ 150 બુદ્ધ પ્રતિમાઓથી ભરચક પાંચ ગુફાઓ ધરાવે છે અને અદભુત મુરાલ્સ આધ્યાત્મિક અને કળાત્મક નમૂના છે.

સેન્ટ્રલ હાઈલેન્ડ્સમાં વસેલું કેન્ડી ઈતિહાસ, આધ્યાત્મિકતા અને નિસર્ગરમ્ય સૌંદર્યનું શહેર છે. તે દુનિયામાં સૌથી પવિત્ર બુદ્ધ મંદિરમાંથીએક ટૂથ રેલિકના મંદિરનું ઘર છે. શહેર તેના જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમો, વસાહતી યુગની ખૂબીઓ અને સુંદર કેન્ડી લેક માટે પણ પ્રસિદ્ધ છે.

તેના વસાહતી યુગના બંગલા અને ઠંડા હવામાન માટે ’લિટલ ઈન્ગ્લેન્ડ’ તરીકે જ્ઞાત નુવારા ઈલિયા શ્રી લંકાના ચા ઉગાડતા પ્રદેશનું હાર્દ છે.અહીં તમે ચાના બગીચાની મુલાકાત લઈ શકો, ચા બનાવવાની પ્રક્રિયા વિશે જાણી શકો અને નૈસર્ગિક સૌંદર્ય જોતાં જોતાં ગરમાગરમ સીલોનટીની ચુસકીઓ માણી શકો છો.

વાઈલ્ડલાઈફ પ્રેમીઓ માટે પિનાવાલા એલીફન્ટ ઓર્ફનેજની મુલાકાત હૃદયસ્પર્શી અનુભવ છે. આ સંગ્રહાલય ઉગારવામાં આવેલા હાથીઓ માટેઘર છે અને તમે તેમને નદીમાં છબછબિયા કરતા, નૈસર્ગિક વાતાવરણમાં ખાતા અને રમતા જોઈ શકો છો.

જો તમે હવાફેર કરવા માગતા હોય તો બેન્ટોટાના સુવર્ણ બીચ ઉત્તમ સ્થળ છે. તમે નદી પાસે રિલેક્સ કરવા માગતા હોય,જેટ - સ્કીઈંગ કરવા માગતા હોય કે માડુ નદીના મેન્ગ્રોવ ફોરેસ્ટ થકી બોટ સવારી કરવા માગતા હોય, બેન્ટોટા ઉષ્ણકટિબંધીય સ્વર્ગ છે.

**દુબઈ અને અબુ ધાબી - ભવિષ્યલક્ષી સાહસ**

જો તમે ગ્લેમર, સાહસ અને અત્યાધુનિક ઈનોવેશન તરફ દોરવાઈ જતા હોય તો દુબઈ અને અબુ ધાબી તમારી યાદીમાં ટોચ પર હોવું જોઈએ. યુનાઈટિડ આરબ અમીરાત (યુએઈ)માં આ બે શહેરો તેમની અત્યાધુનિક બહુમજલી ઈમારતો, લક્ઝુરિયસ અનુભવો, રોમાંચક સાહસો અને સમૃદ્ધ અરબી વારસા માટે પ્રસિદ્ધ છે.

દુબઈનું સૌથી પ્રતીકાત્મક સીમાચિહન બુર્જખલીફા અધધધ 828 મીટર (2,717 ફીટ) પર જાણે આકાશને સ્પર્શે છે. 124મા અને 148મા માળ પર ઓબ્ઝર્વેશન ડેકની મુલાકાત શહેર, અરબી અખાત અને તેની પાર નિરંતર રણનો મંત્રમુગ્ધ કરનારો મનોરમ્ય નજારો પ્રદાન કરે છે.

બુર્જખલીફા સાથે જોડાયેલો દુબઈ મોલ શોપિંગ સેન્ટર સાથે 1200 સ્ટોર, ઈનડોર આઈસ રિંક, એક્વેરિયમ અને વર્ચ્યુઅલ રિયાલિટી થીમ પાર્ક સાથે મનોરંજનનું કેન્દ્ર છે. દુબઈની મુલાકાત અરબી રણની સુવર્ણ રેતીની ટેકરીઓનો અનુભવ કર્યા વિના અધૂરી રહી જાય છે. ડેઝર્ટ સફારીમાં 4ક્ષ4 સીટર વાહનમાં રણની રેતીની ટેકરીઓ પરથી રોમાંચક સફર, ઊંટ સવારી, સેન્ડબોર્ડિંગ અને તારાઓની નીચે પારંપરિક બેદુઈન શૈલીના ડિનરનોસમાવેશ થાય છે.

દુબઈનું પ્રસિદ્ધ પામ જુમાયરાહ એન્જિનિયરિંગ અજાયબી છે, જે ટાપુ પામના ઝાડ જેવો આકાર ધરાવે છે.પામની ટોચ પર હોટેલ એટલાન્ટિક ધ પામ છે, જેને શાહરુખ ખાનની ફિલ્મ હેપ્પી ન્યૂ યરે પ્રસિદ્ધ બનાવી દીધી છે!

યુએઈના અબુ ધાબીમાં સૌથી મંત્રમુગ્ધ કરનાર સ્થળમાંથી એક શેખ ઝાયેદ ગ્રાન્ડ મોસ્ક છે, જે ઈસ્લામી સ્થાપત્યનો નમૂનો છે.અદભુત સફેદ આરસપહાણ, નાજુક ફૂલોની ડિઝાઈન અને દુનિયાની સૌથી વિશાળ હસ્તવણાટની કાર્પેટથી શોભતું આ મોસ્ક શાંતિ,આધ્યાત્મિકતા અને ભવ્યતાનું પ્રતીક છે. કારના શોખીનો અને સાહસના શોખીનોને ફેરારી વર્લ્ડ ગમશે, જે દુનિયાની સૌથી ઝડપીરોલર કોસ્ટર ફોર્મ્યુલા રોઝાનું ઘર છે, જ્યાં ફક્ત 4.9 સેકંડમાં પ્રતિકલાક 240 કિમી (149 એમપીએચ)ની ગતિથી પહોંચાય છે!આ ફેરારી થીમનો એમ્યુઝમેન્ટ પાર્ક રાઈડ્સ, ઈન્ટરએક્ટિવ એક્ઝિબિટ્સ અને રેસિંગ સિમ્યુલેટર્સનું રોમાંચક સંમિશ્રણ પ્રદાન કરે છે.

**તો આગામી સમયે તમે શું પસંદ કરશો?**

દરેક સ્થળ પોતાની અલગ ઓળખ, અલગ ભાવના અને અનોખા અનુભવોથી ભરપૂર છે. કેટલીક જગ્યા તમને શાંતિ આપે છે, તો કેટલીક તમારા અંદરના સાહસિકને જાગૃત કરે છે. ક્યાંક તમને ઇતિહાસનો સ્પર્શ મળશે, તો ક્યાંક આધુનિકતાનું ઝગમગતું રૂપ. અંતે, એ પ્રવાસ જ સૌથી યાદગાર બની જાય છે જ્યાં સ્થાન નહિ, પરંતુ અનુભવ આપણને સમૃદ્ધ બનાવે છે. એટલે પસંદગી કરતી વખતે દિલથી પૂછો - કઈ જગ્યા આજે તમને સૌથી વધુ બોલાવે છે?

હવે પસંદગી તમારી છે. તમા આગામી સાહસ ખેડવા ક્યાં જશો? શું તે મોરિશિયસનું ઉષ્ણકટિબંધીય સ્વર્ગ છે, શ્રી લંકાની સાંસ્કૃતિક સમૃદ્ધિ છે કે પછી દુબઈ અને અબુ ધાબીની ભવિષ્યલક્ષી ખૂબીઓ છે? તો મને ક્ષયશહડદયયક્ષફૂજ્ઞહિમ.ભજ્ઞળ પર લખીને તમને ક્યું સ્થળ સૌથી વધુ રોમાંચિત કરે છે તે જાણો. ટૂંક સમયમાં જ ફરીથી મળીશું!


VEENA WORLD presents
Where to Next?
Episode 3:
Rajasthan Mewad
Stories that'll make you pack tonight!
Watch Now on Veena World's YouTube channel

લેટ્સ ગો, ઇટ્સ સેલિબ્રેશન ટાઈમ
૩૧ ડિસેમ્બરે જ્યારે આખી દુનિયા કાઉન્ટડાઉન કરે છે, એ સમયે તમે ક્યાં હશો?
આ વર્ષને ખુશીઓથી પૂરું કરો અને નવાવર્ષની શરૂઆત અદ્ભુત રીતે કરો.

| | | | |
|---|---|---|---|
| બેસ્ટ ઓફ સિંગાપોર 4 Days - Dec 27 127000 | બેસ્ટ ઓફ થાઈલેન્ડ 6 Days - Dec 29 90000 | હોંગકોંગ મકાઉ સિંગાપોર 8 Days - Dec 22 210000 | વિયેટનામ કંબોડિયા (11D) Dec 26 219000 |
| રણ ઉત્સવ+સ્ટેચ્યુ ઓફ યુનિટી (8D) Dec 26 74000 | વંડર્સ ઓફ કાશ્મીર 7 Days - Dec 27 77000 | હાઈલાઈટ્સ ઓફ રાજસ્થાન 6 Days - Dec 28,29 50000 | વંડર્સ ઓફ કેરળ (8D) Dec 26,28 70000 |

*T&C Apply
Email: travel@veenaworld.com | veenaworld.com
Toll-Free: 1800 313 5555

નવવર્ષનું સ્વાગત
વીણા વર્લ્ડ સાથે
ચલો, બેગ ભરો, નિકલ પડો!
Book Online 365 days 24x7 visit veenaworld.com
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# નામ ગુમ જાયેગા, ચહેરા ભી બદલ જાયેગા તેરી આવાઝ હી પહેચાન હે ગર યાદ હો...

સવારે ઉઠીને ટૂથબ્રશ હાથમાં લઈએથી લઈને રાત્રે જે બેડ પર સુઈએ એની મેટ્રેસ સુધીની લગભગ બધી વસ્તુઓ આપણે બ્રાન્ડેડ વાપરતા હશું. આ બધી વસ્તુઓ કોઈને કોઈ ઉત્પાદન છે. આને ફક્ત ઉત્પાદનની નજરથી જોઈશું અને તેની પર કોઈપણ બ્રાન્ડના વાઘા નહિ હોય તો શું આપણે તેને વાપરીશું ખરાં?

સવારે જો મારી ટૂથબ્રશની કોઈ જ બ્રાન્ડ નથી તો શું મારા દાંત સાફ નહિ થાય? જો રાત્રે અન-બ્રાન્ડેડ મેટ્રેસ હશે તો ઊંઘ નહિ આવે? આજે આપણે સૂકા નાસ્તા પણ બ્રાન્ડેડ ખરીદીએ છીએ. જે ચેવડો, વેફર, ખાખરા, ભુસુ, ગાંઠિયા વગેરે આપણે ઘરે બનાવતા અથવા ફરસાણવાળાને ત્યાંથી લઇ આવતા તે બધું હવે આજે વધુ પૈસા આપીને બ્રાન્ડેડ પેકેટમાં ખરીદીએ છીએ... આમ જોવા જઇએ તો સાબુ, શેમ્પુ, કપડાં, ગાડી, જૂતાં , પર્ફ્યૂમ ઈત્યાદિ બધા ઉત્પાદનો બ્રાન્ડેડ છે. એમાં આજે જે નવી વાત એક ઉત્પાદનમાં છે તે આવતીકાલે બધે દેખાશે.

કહેવાનું તાત્પર્ય તે છે કે; ઉત્પાદનો ઉત્પાદનો જ રહેશે, તેની કોપી પણ થઇ જશે.

આનો અર્થ તે કે આપણે કોઈ ઇનોવેશન ના કરવું? ના, તેમ નહિ, તે તો કરતાજ રહેવું પડે, જે તમને થોડા સમય માટે વધુ વેચાણ કરી આપશે, પણ પછી જયારે તેનીએ થઇ જશે ત્યારે?

આવા સમયે એક વાત યાદ રાખવા જેવી છે અને તે એટલે બધુ કોપી થઇ જશે પણ એક વાત છે જે કોપી નહિ થાય અને તે એટલે તમારી બ્રાન્ડ. આથી બ્રાન્ડ બનાવવાની જરૂર છે. હવે કોઈ કહેશે કે આજે બ્રાન્ડની કોપી પણ થાય છે પણ તે બ્રાન્ડની કોપી હશે અને તેના નામે વેચાશે. આથી બ્રાન્ડની કોપી થવી અને ઉત્પાદનોની કોપી થવી આમાં ફરક છે.

આ જ કારણ છે કે તમારા નાસ્તા પણ આજે બ્રાન્ડેડ ખરીદવા લાગ્યા છો. આ હકીકતનો સામનો કરવો પડશે. વ્યવસાયમાં મોટાભાગની વસ્તુઓની નકલ કરી શકાય છે. પણ તમારું ઉત્પાદન? તમારા ઉત્પાદનોની કિંમત? તમારી વ્યૂહરચના? પણ તમારી બ્રાન્ડ? તે એક એવી વસ્તુ છે જે કોપી કરવી મુશ્કેલ છે.




બ્રાન્ડ વિશ્વાસ નિર્માણ કરે છે કે આ ફલાણું ઉત્પાદન બ્રાન્ડેડ છે ને તો નુકસાન નહિ કરે. આ ભરોસાના કારણે બ્રાન્ડની ખરીદી થાય છે. ગ્રાહક ઉત્પાદનનાં ઘટક (ઇન્ગ્રેડીએંટ) પ્રત્યે વફાદાર નથી રહેતા, પણ ઓળખ (આઇડેન્ટિટી) પ્રત્યે વફાદાર રહે છે.

બ્રાન્ડ વ્યક્તિગત રીતે તમને અનુભવ કરાવે છે, તેના કલર, તેની ટોનાલીટી, તેનું પોઝિશનિંગ, વગેરે તેને અલગતા બક્ષે છે અને લોકોના મગજમાં આ વાતો ઘર કરે છે જેના પરિણામે લોકો બ્રાન્ડ ખરીદે છે. નહિ તો એક ઉત્પાદન જેને આપણે સાબુ કહીયે છીએ તે અલગ અલગ લોકો માટે અલગ અલગ બ્રાન્ડ અલગ અલગ કિંમતે વેચાય છે. કામ તેનું એક જ છે શરીરને સ્વચ્છ કરવું, પણ આમાં જયારે કથા કે વાત ઉમેરાય છે કે ‘આનાથી તમે સુંદર દેખાશો’ ત્યારે તમારો આત્મવિશ્વાસ વધશે કે તમે ફલાણી અભિનેત્રીની પસંદગીનો સાબુ વાપરો છો, જે તમારી સૂકી કે તૈલી ત્વચા માટે ઉપકારક છે! આમ કન્ઝ્યુમરને જે જોઈએ છે તે મળ્યું તેને સમજાય તેવી વાતથી, જેની બીજો કોઈ ઉત્પાદક કોઈ કોપી નહિ કરી શકે...

કન્ઝ્યુમર ઉપરાંત વ્યવસાયના પરિપેક્ષમાં પણ બ્રાન્ડનું મહત્ત્વ ઘણું છે. તમારી કંપનીનું વાસ્તવિક મૂલ્ય ફક્ત ઉત્પાદનમાં નથી. તે બ્રાન્ડ દ્વારા પૂરી પાડવામાં આવતી કાર્યક્ષમતા અને વિશેષતામાં છે. બ્રાન્ડ કદાચ તમારી બેલેન્સ શીટ પર સૌથી મોટી અમૂર્ત સંપત્તિ છે. બ્રાન્ડ રોકાણકારોને લાંબા ગાળાના વળતર આપે છે. કર્મચારીઓને પોતે કઈ બ્રાન્ડ સાથે કામ કરે છે નું ગર્વ અને સુરક્ષા પ્રદાન કરે છે.

આવી મજબૂત બ્રાન્ડ્સ પ્રીમિયમ ચાર્જ કરે છે. બ્રાન્ડે ભાવ ઘટાડાની રમત રમવાની જરૂર નથી પડતી. કોઈપણ કેટેગરી લીડર્સ જોઈ લો તેઓ બ્રાન્ડ સાથે જીતે છે. એ ફક્ત વધુ સારા ઉત્પાદન વેચતા નથી એ વધુ સારી બ્રાન્ડ્સ બનાવે છે, જેથી સમય આવતા કન્ઝ્યુમર એને ખરીદે છે.

હિન્દી ફિલ્મનું એક ગીત છે : ‘નામ ગુમ જાયેગા, ચહેરા ભી બદલ જાયેગા તેરી આવાઝ હી પહેચાન હે ગર યાદ હો...’

બસ, આ જ વાત ઉત્પાદન અને બ્રાન્ડની છે. બધુ નકલ થઇ શકશે પણ બ્રાન્ડ નહિ, કારણ કે બ્રાન્ડ તમારો એ અવાજ છે જે બદલવો અને ભુલાવો મુશ્કેલ છે. આથી બ્રાન્ડને આપણો એવો જ અવાજ બનાવીએ... ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ભડીભડી : મારવા એ મુડસને, ગ્યો એની પાસે



લાડી નદીનું રેતાળ પટ સમથળ થઈ રહ્યું હતું. આજે રાત્રે અહીં ‘ભડીભડી’ (હુ..તુ..તુ) રમવાનો કાર્યક્રમ હતો. વીસરાઈ તળાવડીના પૂર્વભાગેથી નીકળતી નદીને લોકો લાડી નામથી ઓળખતા. લાડીનો અર્થ નવી પરણીને આવેલી નવોઢાનો સૂચક છે. આ નદી પણ પોતાના સૌંદર્ય અને નખરાળી ચાલ-વહેણના લીધે ઓળખાતી, વર્ષાઋતુમાં તેનું રૂપ વધારે ખીલતું એટલે ગામલોકો તેને લાડી તરીકે સંબોધતા.

ભીમનાથ મહાદેવનું પટાંગણ છોડી બધા લાડી નદીના રેતાળ પટમાં કૂંડાળું કરી બેઠા હતાં. અહીંથી ભીમનાથના મંદિરમાં આવતા-જતાં દરેકને તેઓ જોઈ શકતા હતા. પચાણભાઈ પણ વારે વારે તે તરફ જોઈ લેતા હતાં, કારણ કે હજી અભેસંગ આવ્યા નહોતા. સમથળ નદીની રેતી પર કેટલાક યુવાનો ચૂનાથી સફેદ રેખા અંકિત કરી રહ્યાં હતાં.

સૂર્યનારાયણ આખો દિવસ રમ્યા પછી થાકી ગયા હોય એમ પશ્ચિમ દિશામાં વિશ્રામ લેવા અધીરા થઈ સરકી રહ્યાં હતા. અભેસંગ મંદિરના પટાગણમાં દાખલ થયા કે કોઈની બૂમ તેમને કાને પડી, તેમણે અવાજની દિશા તરફ જોતાં સઘળી વાત સમજાઈ ગઈ અને તે તરફ તેમણે ચાલવા માંડ્યું.

અહીં કૂંડાળું કરીને બેઠેલા બધાએ તેમને આવકાર આપ્યો. અભેસંગે પણ ત્યાં આસન જમાવ્યું. વાત ‘ભડીભડી’ રમતની ચર્ચાતી હતી. અભેસંગે કહ્યું કે, ‘આ એક દેશી રમત છે અને હિન્દુસ્તાનના દરેક પ્રાંતમાં ભિન્નભિન્ન નામોથી ઓળખાય છે અને રમાય છે. જે તેની વિશિષ્ટતા છે. સમથળ રેતાળ પટ પર ત્રીસ બાય પચાસ ફૂટ પર ખાસ કરી સફેદ રેખા અંકિત કરવામાં આવે છે. તેની અંદર સહુને રમવાનું હોય છે. વચ્ચે મધ્યરેખા હોય છે, અને મધ્યરેખાથી બંને તરફ પાંચ પાંચ ફૂટના અંતરે અન્ય રેખા હોય છે જેને ‘નિદાનરેખા’ કહે છે. બંને બાજુ એક એક પક્ષ રહે છે. દાવ શરૂ થવાની સૂચના થતાં પક્ષનો એક ભેરુ ભડીભડી..ભડીભડી કે હુ..તુ..તુ..તુ બોલતો એક જ શ્વાસે સામે પક્ષે જાય છે, અને તે પક્ષના કોઈને પણ અડીને પાછો ફરે છે, પણ! તે પક્ષના ભેરુ તેમ કરવા દેતા નથી પણ તે હાથમાંથી છટકી ન જાય તેમ પકડવા મથે છે, સામે પક્ષેથી આવનાર જેને કે જેટલાને અડ્યો હોય તે કે તેટલા મરી ગયા (આઉટ થયા) ગણાય છે. આ રમત બહુ જુસ્સા સાથે રમાય છે, ઉભયપક્ષ તેને પકડવા તલપાપડ છે. આવનાર વ્યક્તિનો બાંધો મજબૂત હોય તો સમૂહમાં બધા આંકડી ભીડી તેને પકડે છે. આમ કરતા તે છટકીને વચ્ચેની રેખાને અડકી લે તો તે જીત્યો ગણાય છે, અન્યથા તે મરી ગયો ગણાય છે.’ અભેસંગે કાંભ છોડી રેતાળ પટમાં લંબાવ્યું કે; પચાણભાઇએ કહ્યું કે, આ વાત પર મને એક પિરૂલી યાદ આવી ગઈ સુણો;

*ઉમેઘ રખી અંતરમેં, સૂરે કઢે સટ,*
*મારેલા ઉન મુડ્સકે, સે વ્યો ઉની વટ.*
*ઘેરે આયા ઘુંટિયા, સે મુંઝાય ડિનોં મત,*
*ધબે હર્યોસ ધૂડમેં, ચાંતરી વ્યો ચુરત.*
*મરી વ્યો ઈન માગતેં, સે વિઠો જીરેં વટ,*
*ઈનકે જોરે ઝટ, ખબર ડયો ખત્રી ચે.*

આ પિરુલીનો જવાબ હુ..તુ..તુ..તુ.. (ભડીભડી) રમત છે. લોકકવિએ અહીં રમનારને શૂરો કહ્યો છે. હુ..તુ..તુ..તુ..કરતો રમનારો સામે ઊભેલા હરીફ વ્યક્તિઓના ઘેરા સામે જીતવાની ઉમેદ રાખી દોડ્યો, પણ! ઘેરો કરીને ઊભેલા રમનારાઓએ એને ઘેરી વળતાં એની મતિ મૂંઝાઇ ગઈ. પછી શ્વાસ ઘણીવાર ઘૂંટી શકાયું નહીં, તેથી તે હારી ગયો. અને હારી જતાં હારી ગયેલા રમનારાઓ બેઠાં હતાં ત્યાં જઈને બેઠો. મરી વ્યો એટલે હારી ગયો. પણ! બેઠો ક્યાં? તો કહે જ્યાં બીજા હારી ગયેલા જીવતા બેઠાં હતાં ત્યાં!

લોકકવિએ ઉપરોક્ત પિરુલીની રચનામાં એ રમતનું ચિત્ર આલેખ્યું છે. જે આપણી નજર સમક્ષ બનતા બનાવ જેવો આભાસ ખડો કરે છે. કચ્છી લોક સાહિત્યમાં પિરૂલી જેવા સર્જનમાં ખત્રીની દરેક પિરૂલીઓમાં વૈવિધ્યતા દેખાય છે.

ગાભો અને સામત પેટ્રોમેક્ષને સળગાવી રહ્યાં હતાં. વારે વારે તેમાંથી પ્રગટતી અગનજ્વાળાઓ ભયંકર લાગી રહી હતી. આરતી ચાલુ થઈ ગઈ હતી, સૌ વિચારી રહ્યાં હતાં કે પૂજા પત્યા બાદ એકલા બાવાજી આરતી વગાડી રહ્યા હશે.

આજે લેખ દ્વારા કચ્છ ખેલ પરંપરાનું શિલ્પ કાગળ પર ચીતર્યું છે, આશા કરીએ ખેલ અને ખેલાડીઓથી કચ્છની ધરતી ધમધમી ઊઠે. એકાદ બે વર્ષ પહેલાં કચ્છના યુવા સંસદ વિનોદભાઈ ચાવડાએ સંસદ ક્રિકેટ ટૂર્નામેન્ટ વખતે જાહેરમાં જાહેરાત કરી હતી કે કચ્છને આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટેડિયમ બનાવવું છે, એ માટે સૂચિત તમામ ગતિવિધિઓ સુષુપ્ત અવસ્થામાં જ છે. ૨૦૩૦માં કોમનવેલ્થની યજમાની પણ ભારતના ગુજરાતને મળી છે ત્યારે વ્યાપારીઓની સ્પોર્ટ્સ તાસીરના દર્શન કરવાનો રાજ્યને મોકો મળશે. એ જ રીતે આ ધરતીને મોકો મળે તો ‘કચ્છને મેદાન આપો કચ્છ મેદાનમાં દોડશે!’ આશા અમર છે અને કચ્છનું ભવિષ્ય ઉજળું છે એમ માની જાગૃત પ્રહરી તરીકેની મારી ભૂમિકા સાથે વિરમું છું. (આ લેખનો આધાર કચ્છી ભાષાના તળપદી સૌંદર્યને પોતાની કલમે સજીવન કરતા, લોકસાહિત્ય સંશોધક, મર્મી સર્જક અને શબ્દનક્કાશીના અજોડ શિલ્પી લાલજીભાઈ મેવાડા લિખિત ‘પિરૂલી પ્રધાનજી’માંથી લીધેલ છે.) ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

‘યે બુરખે કા રાઝ ક્યા હૈ?’ હોસ્પિટલેથી પાછા વળતા રિપોર્ટર સંજુએ હરેશને પૂછ્યું. એણે જવાબ ન આપ્યો એટલે કાતિલ આંખે જોઇ રહેલા કેશુકાકા ચિડાઇને બોલ્યાઃ ‘અરે આ ઓલી મૂંગીનો હસબન્ડ નથી. બુરખો પે’રીને હોસ્પિટલમાં મલવા ઘૂસી ગ્યો ‘તો. સોલંકીએ મને હંધીય વાત કરી.’

આખા બોલા કેશુકાકાએ આખું ચિત્ર સ્પષ્ટ કરી નાખ્યું. સંજુને સોલંકીની વાત પરથી કંઇક ગરબડ હોવાની ગંધ તો આવી જ ગઇ હતી. જોકે, સંજુ હજીય મૂંગીની સ્ટોરીને કોઇ નવો વળાંક આપવાના ફિરાકમાં હતો. દલાલ હોવાથી જાતજાતની ભાષા જાણનારો હરેશ સાંભળીને સમસમી ઉઠ્યો.

‘ગાડી રોકો. મુઝે ઊતરના હૈ.’ વેન ઊભી રહી કે તરત જ એ ઊતરી ગયો.

‘એ માણસ મૂંગીનો હસબન્ડ કે છે એ તો ખબર નહીં, પણ તમે ડોક્ટરનો વેશપલટો કરીને શા માટે ઘૂસી ગયા?’ સંજુએ હસીને પૂછ્યું.

‘હરેશ બુરખો પે’રીને બદઇરાદે ઘૂસ્યો તો...હું સદઇરાદે ડોક્ટરના વેશમાં ઘૂસ્યો....બે ઇરાદાઓ વચ્ચે આટલો ફરક છે.’

‘કોણ છે તમારું કે તમારે આવો વેશ ધારણ કરવો પડ્યો?’ સંજુએ પૂછ્યું.

‘ઇ મારો કોઇ નથી છતાં ઇ હંધુય છે. હવે તું એક કામ કરજે....મૂંગી છોડીની સ્ટોરીમાં વધુ ખોદકામ કરવાનું રે’વા દેજે....એની કપાઇ ગયેલી જિંદગી સંધાઇ રહી છે.’

***********

કેશુકાકા ઘરે ગયા. કિસને દરવાજો ખોલ્યો.

‘પપ્પા, ક્યાં ગયા હતા તમે....? ત્રણ કલાક થઇ ગયા. હું બધેય ફરી આવ્યો. તમે અમારા જીવ ઊંચા કરી નાખ્યા.’ કિસને ત્રણેક કલાકથી ધૂંધવાતો આક્રોષ ઠાલવ્યો.

‘પપ્પા, રસ્તામાં કાંય થયું...? શું થયું...? ક્યાં ગયા હતા? અને કરિયાણું ક્યાં છે?’ કેશુકાકાને પોતે બતાવેલી બહાદુરીનું હવે ભાન થયું. એમણે થેલો પાછળ સંતાડ્યો.

‘શું છે આમાં?’ કિસને પૂછ્યું.

‘કાંઇ નથી.....’ કિસને એમની પાસેથી થેલો લઇને અંદર જોયું.

‘આ શું...સ્ટેથસ્કોપ અને ડોક્ટરનું એપ્રન. આ બધું શું છે...?’ કિસને પૂછ્યું.

‘મને કલ્પના આવી ગઇ છે. પપ્પા, તમે જ તમારા મોઢે સાચું કહી દો.’ કાશ્મીરાએ કહ્યું.

‘હું નિર્મલને મળવા હોસ્પિટલે ગ્યો ‘તો.’ કેશુકાકા બોલ્યા ને સોપો પડી ગયો.

‘પપ્પા, શા માટે તમે સામે ચાલીને મુશ્કેલી વહોરી લો છો.’ કિસને કહ્યું.

‘પપ્પા, પણ તમે એપ્રન અને સ્ટેથસ્કોપ ક્યાંથી કાઢ્યા?’ કાશ્મીરાને પ્રશ્ન થયો.

‘ડો. ઓઝાની ડિસ્પેન્સરીમાંથી બથાવ્યા. એમ્બ્યુલન્સ નો મળી પણ એક ચેનલવાળો મળી ગ્યો ને આપણે તો ડોક્ટર બનીને પુગી ગ્યા હોસ્પિટલમાં....ખેલ પાડી દીધો. સોલંકીને મળીને ખખડાવ્યો. મારો બેટો મારો ફોન નોતો ઉપાડતો...નિર્મલને મળીને આવ્યો. રસ્તા હંધાય મળે આપણે કાઢતા આવડવા જોઇ.’

‘હવે કરિયાણું લેવા કાલે હું જ જઇશ. તમારે બાર નીકળવાનું નથી.’ કાશ્મીરા બોલી.

‘કરિયાણું તો કાલે મળી જશે, નિર્મલને એની જિંદગી પાછી મળી જાય એવી પ્રાર્થના કરો.’

***********

મિસ એક્સે જ્યોતિના ઘરમાં પગ મૂક્યો. જ્યોતિ એને કબાટ પાસે લઇ ગઇ. ‘આમાંથી તને જે ફિટ થાય તે પહેરી લે.’ જ્યોતિએ સાઇન લેન્ગ્વેજનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. મિસ એક્સે હેન્ગરમાંથી એક ડ્રેસ ઉતારીને જ્યોતિને બતાવ્યો. જ્યોતિએ બાથરૂમ બતાવ્યો. મિસ એક્સ સલવાર કમીઝ પહેરીને બહાર આવીને ઊભી રહી.

**‘મૂંગી છોડીની સ્ટોરીમાં વધુ ખોદકામ કરવાનું રે’વા દેજે....એની કપાઇ ગયેલી જિંદગી સંધાઇ રહી છે.’**

‘અરે વાહ એકદમ પરફેક્ટ સાઇઝ છે.’ જ્યોતિ એને અરીસા સામે ઊભી રાખી. ‘કેટલી સુંદર છે તું. તારે હવે અહીં જ રહેવાનું છે. તું અને હું.’ મિસ એક્સ અમી ઝરતી આંખે જોતી રહી. એણે ઘરમાં નજર ફેરવી. ટેબલ પર જ્યોતિ અને એના હસબન્ડનો ફોટો જોયો. મિસ એક્સનો પ્રશ્ન સમજી ગયેલી જ્યોતિએ કહ્યુઃ ‘મારો હસબન્ડ.’

‘એ ક્યાં છે....?’ મિસ એક્સે ઇશારાથી પૂછ્યું.

‘અબુધાબીમાં જોબ કરવા ગયો છે.’ જ્યોતિએ કહ્યું.

‘એ પાછો આવશે તે પહેલા હું જતી રહીશ....’ મિસ એક્સે કહ્યું.

‘એ પાછો નહીં આવે. એણે ત્યાં લગ્ન કરી લીધા છે. બે દિવસ પહેલાં જ એણે ફોન કરીને મને ન્યૂઝ આપ્યા.’ જ્યોતિના મોં પર કોઇ દુઃખ...કોઇ અફસોસ નહતો. મિસ એક્સના ચહેરા પર દુઃખની ઝાંય ઊતરી આવી.

‘તું દુઃખી નહીં થા..એ મારા જીવનમાંથી નીકળી ગયો છે. બસ, તસવીરમાંથી કાઢવાનો બાકી હતો.’ જ્યોતિએ ફ્રેમમાંથી ફોટો કાઢીને બે ટુકડા કર્યા ને પોતાનો ફોટો ફરી ફ્રેમમાં મૂક્યો. ‘મારી પાસે પાછળ ફરીને જોવાનો ટાઇમ નથી. મૂવ ઓન....છૂટાછેડાનું સેલિબ્રેશન થવું જોઇએ.’

જ્યોતિ સાઇન લેન્ગ્વેજથી કહી રહી હતી ત્યારે મિસ એક્સ એમાંથી કોઇ બોધપાઠ લઇ રહી હતી.

**************

સાંજે એટુઝેડ ન્યૂઝ ચેનલ પર રિપોર્ટર સંજુએ સમાચાર વહેતા મુક્યા. ‘જી. જી. ભોય હોસ્પિટલની મૂક-બધીર યુવતી કોરોનામાંથી સાજી થઇ ગઇ છે. એને ડિસ્ચાર્જ પણ મળી ગયો છે અને એ કોઇ અજ્ઞાત સ્થળે જતી રહી છે. આ સાથે અમારી ચેનલ મિસ એક્સના ન્યૂઝ પર પૂર્ણવિરામ મુકે છે.’

સંજુએ ન્યૂઝ પર પૂર્ણવિરામ મૂક્યું, પણ છેલ્લા થોડા દિવસથી સમાચારને ધ્યાનથી જોઇ રહેલા ઇન્સ્પેક્ટર શિંદેને એમાં અલ્પવિરામ દેખાયું. એણે એટુઝેડ ચેનલમાં સંજુને ફોન કર્યો.

સાંજે શિંદેની સામે બેઠેલા રિપોર્ટર સંજુની ઊલટતપાસ શરૂ થઇ, પણ સંજુ અઠંગ ખેલાડી હતો. એ આ કેસની સચ્ચાઇ જાણી-સમજી ચુક્યો હતો અને એટલે જ એણે કેશુકાકાની વાત માનીને વધુ ખોદકામ નહીં કરવાનો ફેંસલો કર્યો હતો.

‘શિંદે સા’બ, કૂછ દમ નહીં યે કેસ મેં. ફાલતુ કા ટાઇમ વેસ્ટ હૈ. કોરોના કે રિપોર્ટિંગ સે થક ગયા થા તો સોચા કૂછ અલગ કરતા હું....મગર કૂછ મિલા નહીં. આપ ભી અપના ટાઇમ વેસ્ટ મત કરો.’

‘તો ફિર તૂં કેસ કે પીછે ઇતના ક્યું પડા થા?’ શિંદેએ પૂછ્યું.

‘ટાઇમ ખરાબ કિયા. આપને દેખા હમારે સિવા ઓર કિસી ચેનલને અપના ટાઇમ વેસ્ટ કિયા?’

‘ઠીક હૈ તૂમ જાઓ.’ શિંદે બોલ્યો.

**************

સંજુએ છોડી દીધેલો છેડો પકડીને ઇન્સ્પેક્ટર શિંદે હોસ્પિટલના ગેટ પર પહોંચ્યો. વોચમેન મિશ્રાએ એને સલામ મારી.

‘તુમકો મૈંને ટીવી મેં દેખા થા.’ ઇન્સ્પેક્ટરે કહ્યું. વોચમેન ગેલમાં આવી ગયો.

‘હાં સા’બ હમરે ગાંવ મેં બહુત લોગ દેખે હમકો. સબ બોલે કિ હમ છા ગયે થે સસૂરા...’

‘ઓર એક બાર છા જાને કો મૌકા હૈ.....બતાઓ ઉસ ગૂંગી ઓરત કે બારે મેં ક્યા જાનતે હો.?’ ઇન્સ્પેક્ટરે કહ્યું.

‘સા’બ કોઇ ઉસે રાત મેં છોડ કર ચલા ગયા. ફિર એક રાત કોઇ આદમી બુરખા પહેન કે ઘૂસ આયા. વો ઔરત ચિલ્લાઇ, ભગદડ મચ ગઇ. હમ ઉસકે પીછે દૌડે પર સસૂરા ભાગ ગયા.’

‘તુમને ઉસકા ચહેરા દેખા થા......?’

‘નહીં સા’બ, હાં, દિનવાલા વોચમેન હમકો બતાયા બાદ મેં ન્યૂઝ ચેનલવાલા કોઇ એક આદમી કો લેકર આયા થા...સૂના હૈ કી વો ઉસકા પતિ થા.’

‘રિપોર્ટર સંજુ ખોટું શા માટે બોલ્યો કે ઇસ કેસ મેં કૂછ દમ નહીં...ટોટલ ટાઇમ વેસ્ટ હૈ....’ ઇન્સ્પેક્ટર શિંદે વિચારવા લાગ્યો.

‘યે સોલંકી કૌન હૈ....?’ ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

‘બીએમસી કે હેલ્થ ઓફિસર હૈ....?’

‘વો કહાં મિલેંગેં....?’

‘યહીં પર મિલેંગેં.....’ મિશ્રાજીએ કહ્યું.

‘હોસ્પિટલ કે ઇન્ચાર્જ કૌન હૈ.....?’

‘ડો. શાહ બડે ડોક્ટર હૈ....’ મિશ્રાજીએ કહ્યું.

રિપોર્ટર સંજુનું ખોટું નિવેદન...અજાણ્યા શખસનો મૂંગી બહેરી ઔરતનો પતિ હોવાનો દાવો... સોલંકીનું એને મળવું....મૂંગી-બહેરી ઔરતને ડિસ્ચાર્જ મળવું...સહિતના સંખ્યાબંધ પ્રશ્નો સાથે ઇન્સ્પેક્ટર શિંદે અંદર ગયો. લોબીમાં જ્યોતિ મળી. એ નજર બચાવીને ચાલવા લાગી.

‘એક મિનિટ રૂકો જરા.’ જ્યોતિ ફફડી ઊઠી. ‘અંતે એ જ થયું જેનો ભય હતો.’ એ મનમાં બોલી.

‘ડો. શાહ કહાં મિલેંગેં?’

‘જી, આઇએ મેરે સાથ.’ જ્યોતિને થોડો હાશકારો થયો. એણે એમને કેબિનમાં બેસાડ્યા.

‘મૈં ડો. શાહ કો ભેજતી હું.’

‘રુકો જરા... તુમ ઉસ ગૂંગી બહેરી ઔરત કે બારે ક્યા જાનતી હો?’

‘વો ગૂંગી. સા’બ, ઉસકો તો ડિસ્ચાર્જ મિલ ગયા.’

‘વો તો મૈં ભી જાનતા હું...વો કહાં ગઇ....ઉસકા પતિ, રિશ્તેદાર કોઇ આયા થા....?’

‘નહીં સા’બ મુઝે કૂછ પતા નહીં.’

‘તુમ જાનતી નહીં એક આદમી બુરખા પહેન કે આયા થા.... કૌન થા વો.’

‘મૈને યે સૂના હૈ. કૌન થા મુઝે નહીં માલુમ.’ જ્યોતિએ કહ્યું.

‘ઠીક હૈ...ડો. શાહ કો બુલાઓ.’ જ્યોતિ કોઇ જાનવરથી જીવ બચાવવા ભાગે એમ ત્યાંથી ભાગી. વોર્ડમાંથી બહાર નીકળેલા ડો. શાહને જોઇને બોલીઃ ‘સર, પોલીસ આવી છે. મને બહુ ડર લાગે છે, સર.’

‘ડોન્ટ વરી. હું જોઇ લઉં છું. તું સોલંકીને મોકલ.’

************

‘સોરી ઇન્સ્પેક્ટર આપકો વેઇટ કરની પડી.’ ડો. શાહે ખુરસી પર બેસતાં કહ્યું.

‘નો પ્રોબલમ...મૈં ઇન્સ્પેક્ટર શિંદે. આપકો ઇસ ક્રિટિકલ ટાઇમ મેં તકલીફ દે રહા હું.’

‘જી કોઇ બાત નહીં.....બતાઇએ.’

‘ગૂંગી બહેરી ઔરત કે બારે મેં ઇન્ક્વાયરી કરની હૈ. સોલંકી કો બુલાઇએ પ્લીઝ.’

સોલંકી પ્રવેશતાં બોલ્યોઃ ‘મૈં સોલંકી. બોલિયે સા’બ.’

‘ડો. શાહ, ઉસ ગૂંગી ઓરત કે બારે મેં બતાઓ. વો કૌન થી...? કહાં સે આઇ થી....? ઉસકા પતિ કૌન હૈ....?’

‘ઇન્સ્પેક્ટર, ક્યા હમ જાન સકતે હૈ કી ઉસ ઔરત કા ગુન્હા ક્યા હૈ? હમારા ગુન્હા ક્યા હૈ? ઉસકો કોરોના હુઆ યે ઉસકા ગુન્હા હૈ? હમને ઉસકી ટ્રીટમેન્ટ કી ક્યા યે હમારા ગુન્હા હૈ?’ ડો. શાહે કહ્યું.

‘હમેં સિર્ફ ઇતના માલુમ હૈ સા’બ કિ વો એક ગૂંગી લાચાર ઔરત થી. કોઇ ઉસસે પીછા છુડાને કે લિયે છોડ કર ચલા ગયા. બાદ મેં એક આદમી ઉસકા પતિ હોને કા દાવા કરતા હુઆ આયા. મુઝે ઉસકી સકલ દેખ કર માલુમ પડ ગયા કી વો ઝૂઠા હૈ. ફસાઇ હોગી ઉસ ગૂંગી લાચાર કો.’ સોલંકી બોલ્યો.

‘અચ્છા હુઆ વો ઠીક હો ગઇ ઔર હમને ઉસ કો ડિસ્ચાર્જ દે દિયા, વરના વો ફિર ઉસ હેવાન કી ચુંગાલ મેં ફંસ જાતી.’ ડો. શાહે કહ્યું.

‘સૂના હૈ યમરાજા ભી એક ઘર છોડ દેતા હૈ.’ સોલંકી બોલ્યો ને ઇન્સ્પેક્ટર ઊભો થઇને ચાલવા માંડ્યો. જ્યોતિ વોર્ડના દરવાજા પાછળ સંતાઇને જોઇ રહી હતી.

*************

ઇન્સ્પેક્ટર શિંદેએ રિપોર્ટર સંજુને કોલ કરીને કહ્યુઃ ‘તુમ પત્રકાર લોગ ભી કભી કભી અચ્છા કામ કરતે હો.....’

‘સા’બ, મૈં ભી આપકો યહી કહેનેવાલા થા કી આપ પુલીસવાલે ભી કભી કભી......’ ઇન્પેક્ટર શિંદેએ ફોન મૂકી દીધો. (ક્રમશઃ)■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# નવી પેઢીની નવી ખામોશી: જેન-ઝી કેમ નથી ઉઠાવતી વિદ્રોહની મશાલ

થોડા દિવસ પહેલાં બિહારની ચૂંટણીને લગતા એક રાષ્ટ્રીય ન્યુઝ ચેનલના કાર્યક્રમમાં ઉપસ્થિત ગૃહમંત્રી અમિત શાહે એક દિલચસ્પ નિરીક્ષણ કર્યું હતું. તેમને પૂછવામાં આવ્યું કે નેપાળ જેવું આંદોલન અહીં સંભવ છે? કારણ કે બિહારના ચૂંટણી પ્રચારમાં જેન-ઝી (૧૩થી ૨૮ વર્ષની જનરેશન ઝેડ)ને એવા વિરોધ માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

જવાબમાં અમિત શાહે કહ્યું હતું કે, 'ભારત એ કંઈ નેપાળ નથી. અહીં નેપાળ જેવો જેન-ઝી વિદ્રોહ સંભવ નથી. આપણા દેશમાં લોકતંત્રનાં મૂળિયાં બહુ ઊંડાં છે.'

આ નિરીક્ષણ સાચું છે. ભારતના યુવાનોમાં અસંતોષ તો છે, પણ તે મોટી સંખ્યામાં સડક પર ઊતરી નથી આવતા. વિશ્લેષકો અનુસાર આ મુદ્દો ઘણો જટિલ છે અને તેનાં ઘણાં સામાજિક, રાજકીય અને મનોવૈજ્ઞાનિક કારણો છે.

બીજી તરફ, ગૃહમંત્રીનો તર્ક એવો છે કે ભારતમાં લોકતાંત્રિક વ્યવસ્થા જૂની અને મજબૂત છે એટલે અસંતોષ વ્યક્ત કરવા માટે ચૂંટણી, અદાલત, મીડિયા અને રાજકીય સંસ્થાઓ દ્વારા અનેક રસ્તાઓ ઉપલબ્ધ છે. યુવાઓ આ રસ્તાઓનો ઉપયોગ કરવો વધુ સરળ અને સલામત માનતા હોવાથી તેમને નેપાળ જેવા તીવ્ર અને વિસ્ફોટક સડક-આંદોલન કરવાની જરૂરિયાત લાગતી નથી.

ભારતનું સામાજિક માળખું પણ આ સ્થિતિને આકાર આપે છે. અહીં યુવકો ફક્ત તેમની ઉંમરના આધાર પર નથી ચાલતા. એ જાતિ, ભાષા, પ્રદેશ, સમુદાય અને સ્થાનિક રાજકીય પરિસ્થિતિથી પરિભાષિત થાય છે. આ વિવિધતા દેશની શક્તિ છે, પરંતુ વ્યાપક, રાષ્ટ્રીય સ્તરે એકસૂત્રિય યુવા આંદોલનની દ્રષ્ટિએ તે વિભાજન સર્જે છે. કોઈ એક જ મુદ્દો સમગ્ર દેશના યુવાનોને એકસાથે ઊભા કરી દે એવું દુર્લભ બની રહ્યું છે. આ કારણે તેમનો વિરોધ મોટાભાગે સ્થાનિક કે મર્યાદિત ક્ષેત્રોમાં જ રહે છે- જેમ કે કોઈ રાજ્યમાં આરક્ષણ અંગે અસંતોષ, અથવા કોઇ યુનિવર્સિટીના અંદર વિદ્યાર્થીઓની હડતાલ, પરંતુ આવા મુદ્દા એક રાષ્ટ્રીય આંદોલનમાં સરળતાથી તબદીલ થતા નથી.

એક મોટું કારણ આર્થિક અસુરક્ષા પણ છે. મોટી સંખ્યામાં યુવાઓ બેરોજગારી, અસ્થિર નોકરીઓ અને ભવિષ્યની અનિશ્ચિતતા સાથે ઝઝુમતા હોય છે. તેમના માટે તેમનું વ્યક્તિગત ભવિષ્ય પ્રાથમિકતામાં હોય છે. તેવી સ્થિતિમાં ખુલ્લે આમ વિરોધ પ્રદર્શન કરવું જોખમી લાગે છે- જેમ કે નોકરીના અવસર ગુમાવવાનો ભય, કારકિર્દી પર ધબ્બો લાગવાની ચિંતા, સામાજિક અથવા રાજકીય લેબલિંગનો ડર, વગેરે.



ભારતમાં ઘણા યુવાન માનતા હોય છે (અને તે માન્યતા પારિવારિક પરંપરામાંથી આવે છે) કે વિરોધ કે અંદોલન કરીને નહીં, પણ ચુપચાપ ભણીને, નોકરીઓની શોધ કરીને અથવા વિદેશ જઈને પોતાનું કિસ્મત બદલી શકાય છે. આ પેઢી માને છે કે સડક પર ઊતરીને ઝંડા લહેરાવા કરતાં મહેનત કરવાનો રસ્તો વધુ વ્યવહારુ છે. તે ઉપરાંત, રાજકીય વાતાવરણમાં એક પ્રકારની નિરાશા છે. કેટલાક યુવાનોને ડર છે કે જો એ સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવે તો તેમને 'રાષ્ટ્ર વિરોધી' તરીકે ચીતરી દેવામાં આવશે. એક સમયે યુનિવર્સિટીઓનાં કેમ્પસ મોટી વિદ્યાર્થી ચળવળનાં કેન્દ્ર હતાં. આજે તે પ્રતિબંધ, સખ્ત દેખરેખ અને વહીવટી દબાણના કારણે નિષ્ક્રિય થઇ ગયાં છે. હાઇ-પ્રોફાઇલ વિદ્યાર્થીઓ અથવા કાર્યકરો પર થતી કડક કાર્યવાહીના અહેવાલો પણ યુવાનોમાં એક અજાણ્યો ભય ફેલાવે છે, જેના કારણે મોટા જૂથો માટે સડકો પર ઊતરવું વધુ મુશ્કેલ બને છે.

ભારતની સંઘીય રાજકીય વ્યવસ્થા પણ ફરક ઊભો કરે છે. અહીં સત્તા અનેક સ્તરોએ વિભાજીત છે- જેમ કે કેન્દ્ર

સરકાર, રાજ્ય સરકાર, સ્થાનિક સંસ્થા- તેના કારણે કોઈ એક સ્થળનું આંદોલન સરળતાથી દેશવ્યાપી સ્વરૂપ લેતું નથી. આ સંદર્ભમાં નેપાળની ઘટના સમજવા જેવી છે. એક તો તે દેશ બહુ નાનો છે અને સત્તા વિભાજિત નથી.

કેન્દ્રીય સત્તા હોવાના કારણે નેપાળના યુવાનોમાં એ સ્પષ્ટ હતું કે તેમને કોનો વિરોધ કરવાનો હતો. બીજું, ત્યાં લોકતાંત્રિક વ્યવસ્થાઓ પણ એટલી મજબૂત કે સક્રિય નથી એટલે એક વિરોધ ઝડપથી રાષ્ટ્રવ્યાપી બની ગયો અને ૪૮ કલાકમાં સરકારને સત્તામાંથી ઉથલાવી નાખી. એશિયા અને આફ્રિકાના અમુક દેશોમાં પણ આવું જ જોવા મળે છે. અમુક લોકો માને છે કે આવા આંદોલનોમાં દેશ બહારનાં તત્ત્વો પણ સક્રિય હોય છે.

એ સાચું છે કે ભારતીય યુવાનોમાં અસંતોષ છે. બેરોજગારી, મોંઘવારી, અસમાનતા અને તકોની કમી જેવા મુદ્દાઓ જીવંત છે અને તે અંગે જાગરૂકતા પણ છે. સોશ્યલ મીડિયા પર વારંવાર તેની ચર્ચા પણ થાય છે, પરંતુ તે આક્રોશનું સ્વરૂપ ધારણ કરીને સડકો પર આવી જાય એટલી તીવ્રતા નથી જોવા મળતી. સપ્ટેમ્બર મહિનામાં લડાખમાં પોલીસ અને આંદોલનકારીઓ વચ્ચે સંઘર્ષ થયો હતો, પણ તે થોડા જ વખતમાં શાંત પડી ગયો હતો.

આ આખી ચર્ચાનો નિષ્કર્ષ એ છે કે ભારતમાં યુવાનોમાં બેચેનીની કમી નથી, પરંતુ તેમને એક જૂથ કરે તેવા મુદ્દાઓ, જોખમ ઉઠાવવાની ભાવના અને રાજકીય-સામાજિક માહોલ-આ ત્રણ બાબતની ગેરહાજરી મોટા પાયે આંદોલનને આકાર આપતાં અટકાવે છે. ગૃહમંત્રીનું નિરીક્ષણ સંસ્થાગત મજબૂતી અને સામાજિક વિવિધતાના આધાર પર ટકેલું છે, પરંતુ વિવેચકોનું માનવું છે કે તેનો અર્થ એ નથી કે યુવાનોને કોઈ ફરિયાદ નથી.

તાજેતરમાં, 'બીબીસી'એ નેપાળ અને ભારતના યુવાનોની માનસિકતાની સરખામણી કરીને આવો જ પ્રશ્ન કર્યો હતો કે 'ભારતના યુવાનો કેમ સડકો પર ઉતરતા નથી?' પણ તે રિપોર્ટે એક હકીકતની ઉપેક્ષા કરી હતી કે સત્તાધારી ભાજપને દેશના ૪૦ ટકા યુવા વસતિનો ટેકો છે. નેપાળની સરખામણી ભારત સાથે કરવી અનુચિત પણ છે. ત્યાંની સરકારનાં પગલાં જનતા વિરોધી હતાં અને યુવાનો રાજકીય પ્રક્રિયાથી વિમુખ થઇ ગયેલા હતા. ભારતમાં, યુવાનો લોકતાંત્રિક વ્યવસ્થાઓમાં સૌથી વધુ હિસ્સેદાર બને છે.

ભારતની જેન-ઝી સડકો પર વિરોધપ્રદર્શનો નથી કરતી કારણ કે તે નોકરી-ધંધા, ઘર-પરિવાર બનાવવામાં અને દુનિયાની સૌથી ઝડપી વિકસતી અર્થવ્યવસ્થાનું આગામી પ્રકરણ લખવામાં વ્યસ્ત છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# શૅરબજાર એ કંઈ કસીનો નથી...!

**શૅરમાર્કેટને જુગારખાનું સમજવાની ભૂલ ન કરો. શૅરબજારમાં આગાહી કરનારા બે પ્રકારના હોય છે: એક એ કે જે જાણતા નથી અને બીજા એ કે જે એ પણ નથી જાણતા કે પોતે જાણતા નથી.!**

રોકાણ જગતની કેટલીક પાયાની વાત સમજ્યા બાદ આપણે હવે આ યાત્રામાં આગળ વધીએ. ઘણીવાર સમગ્ર ફાઈનાન્સિયલ માર્કેટમાં વ્યાપક આશાવાદ હોય છે. જો કે ક્યારેક વધુ પડતો આશાવાદ દુ:ખી કે નિરાશ પણ કરતો હોય છે, જો એ આશાવાદ સાથે ધીરજ અને વિવેક ભળેલા ન હોય. એટલું જ નહીં, ઉપરથી એ આશાવાદ સાથે પ્રલોભન અથવા ફટાફટ પૈસાદાર બની જવાનાં પરિબળ પ્રવેશી જાય છે. હાલ તો સેન્સેકસ એક લાખ થવાની અને નિફટી ૨૮૦૦૦ થવાની વાતો થવા લાગી છે. આવા સમય દરમિયાન જ તેજીમાં તણાઈ ન જવા સાવચેત રહેવાનું મહત્ત્વ વધી જાય છે. આ સંજોગોમાં અમે તમને ગભરાવા માગતા નથી, બલકે, માત્ર સાવચેત રહેવા કહીએ છીએ, કારણ કે આવો સમય અને આવી તક વારંવાર આવતી નથી. આવા સમયમાં કેટલાંક ઈન્વેસ્ટમેન્ટ ગુરુઓના સબક આપતા અનુભવસિદ્ધ વિધાનો કામ લાગી શકે.

## કોલસો ડાયમંડ નીકળી શકે

કહેવાય છે કે માર્કેટ તો બહુ જ ઊંચું ગયું છે, હવે આ ઊંચા ભાવે ખરીદીને ફસાઈ તો નહીં જઈએ ને? એવા સવાલ અને શંકા અનેક રોકાણકારોમાં હોય શકે છે. આ વર્ગને ભારતીય ઈન્વેસ્ટમેન્ટ ગુરુ રાકેશ ઝુનઝૂનવાલાનું આ વિધાન કામ લાગશે. તેમનું કહેવું હતું કે, 'ડાયમંડ જયારે કોલસાની અવસ્થામાં હોય ત્યારે ઓળખી લો...' શૅરબજારમાં સંપતિ સર્જન માટે આટલી સૂઝ કેળવવી મહત્ત્વની છે.

અર્થાત્, હાલ પણ ઘણાં શૅર એવા છે જેને કરન્ટ મળ્યો નથી, અથવા ઓછો મળ્યો હશે. આવા રોકાણકારોએ પોતે અભ્યાસ કરી અથવા યોગ્ય નિષ્ણાતની સલાહ લઈ આવા વૃદ્ધિ ન પામેલા સારી કંપનીઓના શૅર પર નજર કરવી જોઈએ.

યાદ રહે, ઝટપટ કમાણી કરી લેવાનો ઈરાદો ધરાવતા લોકો માટે આવી સારી કંપનીઓ પણ જોખમી સાબિત થઈ શકે છે.

## સટ્ટો ક્યારે કરવો?

એટલે જ આ ગુરુઓ એમ પણ કહે છે કે શૅરબજારમાં ઝડપથી પૈસાદાર બનવું એટલે વધુ ઝડપથી ગરીબ બનવું. કુદરતનો નિયમ છે કે જે જેટલી ઝડપી ગતિથી ઉપર જાય છે તે એટલી જ ઝડપી ગતિથી નીચે પટકાય છે. તમે ૨૧ મે માળે ગયા હો તો તમે ૧૨મે માળેથી ન પડો, બલકે ૨૧મે માળેથી જ પડો. બજાર વધવાનો આશાવાદ વધતો જાય ત્યારે સટ્ટાની મનોવૃત્તિ પણ વધતી જાય છે. સટ્ટો બજારનું અવિભાજય અંગ છે. સટ્ટા વગર બજાર સંભવ નથી, પણ સટ્ટો એ એક એવો પ્રયાસ છે, જે કદાચ તમારી નાની મૂડીને અઢળક



સંપતિમાં રૂપાંતર કરવામાં સફળ થાય અથવા નિષ્ફળ પણ જાય, જયારે ઈન્વેસ્ટમેન્ટ એ એવો પ્રયાસ છે, જે તમારી સંપત્તિને કમસે કમ નાની મૂડી બની જતી રોકવામાં સફળ રહે છે. એટલે જ અનુભવીઓ કહે છે, જીવનમાં માણસે બે સમયે સટ્ટો કરવો જોઈએ નહીં, એક જયારે તેને સટ્ટો પોષાતો ન હોય અને બીજો, જયારે તેને સટ્ટો પોષાતો હોય. તેથી જ ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ગુરુ સર જોહન ટેમ્પલટન ભારપૂર્વક કહે, ઈન્વેસ્ટમેન્ટ કરો- સતત ટ્રેડિંગ કે સટ્ટો ન કરો. શૅરબજાર એ કસીનો-જુગારખાનુ નથી, પરંતુ જો તમે દરેક વખતે બજારની વધઘટ સાથે લે-વેચ કરતા રહેશો તો બજાર તમારી માટે કસીનો બની જશે અને મોટાભાગના જુગારીઓની જેમ તમે વારંવાર કે અંતમાં નાણાં ગુમાવતા રહેશો.

## બજારની આગાહી થઈ શકે?

શૅરબજાર માટે આગાહી કરનારા વિશે અનુભવીઓ કહે છે કે,શૅરબજારમાં આગાહી કરનારા બે પ્રકારના હોય છે, એક એ જે કશું જાણતા નથી અને બીજા એ, જે એ નથી જાણતા કે પોતે જાણતા નથી....! આ જ કારણસર સર જોહન ટેમ્પલટન ફરી કહે છે કે, હું ક્યારેય કોઈને પૂછતો નથી કે બજાર આગામી સમયમાં વધશે કે ઘટશે, કેમ કે મને એટલી તો ખબર છે કે આ કહી શકે એવું કોઈ જ નથી.

આવા જ વૈશ્વિક ગુરુ બહુ સચોટ રીતે કહેતા હોય છે કે બજારના નિષ્ણાતો સહિત લોકો જયારે ખૂબ નિરાશાવાદી બની જાય ત્યારે લોકોએ ખરીદવાનું શરૂ કરવું જોઈએ અને તેઓ જયારે વધુ પડતા આશાવાદી બની જાય ત્યારે વેચવું જોઈએ. આમ તો આ વાત અત્યારે જ લાગુ પડી શકે છે, પરંતુ લાંબા ગાળા માટે ખરીદનારે આવા વિચાર કરવાની જરૂર નથી. અલબત, વિવેક અને સંયમ સાથે કયાંક -કયાંક પ્રોફિટ બુક કરી લેવામાં સાર હોય છે અને આવા સમયમાં મોટા કડાકામાં ખરીદવાની હિંમત પણ કરવી જોઈએ.

-અને હા, માર્કેટ માટે પણ આ યાદ રાખો કે

ધીરજનાં ફળ મીઠાં ને ઉતાવળનાં કડવા. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# શ્રીરંગનાથસ્વામી મંદિર એટલે અનન્ય ભવ્યતા વત્તા ઈતિહાસ

ક્યાંક ઈન્ટરનેટમાં દાવો થાય છે કે એ દુનિયાનું સૌથી મોટું મંદિર છે. મંદિરની સત્તાવાર વેબસાઈટ પર એવું જ કહેવાયું છે. આ મંદિર છે તામિલનાડુના શ્રીરંગમસ્થિત શ્રી રંગનાથસ્વામી મંદિર. અમુક જગ્યાએ એવોય ઉલ્લેખ મળે કે એ ભારતનું સૌથી મોટું મંદિર સંકુલ છે. જોકે અયોધ્યામાં અતિ ભવ્ય રામ મંદિર બન્યા બાદ કદાચ સૌથી મોટા મંદિર કે મંદિર સંકુલનો દાવો જોખમમાં મુકાઈ જ ગયો છે.

અલબત્ત, આમ છતાં શ્રી રંગનાથસ્વામી મંદિરનું મહત્ત્વ સહેજ પણ ઘટી જતું નથી. આ મંદિરની ભવ્યતા, વિશાળતા, ઈતિહાસ અને શ્રદ્ધા અડીખમ જ રહેવાના. ભગવાન વિષ્ણુને સમર્પિત આ મંદિરમાં ખુદ પ્રભુ વિષ્ણુ શેષનાગ શૈયા પર બિરાજમાન થયેલા દેખાય છે. દ્રાવિડ શૈલીમાં નિર્મિત આ મંદિરની ભવ્યતા આંખને આંજી નાખે એવી છે. ખ્રિસ્તીઓના આસ્થા સમાન શહેર વેટિકનને એક સ્વતંત્ર દેશનો દરજજો અપાયો છે પણ શ્રી રંગનાથસ્વામી મંદિર સંકુલનું કદ વેટિકનથી વધુ છે.

આ મંદિરનું સંકુલ ૧૫૫ એકર (૬૩ હેકટર) જમીનમાં પ્રસરેલું છે. આમાં ૮૧ મંદિર, ૨૧ ટાવર, ૩૯ પેવેલિયન અને પાણીના અગણિત ટાંકા છે. તિરુચિરાપલ્લીના શ્રીરંગમસ્થિત હોવાથી એને શ્રીરંગમ મંદિર પણ કહેવાય છે. આ મંદિર એક તરફ પવિત્ર કાવેરી નદીથી ઘેરાયું છે તો બીજી બાજુ કોલેરુન (કોલિદમ) નદી છે.







તિરુચિરાપલ્લી શહેરના એક ટાપુ પર આવેલું આ મંદિર સંસારના પાલનકર્તા ભગવાન વિષ્ણુને સમર્પિત ૧૦૮ મંદિરોમાંનું એક છે. એ દક્ષિણ ભારતનું સૌથી પ્રસિદ્ધ મંદિર છે. અહીં 'ઠેંકલાઈ' પ્રથાથી પૂજા કરાય છે. અહીં બિરાજમાન ભગવાન રંગનાથને વિષ્ણુનો અવતાર મનાય છે.

ભારતના મોટાભાગના મંદિર કોઈને કોઈ નદીના તટ પર કાં નદીની નજીક છે. કાવેરી નદીના ત્રણ પટ પર ત્રણ રંગનાથ મંદિર છે: (૧) આદિ રંગ-શ્રી રંગપટ્ટણનું રંગનાથસ્વામી મંદિર, (૨) શિવન સમુદ્રમનું રંગનાથસ્વામી મંદિર અને (૩) શ્રી રંગમનું રંગનાથસ્વામી મંદિર.

આમ તો થોડા સમય અગાઉ શ્રી રંગનાથસ્વામી મંદિર દુનિયાનું સૌથી મોટું સક્રિય મંદિર ગણાતું હતું. એમ તો વિશ્વનું સૌથી મોટું મંદિર કંબોડિયાનું 'આંગકોર વાટ' છે પણ એ સક્રિય નથી. કમ્બોડિયામાંય ભગવાન વિષ્ણુનું જ મંદિર છે. આ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા માટે ૨૦૧૭ની ત્રીજી નવેમ્બરે શ્રી રંગનાથસ્વામી મંદિરને યુનેસ્કો એશિયા પેસિફિક એવોર્ડ - ૨૦૧૭ પ્રદાન કરાયો હતો.

આ મંદિરમાં દર વર્ષે એક ઉત્સવ મનાવાય છે. આ વાર્ષિક ઉત્સવમાં દેવ-દેવીઓની પ્રતિમાને ઘરેણાથી સુશોભિત કરાય છે. સ્થાનિક લોકો ભારે ધામધૂમથી એની ઉજવણી કરે છે. અન્ય ઉત્સવ પણ ખરા. ડિસેમ્બર - જાન્યુઆરીમાં વૈકુંઠ એકાદશી ઉજવાય, જે ૧૦-૧૦ દિવસના બે ટુકડામાં મનાવાય છે. પહેલા દસ દિવસને 'પાગથ પથુ' કહેવાય. પછીના ૧૦ દિવસને 'રા પથુ' ઉત્સવ કહેવાય છે. રા પથુના પહેલે દિવસે વૈકુંઠ એકાદશી ઉજવાય. તમિળ કેલેન્ડરમાં આ ઉત્સવના અગિયારમા દિવસને એકાદશી ગણાય છે, જે દિવસ સૌથી પવિત્ર મનાય છે.

શ્રીરંગમ મંદિર બ્રહ્મોત્સવનું આયોજન માર્ચ - એપ્રિલમાં કરાય છે. આ ઉત્સવના બીજે દિવસે ભગવાનની મૂર્તિને મંદિરના બગીચામાં લઈ જવાય છે. ત્રીજે દિવસે આ પ્રતિમાને કાવેરી નદીથી થઈને જિયાપુર્રમ લઈ જવાય છે.

મંદિરમાં ઉજવાતા અન્ય ઉત્સવોમાં મહત્ત્વનો છે રથોત્સવ. જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં મુખ્ય દેવતાને રથ પર બેસાડીને મંદિરની પરિક્રમા કરાવાય છે. મંદિરમાં પૌરાણિક ગજ-ગૃહ ઘટનાને આધારે ચૈત્ર પૂર્ણિમા ઉજવાય છે. એની પાછળની કથા એવી છે કે મગરના જડબામાં ફસાઈ ગયેલા હાથીને બચાવવા માટે ભગવાન રંગનાથ મદદ કરવા આવે છે.

અહીંના એક - એક મંદિરની પૌરાણિક ગાથા ખૂબ પ્રસિદ્ધ છે. આથી દર વર્ષે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટતી રહે છે. કહેવાય છે કે આ મંદિર લંકા - વિજય બાદ ભગવાન શ્રીરામે વિભીષણને સોંપ્યું હતું. એની ભવ્યતા - સમૃદ્ધિ એટલી ભવ્ય છે કે અંગ્રેજો, મોગલો અને મરાઠાઓએ પણ લૂંટયું હતું.

હકીકતમાં તો આ કે આવા મંદિર કે પૌરાણિક સ્થળનું શબ્દો થકી યોગ્ય ચિત્ર ઊપસતું નથી. ખરો આનંદ તો વ્યક્તિગત મુલાકાતમાં છે. એમાંય આની પાછળની પૌરાણિક કથાઓ એટલી અચંબિત કરી મૂકનારી છે કે ત્યાં જવા માટે મન લલચાઈ જાય. વિશાળતા, ભવ્યતા, સંસ્કૃતિ, ઈતિહાસ અને આસ્થાના આ સંગમ એક અલગ જ દુનિયામાં લઈ જતા નથી? (ક્રમશ:)■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ...અને મને ફિલ્મમાં કામ કરવાની ઓફર મળી

હવેલીના મહારાજએ લખેલું નાટક ભજવતી વખતે આનંદ તો થયો જ, પણ કોણ જાણે કેમ મનની અંદર ખૂબ શાંતિ અને પ્રસન્નતા અનુભવી. આ નાટક પ્રોફેશનલ નહોતું. મતલબ કે એમાં કામ કરવાથી કંઈ નાઈટ નહોતી મળવાની કે નહોતી એની ભજવણી તેજપાલ, ભાઈદાસ કે બિરલા જેવા ઓડિટોરિયમમાં થઈ હતી જ્યાં પ્રેક્ષકોની દાદ - એમની તાળીઓ જોઈ - સાંભળી પાનો ચડી જાય. નહોતા પ્લોટમાં એવા કોઈ ટ્વિસ્ટ અને ટર્ન જે કલાકારને આત્મસંતોષ આપવાનું કામ કરે. તેમ છતાં બહુ સંતોષની લાગણી અનુભવી. આ નાટકના પચીસેક શો માંડ થયા હશે, પણ એના દ્વારા દર્શકોને, સાચું પૂછો તો ભાવકોને જે મેસેજ પહોંચ્યો અને એનાથી એમના ચહેરા પર કશુંક મેળવ્યાના ભાવ જોયા એ એક નાટકોની અંગત - વ્યાવસાયિક સફળતાથી થોડો વધુ રાજીપો થયો. કદાચ પ્રભુના પ્રેમની વાત હતી એટલે આવો અનુભવ થયો હશે. જૈન ધર્મ પર આધારિત નાટક કર્યું હતું એવા જ આનંદ અને સંતોષનું અહીં પુનરાવર્તન થયું. 'સર્વ ધર્મ સમભાવ' વિશે મોટા મોટા પરિસંવાદો કે આલેખનો કરતા આ અનુભવ ચડિયાતો હતો.

ધાર્મિક પાર્શ્વભૂમિ ધરાવતા નાટક કરતી વખતે એક અલગ જ અનુભૂતિ થતી હોય છે. ભૌતિકવાદમાં આપણે લપેટાઈ ગયા હોઈએ છીએ, પણ આવાં નાટકો સાચું ભાન કરાવી દેતા હોય છે. એ નાટકનો એક શો પતાવી હું વિચારે ચડી ગઈ હતી ત્યાં મારી દીકરી દર્શના (ચેરી)નો ફોન આવ્યો. મારો વન - રૂમ કિચનનો નાનકડો ફ્લેટ એ કોઈને ભાડે આપવા માગતી હતી. બીજી જ ક્ષણે મારા માંહ્યલાએ મને ઢંઢોળીને કહ્યું કે 'હવે એ તારું ઘર નથી.' મને હસવું આવી ગયું. હા, કાગળ પર એ ફ્લેટ મારા નામ પર હતો, પણ મેં તો એ ચેરીને આપી દીધો હતો. ત્યારે જ રેડિયો પરથી સ્તવનની પંક્તિઓ સંભળાઈ: તમે મન મૂકીને વરસ્યા, અમે જનમ-જનમના તરસ્યા, તમે મુશળધારે વરસ્યા, અમે જનમ જનમના તરસ્યા. અને મારાથી બે હાથ જોડાઈ ગયા. હું સોફા પરથી ઊભી થઈ ત્યારે મારા ખોળામાં પડેલો સીંગના ફોતરાંનો કચરો જમીન પર પડ્યો અને મેં જાણે મનમાંથી થોડો કચરો સાફ થયો હોય એવો અનુભવ કર્યો.

મારી પાસે કોઈ કામ નહોતું, પણ હવે ચિંતા કરવાનું કોઈ કારણ નહોતું, કારણ કે હવે હું દીકરા સાથે એના ફ્લેટમાં રહેતી હતી. એટલે દૈનિક જરૂરિયાતની કે માસિક ખર્ચની કોઈ ચિંતા કે પ્રેશર નહોતા. દીકરાની ગાડી પણ પાટા પર ચડી ગઈ હતી. એનું દૈનિક જીવન પૂર્વવત થઈ રહ્યું હતું. અને એક દિવસ અણધાર્યા સમાચાર મળ્યા, અલબત્ત રાજી થવાય એવા. કહે છે ને કે મુસીબત આવે ત્યારે ફોજ લઈને આવે તો સુખચેન આવે ત્યારે એકાદ બે મિત્રોને પણ સાથે લઈ આવે ને.

વાત એમ હતી કે ગામથી મારા કાકા - સસરા અચાનક ઘરે આવ્યા. અચાનક એમના આગમનથી આશ્ચર્ય તો થયું, પણ હશે એમને કોઈ કામ એટલે આવ્યા હશે એમ મન મનાવી લીધું. હું વચ્ચે વચ્ચે ક્યારેક ગામ જતી હતી અને સાસરિયા સાથે સંપર્ક જાળવી રાખ્યો હતો. ઔપચારિક વાતચીત પછી વડીલે બોમ્બ ફોડ્યો. અલબત્ત, આ બોમ્બથી ધડાકા - ધ્વંસ કે તારાજી ન થઈ બલકે, ફૂલોનો વરસાદ થયો.

'તારા સસરા ગુજરી ગયા ત્યારે એમની કેટલીક જમીન તારા નામ પર કરી ગયા હતા,' આ હતો કાકા - સસરાનો સુખદ ધડાકો.

મને તો કશી જ ખબર નહોતી, પણ અણધારી ગિફ્ટ મળી એનો અંદરખાને આનંદ જરૂર થયો. કાકા - સસરાને હું પગે લાગી અને મુંબઈ આવી આ વાત જણાવવા બદલ મેં હૃદયપૂર્વક આભાર માન્યો. સાથે સાથે બે હાથ પણ જોડાઈ ગયા. જમીન તો મળી, પણ એનું કરવું શું? એના વિચારો મનમાં દોડવા લાગ્યા. ગામમાં



જઈ જમીનમાં ખેતી કરવાની મારા દીકરાની કે મારી મુદ્દલ ઈચ્છા નહોતી. જમીનનો ટુકડો નહોતો, ૧૬ એકર જમીન હતી. દીકરા શાંગ્રિલ સાથે ચર્ચા કરી અને અડધો અડધ જમીન વેચી નાખવાનું નક્કી કર્યું. ગામ જઈ જરૂરી સહી - સિક્કા કરી આઠ એકર જમીન વેચી નાખી. એ સમયે એના વીસેક લાખ રૂપિયા આવ્યા અને એ બધા પૈસા મેં ચિન્ટુ (કુલદીપ)ને આપી દીધા અને કહ્યું કે 'જા, તારું પોતાનું ઘર ખરીદી લે.'

મેં આ બધું સહજ ભાવથી અને મારી ઈચ્છાથી, મારી ફરજ સમજીને કર્યું હતું. મારા આ નિર્ણયથી મારાં કાકી - સાસુને બહુ નવાઈ લાગી. 'તું આ બધા પૈસા આપી દેવાની છો?' તેમના ચહેરા પર અચંબો હતો. 'હા, એમાંથી એક પૈસો મારે નથી રાખવો. મારા માટે ચિન્ટુનું ઘર થઈ જાય એ વધારે મહત્ત્વનું છે.' છેવટે 'મારે પણ એક ઘર હોય' એ ચિન્ટુનું સપનું હકીકત બની ગયું. બધું થાળે પડી ગયું. પરિવારનો દરેક સભ્ય આનંદથી જીવી રહ્યો છે. જીવનની સમી સાંજે આ બધું જોઈ મને વિચાર આવે છે કે ઈશ્વરે મારી ઘણી કસોટી કરી, મારા માથે અનેક મુસીબતના પહાડ પણ તૂટી પડ્યા, પણ દરેક સમસ્યામાંથી પ્રભુએ મને હેમખેમ બહાર કાઢી મને જોઈતું હતું એ બધું, સાચું કહું તો એથી વિશેષ મને આપ્યું છે.

સમય સૌનો બદલાય છે, અલબત્ત, ક્યારે અને કેવો એની ધારણા કે કલ્પના નથી કરી શકાતી. માસ્તરે (મારા પતિએ) આટલી બધી જમીન એમના પિતા પાસે છે એની વાત ક્યારેય મને નહોતી કરી અને અચાનક એ જમીનની હું માલિક થઈ ગઈ. વન રૂમ - કિચનનો ફ્લેટ આપી દેવો પડ્યો પછી એવા અનેક ફ્લેટ લઈ શકું એવી વ્યવસ્થા ભગવાને કરી આપી. શાંગ્રિલના ચહેરા પર પણ પહેલા જેવી રોનક દેખાઈ રહી હતી. આ બદલાવ શેને કારણે હતો એ હું સમજી ગઈ. તેણે મને કશું કહ્યું નહોતું પણ એના જીવનમાં મધુરતાનો પ્રવેશ થયો છે એ મારું અનુમાન હતું જે સાચું સાબિત થયું.

એક દિવસ આવી મલકાતા મોઢે મને કહેવા લાગ્યો કે 'આઈ, આપણે આ ઘર રિનોવેટ કરવું છે.' હું પણ સામે મલકાઈ અને એટલું જ કહ્યું કે 'કેમ, લાઈફ રિનોવેટ કરવાનું નક્કી કર્યું લાગે છે.' અને મારો દીકરો, મારો શાંગ્રિલ શરમાઈ ગયો, નીચું મોઢું કરી ડોકું હકારમાં ધુણાવ્યું અને હું સમજી ગઈ કે 'મૈને એક લડકી પસંદ કર લી' જેવી વાત છે. એને લગ્ન કરી ઠરીઠામ થવું હતું.

ઘરને નવેસરથી શણગારવાનું હતું એટલે અમારે બંનેએ અન્ય ઠેકાણે રહેવું જવું પડે એમ હતું. શાંગ્રિલના જીવનમાં આવેલી એ કન્યાનું નામ હતું પૂજા. એ તરત આવી અને ઘર બદલવા માટે જે પણ કરવાનું હતું એમાં બનતી બધી મદદ કરી. રહેવાનું ઘર શોધવાની તો કોઈ જરૂર નહોતી, કારણ કે ચિન્ટુનો પોતાનો ફ્લેટ હતો જ. હું એના ઘરે રહેવા જતી રહી. શાંગ્રિલ તો એક મહિનો બહાર જ હોય અને એક મહિનો મુંબઈ પાછો ફરે ત્યારે ક્યારેક ચિન્ટુના ઘરે તો ક્યારેક પૂજાના ઘરે રહેવા જતો રહે. વાત ત્રણ - ચાર મહિનાની હતી, કારણ કે એટલા સમયમાં તો ઘર રિનોવેટ થઈ જશે એમ દીકરાએ મને કહ્યું હતું.

એવામાં એક દિવસ ફોન આવ્યો, 'હેલો મહેશ્વરીજી?' મેં કહ્યું, 'જી બોલ રહી હૂં'. એટલે સામે છેડેથી સવાલ થયો કે 'આપ ફિલ્મ મેં કામ કરોગે?'

## રંગભૂમિ મારી જનેતા છે, મને એના ખોળામાં આળોટવા દ્યો

ગુજરાતી ફિલ્મોમાં મંજરી દેસાઈ સાથે કોમેડી પેરની જબરદસ્ત જોડી જમાવી અનેક દર્શકોને પેટ પકડી હસાવનારા રમેશ મહેતા મૂળે તો રંગભૂમિનો જીવ હતા. કોઈ કલાકારનું નાટક જોવા ગયા હોય અને કોઈ દ્રશ્ય કે અભિનય ગમી જાય તો તેમના ખૂબ જ જાણીતા લહેકા 'ઓ હો હો' કરી એવી રીતે બિરદાવતા કે કલાકારને અનન્ય પ્રમાણપત્ર મળી ગયું હોય એવી લાગણી થતી. રમેશ ભાઈના પિતા મીઠાઈની દુકાન ચલાવતા હતા, પણ સાહિત્ય અને નાટકના શોખીન હતા. સાહિત્ય અને નાટકનો વારસો રમેશભાઈને પિતાશ્રી પાસેથી મળ્યો હતો. ભણવામાં ચિત્ત ન ચોંટ્યું અને પિતાશ્રીના ધંધા માટે રુચિ પેદા ન થઈ, પણ નાટકોમાં રસ ધીમે ધીમે વધવા લાગ્યો. હવે તો રંગભૂમિ જ મારું જીવન એવી ગાંઠ વાળી અને નાટ્ય પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઈ ગયા. કિશોરાવસ્થામાં તેમણે 'પ્રીતમલાલના પગલે', 'સૂડી વચ્ચે સોપારી' તેમજ 'હું એનો વર' જેવાં નાટકો લખ્યા. એ સમયે અનેક લોકોની માન્યતા બંધાઈ ગઈ હતી કે રમેશ મહેતા રંગભૂમિની ઉજ્જવળ આવતીકાલ છે. રમેશભાઈને પણ લગાવ હતો જ એટલે વધુ અનુભવ મેળવવા રાજકોટથી મુંબઈ પધાર્યા. અહીં બેકસ્ટેજ સહિત નાટકના વિવિધ પાસાની તાલીમ લીધી. કોસ્ચ્યુમ, મેકઅપ વિશે પણ જાણકારી મેળવી અને તક મળી ત્યારે સંસ્કૃત નાટકો જોયા, એનું અધ્યયન પણ કર્યું. મુંબઈમાં તેમને 'કોઈનું મીંઢળ કોઈના હાથે'ના પ્રસિદ્ધ અભિનેત્રી કલ્પના દીવાનના સાથ સહકાર મળ્યા. રાજકોટના પ્રખ્યાત હેમુ ગઢવી હોલનું ઉદઘાટન થયું ત્યારે રમેશ મહેતા હાજર હતા. એ સમયે ફિલ્મી હસ્તી તરીકે વધુ જાણીતા હતા, પણ નાટ્ય હોલના ઉદઘાટન પ્રસંગે લાગણીવશ થઈ ગયા અને બોલ્યા કે 'હું રંગભૂમિના ખોળે ઉછર્યો છું. આ તખ્તો મારી જનેતા છે. મને તેના ખોળામાં આળોટવા દ્યો.' એમ બોલી તેઓ સૂઈને આખા સ્ટેજ પર આળોટ્યા હતા. ■

ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# નોખા શબ્દોની અનોખી 'વર્ડ ઑફ ધ યર'ની આગવી સ્પર્ધા...

**જેમ દર વર્ષે સીનેરસિકો 'ઑસ્કર' કે 'ફિલ્મફેર એવૉર્ડસ' કે સાહિત્યપ્રેમીઓ 'બુકર પ્રાઈસ' ની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તેમ દેશ-વિદેશના ભાષાપ્રેમીઓ પણ અંગ્રેજીની જાણીતી ડિક્ષનરીઓ દ્વારા પસંદગી પામતા 'વર્ડ ઑફ ધ યર' શબ્દની ઉત્કંઠાભેર પ્રતીક્ષા કરે છે. આ વર્ષ-૨૦૨૫ માટે 'પેરાસોશ્યલ' શબ્દ ચૂંટાયો છે. કેવી રીતે થાય છે આવા શબ્દોની પસંદગી અને કેવી હોય છે વિભિન્ન શબ્દો વચ્ચે સ્પર્ધા...?**

-તો જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી એવો એક નવો અંગ્રેજી શબ્દ આવી ગયો છે આમ તો એ શબ્દ કંઈ રાતોરાત શોધાતો નથી. એ સાવ નવો પણ નથી હતો. દર વર્ષે સમકાલીન-સાંપ્રત ઘટનાઓને ધ્યાનમાં રાખીને કેટલીક ખ્યાતનામ અંગ્રેજી ડિક્ષનરી 'વર્ડ ઑફ ધ યર' તરીકે એક વિશેષ શબ્દ પર પસંદગી ઊતારે છે. માત્ર એને 'આ વર્ષના શબ્દ' તરીકે નવાજવામાં આવ્યો છે

આ વર્ષના આવા એક અંગ્રેજી શબ્દની ગયા અઠવાડિયે જ વરણી થઈ ગઈ છે અને એ શબ્દ છે 'પેરાસોશ્યલ' . આ શબ્દના અર્થ વિશે અને કેમ એની પસંદગી થઈ એ જાણતા પહેલાં વિશ્વભરની ભાષામાં નવા શબ્દો કેમ ઉમેરવા પડે છે અને એ કઈ રીતે ઉમેરાય છે એની ક્રિયા- પ્રક્રિયા જાણી લઈએ...

'સાધુ તો ચલતા ભલા...' અને 'નદી તો વહેતી સારી' એવી આપણી બે જાણીતી ઉક્તિ છે. આ ઉક્તિ જેવું જ આપણા બોલાતાં- લખાતાં શબ્દ-લિપિનું છે અને એટલે જ કદાચ પેલી કહેવતઃ 'બાર ગામે બોલી બદલાય...' પણ વપરાશમાં આવી છે.

ખાબોચિયાનું બંધિયાર પાણી ગંધાય એ જ રીતે કોઈની પણ ભાષાના લખાણ કે બોલવાના શબ્દો સીમિત થઈ જાય તો લાંબાં ગાળે એ ભાષા મૃતપ્રાય બને છે, જેમ કે આપણી સંસ્કૃત ભાષા...

કોઈ પણ ભાષા-લિપિને જીવંત રાખવા એમાં પણ વિવિધતા લાવવી પડે. પલટાતા યુગ-સમયની સાથે એ ભાષામાં નવા નવા શબ્દ ઉમેરવા પડે. અલબત્ત, આવી કામગીરી નિપૂણ ભાષાશાસ્ત્રીઓ દ્વારા સતત સંશોધન પછી સામૂહિક પ્રયાસથી થતી હોય છે.


અગાઉ બ્રિટનની 'ઑક્સફર્ડ' કે 'કેમ્બ્રિજ' વિશ્વવિદ્યાલયના ભાષાપંડિતો પોતાની રીતે સંશોધન કરી- સમીક્ષા કરી ને પછી વિશ્વવિદ્યાલયની ડિક્ષનરીમાં નવા શબ્દો ઉમેરાતા. આ પ્રક્રિયા પછી એને ભાષાજગતમાં માન્યતા મળતી.

દર વર્ષે સરેરાશ ૪૦૦૦થી વધુ નવા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશોમાં ઉમેરાતા હોય છે. વર્ષોથી દર નવેમ્બર - ડિસેમ્બર મહિનામાં નવા શબ્દ કે શબ્દપ્રયોગ ઉમેરાય છે. ૨૦૨૪માં તો 'કેમ્બ્રિજ' ડિક્ષનરી' એ ૬૦૦૦થી વધુ નવા એના શબ્દકોશમાં ઉમેરીને એક વિક્રમ કર્યો હતો.


બીજી તરફ 'ઑક્સફર્ડ યુનિવર્સિટી' પાસે એની શબ્દકોષ-ડિક્ષનરી માટે અત્યારે ૧૯ અબજથી વધુ શબ્દભંડોળ છે, જેમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આવાં શબ્દભંડોળમાંથી ભાષાનિષ્ણાતો જે-તે વર્ષે વધુ ચલણમાં આવેલા ચુનંદા શબ્દોમાંથી એકને 'વર્ડ ઑફ ધ યર' તરીકે પસંદ કરે છે.

અગાઉ 'વર્ડ ઑફ ધ યર' શબ્દની વરણી કરતાં પહેલાં વાચકોની પસંદગી ભાગ્યે જ ધ્યાનમાં લેવાતી, એ વખતે લાંબાંપહોળાં સર્વે થતાં, પણ છેલ્લાં બે-ત્રણ વર્ષથી 'ઑક્સફર્ડ' અને બીજી ડિક્ષનરીવાળા વાચકોને પણ એમની પસદંગી વ્યકત કરવા કહે છે. હવે તો ઓનલાઈનની સુવિધા હોવાથી આવાં સર્વે બહુ ઝડપથી થાય છે ને વિશાળ વાચક-વર્ગને આવરી શકાય છે. આજના ડિજિટલ યુગમાં ઓનલાઈન ન્યૂઝ- વ્યૂઝનું વાંચન વધ્યું છે. પરિણામે હવે 'ઑક્સફર્ડ' કે 'કેમ્બ્રિજ' ડિક્ષનરીની સાથોસાથ અન્ય ઓનલાઈન ડિક્ષનરીવાળા વિભિન્ન નવા શબ્દો વાચક સમક્ષ મૂકે છે અને વાચકો પણ એને વધાવે છે. પરિણામે આજકાલ આ રીતે અનેક શબ્દ વચ્ચે 'વર્ડ ઑફ ધ યર' માટે રસપ્રદ સ્પર્ધા થાય છે.

થોડા ફ્લેશ બેકમાં જઈએ તો ૨૦૨૨ માં 'ઑક્સફર્ડ' તરફથી ત્રણ શબ્દ સૂચવીને લોકોને ૨૦૨૨ માટે એમની પસંદગીનું વોટિંગ કરવા કહ્યું હતું, એ ત્રણ શબ્દ કે શબ્દપ્રયોગ હતાઃ 'મેટાવર્સ'- 'ગોબલિન મોડ' અને 'આઈસ્ટેન્ડવિધ'અને લોકોએ એનો ધાર્યા કરતાં જબરો પડઘો પાડ્યો. ત્રણ લાખથી વધુ લોકોએ એ પસંદગીમાં ભાગ લીધો. એમાં 'ગોબલિન મોડ' શબ્દ વિજેતા ઠર્યો. એનો ઉપયોગ બહુ થતો નથી, પરંતુ હોલિવૂડની એક અભિનેત્રીને લગતા એક ફેક ન્યૂઝને કારણે એ શબ્દ હવે સોશ્યલ મીડિયા પર બહુ ગાજતો થયો છે. આ 'ગોબલિન મોડ'નો અર્થ છેઃ 'સોસાયટી-સમાજે તમારા તરફથી જે આશા રાખી હોય એને નકારીને ધરાર તમારું ધાર્યું કરવું..' દાખલા તરીકે 'ડોનલ્ડ ટ્રમ્પ મિત્ર દેશ ભારત પર વધુ ટેરિફ નહીં ફટકારે' એવી મોદી સરકારની ધારણા ટ્રમ્પે ધરાર ખોટી પાડી!



કોઈ કલ્પિત પાત્ર હોય કે સ્મૃતિ જેવી સેલિબ્રિટી ક્રિકેટર ... એની સાથે એકતરફી ચાહત એટલે...



આજ રીતે ૨૦૨૩નો ચૂંટાયેલો શબ્દ હતો 'ઑથેન્ટિક' (Authentic). આનો અર્થ થાય છે : પ્રમાણભૂત-અસલ-અધિકૃત કે પછી વિશ્વાસપાત્ર કહી શકાય એવું..'ઑથેન્ટિક' આ શબ્દની પસંદગી એક રીતે રસપ્રદ છે, કારણ કે આજે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' ( AI -કૃત્રિમ બુદ્ધિમત્તા)ના યુગમાં વધતા જતાં ફેક ન્યૂઝ સાયબર ક્રાઈમની વચ્ચે 'ડીપફેક'ની ગેરકાનૂની પ્રવૃત્તિઓ વધી ગઈ છે. આમાં કોઈ પણ ભળતી વ્યક્તિના ચહેરા કાયા પર જાણીતી વ્યક્તિના ચહેરા-કાયા ચીટકાવી દઈને એને અશ્લીલ રીતે સોશ્યલ મીડિયા પર વાયરલ કરવામાં આવે છે. આવા 'ડિજિટલ ઑપરેશન'ને લીધે સાચા-ખોટાના ભેદ પારખવા મુશ્કેલ બની ગયા છે ત્યારે લોકોને ઑથેન્ટિક કહી શકાય તેવા અધિકૃત- પ્રમાણભૂત પુરાવા જોઈએ છે.

આવી પ્રમાણિત સાબિતી માટે એ વર્ષે સૌથી વધુ વપરાયેલા 'ઑથેન્ટિક' શબ્દ પર વાચકો તથા ભાષાશાસ્ત્રીઓની પ્રથમ પસંદગી ઉતરી હતી.

આજ રીતે, વીતેલા વર્ષ-૨૦૨૪ નો પસંદગી પામેલો શબ્દ હતો : 'બ્રેન રોટ' (Brain rot), જેનું સામાન્ય ભાષાંતર - કાચો શબ્દાર્થ છે : 'મગજનો સડો!' જેની માનસિક અને બૌદ્ધિક સ્થિતિમાં બગાડ થયો હોય એને 'બ્રેન રોટ' કહે છે. આમ તો આ શબ્દનો સર્વપ્રથમ ઉપયોગ ૧૮૫૪માં જાણીતા લેખક હેન્રી થોરોએ એની એક નવલકથામાં કર્યો હતો. પછી તો એ વિસરાઈ ગયો. એ ફરી ગાજતો થયો આજની જનરેશન ઝીના સોશ્યલ મીડિયાના પ્રતાપે...

હવે આ વર્ષ-૨૦૨૫ના 'વર્ડ ઑફ ધ યર' તરીકે 'પેરાસોશ્યલ'ની વરણી થઈ. એનો અર્થ અને એની પસંદગી કઈ રીતે થઈ એ વાત પર આવીએ.

## આવી સ્પર્ધામાં આપણા ક્યા શબ્દો ક્યાં છે.?

નવા નવા શબ્દોની આ સ્પર્ધા વચ્ચે અનેક દેશના સ્થાનિક શબ્દો પણ ઝળકે છે... એમાં આપણી ભારતીય ભાષાના શબ્દો પણ ઉલ્લેખ પામે છે.

દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અવનવા શબ્દોના પ્રાસ-ઝુમખા ઘડવામાં બડા માહેર છે. એમની શબ્દસૂઝ સહજ તેમ જ સચોટ હોય છે. ૨૦૨૧માં વડા પ્રધાને એક નવો જ શબ્દ વહેતો કર્યો હતો. એ હતો : 'આત્મનિભર્ર' કોવિડ-વેક્સિનના સંદર્ભમાં એ શબ્દ દેશ-વિદેશમાં એવો લોકપ્રિય બન્યો કે ૨૦૨૧માં બ્રિટિશ 'ઑકસફર્ડ' ડિક્ષનરીમાં 'હિન્દી વર્ડ ઑફ ધ યર' પસંદગી પામ્યો : 'આત્મનિર્ભર'!

આ પહેલાં પણ 'ઑકસફર્ડ' જેવાં વિદેશી શબ્દકોશમાં આપણી ભાષાના અનેક શબ્દો પ્રવેશ પામી ચૂક્યા છે, જેમકે સંવિધાન - આધાર- નારીશક્તિ - ચટની-પાયજામા -ચીટ (ચબરખી) - જંગલ - ઠગ - લૂટ - વરંડા - ચૂડી-બેંગ્લસ (બંગડી) - ખાટ, ઈત્યાદિ...

બાય ધ વે, આવો જ આપણો અન્ય એક લોકપ્રિય શબ્દ છે, જે અંગ્રેજી ડિક્ષનરી તેમ જ એમની ભાષામાં જમાવટ કરે છે. એ છે 'જુગાડ'!

આ શબ્દનો અર્થ છે : કોઈ પણ જાણીતી વ્યક્તિ- સેલિબ્રિટીથી તમે અંજાઈ જાવ, એના ચાહક બની જાવ - 'પ્રેમ'માં પડી જાવ, પણ પેલી વ્યક્તિ તમને ઓળખતી સુદ્ધાં ન હોય...આવા વ્યક્તિગત એકતરફી સંબંધ 'પેરાસોશ્યલ રિલેશનશિપ' તરીકે ઓળખાય છે!

એક ઉદાહરણ લઈએ... જેમકે મહિલા ક્રિકેટ ટીમની રેકોર્ડબ્રેકર એવી ફૂટડી ખેલાડી સ્મૃતિ મંધાનાને તમને ટીવી પર રમતી જોવી બહુ ગમે છે, સ્મૃતિ વિશે બધું જ વાંચવું-જોવું ગમે છે. એના વિશે લગભગ બધી જ માહિતી તમને છે. ટૂંકમાં તમે એની છટા-અદા પર બધી રીતે ફિદા છો...પણ એ તો તમને જરા પણ ઓળખતી નથી! આવા સંબંધ 'પેરાસોશ્યલ' કહેવાય!

આમ અમુક સેલિબ્રેટીસથી લઈને કોઈ વાર્તાના કલ્પિત પાત્ર કે AI ચેટબોટસ સુદ્ધાં સાથે આવા એકતરફી સંબંધની વાત વિશ્વભરનાં સોશ્યલ મીડિયા પર ૨૦૨૪ -૨૫ દરમિયાન સૌથી વધુ છવાઈ ગઈ માટે 'પેરાસોશ્યલ' શબ્દ વિશેષણની 'વર્ડ ઑફ ધ યર' તરીકે વરણી થઈ છે.


હવે આવતા વર્ષે 'નવી ગિલ્લી નવો દાવ'! ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# જન્મ શતાબ્દી વંદના: શબ્દના શિલ્પી ને સંયમી વાણીના કવિ નિરંજન ભગત

ગુજરાતી ભાષાના અગ્રગણ્ય કવિ નિરંજન ભગતનું આ જન્મ શતાબ્દી વર્ષ ચાલે છે. ચાલો આ આપણા કવિતા આતશના ઝળહળતા સિતારાના જીવન-કવનની ઝાંખી કરીએ. કોઈ પણ સર્જક જીવે છે એમના ભાવકોના મનમાં. કવિ એમની પ્રયોગો કરવાની આવડત, નવીન વિચારસરણી કે જુદો અભિગમ ધરાવવાની શક્તિથી સ્થાન પામતો હશે પણ એને ખરેખરું માન તો મળે છે લોકોના હૃદયમાં એમના થોડાંક ઉત્તમ કાવ્યોને લીધે કે એમની લોકોના દિલ સુધી પહોંચવાની શક્તિને લીધે. ગુજરાતી કવિતા સાહિત્યમાં આવા કવિઓની યાદીમાં નિરંજન ભગતનું નામ પણ મોખરાનું છે.

કવિતા જગતમાં ઉમાશંકર જોશી જેવા હાજર હોય ત્યારે પોતાના તેજથી પ્રકાશીને પોતાની કેડી કંડારનાર નિરંજન ભગત અને રાજેન્દ્ર શાહનો પ્રવેશ લગભગ એક સાથે જ. જોકે એ બે વચ્ચેનો ભેદ છે પણ આજે કવિતાની વાત આવે ત્યારે બન્નેના નામ સાથે બોલાય છે. આ બન્ને કવિઓને બંગાળી ભાષાનું જ્ઞાન અને સમજ ખરાં અને મોહ પણ એટલો જ. નિરંજન અંગ્રેજીના પ્રાધ્યાપક એટલે પશ્ચિમના અને યુરોપના સર્જકો વિશે એ અધિકારપૂર્વક લખી-બોલી શક્યા. ઑલિયર હોય કે ઑડેન હોય કે પછી રિલ્કે કે બોદ્લેર હોય કે પછી કોઈ પણ મોટા ગજાનો સર્જક હોય એની વાત નિરંજન જ્યારે પણ કરતા ત્યારે એ જાણે કે સમગ્રને આત્મસાત્ કરીને બોલતા હોય એમ લાગે. નિરંજન બોલે ત્યારે એને વિચારો કે અભિવ્યક્તિ માટે ફાંફા મારવા પડતા ન હતા. વાણી આપોઆપ પ્રકટે અને અર્થ એને અનુસરે.



નિરંજનનો જન્મ ૧૮ મે, ૧૯૨૬ના દિવસે. કાવ્યસ્થ ૧ ફેબ્રુઆરી ૨૦૧૮. એમને ગુજરાતી સાહિત્ય-પૂર્વાર્ધ ઉત્તરાર્ધ માટે ૧૯૯૯નો સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયો હતો. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘છંદોલય’ ૧૯૪૯માં પ્રકટ થયો અને ગુજરાતી કવિતામાં એક નવા વળાંકના દર્શન થયા. એ જ વર્ષે એમને ‘કુમાર’, ચન્દ્રક મળ્યો. એ પછી ૧૯૫૦માં ગીત સંગ્રહ ‘કિન્નરી’, ૧૯૫૪માં ‘અલ્પવિરામ’ અને ૧૯૫૭માં આ ત્રણ કાવ્ય સંગ્રહોમાંથી પસંદ કરેલા અને મુંબઈ મહાનગરના વસવાટ અને અનુભવે લખાયેલા નગર-સંસ્કૃતિની આધુનિક કવિતાનાં ‘પ્રવાલદ્વીપ’ના કાવ્યો સમેતનો સંગ્રહ ‘છંદોલય’ પ્રકટ થયો.

નિરંજન કવિ ઉપરાંત બહુશ્રુત વિદ્વાન એટલે એમણે ૧૯૫૩થી આરંભી અનેક સ્વાધ્યાય લેખોમાં ગુજરાતી, અંગ્રેજી, યુરોપિયન અને અમેરિકન કવિતાની સમીક્ષા કરી છે. એ સ્વાધ્યાય લેખો ૧૯૯૭માં એક સાથે આઠ ગ્રંથોમાં (ગ્રંથ ૧ થી ૮) ‘સ્વાધ્યાયલોક’ નામે પ્રકાશિત થયા છે એમાં ‘કવિ અને યુગધર્મ’, ‘કવિતાનું સંગીત’ ‘કવિતા કાનથી વાચો, ગદ્યકાવ્યનું સ્વરૂપ જેવા સિદ્ધાંત-વિવેચનના આભ્યાસપૂર્ણ લેખો છે. સંસ્કૃત નાટક ‘સ્વપ્ન વાસવદત્તા’નો એમનો અંગ્રેજી અનુવાદ અમેરિકન રંગમચ પર ભજવાયો હતો.

ગુજરાતી કવિતા સાહિત્યમાં જ્યારે જ્યારે અગ્રગણ્ય કવિઓની ગણના થશે ત્યારે નિરંજનની વાત કરવી જ રહેશે. આ કવિને સાંભળીએ ત્યારે વાણીનો સ્વામી કેવો હોય એનો ખ્યાલ આવે પણ કવિતાની બાબતમાં આ કવિને જુઓ ત્યારે વાણીનો સંયમ કેવો હોય એનો પણ ખ્યાલ આવે. કાન્ત અને ઠાકોર-સવિષેશ ઠાકોર એમના પ્રિય કવિ હતા.

નિરંજનના સર્જનની વાત કરીએ તો એટલું જ કહી શકાય કે એ એમની કૃતિને કોઈ શિલ્પકાર કળાકૃતિ કંડારતો હોય એ રીતે પ્રકટાવે છે. કલાકૃતિ સર્વાંગ સુંદર તો એ સપ્રમાણ હોય તો બની શકે. નિરંજનની કવિતામાં તમને ક્યાંય ખાડા-ખબડા, ઢીલાશ કે શિથિલતા જોવા મળે નહીં. શિસ્ત, સંયમ અને શિલ્પનો સમન્વય એટલે નિરંજનની કવિતા. સૉનેટમાં એ સૉનેટની શિસ્ત જાળવે અને ગીતમાં સૉનેટમાં હોય એવું નકશીકામ દેખાયા કરે. નિરંજને એમના સંગ્રહના પહેલા જ સૉનેટમાં વસંત અને વર્ષા માટેનો પોતાનો પક્ષપાત પ્રકટ કર્યો છે. સૉનેટની છેલ્લી બે પંક્તિઓ બધું જ કહી દે છે:

**હસે વર્ષે વર્ષે ઋતુ હૃદયને બે જ ગમતી,**
**સદા સૌન્દર્યની રસસભર જ્યાં સૃષ્ટિ રમતી!**

આ કવિ કલ્પનાનું મહત્ત્વ સમજે છે. ‘વિદાય’ સૉનેટમાં એમણે કલ્પનાની અને પ્રિય વ્યક્તિની કલ્પનાની, એના મિલનની અને એના વિરહની વાત કરી છે. કાવ્યનાયકની ઉદારતા સ્પર્શે છે.

**અહીં સ્મરણમાં ન એક પણ ગીત મૂકી જજે**
**અબોલ મુજ અંતરે અફળ પ્રીત મૂકી જજે.**

શબ્દો જે વ્યથાને પ્રકટ નથી કરી શકતા એને કવિ મૌન દ્વારા પ્રકટ કરે છે. ઉમાશંકર એક સૉનેટની છેલ્લી બે પંક્તિ છે: ‘મળી ત્યારે જાણ્યું મનુજ મુજ શી, પૂર્ણ પણ ના, છતાં એ કલ્પ્યાથી મધુરતર હૈયાની રચના.’ નિરંજન લગભગ એવી જ વાતને કેટલા લાઘવથી શિખરિણી છંદમાં લાવે છે:

**તને કે સ્વપ્નોને,**
**કહે, હું તે કોને**
**ચંદુ-સ્વપ્ને તું ને સ્વપ્ન તુજમાં જોઈ-રહું ત્યાં?**

નિરંજનના પરંપરિત છંદને જોઈએ તો એમાં પણ પ્રાસની સફાઈપૂર્વક ચોક્કસાઈ છે પરંતુ એમાં આયાસ નથી. એક ઉદાહરણ રૂપે જોઈએ આ પંક્તિઓ:

**સૌમ્ય એવી શી છટામાં,**
**બે ભ્રૂકુટિની નીચે ઘેરી ઘટામાં**
**જ્યારથી મેં જોઈ લીધા છે પ્રિયે,**
**તવ ઘૂમટામાં નેનના બે ધ્રુવતારા,**
**ત્યારથી લાગી રહ્યા સૌ રૂપ ન્યારાં!**
**એ જ આભે એ જ તારા, એની એ છે તેજધારા!**

‘વસંત વિજય’માં કાન્તે જે નિરૂપણ ખંડ કાવ્યમાં કર્યું છે એ વાતને આ કવિ માર્મિક રીતે ઘણા બધા જુદા સંદર્ભમાં મૂકી શકે છે, મરણને પડકારે છે:

**હે મૃત્યુ, મારી પ્રેયસીના વેષમાં**
**તું આવ, તો ધારું તનેયે એ જ આ આશ્લેષમાં!**

બંગાળી પયાર જેવા છંદની છટા જોવા માટે નિરંજનની આ પંક્તિઓ જોઈએ:

**ઝૂકી ઝૂકી આભથી સારા**
**ઝીંકાતી આષાઢધારા**
**ઝીલે છે નેહથી એને ઘરના નેવા**
**નીચે એક નીડમાં હાંફે નમણાં ને નિર્દોષ પારેવાં!**
**જ્યારે ઝૂકી આભથી સારા**
**ઝીંકાતી આષાઢધારા**

ઉમાશંકર જોશીનું એક ગીત છે: ‘‘માનવીના હૈયાને નંદવાતા વાર શી, એના એ હૈયાને રંજવામાં વાર શી’’ નિરંજને એમના કાવ્યમાં જુદુ જ પરિમાણ આપ્યું છે:

**હાસ્ય હિલ્લોળમાં**
**એક પળ નંદવું,**
**અશ્રુની છોળમાં**
**અન્ય પળ કંદવું**
**ને છતાં દૈવને વંદવું**

પોતાની વાતને કહેવા માટે ચીલો ચાતરવાની કળા અને કસબ નિરંજનને સહજ છે. પરંપરા નિભાવીને આધુનિક રહેવું મુશ્કેલ છે જે એમણે કર્યું છે.

**પગલે પગલે પાવક જાગે ત્યાં ઝરશું નેનની ઝારી,**
**કંટકપંથે સ્મિત વેરીને મ્હોરશું ફૂલની ક્યારી,**
**એકબીજાને જીતશું, રે ભાઈ, જાતને જાશું હારી**
**ક્યાંય ન માય રે એટલો આજ તો ઉરને થાય ઉમંગ?**

આ પંક્તિઓ એમના ‘ઘડીક સંગ’વાળા કાવ્યની છે. આ કાવ્ય અને હું તો બસ ફરવા આવ્યો છું જેવા કાવ્યના આધારે એમની માનવજાત પ્રત્યેની સંવેદના કેટલી છે અને ખેવના કેટલી છે એનો ખ્યાલ આવી શકે. નિરંજન આપણા સારા ગીતકાર છે એમ લખવાથી એ ગીતકાર થઈ શકે નહીં પણ આ પંક્તિ વાંચીએ ત્યારે ખ્યાલ આવે કે ગીતકાર તરીકેની એમની સિદ્ધિ કાંઈ એમ ને એમ નથી અવતરી:

**હરિવર મુજને હરી ગયો**
**મેં તો વ્હાલ કીધું ન્હોતું ને તો યે મુજને વરી ગયો!**
**અબુધ અંતરની હું નારી,**
**હું શું જાણું પ્રીતિ**
**હું શું જાણું કામણગારી**
**મુજ હૈયે છે ગીતિ**
**એ તો મુજ કંઠ બે કરથી વરમાળા રે ધરી ગયો!**

નિરંજનનું સૌથી શ્રેષ્ઠ અર્પણ છે એમના નગરકાવ્યો જેને એમણે ‘પ્રવાલદ્વીપ’ કહ્યાં છે. મુંબઈનગરી, એની વિષમતા, કૃત્રિમતા, કૃતક્તા, શહેરીજીવનનો દંભ અને ઘેલછાની વાતો તીવ્ર વેદના અને કલાત્મકતાથી કરી છે. શહેર એટલે શું? એમણે તો કહ્યું છે કે મુંબઈ તો પુચ્છ વગરની મગરી છે કારણ કે મગરની તમામ તાકાત તેના પૂંછડામાં અને આ નગરીનો નકશો મગરી જેવો છે પણ આમ એની શક્તિ છિન્નવિછિન્ન અને પરિણામદાયી નથી લાગતી. મુંબઈના માનવની વાત પણ કેવી અસરકારક બની રહે છે:

**ચલ મન મુંબઈ નગરી**
**જોવા પુચ્છ વિનાની મગરી**
**જ્યાં માનવ સૌ ચિત્રો જેવાં**
**વગર પિછાને મિત્રો જેવાં,**
**નહીં પેટી નહીં બિસ્ત્રો લેવાં,**
**આ તીરથની જાત્રા છે ના અઘરી**

નગરદ્વીપ એટલે મુંબઈ નગરીને કવિએ સુંદરીની ઉપમા આપીને કહ્યું છે:

**સિન્ધુશય્યા પરે સૂતી સ્વપ્ને નીંદરમાં સરી,**
**આછેરાં અંચલો ધારી નગરદ્વીપ સુંદરી**
**મુખે છે મૃત્યુનો લેપ, ગીતનો સુરમો દગે**
**ધીરેથી ઊછળે છાતી હૈયા શા હીરલા ઝગે**

નિરંજનના જન્મશતાબ્દી વર્ષે ગુજરાત અને વિશ્વભરના ગુજરાતીઓ એમની કવિતાનું સ્મરણ કરીને યથાયોગ્ય અંજલિ આપે. નિરંજનના જીવનની સમજણનાં કાવ્યો વાંચીએ ત્યારે આપણને અહેસાસ થાય ફ્રોસ્ટની વ્યાખ્યાનો કે ‘પોએટ્રી બિગિન્સ ઈન ડિલાઈટ એન્ડ એન્ડસ્ ઈન વિઝડમ.’ નિરંજન આપણી ભાષાના ઉત્તમોત્તમ કવિ છે. એમનું પ્રદાન સ્થાયી અને યશસ્વી છે. ■

---

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# આપણી પાસે શું નથી એના કરતાં શું છે એ જાણવું વધુ જરૂરી

થોડા સમય અગાઉ નાગપુરમાં વિજય કાલિદાસ ખાનદાતે નામનો યુવાન અકાળે મૃત્યુ પામ્યો. પોલીસે પહેલાં તો અકસ્માતનો કેસ નોંધ્યો, પરંતુ પછી પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં એવું બહાર આવ્યું કે તેના શરીરમાં ઝેર જવાને કારણે તેનું મૃત્યુ થયું હતું. ડોક્ટરે કહ્યું કે આ ઝેર કોઈ માણસ પોતાની જાણ સાથે પી જાય એવી શક્યતા નથી. એટલે શંકાને આધારે પોલીસે તપાસ શરૂ કરી. પોલીસે વિજયના ફોન કોલ્સ ચકાસ્યા તો ખબર પડી કે તેના પર છેલ્લો કોલ મંથન ચકોલે નામના યુવાનનો આવ્યો હતો. મંથન વિજયનો મિત્ર હતો. પોલીસે તેની પૂછપરછ કરી ત્યારે તેણે કહ્યું, ‘હા, મેં વિજયને કોલ કર્યો હતો. અમે બંને સાથે પાનની દુકાને ગયા હતા, પણ એ પછી તે ઘરે જતો રહ્યો હતો.’ પોલીસે તેને પૂછ્યું કે ‘તમે બંનેએ કંઈ ખાધુંપીધું હતું?’ મંથને કહ્યું, ‘અમે બંનેએ ઠંડું પીણું પીધું હતું, પણ પછી હું મારા ઘરે ગયો અને વિજય તેના ઘરે જતો રહ્યો હતો.’ પોલીસે તેની આકરી પૂછપરછ કરી ત્યારે તેણે કબૂલી લીધું કે ‘મેં વિજયને ઠંડા પીણામાં ઝેર આપી દીધું હતું!’

પોલીસે કારણ પૂછ્યું તો તેણે કહ્યું, ‘વિજય પૈસાવાળા પરિવારનો દીકરો હતો અને તેના કુટુંબે થોડા સમય અગાઉ જ મોડર્ન એમિનિટીઝ સાથેનું બે માળનું ઘર બંધાવ્યું હતું એટલે મને તેની ઈર્ષા થતી હતી એટલે મેં તેના ઠંડા પીણામાં વાંદાને મારવા વપરાતું ઝેર નાખી દીધું હતું. જોકે હું તેને મારવા નહોતો. હું ઇચ્છતો હતો કે તેની તબિયત ખરાબ થઈ જાય!’

મંથનનું ઘર નાનકડું હતું એટલે તેને વિજયની ઈર્ષા થતી હતી એટલે તેણે ઠંડા પીણામાં ઝેર મેળવીને તેના મિત્રને મારી નાખ્યો! ઈર્ષાને કારણે એક મિત્રે જીવ ગુમાવ્યો અને એક મિત્ર જેલમાં ધકેલાઈ ગયો.

આ કિસ્સા પરથી એ બોધપાઠ લેવા જેવો છે કે પોતાની પાસે જે હોય એનાથી માણસે સંતોષ રાખવો જોઈએ અને જો એનાથી સંતોષ હોય તો તેનામાં ઈર્ષાની લાગણી જન્મે નહીં.


ઘણા સમય અગાઉ એક વાર્તા વાંચી હતી. એક કૂતરાને તેનો માલિક નદીકિનારે ફરવા લઈ ગયો હતો. કૂતરો રમણીય નદીકિનારે ફરી રહ્યો હતો એ વખતે એણે નદીમાં તરી રહેલી એક માછલી જોઈ. તેના મનમાં તે માછલી માટે ઈર્ષા જન્મી. એને થયું કે આ માછલી કેટલી સુખી છે! એ મનફાવે એ રીતે પાણીમાં તરી શકે છે. એના પર કોઈ બંધન નથી, એનો કોઈ માલિક નથી. તેને આનંદ જ આનંદ છે. એ જ વખતે માછલીએ તે કૂતરાને જોયો અને એને કૂતરાની ઈર્ષા થઈ કે આ કૂતરો કેટલો નસીબદાર છે. એનું ધ્યાન રાખવાવાળું કોઈક છે. એ જમીન પર હરીફરી શકે છે, ઈચ્છા થાય ત્યારે પાણીમાં પણ આવી શકે છે. એની જિંદગી કેટલી સારી કહેવાય!

તકલીફ એ જ છે કે લોકોને પોતાની પાસે જે હોય છે એનાથી સંતોષ નથી હોતો. મોટા ભાગના માણસો પોતાની બીજાની સાથે સરખામણી કરે છે એટલે સતત દુ:ખી થતા રહે છે. માણસ પોતાની પાસે શું નથી એના કરતાં પોતાની પાસે શું છે એ જોતા શીખી જાય તો સંતોષ સાથે જિંદગી જીવી શકે અને તેને કોઈની ઈર્ષા ન થાય.

પોતાની પાસે જીવન માટેની મૂળભૂત જરૂરત પૂરી કરવા પણ કશું ન હોય છતાં માણસ ધારે તો સંતોષ પામી શકે.

ઘણા સમય અગાઉ એક મા-દીકરાની વાર્તા ક્યાંક વાંચી હતી. એનો સાર કૈંક આવો હતો:

શિયાળાની કડકડતી ઠંડીમાં ઘાસની ઝૂંપડીમાં રહેતી એક માતા પોતાનાં નાનકડા દીકરાને ઠંડીથી બચાવવા માટે જૂના અખબારો અને ઘાસ ઢાંકીને સૂવડાવી રહી હતી. બાળકનું ધ્યાન ઠંડીથી હટીને બીજે જાય એ માટે માતાએ તેને પરીકથા કહેવાની શરૂઆત કરી. માતા પરીકથા કહી રહી હતી ત્યારે દીકરાના મનમાં એક સવાલ જાગ્યો. તેણે પરીકથા કહી રહેલી માતાને અચાનક અધવચ્ચે અટકાવીને પૂછ્યું :




‘હેં મા,જેની પાસે જૂનાં છાપાં અને ઘાસ ના હોય એવા બિચારા ગરીબ માણસો આવી ઠંડીથી બચવા શું કરતા હશે?’

આનાથી વિપરીત રીતે આલીશાન ઘરમાં રહેતા ઘણા માણસો પોતાનાથી વધુ શ્રીમંત હોય એવા માણસોની ઈર્ષા કરીને દુ:ખી થતાં હોય છે. પોતાની પાસે જે હોય એનાથી સંતોષ ન હોય એને કારણે તેમને બીજા માણસોની ઈર્ષા થતી હોય છે.

આ સંદર્ભમાં સંત ઈબ્રાહિમના જીવનનો એક કિસ્સો જાણવા જેવો છે. ઈબ્રાહિમ એક વાર પોતાની ઝૂંપડીમાં બેસીને કોઈ ગ્રંથ વાંચી રહ્યા હતા. એ વખતે તેમને એક માણસ મળવા આવ્યો. એ માણસે તેમને પ્રણામ કર્યા. ઈબ્રાહિમે તેને એક ફાટેલી ચટાઇ પાથરીને તેના પર બેસવા કહ્યું. પેલા આગંતુકે એ ફાટેલી ચટાઈ અને બીજી બધી જર્જરિત વસ્તુઓ જોઈ. સંત ઈબ્રાહિમ જેવા મહાન માણસની આવી દશા જોઈને તેને દુ:ખ થયું.

તે માણસે સંત ઈબ્રાહિમ સાથે પોતાને મૂંઝવતા કેટલાક સવાલો વિશે વાત કરી. ઈબ્રાહિમે ધીરજપૂર્વક તેના સવાલોના જવાબ આપ્યા. તે માણસને ઈબ્રાહિમ સાથે વાતો કરીને બહુ સારું લાગ્યું અને તેણે ઈબ્રાહિમની વિદાય લીધી.

બીજે દિવસે તે માણસ ઈબ્રાહિમને મળવા પાછો આવ્યો. એ વખતે તેના હાથમાં એક કોથળી હતી. તેણે એ કોથળી ઈબ્રાહિમના પગ પાસે મૂકતાં કહ્યું,‘હું આપને આ નાનકડી ભેટ આપવા માગું છું. આ ભેટ સ્વીકારીને મારા પર ઉપકાર કરો.’

ઈબ્રાહિમે એ કોથળીને અડ્યા વિના જ પૂછ્યું, ‘આમાં શું છે?’

પેલા માણસે કહ્યું, ‘એમાં સોનામહોરો ભરી છે. હું તમારી ગરીબીથી વ્યથિત થઈને તમારા માટે લાવ્યો છું.’

ઈબ્રાહિમે તેને કહ્યું, ‘તમે મને આ સોનામહોરો મારા પ્રત્યેના આદર અને પ્રેમને કારણે આપતા હશો,પણ હું એ સ્વીકારી શકું એમ નથી.

પેલો આશ્ચર્યચકિત થઈ ગયો. પૂછ્યું : ‘તમે આ સોનામહોરો સ્વીકારવાની ના કેમ પાડો છો? તમારી પાસે એક સારી ચટાઈ પણ નથી. તમારી ગરીબી જોઈને મારું હૃદય દ્રવી ઊઠયું છે એટલે હું આ સોનામહોરો લાવ્યો છું. તમે એ સ્વીકારવાની ના શા માટે પાડો છો?’

ઈબ્રાહિમે કહ્યું, ‘એનું કારણ એ છે કે હું કોઈ ગરીબ માણસ પાસેથી દાન કે ભેટ લેતો નથી.’

પેલો માણસ ઉછળી પડ્યો ‘તો તો તમારે આ સોનામહોરો સ્વીકારવી જ પડશે. હું તો અત્યંત ધનાઢ્ય માણસ છું!’

ઈબ્રાહિમે કહ્યું,‘તમારા માનવા પ્રમાણે તમે ધનાઢ્ય હશો, પણ તમને ઈચ્છા નથી થતી કે તમારા ધનમાં હજી વધારો થાય? તમારાથી વધુ ધનાઢ્ય માણસને જોઈને તમને એવું નથી થતું કે આનાથી પણ વધુ ધન મારે કમાવું છે?’

‘હા એવી ઈચ્છા તો મને થાય જ છે. અને બધાને એવી ઇચ્છા તો થાય જ ને!’

‘એટલે જ તમે મારી નજરે ગરીબ છો. જે માણસને પોતાની જરૂરત કરતાં અનેકગણું મળી ગયું હોય છતાં તેને સંતોષ ન હોય એ માણસ ગરીબ જ કહેવાય! અને મારી પાસે જે છે એનાથી મને સંતોષ છે એટલે મારા માટે આ સોનામહોરો નકામી છે!’ ઈબ્રાહિમે પેલા શ્રીમંતને શાંતિથી સમજાવ્યો.

આપણે સંતોની જેમ તો ન વિચારી શકીએ, પણ આપણી પાસે જેટલું હોય એનાથી સંતોષ માનીએ તો જીવનને માણી શકીએ

(અહી સાચા સંતોની વાત છે. અત્યારના સમયમાં તો મોટા ભાગના બાબાઓ-મહારાજો ધનમાં આળોટતા હોય છે. આવા ફાઇવસ્ટાર બાવાઓ અબજો રૂપિયાના આર્થિક સામ્રાજ્યો ઊભાં કર્યાં પછી પણ ભીખ માગતા રહેતા હોય છે!)

મુંબઈ જેવા શહેરમાં વન બેડરૂમના ફ્લેટમાં રહેનારા કોઈ પણ માણસને મોટા ફ્લેટમાં રહેનારા માણસની ઈર્ષા થતી હોય ત્યારે એ ભૂલી જતો હોય છે કે લાખો માણસો ઝૂંપડામાં કે ચાલમાં રહેતા હોય છે!

માટે આપણી પાસે શું નથી એના કરતાં શું છે એ નજર સામે રાખીને જીવતા શીખી જઈએ તો જીવન ઉત્સવ જેવું બની શકે. ■

---

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# અવસાદનો વરસાદ...મને કેદ કરો કોઈ!

***ટાઇટલ્સ:***
***કોઇ સાદ ના પાડે ત્યારે અવસાદ આવે (છેલવાણી)***

થોડા વખત પહેલા જાપાનના એક માછલીઘરમાં રિનોવેશનનું કામ શરૂ થયું એટલે એને પબ્લિક માટે બંધ કરવામાં આવ્યું. એ માછલીઘરમાં એક ‘સનફિશ’ માછલી હતી જે માણસો વિના એકલતા, અવસાદ અનુભવવા લાગી. એકલતાના કારણે પછી એની ભૂખ પણ મરી ગઈ. માછલીઘરવાળાને માછલીની ચિંતા થઈ એટલે એ લોકોએ ફિશટેન્કની બહાર, રખેવાળોના યુનિફોર્મ લટકાવી દીધા અને માણસોના આકારનાં કટઆઉટ્ ગોઠવ્યા પછી ‘સનફિશ’ માછલી આ બધું જોઈને સ્હેજ ખુશ થઈ અને પછી માંડ ખાવાનું શરૂ કર્યું.

અવસાદ હવે પશુપંખી સૌમાં પ્રસરી ગયો છે.આજકાલ તો ૧૦૦માંથી ૧૧૦ માણસો ઉદાસ હોય તોયે નવાઇ નથી. ભલે તમે આંગળીના ટેરવે, માઇલો દૂરની વ્યક્તિ સાથે વાત કરી શકો છો ને મન બહેલાવવા ટીવી પર ૩૫૦ ચેનલો છે, છતાં માણસ આજે વધુ ને વધુ અવસાદ અનુભવી રહ્યો છે. તમે અવસાદ કે એકલતાથી પીડાતા હો તો તમે ચેપ્લિન જેવા વિદૂષકને પણ ઉદાસ કરી શકો છો. તમે પોતે ભલે કિશોરકુમાર જેવા નાચતાં-ગાતાં હોવ પણ સામેનો માણસ જો બાળોતિયાંનો બળેલો સોગિયો હોય તો એ તમને ઉદાસ કરી શકે છે!

અવસાદના વરસાદમાં માણસ એટલો ભીંજાય, જેટલો ભીતરથી કોરો હોય. કોઇ મહારોગ જેવા વિશ્વવ્યાપી અવસાદના રોગનો ઉપાય શું? હવે તો મોબાઇલ ફોન પર મનને પણ શાંત પાડવા માઇંડફૂલનેસ નામની એપ આવી છે. તમારે એને દિવસમાં ૨૦ મિનિટ વાપરવાની તો તમને એકલતા ઓછી લાગશે અને ડિપ્રશન નહીં સતાવે! હવે આગળ જતાં હાલરડા ગાઇને ઉંઘાડતી કે મોબાઇલમાંથી હાથ બહાર કાઢીને માથું દબાવી આપતી એપ આવશે તોયે નવાઇ નહીં!

હજી આપણાં દેશમાં એ હાલત આવતા વાર લાગશે પણ અત્યારે જાપાનમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે. ઘરે-ઘરે વૃદ્ધો, ઉંમર ને એનાથી નિપજતી લાચારીને કારણે જન્મતી એકલતાથી સતત ને સખત પીડાય છે. કેટલીક વૃદ્ધ સ્ત્રીઓ એટલી હદે એકલતાની સમસ્યાથી પરેશાન છે કે જાણી જોઈએ નાના નાના ગુના આચરીને સામેથી જેલમાં જવાનું અને ત્યાં જ રહેવાનું પસંદ કરી રહી છે! અત્યાર સુધી માણસ, કેદથી છૂટવા ઘમ્મપછાડા કરતો પણ હવે તો પોતાને જ કેદમાં નાખવાનો કારસો કરી રહ્યો છે!



સરકારી આંકડા પ્રમાણે ૨૦૨૨માં જાપાનમાં ૮૦%થી વધુ વૃદ્ધ મહિલા કેદીઓને, ચોરીના કેસમાં જેલ થયેલી. ખરેખર તો આ વૃદ્ધાઓ ઠંડી, ભૂખ, અને એકલતાથી બચવા માટે જાણીજોઈને જેલમાં જાય છે. જરા વિચારો કે એકલા એકલા ખુદથી જ કંટાળીને, ખુદ પર જ સજા વહોરી લેવી પડે એનાથી મોટી ખુદને સજા શું હોય શકે?

***ઇન્ટરવલ:***
***ઘર મેં ખુદ કો ખુદ કો કૈદ તો મૈંને આજ કિયા હૈ,***
***તબ ભી તન્હા થા જબ મહેફિલ મહેફિલ થા મૈં***
***(શારિક કૈફી)***

જાપાનના ટોકિયો શહેરના ઉત્તરમાં આવેલી ‘તોચિગી મહિલા જેલ’ની એક અધિકારી તાકાયોશી શિરાનાગા કહે કે અમુક કેદીઓ તો જેલમાં રહેવા માટે ૧૨૦૦૦ થી - ૧૬૦૦૦ રૂપિયા સામેથી આપે છે. તોચિગી જેલ, જાપાનની સૌથી મોટી લેડિઝ જેલ છે. ત્યાંની એક બૂઢી કેદીનું કહેવું છે કે, ‘બહારની દુનિયામાં એકલવાયું અને મુશ્કેલ જીવતર જીવવા કરતાં કરતા અહિં જેલનું જીવન ઘણું સારું છે. ૮૧ વર્ષની મહિલા કેદી અકીયો કહે છે, ‘હું મારા દીકરા તરફથી મળતા તિરસ્કાર અને એકલવાયાપણાને લીધે ખૂબ હતાશ હતી. એકવાર દીકરાએ ઘરમાંથી નીકળી જવા કહ્યું. મારી લાચારી અને એકલતાએ મને ગુનો કરવા મજબૂર કરી.’ વળી એ જેલની મહિલા કર્મચારીઓ આવી વૃદ્ધ, લાચાર, નિસહાય સ્ત્રીઓને ન્હાવામાં, જમવામાં, ચાલવામાં કે દવા આપવામાં મદદ કરે છે.’ તોચિગી જેલ’માં દર પાંચમાંથી એક કેદી વૃદ્ધ છે!

અવસાદનો અન્ય ઉપાય છે: પેટ્સ, પાલતુ પ્રાણીઓ. સૌથી વધુ એકલતા અનુભવતો દક્ષિણ કોરિયા દેશ, હવે કૂતરાઓમાં સાથીદારી શોધી લે છે. ત્યાંના લોકો હવે એકલા, નિ:સંતાન અથવા બંને રહેવાનું પસંદ કરી રહ્યા છે. ત્યાંના ઘરોમાં ૪૦%થી વધુ લોકો હવે ફક્ત એક જ વ્યક્તિ વસે છે. આજે દક્ષિણ કોરિયામાં દર ચોથા પરિવારમાં એક પાલતુ પ્રાણી છે અને તેમાંના મોટાભાગના પેટ્સ- કૂતરાઓ છે. ત્યાંના લોકો માને છે કે ‘અવિશ્વાસ અને એકલતાના આ યુગમાં, શ્વાન જ તમને અનુભૂતિ કરાવે છે કે બિનશરતી કે નિસ્વાર્થ પ્રેમ શું ચીજ છે.’

અહીં કિમ નામની પ્રૌઢ સ્ત્રી તેની પુત્રી સાથે રહે છે, પણ જુવાન પુત્રી પરણવા નથી માગતી. બસ, બે કૂતરા જોડે એણે જીવવું છે. હમણાં કિમ, એની દીકરી અને મિત્રો પોતપોતાના પાલતુ કૂતરાઓને મધ્ય દ. કોરિયાના બૌદ્ધ મંદિર મિરેઉક્સામાં પિકનિક પર લઈ ગયેલા. હવે, કેટલાંક મંદિરો પરિવારોને તેમના કૂતરાઓ સાથે લાવવા માટે આવકારે છે! ત્યાં માણસોની જેમ કૂતરાઓ પણ બૌદ્ધ ધર્મનો કમરપટ્ટો અને માળા પહેરે છે!

ઘરે ઘરે પાલતુ પ્રાણીઓને લીધે ત્યાંના શહેરોના રૂપરંગ, નકશા અને લેંડસ્કેપ જ બદલાઇ ગયા છે. પેટ્સ માટે કેટરિંગ કરતી હૉસ્પિટલો ને દુકાનો ઠેરઠેર વધી ગઈ છે,

જેની સરખામણીએ બાળકો માટેનાં દવાખાનાં કે મેટરનિટી હોમ લગભગ ત્યાંથી અદશ્ય થઈ રહ્યા છે! ઓનલાઈન શોપિંગ મોલ્સવાળા કહે છે કે એમને ત્યાં બાળકો કરતાં કૂતરાઓ માટેનાં પારણાંઓ વધુ વેંચાય છે. માર્ક ટ્વેન નામનાં વ્યંગકારે દાયકાઓ અગાઉ કહેલું: ‘જેમ જેમ માણસોને સમજવા માંડ્યો છું, તેમ તેમ મને કૂતરાઓ વધારે ગમવા લાગ્યા છે!’

ક્યાંક પોતાની આસપાસ પિંજર તો ક્યાંક પ્રાણીઓનો પ્રેમ, અવસાદના કેવા કેવા ઉપાયો હજૂ આવશે?

**એંડ-ટાઇટલ્સ:**
**આદમ: તારી ઉદાસીનું કારણ?**
**ઈવ: સાચું કહીશ તો તું ઉદાસ થઇ જઇશ.** ■




# સત્ય વચન...!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

'મેં ગીતા પે હાથ રખ કે કહેતા હું કી જો કહુંગા સચ કહુંગા, ઔર સચ કે સિવા કુછ નહીં કહુંગા.'

આ ડાયલોગ સાંભળતા જ યાદ આવે ૭૦-૮૦નાં દાયકાની બોલિવૂડ ફિલ્મ જેમાં આરોપી કોર્ટનાં કઠેરામાં ઊભો હોય અને તેની સાથે પ્રશ્નોત્તરી શરૂ થવાની હોય.

-પણ આ કેવું? એક તો એ ગુનામાં પકડાયેલી વ્યક્તિ અને તેની પાસેથી સાચું બોલાવવા માટે એક ધાર્મિક ગ્રંથનો સહારો લેવો પડે. તો શું એને પોતાને સાચું નહિ બોલવું હોય કે પછી સાચું બોલવાથી તેને વધુ ઊંડે ફસાઈ જવાનો ડર હશે?! ચાલો, માની લઈએ કે એ તો ગુનાહિત માનસ ધરાવતી વ્યક્તિ હોઈ શકે, પણ મારા- તમારા કે આપણા જેવા સામાન્ય માણસો? સાચું બોલતાં ખચકાટ કેમ અનુભવાય છે? અસત્ય જીવનશૈલીનું અવિભાજ્ય અંગ બની ગયું છે જાણે.

બીનાબહેન સાથે પણ આવું જ કંઈક થયું. એમણે ખાસ બહેનપણી સાથે ખરીદી કરવા જવાનો કાર્યક્રમ બનાવ્યો હતો. એ ઘેરથી નીકળતાં જ હતા ત્યારે એક સગાનો ફોન આવ્યો કે એ મળવા ઘેર આવે છે. બીનાબહેને બહાનું કાઢ્યું કે એમને કોઈની ખબર કાઢવા હૉસ્પિટલ જવાનું છે. સગાએ 'પછી કોઈવાર આવીશ' કહીને ફોન મૂક્યો. અહીં બીનાબહેનને શાંતિ થઈ કે એક જૂઠું બોલ્યા એમાં સંબંધ પણ સચવાઈ ગયો અને ધાર્યું હતું એમ મજાથી શોપિંગ પણ કરાશે, પણ કહે છે ને પાપ છાપરે ચડીને પોકારે, ત્યારે આ તો એક નાનું અમથું જૂઠાણું હતું. બીનાબહેન બહેનપણી સાથે મોલમાં ફરતા હતાં એ વખતે ફોન આવ્યા હતો એ જ સગા મળી ગયાં. આમ અચાનક સામસામે મળી જવાથી બીનાબહેન કંઈ બોલી ના શક્યા. સંબંધ સચવાવાને બદલે બીનાબહેનને ભોંઠા પડવાનો વારો આવ્યો. એમનું જૂઠાણું પકડાઈ ગયું અને એકબીજાને અનાયાસે મળ્યાનો હરખ પણ ના કરી શક્યા.

આ એકલાં બીનાબહેનની વાત નથી. 'બેટા આન્ટીને કહી દે જે હું ઘેર નથી'..., 'અરે હોય કંઈ... હું રસ્તામાં જ છું પાંચ મિનિટમાં પહોંચું'.... 'સર, કામ થઈ જ ગયું છે બસ સબમીટ જ કરું છું'... 'ભાભી, મારી તબિયત નથી સારી હું આજે કામ પર નહિ આવું' આવાં જાતજાતનાં અનેક જૂઠાણાં અને બહાના આપણી જીભ પર સહજતાથી રમતાં જ હોય છે. કેટલી નજીવી વાતમાં, કદાચ જ્યાં જરૂર ના હોય તેવી જગ્યાએ પણ આપણે ખોટું બોલીએ છીએ.

જાણતા- અજાણતા, જે કંઈ આપણે બોલીએ તેની જવાબદારી પણ સંપૂર્ણપણે આપણી જ બને, તે પછી સત્ય હોય કે અસત્ય.

માણસે અસત્ય તરફ કેમ નમવું પડતું હશે? ધંધામાં નજીવા નફા માટે, પરિવારમાં અણબનાવ ટાળવા, સંબંધો ટકાવી રાખવા, કંઈક છુપાવવા, મનપસંદ છબી ઊભી કરવા, મોટાઈ બતાવવા અસત્ય બોલવાનાં કે એનાં આચરણનાં કેટલા બધાં કારણ હોઈ શકે!

બીજી તરફ, સત્ય બોલવાનાં કે આચરણનાં આંગળીનાં વેઢે ગણાય એટલાં કારણ પણ માંડ મળશે. આવું કેમ? અસત્યનો માર્ગ સત્યનાં માર્ગ કરતાં સરળ છે, ટૂંકો છે તેમ લાગે છે, પરંતુ અંતે તો સત્ય સરળ છે કેમકે તેનું અસ્તિત્વ છે, વિના કોઈ પ્રયત્ન કે સાબિતી.

આમ છતાં, માણસને દેખીતા ટૂંકા અને સરળ રસ્તા લેવાની આદત પડી ગઈ છે. કોઈને કંઈ પણ શિખવાડવું હોય તો ધર્મનો આશરો લેવો એ સૌથી પ્રચલિત માર્ગ છે. આમ સત્ય અસત્યને આપણે ધર્મ સાથે જોડી પુણ્ય અને પાપની દ્રષ્ટિએ મૂલવીએ છીએ. અસત્ય બોલવું કે સત્ય છુપાવવું કે પછી સત્યને સ્વીકૃત સ્વરૂપે રજૂ કરવું, આ બધું જ સત્યની વિરુદ્ધ દિશામાં છે. કહે છે કે યુધિષ્ઠિર હંમેશાં સત્ય બોલતાં. રાજા હરિશ્ચંદ્ર તો સત્યવાદી તરીકે જ ઓળખાયા.

સૂર્યવંશનો મુખ્ય ગુણ છે સત્યનું પાલન. આમ સત્યને વળગી રહેનારા રાજાઓનો ઈતિહાસ ભારતવર્ષે જોયેલો છે. ખોટું બોલનારા ત્યારે પણ હતાં અને અત્યારે પણ છે.

સત્યનાં માર્ગનું પ્રથમ સોપાન છે સત્ય વચન, એટલે કે સાચું બોલવું. સત્યને શોધવું, સત્યને સાબિત કરવું, સત્યને વળગી રહેવું... આ બધું જ આજે નિરર્થક લાગે છે, પણ જે સત્ય હતું તે છે અને સદાય રહેશે. સત્યનો સાક્ષાત્કાર થાય કે ન થાય પરંતુ તે અડગ-અફર છે.

એક વાત સમજી લઈએ કે સત્ય ઈશ્વર છે - સત્ય બ્રહ્મ છે. નાની મોટી વાતે ખોટું બોલવું આપણને ઈશ્વરથી દૂર રાખે છે, આપણને પોતાની જાતથી દૂર રાખે છે તો સત્ય તરફ વળવાનો કેમ પ્રયત્ન ન કરીએ...

બોલો, તમે શું કહો છો? ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## વિશ્વના ઐતિહાસિક વારસાની ઉજવણીનું પર્વ
# વર્લ્ડ હેરિટેજ વીક - ૨૦૨૫

આપણા ઐતિહાસિક વારસાની જાળવણી અંગે જાગૃતિ માટે સાંસ્કૃતિક વિભાગ દ્વારા દર વર્ષે ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી ઐતિહાસિક વારસાની ઉજવણીનું પર્વ ઊજવવામાં આવે છે. કેટલાયે ઐતિહાસિક સ્થળોએ લોકો વધુને વધુ મુલાકાત લે એ હેતુથી અઠવાડિયા સુધી આવા સ્થળોએ મફતમાં પ્રવેશ પણ આપવા આવે. આ પર્વ અંતર્ગત આપણે હજારો વર્ષો જૂની, હજુ પણ ધબકતી માનવ સભ્યતા - લોથલ વિષે થોડી જાણકારી મેળવવા પ્રયત્ન કરીએ.

ગુજરાતી પ્રજાનાં વ્યાપરી અને ઉદ્યોગલક્ષી અભિગમના મૂળ તપાસવા બેસીએ તો એ તમને સિંધુ સંસ્કૃતિના પુરાતત્ત્વીય વારસા સુધી અવશ્ય લઈ જશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આ સભ્યતાના લોકોની ભેટ જ જાણે જોઈ લો. પુરાતત્ત્વીય નકશા પર વિશ્વમાં મહત્ત્વનું સ્થાન પામનાર લોથલ ઉદ્યોગ અને વ્યાપારિક પ્રવૃતિઓનો ઉત્કૃષ્ટ સમન્વય ગણી શકાય. લોથલ વિશ્વના પુરાતત્ત્વીય બંદરોમાં સૌથી પ્રાચીન સ્થાન ધરાવે છે. આજે આપણે અમદાવાદ જિલ્લામાં આવેલ આ સિંધુ સભ્યતાના મહત્ત્વપૂર્ણ સ્થળની મુલાકાત પર નીકળીએ. શાળાજીવનમાં ઘણાને ક્યારેક કાંટાળાજનક લાગ્યો હોય તેવા ઇતિહાસ વિષયને જો આવા સ્થળોની મુલાકાતના માધ્યમથી ભણાવવામાં આવે તો ચોક્કસથી દરેક માટે ઇતિહાસ ખૂબ જ રસપ્રદ બનાવી શકાય. લોથલ શબ્દોનો અર્થ મરેલાનો ટેકરો એવું આપણે સહુ ઇતિહાસના પાને ભણી ગયા છીએ. પણ મરેલાનો આ ટેકરો એક સમયે જીવંતતાથી ભરપૂર હશે એની સાક્ષીમાં આ ભગ્ન અવશેષો ઊભા છે. જાણે દરેક પથ્થરો સદીઓથી તેમને આ સ્વરૂપ આપનાર તેમના સર્જકોની હયાતીના પુરાવા આપવા જ ઊભા હતા એવું લાગે. એ ખંભાતના અખાત નજીક આવેલું આ સૌથી પ્રાચીન બંદર આપણા માટે ગૌરવની વાત છે. ભારતમાં સિંધુ સંસ્કૃતિના મળી આવેલા મોટા નગરો પૈકીનું એક નગર એટલે લોથલ.

આઝાદીના સમયે મોહેં જો-દડો અને હડપ્પા જેવા સ્થળો પાકિસ્તાનના હિસ્સામાં જતા રહ્યા તેથી ભારતમાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા હેઠળ જુદાં જુદાં સ્થળો એ સંશોધનો શરૂ થયા અને તેના પરિણામ સ્વરૂપ આપણને આજે આ ભવ્ય વારસો પ્રાપ્ત થયો. ડૉ. એસ. આર. રાવની આગેવાની હેઠળ અહીં સંશોધન કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. જેનું પરિણામ આજે સૌની સમક્ષ છે. લોથલ ભોગાવો અને સાબરમતી નદીના વહેણની મધ્યમાં સ્થિત હતું એવું કહેવામાં આવે છે. ઈસવીસન ૧૯૫૪ માં ડૉ. શિકારીપૂરા રંગનાથ રાવ દ્વારા ઉત્ખનનનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. લોથલને જેમ જેમ જાણીશું તેમ તેમ આશ્ચર્ય થશે, તે લોકોની સૂઝ બૂજ, જીવનશૈલી, ઉદ્યોગો, રહેણાંક વગેરે ખૂબ જ આયોજનબદ્ધ કહી શકાય એવાં. લોથલના મોટા ભાગના બાંધકામ પાકી ઈંટોમાંથી કરવામાં આવેલા છે. આજથી લગભગ ૪૫૦૦ વર્ષો પહેલાં આટલાં સુવ્યવસ્થિત બાંધકામો જરૂરથી અચરજ પમાડે છે.


લોથલને મુખ્યત્વે બે ભાગમાં વહેંચવામાં આવે છે. એક ઉપલું નગર કે જ્યાં મોટા ભાગની ફેક્ટરીઓ અને ગોદામો આવેલાં છે અને બીજુ નીચેનું નગર જ્યાં નાનાં રહેણાંકના ઘરો આવેલાં છે. મોટા ભાગના સિંધુ સંસ્કૃતિના સ્થળોના મકાનોનાં બારણાં મુખ્ય માર્ગ પર ખુલવાને બદલે શેરીઓમાં પડે છે, જ્યારે લોથલમાં ઘરના દરવાજાઓ મુખ્ય માર્ગ પર જ સીધા પડે છે. અહીંની બીજી એક વિશેષતા એ છે કે અહીંનો વિસ્તાર દરિયાંથી નજીક હોવાના કારણે કદાચ વારંવાર પુરનો ભોગ બનતા હશે તેથી બધા જ મકાનો, ફેક્ટરીઓ, ગોદામો વગેરે ઊંચા ઓટલા જેવા બાંધકામ પર બનાવવામાં આવતા જેથી પુર જેવી પરિસ્થિતિમાં રક્ષણ મેળવી શકાય. અહીંના દરેક મકાનો પાકી ઈંટોમાંથી બાંધવામાં આવેલાં છે.

લોથલને અન્ય હડપ્પીય સ્થળોમાં અલગ સ્થાન અપાવનાર અહીંનો જહાજો લાંગરવાનો બંદરનો ધક્કો કહી શકાય. જે પાકી ઈંટો વડે બાંધવામાં આવેલ છે. આ ડોકયાર્ડને કારણે જ લોથલનો વ્યાપાર સમકાલીન વિશ્વના લોકો સાથે થતો હતો. આ ડોકયાર્ડમાં પાણીનો સંગ્રહ અને નિકાલ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તળિયાં પર સેલખડીથી પાણી લીકના થાય એ માટે વ્યવસ્થા કરવામાં આવેલ, તેમજ તળિયાં પર મોટા કાણાં વાળા પથ્થરો મળી આવ્યા છે કે કદાચ વાહણોને લાંગરવાના ઉપયોગમાં લેવામાં આવતા હતા. લોથલ સાઈટ પરના એક બેનર મુજબ સાઈઠ ટનની ક્ષમતા ધરાવતા ત્રીસ જેટલા શિપ માટે આ ડોકયાર્ડ સક્ષમ હતું જે આજના વિશાખાપટ્ટનમ બંદર જેટલી જ ક્ષમતા ધરાવતું હતું. કેટલી આશ્ચર્ય જનક બાબત!! તેથી જ કેદ્ર સરકાર દ્વારા લોથલમાં મેરિટાઈમ હેરિટેજ મ્યુઝિયમ બનાવવાની જાહેરાત કરી છે. આ ડોકયાર્ડની પાસે જ મોટી ફેક્ટરી તેમ જ ગોદામ જેવા બાંધકામ મળી આવ્યા છે. જેમાં મોટા પાયા પર મણકાઓનું ઉત્પાદન થતું હશે તેવું અનુમાન લગાવવામાં આવે છે. અહીંથી જ મેસોપોટેમિયા, ઇજિપ્ત તેમ જ પર્શિયા વગેરે સાથે વ્યાપાર કરવામાં આવતો હશે જે અહીંથી મળેલી મુદ્રાઓ પરથી કહેવામાં આવે છે. તેથી કહી શકાય કે લોથલ મહત્ત્વપૂર્ણ વ્યાપારી નગર હતું.





હડપ્પન સંસ્કૃતિનું મહાનગર લોથલ



લોથલમાં રહેણાંકના મકાનો ઉપરાંત સમશાનના પણ પુરાવા મળ્યા છે. અહીં એકવીસ જેટલા હાડપિંજર મળી આવ્યા છે જેમાં એક સ્ત્રી પુરુષના મૃતદેહનું જોડકું મળી આવ્યું છે જેની પાસેથી અમુક ચીજવસ્તુઓ પણ મળી આવી છે. આ બધું કોઈપણને વિચાર કરવા મજબૂર કરી દે. શું એ કોઈ સતીપ્રથા જેવો કોઈ રિવાજ હતો? કે પછી આપણી અમુક અમર પ્રેમકથાઓ જેમ કોઈ પ્રેમી બેલડી હશે? કદાચ એનું રહસ્ય પણ કાળક્રમે દટાઈ ગયું હશે. અહીંના એક અન્ય શબની ખોપરીમાં કાણું મળી આવ્યું છે તે પરથી એવો અંદાજ લગાવવામાં આવે છે કે એ સમયે મગજની શાસ્ત્રક્રિયા શરીરના અન્ય ભાગો જેમ થતી હશે. આ શબ લોથલના મ્યુઝિયમમાં પ્રતિકૃતિ સ્વરૂપે રાખવામાં આવ્યા છે. કાર્બન ડેટિંગ પદ્ધતિ વડે પરિક્ષણ બાદ આ સાઈટનો સમયગાળો ઇ.સ. પૂર્વે ૨૪૫૦ થી ૧૯૦૦ સુધીનો ગણવામાં આવે છે. આટલાં વર્ષો અગાઉ આવું સુવ્યવસ્થિત આયોજન ત્યારનાં લોકોની સૂઝબૂજ દર્શાવે છે. મકાનોમાં સ્નાનગૃહ, રસોડું, અને ગંદા પાણીના નિકાલ માટે ગટરોની નિકની વ્યવસ્થા કરવામાં આવેલ છે. અહીંની ગટર વ્યવસ્થા તે લોકોના સ્વચ્છતા પ્રત્યેના સભાનપણાનો પુરાવો આપે છે. ગટરોની સાફ સફાઈ કરવા માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી.

લોથલને મ્યુઝિયમમાં સાઈટ પરથી મળી આવેલ વસ્તુઓ સંરક્ષિત રાખવામાં આવેલ છે. સૌથી વધુ અહીં વિવિધ પ્રકારના મણકાઓ અને તેનાથી બનાવેલા દાગીનાઓ જોવા મળે છે. વિવિધ પ્રકારની માળાઓ પરથી તે સમયની મહિલાઓની ફેશન વિશે જાણકારી પ્રાપ્ત થાય છે. વિવિધ પ્રકારના શંખ , પથ્થરો, અકીક, સોના, ચાંદી જેવા ધાતુઓ ઉપરાંત માટીના પણ ઘરેણાં મળી આવ્યા છે. એક માળાના મોતી કે મણકા એટલા ઝીણા છે કે બિલોરી કાચથી જોવા પડે છે ! ગળામાં પહેરવાની અનેક માળાઓ, વીંટી, બંગડી જેવા ઓર્નામેન્ટ્સના પુરાવા મળે છે. તેમ જ વિવિધ મુદ્રાઓ અને એક શીંગી ગેંડાની મુદ્રાકન મળી આવ્યું છે. હથોડી, ગોફણ, તીર, ભાલા, તીક્ષ્ણ પથ્થરોની છરી જેવા હથિયારો પરથી એવો અંદાજ લગાવી શકાય કે આ બધા હથિયારો મોટા ભાગે ઉદ્યોગો અને રોજબરોજના જીવનમાં ઉપયોગમાં આવે તેવા હતા. માટીના વિવિધ પ્રકારના મૃતભાંડો પણ મળી આવ્યા છે જે અલગ અલગ પ્રકારના છે જેમાં એક પર કાળા રંગનું ચિત્રાંકન પણ થયેલું છે. તેમ જ બાળકોના મનોરંજનનો પણ એ સમયે ખ્યાલ રાખવામાં આવતો હતો. બાળકો માટે અલગ અલગ રમકડાં જેવા કે બળદગાડું તેમ જ પશુપક્ષીના આકારના રામકડાઓ વગેરે.

લોથલમાં લટાર મારતા આપણે એ વાત સમજ્યા કે અહીંના લોકો સુવિધાજનક છતાં સાદગીપૂર્ણ જિંદગી જીવતા હતા. લોથલના અંત વિશે એવું કહેવાય છે કે આ નગરનો નાશ પુરના કારણે થયેલો છે. આદિથી આજ સુધી એ તો પુરવાર થાય જ છે કે માનવી ગમે તેટલો આધુનિક બને આવિષ્કારો કરે પરંતુ કુદરત પાસે તો પાંગળો જ રહેશે. માટે કુદરતને અનુકૂળ રહેવામાં જ આપણી ખુશી અને ભલાઈ છે.

સમયનું ચક્ર અવિરતપણે ચાલ્યા જ કરે છે... હજારો વર્ષો પૂર્વે અહીં એક ખૂબ જ આધુનિક સભ્યતા વસવાટ કરતી હતી એની આગવી વાર્તાઓ હશે જે હજુ સુધી કોઈ ઉકેલી શક્યું નથી તો ધરતી બહાર કોઈ જીવનાં અસ્તિત્વ સુધી પહોંચવું એ કલ્પના જેવું જ કહી શકાય. આજે અહીં સરકાર એક વિશાળ મરીન મ્યુઝિયમ તૈયાર કરી રહી છે. ટૂંક સમયમાં આપણે રસપ્રદ મ્યુઝિયમ પણ જોઈ શકીશું.

આ નગરની ગલીઓમાં એક આંટો મારી જુઓ તો સમજાય કે આ નગર હજુ પણ ધબકતું નગર છે. ઊંડી સમજથી રચાયેલું આ નગર આજનાં આર્કિટેક્ટની સૂઝબૂઝ કરતા તો ક્યાંય આગળ પડતું છે. અહીંની દીવાલ પર બે ઘડી બેસીને એક સભ્ય અને સંસ્કૃત નગરમાં કોઈ સંસ્કૃત વ્યક્તિના ઘરે બેસીને આવ્યા એવું અનુભવાશે. ઉમદા સંસ્કૃતિ એક સંસ્કૃત સમાજથી બને છે અને સંસ્કૃત સમાજ એવા લોકોથી બને છે જે દરેક જીવમાત્ર માટે સંવેદના ધરાવતા હોય બાકી આજનાં સમાજથી ફરી કોઈ સંસ્કૃતિ બનશે એવું હું નથી માનતો.

આ ધબકતા નગરની મુલાકાત લઈને આપણા પૂર્વજોની, આપણા સમાજની અને આપણી સંસ્કૃતિની ઓળખ નાના બાળકોને પણ આપો. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# મશીનની જેમ વિચારી શકતો માણસ અંતે આજે ક્યાં છે?


મોટા ભાગના માણસો ઠંડા બુઝાયેલા કોલસા જેવી જિંદગી જીવતા હોય છે. કાળો રંગ કરવા સિવાય કોઈ કામ નહીં. અમુક તાપણાં જેવી જિંદગી જીવે. દૂરથી જ પીળો પ્રકાશ દેખાય. ઠંડી ઉડાડવા કામ લાગે. જાનવરો દૂર રહે, પણ એની ઉપર કંઈ ખાસ રાંધી શકાય નહીં. બહુ ઓછાની જિંદગી ગેસની ભૂરી જ્યોત જેવી હોય, જેને કોઈ નોટિસ ન કરે પણ એમાં તાપ બહુ હોય અને એ અગ્નિ જ ભોજન આપે.

વોલ્ટર પીટ નામની એક વ્યક્તિ આવું જીવીને ગઈ. પોતે રાખ થઈ ગયા,પણ સમસ્ત દુનિયાને દુનિયાની તાકાત બતાવતા ગયા.

વોલ્ટર તેર વર્ષનો હશે જ્યારે ઘરેથી ભાગી ગયેલો. આમ પણ આવા ભેજાબાજ માણસો થોડા માથાફરેલ હોય અને એના જ જન્મદાતા એને સમજી ન શકતા હોય એવું બને. પૈસા નહીં, સામાન નહીં, માથે કોઈ છત નહિ, કોઈ બેક-અપ પ્લાન પણ નહીં. થોડું બીમાર શરીર અને તેજ દિમાગ - આટલી પૂંજી સાથે હતી પણ સામાન્યતઃ આનાથી બે ટંકના રોટલા મળતા હોતા નથી. શિકાગોના રસ્તા પર એક છોકરો ભટકી રહેલો. રાતે ઠંડી લાગે. રાતે ચોરચક્કાઓ ને પોલીસનો પણ ત્રાસ. એટલે એ છોકરો એવી જગ્યાએ છુપાતો જ્યાં ખાસ સિક્યોરિટી ન હોય અને ત્યાં કોઈ છુપાયું હશે એવું કોઈએ વિચાર્યું પણ ન હોય - એ જગ્યા એટલે લાઈબ્રેરી. સૂવા માટે અને વિચારવા માટેની આદર્શ જગ્યા.

જે ઉંમરે તેની હરોળના અમેરિકન છોકરાઓ ઘડિયા ગોખી રહ્યા હતા આ છોકરો પ્રિન્સીપીઆ મેથેમેટિકા નામનો ગણિતનો દળદાર ગ્રંથ વાંચી રહેલો. ભલભલા સિનિયર સ્કોલર પણ જે ગ્રંથ ઉઘાડતા ડરે એ ગ્રંથમાં આ છોકરાને મજા પડવા માંડે. આ સુપરમેન કે આર્ચી-વેરોનીકાની કલરફુલ કોમિક્સ તેને અપીલ ન કરતી. તે આવું બધું વાંચતો ગયો અને તેના પરિણામે એના દિમાગમાં કઈંક ભયંકર આકાર લઈ રહેલું. તેને સિમ્બોલની સમજ આવવા લાગી. કુદરતની અને માનવસર્જિત શોધોની પણ પેટર્ન એ સમજવા લાગ્યો. એનો તર્ક સમજવા લાગ્યા. રિધમ અને કલરની ગજબનાક ગાણિતિક સૂઝ તેનામાં આવતી ગઈ. એક ઘર વિનાનો છોકરો જાતે ગણિતશાસ્ત્રનો અભ્યાસ કરતો. એવો વિષય જે અમુક બૌદ્ધિકો માટે જ અનામત મનાતો.

વર્ષો પછી એ છોકરાએ દુનિયાના પ્રથમ ન્યુરલ નેટવર્કનું સહ-સર્જન કર્યું. અત્યારે જે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ બધે જ વપરાય છે તેનું પૂર્વજ એ મોડેલ હતું. આપણા સાદા ફોનનું ઓટો-કરેક્ટ, ગાડીના સેન્સર, આધુનિક ગાડીમાં આવી રહેલી અડાસ ટેક્નોલોજી, કમ્પ્યુટર અને ઇન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયાના અલ્ગોરીધમ - આ બધાના પાયામાં વોલ્ટર પીટની થિયરીઓ છે. તેના કામ વિના આટલું જલદી અને આટલું સરળ રીતે ટેક્નોલોજીની દુનિયા શક્ય બની હોત કે કેમ તે સવાલ છે.



વોલ્ટર પીટ

એમ-આઈ-ટી જેવી વિશ્વ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થામાં તે પ્રોફેસર બન્યો. અઢાર વર્ષની ઉંમરમાં પીએચડીની પદવી હાંસિલ કરનારા બીજા એક જીનિયસ માણસ નોબર્ટ વીનરને આ વોલ્ટરમાં ભારોભાર શક્તિ દેખાઈ. તેમના શબ્દોમાં કહીએ તો વોલ્ટરનું દિમાગ કોઈ ચર્ચ જેવું છે - વિશાળ, સુંદર અને ભારોભાર ક્ષમતા. તે બંને કોમ્પ્યુટેશનલ થોટ્સ, સાયબરનેટીક્સ, કોગ્નિશન જેવાં ક્ષેત્રોના પાયાના પથ્થર બન્યા. વોલ્ટર એવા પ્રોફેસર હતા જે આઠ ભાષા વાંચી શકતા હતા, મગજમાં અઘરાં સમીકરણો ઉકેલી શકતા હતા અને કોઈ ચેતના કે જાગૃતિ વિષે પૂછે તો ચોકથી માનવજાતનો સાર કોરિડોરમાં સમજાવી શકતા હતા.

આટલું મોટું યોગદાન હોવા છતાં ભાગ્યે જ કોઈએ તેનું નામ સાંભળ્યું છે, પણ આપણો મુદ્દો અત્યારે એ નથી. ઘણા ય ભેજાબાજો ગુમનામીના અંધારામાં ધકેલાઈ જતા હોય છે. વાચક મિત્રો, આપણને એની જીનિયસમાં બહુ રસ નથી. રસ લઈએ એની અંગત લાઈફમાં. એ બ્રિલિયન્ટ માણસને એકલતા ખાઈ ગઈ. માણસની પ્રાથમિક જરૂરિયાત હોય - ટુ બી લવ્ડ. કોઈ પ્રેમ કરે તે. કોઈ સાંભળે તે. કોઈ સંભાળ લે તે. હોશિયાર માણસોને બહુ મિત્રો હોતા નથી અને જો હોય તો તે માણસ એની ઉપર બહુ ભાવનાત્મક આધાર રાખતો થઈ જાય છે. વોલ્ટરના સૌથી અંગત સાથીએ દગો દીધો કે તેમને છોડી દીધા. આ એક જ નાનીશી લાગતી ઘટનાએ તે માણસને ભાંગી નાખ્યો.

વ્યવસાયિક રાજકારણ કે વૈજ્ઞાનિક નિષ્ફળતા કે એવું કંઈ નહીં, પણ લાગણીઓએ તેમનો ભોગ લઇ લીધો. શિક્ષણજગતમાં ને બધાં ક્ષેત્રોમાં રાજકારણ અને ટપલીદાવ તો રહેવાનો, પણ એનાથી દિલનું તૂટવું કેટલું ભારે પડી શકે એના વિશે આપણે ક્યાં વિચારીએ જ છીએ.

વોલ્ટર પીટ બદલાઇ ગયા. પહેલા એમણે લખવાનું બંધ કર્યું અને પછી વાંચવાનું. કોલેજ જવાનું બંધ કરી દીધું. ધીમે ધીમે બધા સાથે વાતો કરવાનું ઓછું કરી નાખ્યું. કાગળના ઢગલાથી ભરેલા તેના નાના ઘરમાં તે રહેવા લાગ્યા. અને એક દિવસ તે મરી ગયા. એના મગજમાં અનેક નવતર અને ઉપયોગી આઈડિયાઝ હશે જે આ દુનિયાને ન મળ્યા. એમણે આ દુનિયાને ઘણું આપ્યું પણ આ દુનિયાનો એક જ શખ્સ જે એમને જોઈતો હશે એ ન મળ્યો કે એમણે દગો આપ્યો - આ દુનિયા તેમને ન બચાવી શકી. બ્રહ્માંડ સમજાવી શકનારા માણસ એકલતા સામે બહુ ખરાબ રીતે હાર્યા. કોઈ ગણિત કામ ન આવ્યું કે ન કામ આવી તર્કશાસ્ત્રની સમજ કે ના તો હ્યુમન બીહેવીરની કોઈ પેટર્ન. મશીનની જેમ વિચારી શકતો માણસ અંતે જખમ બનીને રહી ગયો!

ઈન્ટરનેટના અલ્ગોરિધમ ઘડનાર માણસને મનુષ્યના હૃદયનું અલ્ગોરિધમ ખબર છે? સમજશક્તિ એક વાત છે અને સહનશક્તિ બીજી વાત છે. સુપરમેનમાં પણ જો આ બંને શક્તિ એકસાથે નથી હોતી. માણસ ગેલેક્સીનો નકશો બનાવી લેશે, ન દેખાતા અણુના બે ભાગ કરશે, મશીનને પોતાનું કામ કરતા શીખવાડી દેશે પણ પોતાના માણસ તરફથી આવતું એક વાક્ય કે એની ચુપકીદી તેને પછાડી નાખશે. દાયકાઓથી ભેગી કરેલી હિમ્મત ચકનાચૂર થઈ જાય છે. એક તૂટેલો સંબંધ અસીમ બ્રહ્માંડને એક નાનકડા ઓરડા પૂરતો સીમિત કરી નાખે છે. બુદ્ધિમાનનું દિલ વધુ નાજુક હોય છે. ગ્રીકો સાચું કહેતા હશે. પ્રથમ યુદ્ધભૂમિ દિલ હોય છે. અર્જુન પણ પહેલું યુદ્ધ કુરુક્ષેત્રમાં નહીં એના મનમાં લડ્યો હતો.

વોલ્ટર પીટની આ જીવનકથની દુનિયાનો અરીસો બતાવે છે. દુનિયા તો ઢંઢેરો પીટી શકે તેવી છે. ગ્લેમર અને કાવાદાવા જીતે છે. ચમકદમક નંબર લઈ આવે છે. હજુ પણ આ દુનિયામાં એવા કેટલાય ભેજાબાજો હશે, જેની અંદર રહેલી અપાર શક્યતાઓ આ દુનિયાને બદલી નાખવાની ક્ષમતા ધરાવતી હોય પણ તાળીઓ અને ફોલોઅર્સની સંખ્યામાં બધું દબાઈ જાય છે. દિમાગને કદાચ એવોર્ડ જોઈએ પણ દિલને રિવોર્ડ જોઈએ. માણસ પાસે પોતાનું માણસ નથી હોતું ને આ તકલીફ કોઈને કહી શકાતી નથી અને તેનો કોઈ ઉકેલ પણ નથી. સમય ક્રૂર છે. જીંદગી ક્રૂર છે. આપણું દિલ આપણું જ દુશ્મન છે. અમુક દુઃખો સનાતન હોય છે. જ્યાં સુધી જેની પાસે સુખ અને પ્રેમ છે ત્યાં સુધી તેણે પોતાની જાતને સૌથી નસીબદાર ગણવી. ■

હાસ્ય વિનોદ

# હર્ષલ મહેરબાન તો જાતક પહેલવાન...!

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ

feedback@bombaysamachar.com

ઘણાં કુટુંબમાં પુરુષ બબ્બે નામ ધરાવતો હોય છે. ઉદાહરણ તરીકે ગટુભાઈ ઉર્ફે ગ્રીષ્મકુમાર કે ટીકુભાઈ યાને સ્નેહલભાઈ. એ રીતે હર્ષલ અને યુરેનસ જેવાં બે નામ આ ગ્રહને અપાયાં છે. હર્ષલ નામના ખગોળશાસ્ત્રીએ ૧૭૮૧ની સાલમાં તેને શોધ્યો હોવાથી તે હર્ષલના નામથી જાણીતો છે, પણ તેનું સાચું નામ યુરેનસ છે. જોકે તેને પોતાને તો તેના નામોની ખબર પણ નથી. આ ઉપરાંત તેનું ત્રીજું નામ પણ છેઃ પ્રજાપિતા. ના, આ તેની અટક નથી, નામ જ છે. તેનામાં બ્રહ્માના તમામ ગુણ મોજૂદ હોવાથી તે પ્રજાપિતા પણ કહેવાય છે.

રાહુ અને કેતુની પેઠે હર્ષલ અને નેપ્ચુન નામના ગ્રહ મોડા શોધાયેલા હોવાથી તેમનો નામોલ્લેખ મહાભારત કે રામાયણમાં તો શું, 'દર્શક'ની નવલકથા 'સૉક્રેટિસ'માં પણ નથી. આ હર્ષલ યાને યુરેનસ મોડો મોડો શોધાયો એ માટેનો દોષ વિજ્ઞાનીઓને દેવાને બદલે તેને ખુદને દેવો જોઈએ, કેમ કે સૂર્ય, ચંદ્ર, મંગળ અને શુક્ર જેવા ગ્રહ તો આંખ સામે ધસી આવીને પોતાના અસ્તિત્વની નોંધ લેવડાવે છે, જ્યારે આ હર્ષલને જોવાની તો જાણે આપણને જ ગરજ હોય તેમ અતિ સૂક્ષ્મ અને શક્તિશાળી દૂરબીનની મદદ લેવામાં આવે ત્યારે તે માંડ જડે છે. તેને આપણી સાથે જ નહીં, સૂર્ય સાથે પણ દૂરનો સંબંધ છે. સૂર્ય તે બે અબજ અને અઠયાસી કરોડ કિલોમીટર દૂર છે. સૂર્યની પ્રદક્ષિણા કરતાં તેને અમુક વિજ્ઞાની ૭૪ વર્ષ લાગે છે, જ્યારે કેટલાક ઉદાર વિજ્ઞાની ૮૪ વર્ષ લાગે છે, એથી જોકે તેને કે આપણે કશો ફરક પડતો નથી. પૃથ્વીથી વજનમાં તે પંદરગણો મોટો છે છતાં પોતાની ધરી પર તે બાર કલાક અને ૧૮ મિનિટમાં ચક્કર ફરી લે છે. ત્યાં દિવસ ટૂંકો હોવાને કારણે ભવિષ્યમાં જો વસતિ અસ્તિત્વમાં આવશે તો ગરીબો ફાવી જશે, એમના દુઃખના દિવસો જલદી પૂરા થશે, પણ ત્યાં ખાનગી પેઢીઓ ધરાવનારા દુઃખી થઈ જશે. બોણી માગવા આવનાર પોસ્ટમેન કે ટેલિફોનવાળાને એ ધમકાવશે કે અલ્યા, હજી હમણાં તો બોણી લઈ ગયો હતો એટલામાં પાછો ક્યાંથી ટપકી પડ્યો! વરસ આટલું જલદી કેમ પૂરું કરી નાખ્યું!

યુરેનસ પાસે પોતાની માલિકીના પાંચ-પાંચ ચંદ્ર છે અને ત્યાં પાણી હોવાનું પણ માલૂમ પડ્યું છે એટલે આપણે ત્યાં માત્ર એક જ ચંદ્રના જોરે દરિયો આટલો બધો ઊછળે છે તો પાંચ ચંદ્ર હોવાને કારણે ત્યાં દરિયો ગાંડો થઈને કેટલા ઉછાળા મારતો હશે!

કહે છે કે ચંદ્રને પાગલપન સાથે સ્નેહસંબંધ છે એટલી નિકટતા કવિ સાથે પણ છે. તમે તપાસ કરી જોજો, એવો એક પણ કવિ નહીં જડે, જેણે ચંદ્ર પર આખેઆખી કવિતા નહીં લખી હોય તો છેવટે તેના પર એકાદ મુક્તક કે હાઈકુ તો લખ્યું જ હશે અને પૃથ્વી પાસે તો સોનેટ ખાવા અથવા તો પ્રેમીઓને તુલના કરવા માત્ર એક જ ચંદ્ર હોવા છતાં એકલા ભારતમાં જ કેટલા બધા પાગલ છે! સર્ટિફાઈડ પાગલોથી પાગલખાનાં ભરાઈ ગયાં છે. બાકીની વસતિના ચાલીસ ટકા પાગલ એવા છે, જે જરૂરી સર્ટિફિકેટ મેળવવામાં નિષ્ફળ જવાથી પાગલખાનાની બહાર છે.

આવા માહોલ વચ્ચે આપણે ઈચ્છીએ કે યુરેનસ ગ્રહ પર માનવવસતિ ન હોય, કારણ એ કે ત્યાં તો પાંચ પાંચ ચંદ્ર છે. ત્યાં જો માણસોની વસતિ ઊભી થશે તો સરકારનું તમામ બજેટ માત્ર પાગલોને સાજા કરવા પાછળ, એમની સારવારમાં જ ખતમ થઈ જશે. અને જે રડ્યાખડ્યા ડાહ્યા માણસો જડી આવશે એ અત્યંત લઘુમતીમાં હોવાથી એમના પર સરકારે વિશેષ ધ્યાન આપવું પડશે.

આ હર્ષલ - યુરેનસ એક દુર્લભ તેમ જ વિશિષ્ટ પ્રકારનો ગ્રહ છે, જે ઑર્ડિનરી માણસો પેદા નથી કરતો, વિશ્વમાં નામ કાઢે એવી વ્યક્તિઓના મેન્યુફેક્ચરિંગમાં જ એને વધારે રસ છે. ગેલિલિયો, આર્કિમિડીઝ, પાયથાગોરસ, બે બિલાડી ફેઈમ ન્યુટન, આર્યભટ્ટ (ના, વિનોદ ભટ્ટ તો નહીં જ), પતંજલિ અને પરાશરઋષિ તેમજ સહદેવથી વરાહમિહિર અને જેની એકાદ આગાહી પણ બાય ફ્લુક સાચી પડી હોય એવા છાપામાં કૉલમ લખતા જ્યોતિષીઓ તેમજ માર્કોની જેવા સંશોધકો વગેરે હર્ષલની દેન છે. આ બધાં એનાં માનસસંતાનો છે.

કોઈ પણ જાતનો વેરો ભરવો ન પડતો હોય તેવો આલીશાન ટેક્સ ફ્રી ડિપાર્ટમેન્ટલ સ્ટોર તે ચલાવે છે, પણ આ સ્ટોરમાં સોયથી માંડીને સ્ટીમ એન્જિન સુધીનું બધું જ મળે છે એમ કહી શકાય નહીં, કેમકે સોય જેવી તુચ્છ વસ્તુઓને તે પોતાના સ્ટોરમાં પેસવા દેતો નથી. આખાય જગતમાં તમામ પ્રકારની જે રિસર્ચ લેબોરેટરીઓ ચાલે છે (અથવા તો ચાલતી અચાનક બંધ થઈ જાય છે) એ બધીનો પ્રોપરાઈટર અર્થાત્ સ્વતંત્ર માલિક આ હર્ષલકુમાર છે. વિશ્વમાં દેખાતા તેમજ છૂપાં જે અણુકેન્દ્રો છે, સ્પેસ એપ્લિકેશન સેન્ટરો છે તેમજ વેધશાળાઓ છે એ તમામનો વહીવટ હર્ષલના હસ્તક છે. અમેરિકા, બ્રિટન, ચીન કે પાકિસ્તાન ભલે ફાંકો રાખતા કે અમારી પાસે આટલા કે તેટલા હાઈડ્રોજન બૉમ્બ, નેપામ બૉમ્બ, મિસાઈલ્સ, શસ્ત્રો-અસ્ત્રો (જેને હેર કટિંગ સલૂનવાળાઓ અસ્તરો કહે છે તે) વગેરે છે, પણ એ બધાંની સાચી માલિકી હર્ષલની છે. બૉમ્બ વગેરે કોણે, ક્યાં ફેંકવો એ પણ હર્ષલ જ નક્કી કરે છે. ભારતને તેણે બૉમ્બ બનાવવાની પરમિશન આપી છે, પણ પડોશી દેશો પર ફેંકવાની પરવાનગી હજી આપી નથી.

'તું તો યાર, અહિંસક દેશ છે, તારાથી તે કંઈ કોઈના પર બૉમ્બ ઝીંકાય? બાપુનો આત્મા કકળી ઊઠે...' એમ કહીને તે ભારતને ધમકાવ્યા કરે છે.

આ હર્ષલ પાસે ગૂઢ રહસ્યોની અદ્ભુત જાણકારી છે. કોણ છાનુંછપનું અણુપ્રયોગ કરે છે, કોણ કોની સામે પ્લાસ્ટિકની, ગોળીઓ વગરની બનાવટી પિસ્તોલ તાકી અણુપ્રયોગની ધમકી આપી ડરાવવા મથે છે, કોણ પોતાનો હવાઈ ગયેલો દારૂગોળો બીજાને વળગાડવા મથે છે એ બધાનો સમગ્ર રેકૉર્ડ હર્ષલ પાસે છે. આમ તો હર્ષલ પોતે જ ઝીરો ઝીરો સેવન-૦૦૭ છે, પણ એ એવો રહસ્યમય છે કે તેની એક પણ હિલચાલ તે કોઈના હાથમાં આવવા દેતો નથી. તેને કોઈ ફાડી શકતું નથી કે ધનદોલત યા શરાબ-સુંદરી વગેરે તેને ભોળવી કે ખરીદી શકતા નથી., કિન્તુ તેના અંતરાત્માનો અવાજ કોઈ કહેતા કોઈ સાંભળી શકતું નથી એ જ તો તેની વિશેષતા છે.

હા, પ્રિય વાચક! આ અંતરાત્માના અવાજ એક અલૌકિક અવાજ હોય છે. જે કોઈ સદ્ભાગી આ હર્ષલના આંદોલન પકડવામાં કામિયાબ નીવડે અર્થાત્ ઉપકારવશ થઈ હર્ષલ જો તેની કુંડળીમાં પ્રવેશ કરે તો તે જાતકનો બેડો પાર થઈ જાય છે. તેવી વ્યક્તિ ચુંબકીય વ્યક્તિત્વ ધરાવતી થઈ જાય છે. વિશ્વમાં ગૂઢાતિગૂઢ રહસ્યો પામવાની તેમ જ ઉકેલવાની વૃત્તિ - શક્તિ તેનામાં બચપણથી દૃષ્ટિગોચર થાય છે. આવો જાતક જિનિયસ હોય છે, પણ હર્ષલની એવી ગોઠવણ છે કે આ હકીકતની તેના સિવાય કોઈને ખબર પડતી નથી. સામાન્ય માણસોની નજરે તે પ્રમાણસર ચક્રમ, ધૂની અને/ અથવા પાગલ હોય છે. ઉદાહરણ તરીકે મોહમ્મદ તઘલખ. તેનામાં અસાધારણ બુદ્ધિપ્રતિભા હતી, પણ તેની પ્રજા પોતાનાં ચર્મચક્ષુથી તે જોઈ શકી નહીં. ઈતિહાસને પણ તેની ખબર ન પડી.

જન્મ સમયે જે ગ્રહને હર્ષલ સાથે સારાસારી હોય એ જ ગ્રહના કાર્યક્ષેત્રમાં હર્ષલની મદદ મળે. હર્ષલના કૃપાદૃષ્ટિવાળા જાતકો અત્યંત ઉત્સાહી, ક્યારેક તો બિનજરૂરી જણાય એટલા ઉત્સાહી બની જાય. તેમની કલ્પનાશક્તિ પણ ઘણી ઊંચી હોય, પોતાની જ કલ્પનામાં પ્રેમમાં તે પડી જાય. આ કારણે અમુક કિસ્સામાં એવું પણ બને કે જાતકને કલ્પના નામની પત્ની મળે, જે હાઈટમાં સાડા પાંચ ફૂટ જેટલી તો હોય જ અને આ કારણે લાગતાવળગતાઓ તેને ઊંચી કલ્પનાવાળો ગણી તેની મજાક કરે. સામાન્ય રીતે કોઈને ન આવે એવા નવા-અવનવા વિચારો, કેટલીક વાર તો અમલમાં ન મૂકી શકાય એવા શેખચલ્લીને આવતા હતા એવા મૌલિક વિચારો આ જાતકને સૂઝે.

હર્ષલ એટલે મંગળ અને બુધનો સરવાળો. આ બે ગ્રહ ભેગા થઈ ભાગીદારીમાં જે કંઈ કરી શકે તે આ એકલો હર્ષલ કરી શકે છે. તેનામાં મંગળની સ્ફોટકતા અને બુધની તર્કશક્તિ, બુદ્ધિ અને ફળદ્રુપતા ભારોભાર છે. એને ગતિમાં પણ એટલો જ રસ છે. જે કોઈ ચીજમાં પ્રચંડ ગતિ હોય તેનો માલિક હર્ષલ છે. જેટ વિમાન, અણુબોમ્બ, રોકેટ, મિસાઈલ અને હાઈ વોલ્ટેજવાળી વીજળી વગેરે હર્ષલનું સર્જન છે. ના, ઠીચુક ઠીચુક ચાલતી બાપુની ગાડીઓ, બળદગાડાં, જોગિંગ કરતા માણસો, પાછલા પગે દોડતા દોડવીરો તેમ જ સ્લો સાઈક્લિંગની રેસ કરનાર વગેરે...

હર્ષલ આમ તો નમ્ર અને વિવેકી ગ્રહ હોવાની પ્રતિષ્ઠા ધરાવે છે, પણ ક્યારેક જો ગોચરના અન્ય ગ્રહો તેને છંછેડે તો એ ગ્રહોને તે કશું નથી કરતો, પરંતુ એ ગ્રહો પરનો ગુસ્સો તે રડ્યાંખડ્યાં રાંક પર એટલે કે માનવજાત પર ઉતારે છે, સાધન તરીકે પણ તે માફિયા-બોમ્બ જેવા દાઉદ ઈબ્રાહિમ, છોટા રાજન, મઝલા રાજન, બડા રાજનો ને અબુ સાલેમોનો પાસે બૉમ્બધડાકા કરાવે છે કે પછી કોમી તોફાનો કરાવે છે. છતાં ખૂબીની વાત પાછી એ છે કે પોલીસ આ બધાં તોફાન માટે ભળતા માણસોની ધરપકડ કરીને એમને જેલમાં ધકેલી દે છે, પણ આ સબબે હર્ષલનો કોઈ વાળ સુધ્ધાં વાંકો કરી શકતું નથી, તેની ધરપકડ કરી કોઈ તેને પાટા કે પાસામાં ઝડપી લેતું નથી.

કાયદાના હાથ લાં...બા છે એવી કહેવત અત્યારે તો બહુ જૂની ને અપ્રસ્તુત થઈ ગઈ છે, પણ હર્ષલના હાથ ખાસ્સા લાંબા છે. પોળનાં પ્રગતિ મંડળ કે ગ્રામ પંચાયતની જ નહીં, ઠેઠ લોકસભાની ચૂંટણીઓ સુધી તેની પહોંચ છે. જ્યોતિષીની ભાષામાં સૂર્યને રાજસિંહાસનનો કારક કહેવામાં આવે છે, તે છેય ખરો, પણ એકલો સૂરજ જાતકને દઝાડવાથી વધારે કશું કરી શકતો નથી. આથી વિશેષ તેનું ગજું પણ નથી, કિન્તુ કોઈ પણ કુંડળીમાં સૂર્ય અને હર્ષલ સાથે ત્રિકોણમાં હોય અને આ બેમાંથી એક દસમા સ્થાને હોય તો જાતકને તે પ્લેનમાં બેસાડીને છેક દિલ્હી દરબારમાં મૂકી આવે છે. તેની પૂરી મરજી હોય કે ન હોય, પણ પોલિટિક્સમાં પડેલા તેની પાસે સફળતા હસતી હસતી પહોંચી જાય છે અને તેની પાસે રોકાઈ પણ જાય છે. કેટલીક વાર તો ચૂંટણી લડ્યા વગર પણ રાજકારણમાં તેની ફેં ફાટે છે.

આનું જ્વલંત દૃષ્ટાંત ધીરેન નામના બ્રહ્મચારીનું ટાંકી શકાય. આ ધીરેન બ્રહ્મચારી એમની અટક પ્રમાણે તો સંસાર તેમ જ રાજકાજથી જોજનો દૂર હોવા જોઈતા હતા, પણ એ ક્યાંય કશું નહોતા છતાં બધે બધું હતા. ભલભલા સંસારીઓ આ બ્રહ્મચારીની વાડીમાંથી બંદૂકો બનાવવાનું કારખાનું પકડાયું હતું. પણ બ્રહ્મચારી બાઈજ્જત છૂટી ગયેલા. આ જ તો છે હર્ષલનો પ્રભાવ.

હર્ષલ આમ તો પુરુષાર્થનો ગ્રહ છે, છતાં કેટલીક વાર તેની જાતક પર એટલી બધી મહેરબાની ઊતરે છે કે પેલી જૂની કહેવત સુધારીને કહેવાનું મન થાય કે હર્ષલ મહેરબાન તો જાતક પહેલવાન. જે જાતક બજારમાં ઊભો હોય તો તેની સામે જોવાની કોઈને ફુરસદ પણ ન હોય તે હર્ષલની કૃપાથી એવી જગ્યા પર ચડી બેસે જે જોઈને જોનારા મોંમાં આંગળાં નાખી દે. આશ્ચર્ય અને આઘાતથી સ્તબ્ધ થઈ બોલી પણ પડે કે ભાગ્ય કેવા કેવા માણસોને ક્યાંના ક્યાં પહોંચાડી દે છે! ઉદાહરણ તરીકે, વી. પી. સિંહ, પી. વી. નરસિંહરાવ, દેવ ગોવડા અને ઈન્દર ગુજરાલ. એમને દિલ્હીના રાજસિંહાસન પર બેઠેલા જોઈને એ દિવસે જ કેટલાકને તો પરિશ્રમમાંથી વિશ્વાસ ઊઠી ગયો હતો, એવા લોકો રાતોરાત પ્રારબ્ધમાં માનતા થઈ ગયા હતા.

હર્ષલ તો એક ફાસ્ટફૂડ જેવો ગ્રહ છે, જે ઈન્સ્ટન્ટ રિઝલ્ટ આપી દે છે. તે રીઝે તો જાતકની સાત સાત પેઢી તરી જાય છે. તરતાં ન આવડતું હોય તેને પણ તે તારે છે, પણ તે જેના પર ખીજે તેને બે-ત્રણ બુલેટથી નહીં, મશીનગનમાંથી વરસતી ગોળીઓના વરસાદથી છિન્નભિન્ન કરી નાખે છે અથવા તો એના જ ઘરમાં જઈ બૉમ્બધડાકા કરી જાતકને તે રાખમાં ફેરવી નાખે છે...

અલબત્ત, એ જાણવું રસપ્રદ છે કે આ હર્ષલ એ કંઈ મંગળ, બુધ, ગુરુ, શનિ, સૂર્ય કે રાહુ-કેતુ જેવો સાવ નવરોધૂપ ગ્રહ નથી કે બધા જ જાતકોની કુંડળીમાં આવીને બેસી જાય. તે સહેજ પણ ચીપ નથી. વીઆઈપી પ્રકારનો ગ્રહ છે. આ કારણે તે ગમે તે કુંડળીમાં પડતું મૂકતો નથી, પરંતુ જો કોઈ જાતકની નિયતિએ જ એવું નક્કી કરી નાખ્યું હોય, અલબત્ત, તેને પૂછી ગાછીને નક્કી કર્યું હોય તો તેને ઓબ્લાઈઝ કરવા તેની કુંડળીમા સન્માનપૂર્વક પ્રવેશ કરે છે અને તેનું ભલું કરવામાં યથાશક્તિ સહાયભૂત થાય છે. હર્ષલને જાદુઈ ચિરાગ કહી નવાજવામાં આવે છે, પણ એકાદ અલાઉદ્દીનના હાથમાં જ આવો ચિરાગ આવે છે. ના, જાદુઈ ચિરાગ પ્રાપ્ત કરવા માટે નામ બદલવાથી કોઈ ફરક પડતો નથી, કેમ કે હર્ષલ પાસે ઓરિજિનલ અલાઉદ્દીનના આઈડેન્ટિટી કાર્ડની અસલ તેમજ ઝેરોક્સ બંનેની નકલ હોય છે.

હર્ષલની અશુભ અસર ટાળવા એલેક્ઝાન્ડ્રા નામનું રત્ન વીંટીમાં જડી તે પહેરવાથી તેનાં બૂરાં પરિણામોમાંથી બહાર આવી જવાય છે.

કિંતુ અત્રે થોડીક ટેક્નિકલ મુશ્કેલીઓ છે. આ ગ્રહ હર્ષલ હજી નવો નવો છે એ કારણે જ્યોતિષીઓ તેમ જ કર્મકાંડી બ્રાહ્મણો તેનો પરિચય બરાબર કેળવી શક્યા નથી. આથી એમને ખબર નથી કે એલેક્ઝાન્ડ્રા નંગની વીંટી કયા હાથની કઈ આંગળીઓ પહેરવી, હર્ષલને રાજી કરવા બ્રાહ્મણોને કયા વારે, શેનું ને કેટલું દાન કરવું, કયા રંગનાં વસ્ત્રો પહેરીને પૂજા કરવી, વગેરે વગેર. પણ આ ગ્રહ લીલા રંગનો છે એવું વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે એટલે બ્રાહ્મણને દાનમાં લીલા રંગના ઈમ્પોર્ટેડ ગોગલ્સ આપવા હિતાવહ ખરા કે કેમ? વગેરે વિગતો શોધવી બાકી છે, પણ આ લખનારને એવી પાકી શ્રદ્ધા છે કે રાહુ, કેતુ, શનિ અને મંગળ જેવા કમાઉ દીકરાઓમાંથી સમય કાઢીને પણ પંદરથી વીસ વર્ષમાં જ્યોતિષીઓ હર્ષલને પ્રસન્ન રાખવાના વિધિવિધાનો શોધી કાઢશે અને જાતકને કહી પણ શકશે કે આ વિધિ કરાવવાથી જાતકને એન્જિનિયરિંગ કોલેજમાં વગર ડોનેશન એડમિશન મળી જશે, કમ્પ્યુટર લાઈનમાં આગળ વધવું હશે, વિદેશમાં નોકરી કરવી હશે તો સામેથી અપોઈન્ટમેન્ટ ઑર્ડર તેમજ એચ-વન વિઝા મળી જશે. ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળશે અને શહેર પર ભારે બૉમ્બમારો થશે તો પણ જાતકના ઘર પર બૉમ્બ નહીં પડે ને ટેલિફોનમાં વધુ પડતા રોન્ગ નંબરો પણ નહીં આવે...

બોલો, આટલું ઓછું છે?! ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com

# તમને બારમાં બોલાવ્યા છે





આવતી કાલે પહેલી ડિસેમ્બર. ઉજવણીના શોખીન માટે ક્રિસમસ અને થર્ટી ફર્સ્ટ (ડિસેમ્બર)નો મહિનો. કેલેન્ડરમાં ૧૨મો - બારમો મહિનો. બાર શબ્દ ભાષામાં અત્યંત મજેદાર સ્થાન ધરાવે છે. ખાસ ધ્યાન એ વાતનું રાખવાનું કે એ કયા સંદર્ભમાં બોલાય છે અને કયા સંદર્ભમાં સમજાય છે. નહીંતર ગેરસમજ થવાની પૂરી સંભાવના રહેલી છે. 'લક્ષણ સારાં નથી' કે 'ભાઈ બગડી ગયા છે' જેવી પ્રતિક્રિયા આવી શકે છે. અને હા, જો ગુજરાત રાજ્યમાં બોલાય તો સમજવામાં ભૂલ તમને જેલના સળિયા પાછળ પણ ધકેલી દઈ શકે છે. શબ્દકોશ અનુસાર બારના ત્રણ પ્રચલિત અર્થ છે. **બાર સંખ્યા છે.** ૧૦ + ૨ = ૧૨. એક ડઝન પણ કહેવાય છે. **બાર ગાઉએ બોલી બદલાય** એ અત્યંત પ્રચલિત કહેવત છે. મુંબઈમાં પૂરણપોળી તો ગુજરાતમાં વેડમી. બારનો બીજો જાણીતો અર્થ છે **બારણું, દરવાજો, દ્વાર** કે ડેલી. બાર ઉઘાડવા એટલે દરવાજા ખોલવા. બાર બંધ કરવા એટલે દરવાજા બંધ કરવા ઉપરાંત સહાય ન કરવી એ અર્થ પણ પ્રચલિત છે. હવે ત્રીજો પ્રચલિત અર્થ સમજવા જેવો છે. ભગવદગોમંડલ અનુસાર **બાર કાયદાશાસ્ત્રની ઊંચી પદવી** માટે વપરાતો શબ્દ છે. કાયદાની કોર્ટમાં એક ભાગથી બીજા ભાગને જુદો પાડતો કઠેડો અથવા રેલિંગ ઉપરથી આ નામ આપવામાં આવ્યું. હાઉસ ઓફ કોમન્સ (લોકોએ ચૂંટી કાઢેલા ઉમેદવારોનું સંસદનું ગૃહ - આપણી લોકસભાને સમકક્ષ)માં પણ આ જાતનો બાર એટલે આડચ કે આડશ હોય છે જેની બીજી તરફ ફક્ત સભ્યો જ જઈ શકે. બેરિસ્ટરોનું મંડળ બાર કહેવાય છે, જેને આડશની અંદર આવવાનો હક્ક હોય છે. હવે ધારી લો કે તમે ગુજરાતમાં છો, શરાબથી આભડછેટ રાખતા પરિવારને મળવા અને એક મોટો બિઝનેસનો સોદો કરવા આવ્યા છો. હાઈ પ્રોફાઈલ ક્ષેત્રમાં હોવા છતાં તમે ક્યારેય શરાબનું સેવન નથી કર્યું એનું બધાને ગૌરવ છે અને આ બિઝનેસ ડીલ મળવામાં એ મુદ્દાએ અગત્યનો ભાગ ભજવ્યો હોય છે. આ પરિસ્થિતિમાં જો તમને મળવા આવેલી વ્યક્તિ આવીને બધાની હાજરીમાં તમને કહે કે બધી વાત થઈ ગઈ છે. **કાલે તમને બારમાં બોલાવ્યા છે.** સમયસર પહોંચી જજો. છેલ્લી બે વાર મોડું કર્યું એવું નહીં કરતા અને હા, ભાભીને સાથે લાવવાનું ભૂલતા નહીં. તમે તો કામ થઈ ગયું એમ સમજી એ ભાઈનો આભાર માનો છો અને ૧૫ મિનિટ વહેલો પહોંચી જઈશ એવી હૈયાધારણ આપો છો. જોકે, આ વાર્તાલાપ સાંભળી હાજર રહેલા લોકોના ચહેરા પર રોષ, અણગમો કે વિસ્મયના ભાવ નજરે પડે છે. કેમ? કારણ કે એ લોકો એવું સમજી બેઠા છે કે તમે શરાબ પીવાની જગ્યા બારમાં જવાના છો. હકીકતમાં તો તમારે વકીલને મળવા બારમાં જવાનું હોય છે.

## बारा वर्षांनी उचलला करा, माय म्हणते माझा कुसवा बरा

મરાઠીમાં પણ બાર શબ્દ પર આધારિત ઘણી કહેવતો છે. આ કહેવતોમાં ભાષાના માધુર્ય સાથે માનસિકતાનું પ્રતિબિંબ જોવા મળે છે. રામાયણ અને બારની સંખ્યાનો સંબંધ ધરાવતી કહેવત જાણવા જેવી છે. **बारा वर्षे रामायण ऐकून रामाची सीता कोण हें माहीत नसणें** બાર બાર વર્ષ સુધી રામાયણની કથા સાંભળી, એનું રસપાન કર્યા પછી પણ જો રામની સીતા કોણ એવો સવાલ થાય તો? પહેલા તો હસવું કે રડવું એ જ ખબર ન પડે. પછી કપાળ કૂટવાનું મન થાય અને અંતે અજ્ઞાન સ્વીકારી મન વાળી લેવાનું. બીજું શું કરી શકાય? આ કહેવતનો ભાવાર્થ એમ છે કે **किती हि सांगितलें तरी कांही एक न समजतां. पूर्वीप्रमाणेच अज्ञानी राहणारा.** ગમે એટલું સમજાવ્યા છતાં, ફોડ પાડીને કહ્યું હોવા છતાં કશું જ સમજાયું ન હોય એમ બુદ્ધુની જેમ કાયમ અજ્ઞાની રહેતી વ્યક્તિ માટે આ કહેવત વપરાય છે. ગુજરાતીમાં પણ આવો ભાવાર્થ દર્શાવતી પ્રસંગ કથા છે. એ અનુસાર ગામના એક વડીલ દરરોજ રામાયણની કથા સાંભળવા જતા. કથાની પૂર્ણાહુતિ થઈ ત્યારે તેમણે સહજ ભાવે કથાકારને સવાલ કર્યો કે 'હે મહારાજ, આ સીતાનું હરણ થયું તો પછી હરણની સીતા થઈ કે નહીં એ કહેશો તો આપનો ઉપકાર.' આ સાંભળી કથાકારને સીતા મૈયા જેવી 'ધરતી મારગ આપે તો સમાઈ જાઉં' એવી ઈચ્છા થઈ કે હરણનું સ્વરૂપ મળે તો નાસી જવાની ઈચ્છા થઈ એ આપણે નથી જાણતા. અસલના વખતમાં ઘરની દીકરી મોટી થાય એટલે એ ક્યારે ઘરનું કામ કરતા શીખી જાય એ માતાની પ્રાથમિકતા રહેતી. **मुलगी शिकली प्रगती झाली.** શિક્ષિત દીકરી પ્રગતિનું નિશાન છે એ ૨૧મી સદીનું સ્લોગન છે. જુનવાણી વિચારધારા પ્રતિબિંબિત કરતી એક જાણવા જેવી મરાઠી કહેવત છે કે **बारा वर्षांनी उचलला करा, माय म्हणते माझा कुसवा बरा. बारा वर्षांची मुलगी भांडें घेऊन जेव्हां निघते तेव्हां तिची आई तिच्या या वागणुकीकडे साभिमानानें पाहात असते. मुलगी बारा वर्षांची झाल्या बरोबर काम करुं लागलेली पाहुन आईस आपली कूस धन्य वाटते.** બાર વર્ષની ઉંમરે દીકરી વાસણ કૂસણ લઈને નીકળે (વીંછળવા અથવા કૂવેથી પાણી ભરવા) એટલે માની આંખોમાં દીકરી માટે ગર્વ છલકાઈ જાય. ઘરકામમાં ઉપયોગી થતી દીકરી જોઈ માને દીકરી બરાબર ઘડાઈ ગઈ છે એવી લાગણી થાય.

## हिंग्लिश VINGLISH

## A Dime a Dozen थोक के भाव में





અંગ્રેજી અને હિન્દીમાં સામ્ય ધરાવતી કહેવતોમાં ૧૨ - બાર કેવી રીતે વણાઈ ગયા છે એ જોઈએ. ૧૫૮૨માં અમલમાં આવેલા ગ્રેગોરિયન કેલેન્ડર અનુસાર આવતી કાલથી વર્ષનો બારમો મહિનો શરૂ થઈ રહ્યો છે. **Twelfth Month begins from tomorrow.** हिन्दी में कहते हैं बारहवां महिना कल से शुरु हो रहा है. અંગ્રેજીની બહુ જાણીતી કહેવત છે કે **A Dime a Dozen.** આ કહેવતમાં અંગ્રેજી શબ્દ 'ડાઈમ' મહત્ત્વ ધરાવે છે. 'ડાઈમ' એ વિદેશી ચલણ ડૉલરનો નાનકડો હિસ્સો છે. ડાઈમ એટલે સેન્ટ અને ૧૦૦ સેન્ટનો એક ડૉલર થાય.આપણા નવા પૈસાને સમકક્ષ ગણાય. **The idiom A Dime a Dozen means something is common, easily found, or not valuable. It suggests that the thing being described is commonplace, similar to how an item that costs 10 cents (or a dime) would be considered cheap or easy to come by.** સાવ સામાન્ય કિંમતની અને આસાનીથી મળી જતી વસ્તુ માટે આ પ્રયોગ વપરાય છે. Those glasswares are pretty, but they're a dime a dozen. પેલી કાચની વસ્તુઓ સુંદર અને આકર્ષક છે, પણ એ સસ્તા દામની અને બધે મળે છે. **यह कहावत हिन्दी में थोक के भाव में स्वरुप में मौजूद है. आजकल कई डिग्री थोक के भाव में मिलती है.** અંગ્રેજી શબ્દ **Ruin means** પડતી, પતન, વિનાશ, પાયમાલી, ધ્વસ્ત, ખંડેર એવા અર્થ છે. **A ruined city lies in the mountains.** વિનાશ થયેલું શહેર પર્વત નીચે ધરબાઈ ગયું છે. **The kingdom was ruined by the enemy.** દુશ્મનના હુમલામાં રાજ્યની પાયમાલી થઈ. આવો જ ભાવાર્થ ધરાવતી કહેવત હિન્દીમાં છે. **'बारह बाट' एक प्रसिद्ध हिंदी कहावत है, जिसका अर्थ होता है अव्यवस्था या बिखरावा इस कहावत का इस्तेमाल तब किया जाता है जब कोई चीज या स्थिति बिल्कुल अस्त व्यस्त हो गई हो या एक जुटता खत्म हो गई हो।**

કોઈ વસ્તુ કે પરિસ્થિતિ અસ્તવ્યસ્ત કે ખેદાન મેદાન થઈ હોય ત્યારે આ કહેવત વાપરવામાં આવે છે. **इसके पीछे एक दिलचस्प कहानी जुडी है। कहानी के अनुसार पुराने समय में जब राजा-महाराजाओं का दौर था, कुछ राज्य आपस में विभाजित हो गए थे बारह अलग-अलग दिशाओं में जाने के कारण इन राज्यों में आपस में एकजुट नहीं रहे, और उनकी शक्तियां बिखर गई इसी से 'बारह बाट' कहावत का जन्म हुआ.** ■

વ્યંગ

ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

# ગણપતે ડૉક્ટર રાઠોડ પાસે આ શું માગ્યું?

'રાઠોડ સાહેબ છે?' ગામડિયા ગણપતે પટાવાળા ચંદુને પૂછયું. ગણપતના ચહેરા પર ઉતાવળ સાફ જણાતી હતી.ચંદુ ટાઢા માટલા જેવો હતો.

'ના, સાહેબ તો નથી.' ચંદુએ રૂક્ષ સ્વરે જવાબ આપ્યો.

'સાહેબ ક્યારે આવશે? અમારે જીવન મરણનો સવાલ છે.' ગણપતે કામની અગત્યતા જણાવી.

'સાહેબની એપોઇન્ટમેન્ટ લીધી છે?'

'એ શું હોય?' ગણપત મૂંઝાયો.

'સાહેબને મળવું હોય તો પહેલાં મળવાની મંજૂરી લેવી પડે. સાહેબ તમારા જેવા રેંજીપેંજી છે? ઇચ્છા થાય ને મળવા હાલી ન નીકળાય. સાહેબને બધું સંભાળવાનું હોય, ઓપરેશન કરવાના હોય, ઓપીડી જોવાની હોય, સવાર-સાંજ હોસ્પિટલમાં રાઉન્ડ લેવાનો હોય... સાહેબને શ્વાસ લેવાની ફૂરસદ ન હોય.' ચંદુએ ડોકટર રાઠોડ સાહેબની દિનચર્યા કહી.

'તો પછી સાહેબ વતી તમે શ્વાસ લો છો?' ગણપતે હળવેથી પૂછયું.

'એ તો સાહેબે જ લેવા પડે. પણ સાહેબને કામનો પાર ન હોય.' આમ કહી ચંદુ સ્ટૂલ પર બેસી ગયો. ત્યાં એક

માણસ કાંઇક હોઠ ફફડાવતો ઊભો હતો. તેના હાથમાં ખોપરી, લીંબુ, મરચા, કંકુને એવું એવું હતું.તેના બીજા હાથમાં કાચની બરણી હતી.

ત્યાં ડૉ. રાઠોડ આવ્યા. ડૉ. રાઠોડે ગણપતને અંદર મોકલવા સૂચના ચંદુને આપી. ગણપત સાથે ત્રણ ચાર જણ ડૉ. રાઠોડની ચેમ્બરમાં દાખલ થયા.

'કેમ આવવાનું થયું?' ડૉ. રાઠોડે ગણપતને પૂછયું.

'સાહેબ, અમારું માણસ તમારી હોસ્પિટલમાં દાખલ થયેલ.' ગણપતે બે હાથ જોડી કહ્યું .

'પેશન્ટ જીવે છે?' રાઠોડને તેના સવાલનો જવાબ નકારમાં મળવાની એકસો દસ ટકા ખાતરી હતી. અહીં જીવતો દાખલ થાય અને મરીને શબવાહિનીમાં પાછો જાય તેવી લોકવાયકા હતી.



'સાહેબ, એ તો પરમદાડે મોટા ગામતરે હાલી નીકળ્યો.' ગણપતે રડમસ અવાજે કહ્યું.

'ઓહ સોરી. બિલ ભરાઇ ગયું છે? .' રાઠોડને બાકી બિલની ચિંતા હતી.

'ના સાહેબ, થોડી બાકી છે.'

'બિલ ભર્યા વિના ડેડ બોડી નહીં મળે.' ડોક્ટર મટી રાઠોડ કસાઇ બની ગયા.

'ડૉક્ટર સાહેબ, તમારા બિલના પૈસા દૂધે ધોઇને આલી દઇશું. માત્ર એક મુશ્કેલી છે.' ગણપતે અચકાતાં અચકાતાં કહ્યું.

'જો, ઝેર ખાવા પૈસા નથી તેવી બાલિશ વાત ન કરીશ. મને પૈસા ઓકાવતા આવડે છે.'

'સાહેબ, અમારા સગાંનું કાંક હોસ્પિટલમાં રહી ગયું છે.'

'દર્દીના લૂગડાંલતા રહી ગયા હોય તો તમે મેટ્રન પાસેથી લઇ શકો છો.'

'એટલી તો અમને પણ સમજણ છે.અમે પણ તમારી જેમ ધાન ખાઇએ છીએ.' ગણપતે ગુસ્સે થઇને કહ્યું.

'તમારી હોસ્પિટલની ગ્રાહક સેવામાં ગરબડ છે.અમે તમારી સામે કન્યુઝમર ફોરમમાં ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયાના વળતરનો કેસ ઠોકી દઇશું. તમે અમારી સાથે ધોખાધડી કરી છે.'લાંબા વાળવાળા શ્યામવર્ણ આદમીએ આરોપ લગાવ્યો. એ હસે ત્યારે કેવળ સફેદ દાંત દેખાય.

'હુ આર યુ? મતલબ કે તમે કોણ છો?' રાઠોડે નવાંગતુકનો પરિચય માંગ્યો .

'એ અમારા નાતના ભૂવા છે. તેમનું નામ ભારાડી ભૂવા છે.'ગણપતે સ્પષ્ટતા કરી.

'ભૂવાનું હોસ્પિટલમાં શું કામ છે? ' રાઠોડે ગરમી પકડી.

'સાહેબ, અમારો માણસ દાખલ થયો ત્યારે શરીર અને આત્મા એમ બંને સાથે દાખલ થયેલ'

'ભાઇ, ભારત રૂદ્રાક્ષનો દેશ છે એ વાત સાચી. પરંતુ, આપણા દેશમાં માત્ર આત્માને દાખલ કરી આત્માની ચિકિત્સા કરતી એક પણ હોસ્પિટલ નથી.'

'અમે તેને પાછો તાંત્રિક વિધિ કરીને બરણીમાં પૂરેલ આત્માને શરીરમાં દાખલ કરીને તેને જીવતો કરીશું.' ભારાડી ભૂવાએ આત્મા લઇ જવાનો ઇરાદો જણાવ્યો.

ડૉક્ટરે ફોન કરી ગાર્ડ બોલાવીને ગણપત અને ભૂવા સહિત તમામ પર એવા ડંડા વરસાવ્યા એટલે આત્માનું ભૂત ભાગી ગયું. લાતો કે ભૂત લાતો સે હી માનતે હૈં, બાતો સે હરગીજ નહીં. ■

## ૯. લગ્ન સંબંધી

■ અમેરિકામાં 1994, MS ઈન્ટેલીજન્ટ હેન્ડસમ ભાટીયાને ક્વોલીફાઈડ કન્યા આવકાર્ય: 9920817551. (દહેજ નહીં.). (૬૦૨-બી)

■ અમેરિકામાં 1987, BE, MS જૈન સ્માર્ટને ક્વોલીફાઈડ કન્યા આવકાર્ય: 9920817551. (દહેજ નહીં.). (૬૦૨-બી)

■ MBA 1979, 5'9", હેન્ડસમ બ્રાહ્મણને ક્વોલીફાઈડ બ્યુટીફુલ કન્યા આવકાર્ય: 9920817551. (દહેજ નહીં.). (૬૦૨-બી)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૪૯૧-એ)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
લગ્નપ્રસંગના બોરીવલી/ કાંદિવલીમાં AC ફુલ્લી ફર્નીશ્ડ- બાપલી બંગલો. 9821112796. (૬૦૩-ઈ)

**શિયાળુ પાક**
વસાણાથી ભરપૂર અડદીયા - સાલમ-ગુંદર-ખજૂરપાક, કચેરીયું, ઘારી, વિવિધ ચિક્કીઓ મેઘસન્સ, મલાડ 9930222700. (૬૦૩-જી)

**સુરતીપોક - ઉંધીયું**
મલાડમાં રોજેરોજ વહેલી સવારમાં આવતો વાનીનો લીલોછમ પોક, લીંબુમરી સેવ, કતારની પાપડીનું ચટાકેદાર ઉંધીયું, મેઘસન્સ, મલાડ 8657222700 (Wefast થી ડિલિવરી). (૬૦૩-આઈ)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પોટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ Tatkal Passport, USA Visa Travel Insurance ARRHAM HOLIDAY 9769977466/9892534488/ 9326373672. (બી-૧૬૭૮૨)

**મહાબળેશ્વર બંગલો**
ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વિમિંગ પૂલ. Cham House: 9820065681. (૫૦૧-સી)

## ૧૪. નોકરી ખાલી છે

**ઓપોરચ્યુનિટી**
**સરકારમાન્ય કંપનીમાં નિવૃત્તો/ અધિકારીઓ/શિક્ષકો/ગૃહિણીઓ તાત્કાલિક જોઈએ. 75068 01607. (એસડીબી-૨૯૩૮)**

■ બેરોજગાર મહિલાઓ, પુરુષો, ઘરેબેઠા દવા પેકિંગ કરીને સારી માસિક 15000-20000 આવક કમાઓ. સંપર્ક/વોટ્સએપ: 9288557279. (બી-૧૬૭૪૩)

**પેશંટની દેખરેખ**
રાખવા 8, 12, 24 કલાક માટે અનુભવી વોર્ડબોય, આયાબાઈ, નર્સ (મેલ/ફીમેલ) મળશે. (મુંબઈ- ગુજરાતમાં) સંપર્ક: 8655191176. (૪૮૦-એ)

## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૪. નોકરી ખાલી છે

REAL ESTATE DEVELOPER based in Goregaon East requires Qualified / Semi Qualified / Experienced Candidates having knowledge of Tally, GST, Income Tax, all Online Returns, etc. (Long Term & Full Time Job) WhatsApp your resumes: 9833-888-156 (Kumar). (B-16788)

## ૧૫. નોકરી જોઈએ છે

**WANTED JOB**
**Retainership Consultant for Regulatory Compliance in Environment and Industry Available Chemical Engineer + M.Tech (Environment) IIT Powai Bombay Experienced 40 Years. 9869440138. (SDB-2964)**

## ૧૭. જગ્યા આપવી છે

**વાલ્કેશ્વર/મલબાર હિલ-**
પોશ બિલ્ડિંગ/પોશ ફ્લેટ-2 BHK/ 3 બાથરૂમ-એરિયા 1045' કાર્પેટ - સી વ્યૂ-લીઝ અને વેચાણ માટે. માલિક 8433916262. (૬૦૫-બી)

**ઘાટકોપર (વેસ્ટ)**
**જીવદયા લેન, જુનું માણેકલાલ એસ્ટેટ - ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનના ફ્લેટો બુકીંગમાં લેવા મનીશ વોરા. 9324339343. (૪૮૯/બી)**

**ઘાટકોપર (ઈસ્ટ) ભાડેથી**
**રાજાવાડી, નિલકંઠ બિલ્ડિંગ, કન્વર્ટેડ 3 બેડરૂમ, હોલ, કિચન, સેમી ફર્નીશ્ડ બીજે માળે, લીફ્ટ નથી. 9820803236, 9967040256. (૪૮૯/ડી)**

**ચોપાટી**
**ન્યુ ટાવર, ૨ BHK.**
**રેરા કાર્પેટ ૮૦૦ સ્કે ફીટ**
**૧ રિઝર્વ પાર્કિંગ**
**જૈન મંદિર પાસે**
**રૂ.૧૦ CR વેચવાનું છે.**
**8080753577**
(Time: 10 am - 6 pm) (દલાલ માફ)
(બી-૧૬૭૮૩)

**પાર્લા (ઈસ્ટ/વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૬૦૬/સી)**

**સાન્તાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૬૦૬-ડી)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**
**૨-૩-૪ બેડરૂમ-હોલ-કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૬૦૬-ઈ)**

**ઘાટકોપર વેસ્ટ**
વેચાણથી 1 બેડરૂમ હોલ કિચન, 560', વેલ મેનટેન્ડ સોસાયટી/ફ્લેટ, લિફ્ટ પાર્કિંગ, પાઈપ ગેસ, 24 કલાક પાણી. મેટ્રો, રેલવે, દેરાસર, ઉપાશ્રય, નામાંકીત બેન્કોથી 2-3 મિનિટના અંતરે, સંપર્ક :- 9322354176. (૪૮૪-એ)

**વિલેપાર્લામાં-સાંતાક્રુઝમાં**
તૈયાર/બંધાતામાં ફ્લેટો-દુકાનો-ઓફિસો લેવાં/ વેચવા/ ભાડે થી - 9869463304, 7738151065. (બી-૧૬૭૭૪)

**અંધેરી (વેસ્ટ)**
2 BHK ''યશોધન'' (4.25 કરોડ), 2 BHK ''ગ્રીનકોર્ટ'' (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ. વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ - જુહુ સ્કીમ લીવલાયસન્સથી ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૪૯૨/એ)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
**પી. એમ. રોડ, સ્ટેશન - દેરાસર - હવેલી નજીક, પ્રાઈમ લોકેશનમાં, 2 બેડરૂમ, 750' - કાર્પેટ વેચવાનું. (હાલ ભાડાથી 74000/- આપેલો છે.) 9769605225 (એજન્ટ). (૪૯૩/એ)**

**વિદ્યાવિહાર (ઈસ્ટ)**
સોમૈયા કોલેજ પાસે ૨ બીએચકે, ડિપોઝીટ, ભાડેથી, કોલેજ સ્ટુડન્ટ (મેલ) માટે પસંદગી. સંપર્ક:- ''દિલીપભાઈ''- 9136621227. (૪૯૦/એ)

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડરકન્સ્ટ્રકશન, લેવા-વેચવા-ભાડેથી. ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૪૪૩/ડી)**

**ફ્લેટો - 2-3-6 બેડરૂમ**
2 બેડરૂમ જુહુ વર્સોવા લીંક રોડ, જુહુધારા કોમ્પ્લેક્ષ, ભાડેથી 3 બેડરૂમ વિલેપાર્લા 1200' કાર્પેટ, 5.25 કરોડ તથા 3 બેડરૂમ દાદર (સેન્ટ્રલ) સ્વામીનારાયણ મંદિર સામે-1300' (4.25 કરોડ) - 6 બેડરૂમ (2200'), ઓનરશીપથી. કાંદિવલી વેસ્ટ: લીઝ પર 2-3 બેડરૂમ ''બી. નરેન્દ્ર જોષી'' 9820294922/9167309869/ 8080709030./ વેદાંત 8433722209. (૬૦૬-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**1, 2, 3, 4 બેડરૂમનાં ફ્લેટો ભાડે/ વેચાણથી લેવા-વેચવા રાજ એસ્ટેટ- 9821051136, 8591132359. (૬૦૭-સી)**

**બોરીવલી વેસ્ટ**
**2 બેડરૂમ જોડી 4.5 બેડ, બંધાતામાં, SVP રોડ, ભગવતી હોસ્પિટલ સામે, દિગંબર જૈન મંદિરને લાગીને, 10 માળનું ટાવર, 2 લિફ્ટ, 1232'@3.65 CR, 2 બેડ 594', @1.76 CR, પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર- 9820041400. (૬૦૪-એ)**

**ખાર (વેસ્ટ)**
મધુપાર્કની બાજુમાં ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦', ૪ બેડરૂમ ૧૭૦૦', ૬ બેડરૂમ ૨૩૦૦', (બધા જ ફ્લેટો કારપેટ એરીયામાં), ઓ.સી. સાથે, એરકંડિશન્ડ લોબી, જીમ, સર્વન્ટ ટોઈલેટ, પ્રોપર પાર્કિંગ સાથે વેચવાના. ફોનઃ- 9820156133. (બી-૧૬૭૦૫)

**ઘાટકોપરમાં ગેરેંટી**
**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેચ બજાર ભાવે ૩૦ દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૪૪૩-એફ)**

**જુહુ જેવીપીડી**
**લક્ઝરી પ્રોજેક્ટ્સ સ્વિમિંગ પુલ, જીમ, ગાર્ડન, થિયેટર, 3 બેડરૂમ 1150', 4 બેડરૂમ 1800', 5/6 બેડરૂમ 2500'- 3500' કિંમતઃ ૫૦,૦૦૦/- પ્રતિ ચોરસ ફુટથી શરૂઆત મી. દેસાઈ- 8591072299, 7738934973. (એસડીબી-૨૯૭૧)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
**રેડી પઝેશન/ બંધાતામાં 4 બેડરૂમ 1400' - 1950' કિંમત 7/- to 8/- CR 3 બેડરૂમ 1125'- 1450' ભાવ 42,000/- સ્કે. ફીટ ઓનવર્ડ જીમ+ ગાર્ડન+ ટેરેસ સાથેનો પ્રોજેક્ટ. મી. દેસાઈ- 9022850038, 7738934973. (એસડીબી-૨૯૭૨)**

**સી-ફેસ પ્રોજેક્ટ્સ**
**લક્ઝરીયસ પ્રોજેક્ટ 20+ સુવિધાઓ સાથે સી ફેસીંગ 3/4/5 બેડરૂમ, પેન્ટ હાઉસ જુહુ, વર્સોવા, બાંદ્રા, પાલી હિલ 2500' to 5500' વિસ્તારમાં પ્રીમિયમ વિકલ્પો. મી. દેસાઈ- 7738934973, 8591072299 (એસડીબી-૨૯૭૩)**

**સાંતાક્રુઝ- બાંદ્રા**
**અમારી પાસે 3/4/5 બેડરૂમના 1200' થી ૩૮૦૦' સુધીના રેપ્યુટેડ બિલ્ડરના આવનારા પ્રોજેક્ટોમાં પ્રાઈમ લોકેશન સીવ્યુ રેરા રજીસ્ટર્ડ ફ્લેટો મળશે. મી. દેસાઈ- 9022850038 (એસડીબી-૨૯૭૪)**

**બ્રીચ કેન્ડી**
**3 બેડરૂમ 1370' ખૂબ જ સુંદર બનાવેલો, 1 પાર્કિંગ સાથે અમરસન ગાર્ડનની સામે કમ્પાઉન્ડ ફેસિંગ 7.75/- CR વેચાણથી (દલાલભાઈઓ આવકાર્ય)- 7738934973, (એસડીબી-૨૯૭૫)**

**અંધેરી (વેસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, કમ્યુનીટી લીવીંગ, બધી જ એમેનીટીઝની સાથે, નામાંકીત બિલ્ડર 2/3/4 બેડરૂમ વ્યાજબી ભાવથી મળશે. મી. દેસાઈ 8850986114. (એસડીબી-૨૯૭૬)**

**લોનાવાલામાં બંગલાઓ**
**તુંગરલીમાં 3 - 4 - 5 બેડરૂમના ગ્રાઉન્ડ + વન + ટેરેસ બનાવેલા, સ્વતંત્ર ગેટ, સુંદર કમ્પાઉન્ડ, રેડી પઝેશનથી લેવાઃ 9867983210 / 9822739900. (૬૦૨-એ)**

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 બેડરૂમ, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૬૭૮૭)

**તારદેવ**
ફોર્જેટ સ્ટ્રીટ, 2 BHK ફ્લેટ ભાડેથી આપવાનો છે. સંપર્કઃ 'ભરત સેવક' 9821795643. (બી-૧૬૭૮૬)

**તારદેવ**
ફોર્જેટ હિલ, મોટો ૧ BHK ફ્લેટ, ટેરેસ સાથે, એરિયા ૯૦૦ સ્ક્વેર ફીટ, વ્યાજબી ભાવે વેચવાનો છે. સંપર્કઃ 'ભરત સેવક' 9821795643. (બી-૧૬૭૮૫)

■ (ગુજરાત) સાસણગીરમાં ફાર્મહાઉસ રિસોર્ટ બને તેવી જગ્યા વેચવાની છે. રાજકોટમાં સારી રેન્ટલ ઈન્કમ આપતી પ્રોપર્ટી વેચવાની છે. રાજકોટમાં પ્રોપર્ટી લેવા વેચવા મળો. 9664633574. (બી-૧૬૭૩૬)

**ખાર (વેસ્ટ)**
મધુપાર્ક પાસે- ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમનો ફ્લેટ- જીમ, સર્વન્ટ ટોઈલેટ, એરકંન્ડીશન્ડ લોબી, ૨ પાર્કિંગ સાથે ભાડેથી આપવાનો છે. ડીપોઝીટ- ૫,૦૦,૦૦૦/-, ભાડુ ૨,૦૦,૦૦૦/- ફક્ત જેન્યુન પાર્ટી સંપર્કઃ 9820156133. (બી-૧૬૭૩૧)

**કારમાઈકલ રોડ**
4 બેડરૂમ - 1450' - કાર્પેટ - ગેરેજ - 10,50,00000/= શાહ - 9820068382. (૫૦૪/બી)

**ગામદેવી**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 4,00,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૪/ડી)

**નાનાચોક**
3 બેડરૂમ - 1500' - પાર્કિંગ-સી.વ્યુ, ફરનીસ્ટ 11,00,00000/= નેગોશીએબલ - 9820068382. (૫૦૪/સી)

## ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**
3 બેડરૂમ - 1300' - જૂનું ભાડુ - 3,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૪/ઈ)

**GHATKOPAR (EAST)**
Luxurious Residential & Commercial Underconstruction Projects also Resale Buy, Sell, Rent Flats and Offices. SJ Real Estate 9022279684. (489/A)

**GHATKOPAR / VIDYAVIHAR WEST**
**3 Bedroom Hall Kitchen, 1260' Carpet, at Takshashila, Neelkanth Kingdom, Available for Family on Rental Basis, Contact Owner: Kiran Parikh 98339 40025. (609/A)**

**WADALA WEST MOST PREMIUM**
**Luxurious 2200 Carpet Deck Flats 13 Cr. Possn 2027, 5 Star Amenities Rooftop Pool/ Club Ready OC Dadar Investors Flats 2100 cpt 10-13 Cr. 2500 cpt 13-16 Cr. Matunga 1 Flat per Floor, 12.5 Cr. Revised to 10.5 Cr. Brokers excuse +919004078342. (B-16797)**

**ZERO MAINTENANCE SOCIETY**
1 BHK Flat for Sale + Parking, at Tardeo. Atul, 9820070445, 9920070445. (B-16724)

**DADAR - MATUNGA WEST**
**Mega Launches Luxury high rises 2 Bed 2.9 to 3.9 Cr. 3 Bed 4.9 to 5.9 Cr. Pool, Gym, Play Area Get lowest Group Booking Price - 9819016316. (B-16798)**

**LODHAPARK**
Lowerparel 3300', 2520, 2278, 4 BHK 2100' 2160-70k'. Many option for Jodi/Single 9821036552 / 9920655056 www.prabhadeviproperties.com (603-A)

AHMEDABAD BUNGALOW for sale, Maninagar, Bhairavnath road 4000 ft 7 bedrooms hall, 3 kitchens, Parking, Main road, 3 crores. Ashok : 9426330098. (B-16753)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલીમાં**
કોમર્શીયલ ઓફિસ, ફેક્ટરી માટે 800' કાર્પેટ, 2.5 Cr. નેગોશીએબલ. મનોજ પટાણી - 9820574739. (બી-૧૬૮૦૨)

**JUHU SCHEME**
ભાડેથી રિટેલ શોપ 240' કાર્પેટ વૈશાલી શોપિંગ સેન્ટરમાં આપવાની છે. યશ મહેતા - 9833766747/ 9821059304. (૫૦૨/એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડે થી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**VILEPARLE (WEST)**
ભાડેથી રિટેલ શોપ 650' કાર્પેટ ઝવેરી બિલ્ડિંગમાં આપવાની છે. યશ મહેતા - 9833766747/ 9821059304. (૫૦૨/સી)

**અંધેરી ઈસ્ટ**
દુકાન ભાડે 300 - 600, અંધેરી વેસ્ટ ૧૦૦૦ ઓફિસ ભાડે ૨૬૦૦ની ૨ ઓફિસ વેચાણથી. પાર્લા વેસ્ટ ૨૭૦ની ઓફિસ વેચાણથી, ૪ બેડરૂમ વેચાણથી. જીતેન્દ્ર શાહ - 9820613128. (એસડીબી-૨૯૬૫)

**પરેલ**
ગોડાઉન - 1235' - સ્વતંત્ર શેડ, જૂનું ભાડુ 2,0000000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૦૪/એ)

**VIKHROLI (WEST)**
Indraprastha Commercial, LBS Marg - Prime Office Space for Sale. 1175 sqft (Carpet), Second Floor, 12 Feet Height, Next to Big IT Park and Metro Station, Railway Station 7 minutes walk, Rs. 3.30 Cr. (negotiable) Contact: Vijaybhai 9892045478 (Brokers Welcome). (B-16784)

## ૨૦. ધંધાદારી જગ્યા

**GOREGAON (WEST)**
Ready Possession Office, Goregaon West 1250, 3300, 4700 sq.ft. Furnished, 5-Car park, Glass Elevator; 6 Lifts, Sale@35000/sq.ft, L&L@225/ sq.ft. Milan Kamdar 9820017603. (KP-2531-A)

**OFFICE PREMISES**
**Rent available in Andheri Kurla Road 4200 sq. ft. 2nd Floor, 25 feet high Ceiling, Energy Saving Puff Roof, Pillarless, Facing East, Vastu Compliant & Parking available. No Lift. Contact 9619808812. (B-16801)**

**SALE - RENT**
Office Tendice - 69 Andheri East 689' Off W.E. Highway Off Suren Road, Ready Possession, 022-6631 8562 - 66311728 - 9930 647 494 - 9821 936 787. (JP/4529-C)

## ૨૩. મનોરંજન

**બજેટ મુજબ**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી, પ્રાર્થના. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૪૭૪-એ)

**વિનોદ શાહ**
ભક્તિસભર ગીતોથી દિવંગત સ્વજનને શાંતિ પહોંચાડો માતૃપિતૃ વંદના- પ્રાર્થનાસભા, દરેક ભાવયાત્રા (પ્રોજેક્ટ સ્કીન સાથે) કરાવવાં 9821540500. (બી-૧૬૭૭૩)

**NATAK-MUSICAL-**
Picture-Social 16 Groups : Sunday Mumbai-Parla-Malad-Borivali. 9324213190. (485-A)

## ૩૧. નાણાંકીય

■ **''(બેંકની-નોટીસનાં)'' રીપ્લાય સેટલમેન્ટ/ ઈન્સ્ટોલમેન્ટ સ્મોલ બજેટમાં (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૭૬૪)**

## ૩૩. ધંધાદારી

**ગાદીવાળા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટસ, લેડીસો માટે બોરીવલી વેસ્ટ- 9619833392. (એસડીબી-૨૯૫૮)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

■ નો GST, LIC અને મેડિક્લેમ પોલીસી ફેમેલી ફ્લોટર, મેડિક્લેમ પોલીસી 0 થી 75 અને 10 લાખ થી 1 કરોડ. નો મેડિકલ રિપોર્ટ 3 વર્ષની પોલીસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વિગત માટે સંપર્કઃ- ''દિલીપભાઈ'' - 9136621227. (૪૯૦/બી)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**
**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નોનો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૬૧૦-એ)**

## ૩૯. જેમ એન્ડ જ્વેલરી

**LOOKING FOR DIAMOND Jewellery Salesman for USA (Only Male) Speak perfect English have USA visa be able to drive Car. Must be connected with the Diamond Market. Position is to work 6-8 months per year in USA selling Diamond Jewellery. (2-3 trips of 2-3 months each). Contact Premal: +91 79774 27785. Reg No. 0642/ MUM/COM/1000+/5/5966/ 2015. (B-16763)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# હૉંગ કૉંગની આગ માટે કારણભૂત કરપ્શન અને બેદરકારીની તપાસ શરૂ

હૉંગ કૉંગઃ હૉંગ કૉંગમાં દાયકાઓમાં લાગેલી સૌથી ભયંકર આગમાં અપાર્ટમેન્ટ કોમ્પ્લેક્સના નવીનીકરણમાં ભ્રષ્ટાચાર અને બેદરકારી અંગે પ્રશ્નો ઉભા થયા છે જ્યાં ઓછામાં ઓછા ૧૨૮ જણ મૃત્યુ પામ્યા હતા.હોંગકોંગના ઉત્તરીય ઉપનગરોમાં વાંગ ફુક કોર્ટ કોમ્પ્લેક્સમાં બુધવારે બપોરે ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં આઠ ટાવરમાંથી સાત ટાવરને આગ લાગી હતી.

આ કોમ્પ્લેક્સ લગભગ ૪૮૦૦ રહેવાસીઓનું ઘર છે, જેમાંથી કેટલાકે આગ લાગવાના એક વર્ષ કરતાં વધુ સમય પહેલાં નવીનીકરણ અંગે સલામતીની ચિંતા વ્યક્ત કરી હતી.

શનિવારે રાત્રે સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ પછી સ્વતંત્ર ભ્રષ્ટાચાર વિરોધી કમિશન દ્વારા ફરી ધરપકડ કરવામાં આવી હતી, નવીનીકરણમાં તેમની નેતૃત્વની ભૂમિકા તરફ ધ્યાન દોરતા આઈસીએસીએ અગાઉ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા સાત પુરુષ અને એક મહિલાની પણ ધરપકડ કરી હતી. ■

# ભાજપનો કોંગ્રેસ અને માઓવાદીઓ વચ્ચે સાઠગાંઠનો આરોપ

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટી(ભાજપ)એ શનિવારે કોંગ્રેસ અને માઓવાદીઓ વચ્ચે સાઠગાંઠનો આરોપ લગાવ્યો હતો. તેમજ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર 'નક્સલવાદી સહાનુભૂતિ'ને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો. જેને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ માટે ખતરો ગણાવ્યો હતો. ભાજપે એક્સ પર કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં આરોપ લગાવ્યો કે ભારતમાં નક્સલી વિદ્રોહ લાંબા સમય સુધી ચાલ્યો અને અગાઉની યુપીએ સરકારના બીજા કાર્યકાળ દરમિયાન મુખ્યત્વે નીતિગત લકવાને કારણે ખતરનાક સ્તરે પહોંચી ગયો હતો. તેમાં આરોપ મૂકવામાં આવ્યો કે આ પરિસ્થિતિ પાછળનું એક મોટું કારણ સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળની અગાઉની નેશનલ એડવાઇઝરી કાઉન્સિલ(એનએસી)માં સભ્યો તરીકે સામેલ કરવામાં આવેલ 'અર્બન નક્સલ'નો પ્રભાવ હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં નક્સલીઓનો પ્રભાવ નોંધપાત્ર રીતે ઓછો થયો હોવાના દાવો કરતાં ભાજપે આરોપ લગાવ્યો કે નક્સલવાદીઓના સમર્થક કોંગ્રેસ નેતૃત્વમાં સ્થાયી રહેલા છે. તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી નક્સલીઓ પ્રત્યે સહાનુભૂતિ ફેલાવી રહ્યા છે... કોંગ્રેસ-નક્સલી ગઠબંધન દેશની આઝાદી માટે ખતરો છે. ■

# પાકિસ્તાનમાં અજાણતા પ્રવેશેલો ભારતીય ૧૦૦ દિવસથી પંજાબની જેલમાં

લાહોરઃ પાકિસ્તાનની પંજાબ પોલીસે દાવો કર્યો છે કે તેમણે એક કથિત ભારતીય નાગરિકની ધરપકડ કરી છે જે અજાણતા દેશમાં ઘૂસી ગયો હતો અને કોઈપણ કાનૂની ઔપચારિકતા વિના પાકિસ્તાની રેન્જર્સ દ્વારા તેને ૧૦૦ દિવસથી વધુ સમય માટે અટકાયતમાં રાખવામાં આવ્યો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, આસામનો કથિત ભારતીય નાગરિક, ૩૧ વર્ષીય બીજે સિંહ, ૧૬ ઓગસ્ટના રોજ ભારતીય બચન સિંહ પોસ્ટની સામેની અજમલ શહીદ પોસ્ટ નજીકથી પાકિસ્તાનમાં પ્રવેશી ગયો હતો.પોલીસે જણાવ્યું હતું કે રેન્જર્સએ તેની ભારત-પાકિસ્તાન સરહદ નજીક ધરપકડ કરી હતી અને ત્રણ મહિનાથી વધુ સમય સુધી તેની પૂછપરછ કરી હતી.સિંઘ પાસેથી કંઈપણ શંકાસ્પદ ન મળ્યા બાદ તેને આ અઠવાડિયે લાહોરથી લગભગ ૫૦ કિલોમીટર દૂર કાસુરના સદર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું.તેના પિતા બારશન સિંહ સાથે કોઈ ઘરેલુ મુદ્દા પર ઝઘડો થયા બાદ તે પોતાનું ઘર છોડી ગયો હોવાના અહેવાલ છે. પોલીસે તેની સામે ગેરકાયદેસર રીતે પાકિસ્તાનમાં ઘૂસવા બદલ કેસ નોંધ્યો છે. ■

# આજથી નંબર-વન ભારત સામે જોશીલા સાઉથ આફ્રિકનોની ટક્કર

## રાંચીમાં પ્રથમ વન-ડેઃ ટીમ ઈન્ડિયામાં ફરી જોશ લાવવા રોહિત-વિરાટ પર મદારઃ બપોરે ૧.૩૦ વાગ્યે જંગ શરૂ




ગઈ કાલે રાંચીમાં તિલક-જાડેજા અને કૅપ્ટન રાહુલ

રાંચીઃ વન-ડે રૅન્કિંગના નંબર-વન ભારતનું છેલ્લાં થોડાં વર્ષો દરમ્યાન પ્રભુત્વ રહ્યું છે, પરંતુ અત્યારે ભારતના વન-ડે ખેલાડીઓની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી છે. કારણ એ છે કે તેમણે ટીમ ઇન્ડિયાના ટેસ્ટ-ફૉર્મેટના પતન અને ફેબ્રુઆરીમાં ઘરઆંગણે રમાનારા ટી-૨૦ના વર્લ્ડ કપને લગતી અપેક્ષાઓના બોજ વચ્ચે વન-ડે ફૉર્મેટમાં સારું રમીને ટીમ ઇન્ડિયાને ફરી ચમકાવવાની છે. આજે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રાંચીમાં અવ્વલ ક્રમના ભારત અને છઠ્ઠા નંબરના સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ મૅચવાળી સિરીઝની પ્રથમ વન-ડે રમાશે અને એ વિજયી શરૂઆત કરીને કે. એલ. રાહુલની ટીમે તાજેતરમાં જ ટેસ્ટમાં જોવી પડેલી વાઇટવૉશની નામોશીને થોડી ભુલાવવાની છે.

### ઇતિહાસ ભારતની પડખે

સાઉથ આફ્રિકા સામે ટીમ ઇન્ડિયાની ૧૯૯૧થી માંડીને અત્યાર સુધીમાં ભારતની ધરતી પર કુલ છ વન-ડે શ્રેણી રમાઈ છે જેમાં ભારત ૪-૧થી આગળ છે, જ્યારે એક શ્રેણી ડ્રૉમાં પરિણમી છે. જોકે ૨૦૦૬થી માંડીને અત્યાર સુધીમાં બન્ને દેશ વચ્ચે કુલ મળીને ૧૦ વન-ડે સિરીઝ રમાઈ છે જેમાંથી પાંચ ભારતે અને પાંચ સાઉથ આફ્રિકાએ જીતી છે.

### રો-કોના આગમનથી આત્મવિશ્વાસ વધ્યો

રોહિત શર્મા અને વિરાટ કોહલીના આગમનથી ટીમ ઇન્ડિયાના ડ્રેસિંગ-રૂમમાં યુવાન ટીમમાં ફરી આત્મવિશ્વાસ જાગ્યો હશે. આ બન્ને મહારથીઓએ જ (અનુક્રમે અણનમ ૧૨૧ રન અને અણનમ ૭૪ રનના વ્યક્તિગત સ્કોર સાથે) ઑક્ટોબરમાં સિડનીમાં ભારતને ઑસ્ટ્રેલિયા સામેની અંતિમ વન-ડેમાં ૧૬૮ રનની અતૂટ ભાગીદારી કરીને વાઇટવૉશની નામોશીથી બચાવ્યું હતું.

### ‘ઓપનર’ રોહિતની રાંચીથી જ શરૂઆત થયેલી

૨૦૧૩માં રાંચીમાં જેએસસીએ સ્ટેડિયમના આ જ મેદાન પર રોહિત શર્માને પહેલી વાર ઓપનર તરીકે રમવા ટીમ-મૅનેજમેન્ટનો પૂરો સપોર્ટ મળ્યો હતો અને ત્યાર પછીનો તેની ઝળહળતી કારકિર્દીનો ઇતિહાસ આપણી સામે જ છે.

### ચાર સ્ટાર પ્લેયરની ગેરહાજરી

શુભમન ગિલ ગરદનની ઈજાને કારણે આ સિરીઝમાં નથી રમી રહ્યો, બુમરાહ-સિરાજને આરામ આપવામાં આવ્યા છે અને શ્રેયસ ઐયર પણ પાંસળી અને પેટની ઈજામાંથી હજી પૂર્ણપણે મુક્ત નથી થયો. તેમની ગેરહાજરીમાં રાહુલ આણિ મંડળીએ ટેમ્બા બવુમા ઍન્ડ કંપનીને પડકારવાની છે. જોકે ટેસ્ટ સિરીઝની નબળી બૅટિંગ લાઇન-અપની તુલનામાં વન-ડેની બૅટિંગ લાઇન-અપ મજબૂત છે જેમાં રો-કો (રોહિત-કોહલી) ઉપરાંત તિલક રાજ તથા ઋતુરાજ ગાયકવાડનો સમાવેશ થયો છે. બીજી તરફ, ટેસ્ટમાં ૨-૦થી જીત્યા બાદ સાઉથ આફ્રિકા હવે વન-ડેમાં પણ ભારતને પરચો બતાવવા મક્કમ છે.

### બન્ને દેશની સંભવિત વન-ડે ટીમ

ભારતઃ કે. એલ. રાહુલ (કૅપ્ટન, વિકેટકીપર), રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, ઋતુરાજ ગાયકવાડ/તિલક વર્મા/રિષભ પંત (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર/કુલદીપ યાદવ, નીતીશકુમાર રેડ્ડી, હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અર્શદીપ સિંહ.

સાઉથ આફ્રિકાઃ ટેમ્બા બવુમા (કૅપ્ટન), એઇડન માર્કરમ, ક્વિન્ટન ડિકૉક (વિકેટકીપર), મૅથ્યૂ બ્રીટ્ઝકે, ડેવાલ્ડ બ્રેવિસ, રુબિન હર્મેન, માર્કો યેનસેન, કૉર્બિન બૉશ્ચ, નૅન્દ્રે બર્ગર, કેશવ મહારાજ અને લુન્ગી ઍન્ગિડી. ■



### વન-ડે સિરીઝનું ટાઇમટેબલ

(૧) પ્રથમ વન-ડે, રાંચી, બપોરે ૧.૩૦
(૨) બીજી વન-ડે, રાયપુર, બપોરે ૧.૩૦
(૩) ત્રીજી વન-ડે, વિશાખાપટ્ટનમ, બપોરે ૧.૩૦
(નોંધઃ આ શ્રેણી પછી ત્રણ ટી-૨૦ રમાશે)

# સ્મૃતિ-પલાશના પ્રકરણમાં વધુ એક મિસ્ટ્રી ગર્લ નંદિકાની એન્ટ્રી, યુગલે ‘બૂરી નઝર’વાળું ઈમોજી કેમ રાખ્યું




મુંબઈઃ તાજેતરના વર્લ્ડ કપમાં ભારત વતી સૌથી વધુ ૪૩૪ રન કરીને ભારતને પહેલી વાર વર્લ્ડ ચૅમ્પિયન બનવામાં મહત્ત્વનું યોગદાન આપનાર સ્મૃતિ મંધાનાના ગયા રવિવાર, ૨૩મી નવેમ્બરે સાંગલીમાં મ્યૂઝિક કમ્પોઝર પલાશ મુચ્છલ સાથેના લગ્ન (સ્મૃતિના) પિતા શ્રીનિવાસ મંધાનાની તબિયત અચાનક બગડી જવાને કારણે મોકૂફ રાખવામાં આવ્યાં હતાં, પરંતુ આ હાઈ-પ્રૉફાઇલ મૅરેજ મુલતવી કેમ રાખવામાં આવ્યા એ મુદ્દે નવા વળાંકો આવતા જ રહે છે અને નવી એક વાત એવી છે જેમાં નંદિકા દ્વિવેદી નામની છોકરીનું નામ પણ ચર્ચામાં છે. આ પહેલાં મૅરી ડિકોસ્ટા અને ગુલનાઝ નામની બે છોકરીનાં નામ પલાશ સાથે લેવામાં આવતાં હતા. આ ત્રણેય કોરિયોગ્રાફર છે.

જોકે ત્રણેય છોકરીઓ (મૅરી ડિકોસ્ટા, નંદિકા દ્વિવેદી, ગુલનાઝ)એ સોશ્યલ મીડિયામાં સ્પષ્ટતા કરી છે કે સ્મૃતિ-પલાશના પ્રકરણમાં અમારી કોઈ જ રીતે કંઈ પણ ભૂમિકા નથી અને ત્રણેયે વ્યક્તિગત રીતે એવું પણ કહ્યું છે કે પલાશ સાથે તેમનામાંથી કોઈનો ફોટો વાઇરલ થયો હોય એનો અર્થ એવો નથી કે પલાશ સાથે તેઓ રિલેશનશિપમાં છે. ખાસ કરીને દિલ્હી યુનિવર્સિટીમાં બીકૉમ થયા બાદ ડાન્સ અને કોરિયોગ્રાફીની તાલીમ લેનાર નંદિકાએ ખુલાસામાં કહ્યું છે કે ‘સ્મૃતિ-પલાશનાં લગ્નને લગતા વિવાદમાં કોઈ પણ રીતે મારી ભૂમિકા નથી. મેં કોઈકની રિલેશનશિપ બગાડી નાખી છે એવું જે કહેવાઈ રહ્યું છે એ સાવ ખોટી વાત છે. નવાઈની વાત એ છે કે આવી આધાર વગરની વાતો બહુ જલદી ફેલાઈ જતી હોય છે. જાહેરમાં આવીને બોલવું મારા માટે સંભવ નથી, પણ હવે સહન નથી થતું. મને ધમકીઓ મળતી હતી એટલે મેં મારું મીડિયા અકાઉન્ટ પ્રાઇવેટ કરી નાખ્યું હતું. પ્લીઝ, મારા વિશેની અફવાઓ-અટકળો ન ફેલાવો. હું મારાં કંઈક સપનાં પૂરાં કરવી મુંબઈ આવી છું. હકીકત ક્યારેકને ક્યારેક આપોઆપ બહાર આવી જ જશે.’

### લગ્ન મોકૂફ કેમ?ઃ ઘણી થિયરીઓ ચર્ચામાં

સ્મૃતિ અને પલાશનાં ગયા રવિવારનાં લગ્ન પહેલાં હલ્દી, સંગીત અને મહેંદીની રસમ પૂરી થઈ ગઈ હતી અને લગ્નમંડપની વિધિની રાહ જોવાઈ રહી હતી તેમ જ મહેમાનો સાંગલી પહોંચી રહ્યા હતા, પરંતુ રવિવારે સવારે બ્રેકફાસ્ટ વખતે સ્મૃતિના પિતાની તબિયત બગડી જવાથી તેમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. તેઓ હળવા હૃદયરોગના હુમલાનો શિકાર થયા હોવાનું મનાતું હતું. જોકે હવે તેમની તબિયત સારી છે અને તેમને હૉસ્પિટલમાંથી રજા અપાઈ છે. બીજી થિયરી એવી પણ છે કે કોરિયોગ્રાફર મૅરી ડિકોસ્ટા સાથેની પલાશની (રૉમેન્ટિક વાતોવાળી) સીક્રેટ ચૅટ રેડિટ પર જાહેર કરવામાં આવતાં શ્રીનિવાસની તબિયત બગડી ગઈ હતી અને સ્મૃતિએ પલાશ સાથેનાં મૅરેજ મોકૂફ રાખ્યાં હતાં. ત્રીજી થિયરી એવી છે કે મૅરી ડિકોસ્ટાએ પોતે જ સ્મૃતિને પલાશથી બચાવવા પોતાની સાથેની તેની (પલાશની) સ્વિમિંગની ઑફરવાળી ચૅટ જાણી જોઈને બહાર પાડી હતી.

ચોથી થિયરીમાં એવું જણાવાયું છે કે મૅરી ડિકોસ્ટા સાથેની ચૅટ ધ્યાનમાં આવતાં જ સ્મૃતિના ભાઈએ પલાશ પર હુમલો કર્યો હતો જેમાં પલાશને વાગ્યું હોવાથી સ્મૃતિના પિતા બાદ પલાશને પણ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

જોકે પલાશ મુચ્છલના મમ્મી અમિતા મુચ્છલનું મીડિયામાં એવું કહેવું છે કે ખુદ પલાશે જ સ્મૃતિના પિતા શ્રીનિવાસજીની તબિયત બગડતાં લગ્ન મોકૂફ રખાવ્યાં હતાં, કારણકે પલાશને સ્મૃતિના પિતા પર ખૂબ સ્નેહ છે અને તે એવું માને છે કે તેમની તબિયત બગડી ગઈ હોય એમ છતાં લગ્ન કરવાં એ ઠીક ન કહેવાય.

દરમ્યાન, સ્મૃતિ અને પલાશ બન્નેએ ઇન્સ્ટાગ્રામ પર પોતાના અકાઉન્ટમાં ઇવિલ આય (બૂરી નઝર)નું એકસરખું ઇમોજી રાખ્યું એટલે બન્ને વિશેની ચર્ચા વધુ ઉગ્ર બની છે. કોઈકનું માનવું છે કે બન્ને એવું માની રહ્યાં હશે કે તેમની છ વર્ષ જૂની મિત્રતા પર કોઈની ખરાબ નજર લાગી ગઈ છે. બીજા કેટલાકનું માનવું છે કે સ્મૃતિ-પલાશ હવે પછી વધુ ખરાબ નજરનો ભોગ ન બને એવું માની રહ્યાં હશે. ■

# CREDAI-BANM ૨૪મું નવી મુંબઈ પ્રોપર્ટી એક્સ્પો ૨૦૨૫ યોજશે



મુંબઈઃ નવી મુંબઇના બિલ્ડર્સ એસોસિએશન, CREDAI-BANM, છેલ્લાં ૨૪ વર્ષથી કાર્યરત છે અને ૩૦૦ થી વધુ અગ્રણી ડેવલપર્સનું પ્રતિનિધિત્વ કરે છે, તેને તેના ૨૪મા નવી મુંબઈ પ્રોપર્ટી એક્સ્પો ૨૦૨૫ ની જાહેરાત કરવાનો આનંદ છે. ૧૨ થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન સિડકો એક્ઝિબિશન સેન્ટર, વાશી ખાતે રિયલ એસ્ટેટ શ્રેષ્ઠતાનો ભવ્ય પ્રદર્શન યોજાશે. ‘‘નવી મુંબઈઃ રનવે ટુ ધ ફ્યુચર’’ થીમ - શહેરના ઝડપી પરિવર્તન અને તેના આગામી વિકાસ પ્રકરણને આકાર આપવામાં એક્સ્પોની મુખ્ય ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે. ૨૪મી આવૃત્તિ એક એવા મહત્ત્વપૂર્ણ સમયે આવી છે જ્યારે નવી મુંબઈ અભૂતપૂર્વ વિકાસને વેગ આપી રહી છે. મુખ્ય માળખાગત સફળતાઓએ શહેરને ભારતના સૌથી આશાસ્પદ રિયલ એસ્ટેટ સ્થળોમાંના એક તરીકે સ્થાન આપ્યું છે. આ વિકાસ નવી મુંબઈને આગામી પેઢીના મહાનગરમાં ફેરવી રહ્યા છે . નવી મુંબઈ ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, ૨૪મો એક્સ્પો હજારો ઘર ખરીદદારો માટે પ્રવેશદ્વાર, વિકાસકર્તાઓ માટે એક વ્યૂહાત્મક પ્લેટફોર્મ, રોકાણકારો માટે એક સમજદાર બજાર અને નવી મુંબઈની વિકસતી ઓળખની ઉજવણી તરીકે સેવા આપશે. સંભવિત ખરીદદારો માટે તેમના સ્વપ્નનું ઘર/ઓફિસ જગ્યા બુક કરવાની આ શ્રેષ્ઠ તક છે.

૫૦ થી વધુ વિકાસકર્તાઓ ૫૦૦ થી વધુ પ્રોજેક્ટ્સ સાથે ભાગ લઈ રહ્યા છે. રહેણાંક, વાણિજ્યિક, ટાઉનશિપ અને લક્ઝરી પ્રોજેક્ટ્સનું વૈવિધ્યસભર પ્રદર્શન, સસ્તું, મધ્યમ-સેગમેન્ટ અને પ્રીમિયમ શ્રેણીઓમાં રહેણાંક પસંદગીઓ, નાણાકીય ભાગીદારો માટે સમર્પિત ઝોન, લોન સુવિધા અને રોકાણ માર્ગદર્શન, સૌથી વિશ્વસનીય વિકાસકર્તાઓ તરફથી ક્યુરેટેડ ઓફરિંગ બધું એક જ છત હેઠળ છે.

આ વર્ષના એક્સ્પોનું નેતૃત્વ શ્રી મહેશ પટેલ, કન્વીનર અને સહ-કન્વીનર શ્રી ઝુબીન સંઘોઈ/શ્રી હિતેશ ગામી કરી રહ્યા છે. ■

# ફેબ્રુઆરીમાં મહિલાઓની આઇપીએલની ફાઇનલ કેમ વીકએન્ડમાં નહીં રમાય

## ડબ્લ્યૂપીએલમાં પ્રથમ મૅચ મુંબઈ-બેંગલૂરુ વચ્ચે નવી મુંબઈમાં

મુંબઈઃ આગામી નવમી જાન્યુઆરીએ મહિલાઓની આઇપીએલ એટલે કે ટી-૨૦ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની જે ચોથી સીઝન શરૂ થશે એની ફાઇનલ પહેલી વખત વીકએન્ડને બદલે અઠવાડિયાની મધ્યમાં રમાશે અને એનું કારણ છે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ.

ડબ્લ્યૂપીએલ જેવી મોટી ટૂર્નામેન્ટની ફાઇનલ સામાન્ય રીતે વીકએન્ડમાં (શનિવાર અથવા રવિવારે) રાખવામાં આવતી હોય છે, પરંતુ આ વખતની ડબ્લ્યૂપીએલની ફાઇનલ ગુરુવાર, પાંચમી ફેબ્રુઆરીએ રાખવામાં આવી છે. એ જ અઠવાડિયામાં ભારત તથા શ્રીલંકામાં સંયુક્ત રીતે પુરુષોનો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થશે. એ વિશ્વ કપની પ્રથમ મૅચ કોલંબોમાં શનિવાર, સાતમી ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને નેધરલૅન્ડ્સ વચ્ચે રમાશે અને શનિવારના દિવસે એ મોટી સ્પર્ધા શરૂ થવાની હોવાથી ડબ્લ્યૂપીએલની ફાઇનલના દિવસ માટે શનિવારને બદલે ગુરુવાર પસંદ કરવામાં આવ્યો હોવાનું મનાય છે. મેન્સ વર્લ્ડ કપમાં શનિવારના પહેલા દિવસે ભારત-અમેરિકાની અને વેસ્ટ ઇન્ડિઝ-બાંગ્લાદેશની મૅચ પણ રમાશે.

દરમ્યાન ૨૮ દિવસની ડબ્લ્યૂપીએલમાં બે સ્થળે (નવી મુંબઈ અને વડોદરા) કુલ બાવીસ મૅચ રમાશે. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં બીજી નવેમ્બરે મહિલાઓના વર્લ્ડ કપની ફાઇનલ રમાઈ હતી જેમાં ભારતે સાઉથ આફ્રિકાને હરાવ્યું હતું. એ જ મેદાન પર નવમી જાન્યુઆરીથી ૧૭મી જાન્યુઆરી સુધીની ૧૧ મૅચ ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં રમાશે અને ત્યાર બાદ ૧૯મી જાન્યુઆરીથી પાંચમી ફેબ્રુઆરી સુધીની બાકીની ૧૧ મૅચ વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં રમાશે.

ડબ્લ્યૂપીએલની સીઝનની નવમી જાન્યુઆરીની પ્રથમ મૅચ નવી મુંબઈમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન મુંબઈ ઇન્ડિયન્સ-વિમેન અને ૨૦૨૪ની ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ-વિમેન ટીમ વચ્ચે રમાશે. મુંબઈ, દિલ્હી, બેંગલૂરુ, યુપી અને ગુજરાતના ફ્રેન્ચાઇઝી વચ્ચેની આ સ્પર્ધામાં દરેક ટીમ લીગમાં એકમેક સાથે બે મૅચ રમશે. ■

# રોહિતને બીસીસીઆઇની સલાહ, ‘આક્રમક બૅટિંગ કરતો રહેજે અને આ એક વાત તો ધ્યાનમાં લેતો જ નહીં’

## ક્રિકેટ બોર્ડે વિરાટ-રોહિતના ભાવિ પર બોલાવી મીટિંગઃ મહત્ત્વની યોજના પર થશે વિચારણા

નવી દિલ્હીઃ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ કહેવાય છે કે ભૂતપૂર્વ કૅપ્ટન રોહિત શર્માને એવી સલાહ આપી છે કે તું તારી ફિટનેસ તથા પર્ફોર્મન્સ પર જ બધું ધ્યાન આપજે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં હવે તારું ભાવિ શું છે એના પર થતી અટકળ વિશે પ્રતિક્રિયા આપવાનું ટાળજે.

એક અહેવાલમાં જણાવાયું હતું કે બીસીસીઆઇના સૂત્ર પાસેથી જાણવા મળ્યા મુજબ ક્રિકેટ બોર્ડ ઇચ્છે છે કે રોહિત શર્મા વન-ડે ફૉર્મેટમાં ઓપનિંગ બૅટ્સમૅન તરીકે તેની અસલ આક્રમક સ્ટાઇલમાં રમતો રહે.

૨૦૨૪ની ૨૯મી જૂને ટી-૨૦માંથી અને ૨૦૨૫ની સાતમી મેએ ટેસ્ટમાં નિવૃત્તિ લઈ લેનાર રોહિત શર્મા ભારત વતી હવે ફક્ત વન-ડે રમે છે. ઑક્ટોબરમાં ઑસ્ટ્રેલિયા સામે રમાયેલી વન-ડે સિરીઝ પહેલાં રોહિતના ભાવિ વિશે ખૂબ અટકળો થતી હતી, પરંતુ પચીસમી ઑક્ટોબરે સિડનીમાં તેણે સિરીઝની ત્રીજી અને છેલ્લી વન-ડેમાં માત્ર ૧૨૫ બૉલમાં ત્રણ સિક્સર અને તેર ફોરની મદદથી અણનમ ૧૨૧ રનના યોગદાન સાથે તેમ જ વિરાટ કોહલી (અણનમ ૭૪) સાથે ૧૭૦ બૉલમાં બનેલી ૧૬૮ રનની અતૂટ ભાગીદારીની મદદથી ભારતને વિજય અપાવ્યો હતો અને ટીમને ૦-૩ના વાઇટવૉશથી બચાવી લીધી હતી. એ શ્રેણીમાં રોહિતના ૨૦૨ રન તમામ બૅટ્સમેનોમાં હાઇએસ્ટ હતા અને રોહિતે મૅન ઑફ ધ મૅચ ઉપરાંત મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર પણ જીતી લીધો હતો. એ સાથે, વન-ડેમાંથી પણ રોહિતે નિવૃત્તિ લઈ લેવી જોઈએ એવી લોકોની વાતો બંધ થઈ ગઈ હતી.

વન-ડેમાં ભારત વતી સૌથી વધુ રન કરનારાઓમાં ત્રીજો નંબર ધરાવતો અને વન-ડે ફૉર્મેટમાં ૨૬૪ રનના સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર ઉપરાંત વિક્રમજનક ત્રણ ડબલ સેન્ચુરી ફટકારનાર રોહિત હવે રવિવારે રાંચીમાં સાઉથ આફ્રિકા સામેની વન-ડેમાં ફરી રમતો જોવા મળશે.

એક અહેવાલ મુજબ બીસીસીઆઇના એક સૂત્રએ એવું કહ્યું છે કે ‘રોહિત ટૉપ-ઑર્ડરમાં નિર્ભય થઈને બૅટિંગ કરતો રહે જે અન્યો માટે (ટીમના યુવાન ખેલાડીઓ માટે) ઉદાહરણ બની રહે. ઑસ્ટ્રેલિયામાં તે જોખમ ઉઠાવવાનું ટાળતો હોય એવું લાગ્યું હતું. જોકે બોર્ડ ઇચ્છે છે કે તેઓ બન્ને (રોહિત અને વિરાટ) બૅટિંગમાં એવી આગેવાની સંભાળે કે ટીમના પછીના યુવાન ખેલાડીઓ માટે ઇનિંગ્સ ડેવલપ કરવાનું આસાન થઈ જાય.’

એવું પણ મનાય છે કે સાઉથ આફ્રિકા સામેની વન-ડે સિરીઝ છઠ્ઠી ડિસેમ્બરે પૂરી થશે ત્યાર પછી બીસીસીઆઇ સિલેક્ટરો અને બોર્ડના મૅનેજમેન્ટ વચ્ચે મીટિંગ રાખવા માગે છે જેમાં ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને જે રોડ-મૅપ તૈયાર થાય એમાં રોહિત-વિરાટનું ભાવિ શું રહેશે એના પર ચર્ચા કરવામાં આવશે. બીસીસીઆઇના સૂત્રએ એવું કહ્યું હોવાનું મનાય છે કે ‘રોહિત અને વિરાટ જેવા દિગ્ગજો પાસેથી શું અપેક્ષા રાખવામાં આવી રહી છે અને વર્તમાન મૅનેજમેન્ટ તેમની ભૂમિકાને કઈ રીતે જોઈ રહ્યા છે એ ખૂબ મહત્ત્વના મુદ્દા છે. આવા મહારથીઓએ કોઈ પ્રકારની અનિશ્ચિતતા સાથે રમતા રહેવું પડે એ ઠીક ન કહેવાય.’ ■

# બે વર્ષમાં 30 ખેલાડી ટેસ્ટ રમ્યા! ટીમના પતન બદલ આગરકર-ગંભીરને બીસીસીઆઈનું તેડું

## ૧૨ વર્ષમાં અપરાજિત રહ્યા, પણ ૧૨ મહિનામાં બે વાઇટવૉશ જોવા પડ્યા

મુંબઈઃ ભારતીય ક્રિકેટરો ફેબ્રુઆરી ૨૦૧૩થી ઑક્ટોબર ૨૦૨૪ દરમ્યાન લાગલગાટ ૧૨ વર્ષ સુધી ઘરઆંગણે કુલ ૧૮ ટેસ્ટ સિરીઝમાં અપરાજિત રહ્યા હતા, પરંતુ છેલ્લા ૧૨ મહિનામાં ત્રણમાંથી બે હોમ સિરીઝમાં ભારતનો વાઇટવૉશ થયો અને હોમગ્રાઉન્ડ પર છેલ્લી સાતમાંથી પાંચ ટેસ્ટ ભારત હાર્યું એને લીધે ટીમનું તેમ જ દેશનું નામ બગડવાને પગલે બીસીસીઆઈએ ચીફ સિલેક્ટર અજિત આગરકર અને હેડ-કોચ ગૌતમ ગંભીરને ચર્ચા માટે બોલાવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ગયા નવેમ્બરમાં ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩થી અને આ નવેમ્બરમાં સાઉથ આફ્રિકા સામે ૦-૨થી નામોશી થતાં કરોડો ક્રિકેટપ્રેમીઓ ભારતીય ટેસ્ટ ખેલાડીઓ પર ગુસ્સે છે. છેલ્લા બે વર્ષમાં કુલ મળીને લગભગ ૩૦ ખેલાડીઓ ટેસ્ટ ક્રિકેટ રમ્યા છે જેમાં અનુભવીઓ અને નવા ખેલાડીઓનો સમાવેશ છે.

જોકે ૨૪ મહિનાના ટૂંકા ગાળામાં આટલા બધા ખેલાડીઓને કેમ અજમાવવામાં આવ્યા અને કેમ એક મજબૂત ટીમ ડેવલપ ન કરી શક્યા એવા સવાલના જવાબ આગરકર અને ગંભીર પાસે માંગવામાં આવશે એવું એક અહેવાલ પરથી જાણવા મળ્યું છે.

### ગંભીર, રિષભે દોષ પોતાના પર લીધો છે

છેલ્લા એક વર્ષમાં ટેસ્ટ ક્રિકેટમાં ભારતીય ટીમની થયેલી નિષ્ફળતાનો દોષ ગંભીરે પોતાના શિરે લીધો છે, જ્યારે સાઉથ આફ્રિકા સામેની ૦-૨ની હાર બદલ કાર્યવાહક સુકાની રિષભ પંતે ફેન્સની માફી માંગી છે.

### આગરકર કેમ ડોમેસ્ટિક મૅચો જોવા નથી જતો

આ બધું તો ઠીક છે, પરંતુ આગરકરની બાબતમાં એક મોટો મુદ્દો એ છે કે તે ડોમેસ્ટિક ક્રિકેટની મૅચો ખૂબ ઓછી અટેન્ડ કરે છે અને ઇન્ટરનેશનલ મૅચો વખતે મેદાન પર જોવા મળતો હોય છે. રણજી ટ્રોફીની મૅચમાં ચીફ સિલેક્ટર તરીકે આગરકરની હાજરી મર્યાદિત હોવાને કારણે સિલેક્શન કમિટી અને ડોમેસ્ટિક ક્રિકેટમાં પર્ફોર્મ કરતાં ખેલાડીઓ વચ્ચેનું અંતર વધ્યું છે. ભૂતપૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિધુએ એક મહિના પહેલાં કહ્યું હતું કે આગરકર અને ગંભીરને ક્રિકેટ બોર્ડે તેમના હોદ્દા પરથી દૂર કરવા જોઈએ.

### સરફરાઝ અને ઈશ્વરનની અવગણના

બીજું, આંતરરાષ્ટ્રીય ટીમમાં સામેલ કરવા માટેના માપદંડ તરીકે રણજી ટ્રોફી સહિતની ડોમેસ્ટિક મૅચોમાં સારું રમતા સરફરાઝ ખાન, અભિમન્યુ ઈશ્વરન અને કરુણ નાયર જેવા ખેલાડીઓને બદલે સાધારણ પર્ફોર્મ કરતાં સાઈ સુદર્શન અને નીતીશ કુમાર રેડ્ડીને વધુ પસંદ કરવામાં આવે છે.

બીસીસીઆઈના એક અધિકારીએ એવું કહ્યું હોવાનું મનાય છે કે સિલેક્ટરો ડોમેસ્ટિક મૅચો જોવા માટે સ્ટેડિયમમાં જવાને બદલે મોટાભાગે ડિજિટલ સ્કોર અપડેટ કરવા પર જ ધ્યાન આપે છે.

### વિદેશી પ્રવાસોમાં આગરકરની હાજરી શા માટે

અજિત આગરકરની બાબતમાં એવું છે કે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ વખતે તેણે સરફરાઝ ખાન, ધ્રુવ જુરેલ અને અભિમન્યુ ઈશ્વરન જેવા યુવાન ખેલાડીઓને સપોર્ટ કર્યો હતો, પરંતુ છેલ્લા થોડા મહિનાઓમાં ઈશ્વરન અને સરફરાઝને ભૂલી જવામાં આવ્યા છે. સામાન્ય રીતે ચીફ સિલેક્ટરનું કામ ટીમ સિલેક્ટ કરવાનું હોય છે, પણ આગરકર છેલ્લા થોડા મહિનાઓ દરમ્યાન ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડના પ્રવાસે ભારતીય ટીમ સાથે જોવા મળ્યો હતો. જોકે તેણે રણજી મૅચ સ્ટેડિયમમાં જઈને જોઈ હોય એવું છેલ્લે ૨૦૨૪ની સાલમાં બન્યું હતું.

### ગૌતમ સામે ગંભીર સવાલો

હેડ-કોચ ગૌતમ ગંભીરને એવા સવાલ પણ કરવામાં આવશે કે ઘરઆંગણે આપણા બૅટ્સમેનો કેમ વિદેશી સ્પિનર્સ સામે સારું નથી રમી શકતા? આનો ઉકેલ છેલ્લા એક વર્ષમાં કેમ નથી લાવવામાં આવ્યો? ■

# ભારત હૉકીમાં કૅનેડાને ૧૪-૩થી કચડીને આજની ફાઇનલમાં

ઇપોહઃ મલયેશિયામાં રમાતી સુલતાન અઝલાન શાહ કપ હૉકી ટૂર્નામેન્ટમાં કૅનેડાને ૧૪-૩થી કચડીને ભારત ફાઇનલમાં પહોંચી ગયું છે જેમાં ભારતનો મુકાબલો રવિવાર, ૩૦મી નવેમ્બરે (ભારતીય સમય અનુસાર સાંજે ૬.૦૦ વાગ્યાથી) બેલ્જિયમ સામે થશે.

ભારત આ હાઈ-સ્કોરિંગ મુકાબલામાં પોતાના ગ્રૂપમાં મોખરે રહ્યું છે. લીગ રાઉન્ડમાં ભારત એકમાત્ર બેલ્જિયમ સામેની મૅચના પરાજયને બાદ કરતા અપરાજિત રહ્યું છે.

બેલ્જિયમ સામે ભારતની ૨-૩થી હાર થઈ હતી અને હવે એને ફાઇનલમાં હરાવીને સાટું વાળવાનો સમય આવી ગયો છે.

શનિવારે રાજિન્દર સિંહે ઉપરાઉપરી બે ગોલ સાથે શરૂઆત કરી હતી અને ત્યાર બાદ જુગરાજ સિંહ કૅનેડા માટે આઉટ ઑફ કન્ટ્રોલ હતો. તેણે ચાર ગોલ કર્યા હતા. એ ઉપરાત, અમિત રોહિદાસ, દિલપ્રીત સિંહ, સેલ્વમ કાર્તિ, સંજય અને અભિષેકે પણ ગોલ કર્યા હતા. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે- રતલામ ડિવિઝન**

W/૬૨૩/૫/૧/NIT "ઈ-ટેન્ડર નોટિસ" તારીખઃ ૨૫.૧૧.૨૦૨૫

ડિવિજનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચે આપેલ વિગતો મુજબ વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા ઓપન ટેન્ડર મંગાવે છે.

| અ. ક્ર. | ઈ-ટેન્ડર નં. અને કામનું નામ | અંદાજિત કિંમત રૂા. | બાનાની રકમ ડિપોજિટ રૂા. માં |
|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૧૦૩ R | ₹ ૧,૦૦,૯૪,૮૪૯.૩૮ | ₹ ૨,૦૦,૫૦૦.૦૦ |
| | દાહોદ સ્ટેશન-લીફ્ટ (૩ નં.)ની જોગવાઈના સંબંધમાં RCC લીફ્ટ વેલનું બાંધકામ. **આવા જ પ્રકારનું કામઃ-** કોઈપણ સીવીલ એન્જિનિયરિંગ કામ જેમાં લીફ્ટ વેલનું બાંધકામ કે ૩ અને વધુ સ્ટોરીસના ફ્રેમ્ડ સ્ટ્રકચરનું બાંધકામ કે ઓવરહેડ વોટર ટેન્કનું બાંધકામ એટલે કે INTZ ટેન્કસ. વેબસાઈટ પર અપલોડીંગની તારીખઃ ૨૦.૧૧.૨૦૨૫. ટેન્ડર ખૂલવાની તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫. | | |
| ૨ | RTM-૨૦૨૫-૨૬-૧૪૪ | ₹ ૧,૫૯,૭૫,૯૫૯.૭૩ | ₹ ૨,૨૯,૯૦૦.૦૦ |
| | ગોધરા-નાગદા સેક્સન- TFR-૬૫.૦૯૪ TKM લુપ લાઈન્સનું અને TFR -૧૦૩.૬૪ TKM મેન લાઈન પર **આવા જ પ્રકારનું કામઃ-** કોઈપણ ટ્રેક કામ. વેબસાઈટ પર અપલોડીંગની તારીખ : ૨૨.૧૧.૨૦૨૫. ટેન્ડર ખૂલવાની તારીખઃ ૧૬.૧૨.૨૦૨૫ | | |

અંદાજીત જથ્થોઃ- ટેન્ડર શીડયુલ મુજબ. પૂર્ણતા મુદત-૧૨ માસ. વિગતવાર ટેન્ડર નોટિસ, લાયકાતની શરત અને નિયમો તથા શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

5/1/347 ડિવિજનલ રેલવે મેનેજર (W/A) રતલામ

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## મુંબઈ દૂષિત હવાના ભરડામાં

# પ્રદૂષણ વધારનારા ૬૨ કન્સ્ટ્રકશન સાઈટને નોટિસ

### ત્રણ દિવસીય ઝુંબેશનો આજે છેલ્લો દિવસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા થોડા દિવસથી પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે. ધૂળ-પ્રદૂષણને કારણએ વાતાવરણ સતત ધુંધળું દેખાઈ રહ્યું છે. મુંબઈના અનેક વિસ્તારોમાં છેલ્લા થોડા દિવસથી હવાની ગુણવત્તા પણ જોખમી સ્તરે નોંધાઈ રહી છે. વાયુ પ્રદૂષણના નિયમોનો ભંગ કરનારી ૬૨ કન્સ્ટ્રકશન સાઈટને સ્ટોપ વર્કની નોટિસ પણ પાલિકા ફટકારી ચૂકી છે. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા અને રસ્તા પરની ધૂળ ઘટાડવા માટે માટે પાલિકાએ ૨૮ નવેમ્બરથી ત્રણ દિવસીય ખાસ ઝુંબેશ હાથ ધરી હતી, જેનો આજે છેલ્લો દિવસ છે.

મુંબઈગરાના આરોગ્યને ધ્યાનમાં રાખીને પાલિકાએ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે વિવિધ ઉપાયયોજના અમલમાં મૂકી રહી છે. પાલિકાએ અગાઉ જાહેર કરેલી ગાઈડલાઈનનું ઉલ્લંઘન કરવાના પ્રકરણ તેમ જ વાયુ પ્રદૂષણ માટે કારણભૂત રહેલા મુંબઈના ૬૨ બાંધકામને તાજેતરમાં સ્ટોપ વર્કની નોટિસ ફટકારવામાં આવી છે. તેમ જ સ્મશાનભૂમિની સાથે જ સાર્વજનિક ટ્રાન્સપોર્ટેશનને વધુને વધુ પ્રયાવરણસ્નેહી બનાવવા માટે ઈલેક્ટ્રિક બસસેવાનો ઉપયોગ, બાંધકામના કાટમાળનો સાયન્ટીફિકલી પદ્ધતિએ પ્રક્રિયા કરવા માટેનો સ્પેશિયલ પ્રોજેક્ટ, ધૂળને નિયંત્રણમાં લાવવા માટે મિસ્ટીંગ મશીનની મદદથી રસ્તા પર પાણીનો છંટકાવ કરવાનું કામ હાથ

(જુઓ પાનું ૪) ▸▸

### સુધરાઈની નોટિસ બાદ ૨૫ બેકરીઓ હરિત ઈંધણમાં પરાવર્તિતઃ પીએનજી જોડાણ માટે ૮૮ બેકરીઓની અરજી

મુંબઈમાં હવાની ગુણવત્તા સુધારવા માટે મહાનગરપાલિકાએ કમર કસી હોઈ શહેરના અનેક ડેવલપરો સહિત બેકરીના માલિકોને પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે આગળ આવ્યા છે. પાલિકાની નોટિસ હાથમાં આવે તે પહેલા લાકડા, કોલસા અને ડિઝલ પર ચાલનારી ૨૫ બેકરીઓએ પર્યાવરણને અનુરૂપ ઈંધણમાં પરાવર્તિત કરવામાં આવી છે. આ દરમ્યાન શહેરમાં ૮૮ બેકરીઓએ પીએનજી જોડાણ માટે અરજી કરી હોઈ બહુ જલદી મુંબઈમાં બેકરીઓને કારણે હવામાં થનારા પ્રદૂષણમાં ઘટાડો થશે એવો અંદાજો છે. મુંબઈ શહેર અને ઉપનગરમાં હાલ ૨૦૯ બેકરીઓ પર્યાવરણ અનુરૂપ ઈંધણ પર ચાલી રહી

(જુઓ પાનું ૪) ▸▸

# નવી મુંબઈથી સગીરાઓ ગુમ થવાનો સિલસિલોઃ વાલીઓમાં ચિંતાનું મોજું

### તાજેતરમાં છ સગીર છોકરી ગાયબ થતાં પોલીસે બધી ફરિયાદોની સંયુક્ત તપાસ કરવા સ્પેશિયલ ટીમ બનાવી

નવી મુંબઈઃ નવી મુંબઈના વિવિધ વિસ્તારોમાંથી સગીર છોકરીઓ ગુમ થવાનો જાણે સિલસિલો ચાલુ થયો છે, જેને કારણે વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સ્કૂલ-કૉલેજમાં જતી સગીરાઓના વાલીઓમાં આ જ મુદ્દે ચર્ચા ચાલી રહી હોવાનું કહેવાય છે. પોલીસે છ સગીરા ગુમ થવાની ફરિયાદોની ગંભીર નોંધ લઈને સંયુક્ત તપાસ કરવા સ્પેશિયલ ટીમ બનાવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. નવી મુંબઈના રબાળે, એપીએમસી અને કોપરખૈરાણે પોલીસ સ્ટેશનની હદમાંથી ગુમ થયેલી ચાર સગીરાની હજુ કોઈ ભાળ મળી નથી ત્યાં તુર્ભે અને એનઆરઆઈ સાગરી પોલીસ સ્ટેશનની હદમાંથી બે છોકરી ગુમ થયાની ફરિયાદ સામે આવી હતી.

મળતી માહિતી અનુસાર ત્રણેક દિવસ અગાઉ જ તુર્ભે

(જુઓ પાનું ૪) ▸▸

## આજે મધ્ય રેલવે, હાર્બર લાઈન પર બ્લોક

મુંબઈઃ લોકલ ટ્રેન એ મુંબઈગરાની લાઈફલાઈન છે. આ લાઈફલાઈનના જ મેઈન્ટેનન્સ વર્ક માટે દર રવિવારે રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવે છે.

મધ્ય રેલવે પર સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી એમ પાંચ કલાકનો મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન અપ-ડાઉન સ્લો લોકલ સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ટ્રેનો ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુર્લા સ્ટેશન પર ઊભી રહેશે. પાંચ કલાકના આ બ્લોક દરમિયાન મસ્જિદ બંદર, સેન્ડહર્સ્ટ રોડ, ચિંચપોકલી, કરી રોડ સ્ટેશન પર ટ્રેનો ઉપલબ્ધ નહીં રહે.

હાર્બર લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી એમ કુલ પાંચ કલાકનો મેગા બ્લોક પનવેલ-વાશી અપ-ડાઉન લાઈન પર હાથ ધરવામાં આવશે. આ સમય દરમિયાન પનવેલ સીએસએમટી વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેન વ્યવહાર બંધઝ

(જુઓ પાનું ૪) ▸▸

## પત્નીને આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ કોન્સ્ટેબલ પતિ અને સાસરિયાંની ધરપકડ

થાણેઃ મીરા રોડમાં પત્નીને આત્મહત્યા માટે કથિત રીતે ઉશ્કેરવાના કેસમાં બુલઢાણાના વતની એવા પોલીસ કોન્સ્ટેબલ પતિ અને સાસરિયાંની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ દંપતીના મીરા રોડ સ્થિત નિવાસસ્થાને ગુરુવારે સ્વાતિ ચાટે (૧૯)એ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. આ કેસમાં સ્વાતિના પતિ સહિત ચાર જણની ધરપકડ કરવામાં આવી હતી. ઘટના પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે, એવું મીરા રોડ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટરે જણાવ્યું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં પતિ પ્રભુ ચાટે, તેના પિતા ભગવાન ચાટે (૬૩), માતા રંજના (૫૫) અને બહેન પુષ્પા સાનપ (૩૦)નો સમાવેશ થાય છે. આરોપીઓ વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા સહિતની ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. તેની માતાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર સ્વાતિને તેના પતિ અને સાસરિયાં દ્વારા સતત શારીરિક અને માનસિક ત્રાસ

(જુઓ પાનું ૪) ▸▸

# ૨૦૦૦ રોકાણકાર સાથે ૪.૪૧ કરોડની છેતરપિંડીઃ મહિલા સહિત બે વિરુદ્ધ ગુનો

મુંબઈઃ આકર્ષક વળતરની ખાતરી અને મોંઘીદાટ બાઈક તેમ જ સોના-ચાંદીની વસ્તુઓની ગિફ્ટ્સની લાલચે ૨૦૦૦ જેટલા રોકાણકારો સાથે ૪.૪૧ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે મહિલા સહિત બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

વડાલામાં રહેતી મધુરા ભોલે (૪૫)એ નોંધાવેલી ફરિયાદને આધારે દાદર પૂર્વની ભોઈવાડા પોલીસે નામદેવ નવલે અને અલકા મહાડિક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ભોઈવાડા પોલીસના જણાવ્યા અનુસાર મધુરાએ પહેલાં આરોપીઓની સ્કીમમાં નાણાં રોક્યાં હતાં. પછી તે આરોપીઓ માટે એજન્ટ તરીકે પણ કામ કરતી હતી. મધુરા ભાડેના ફ્લૅટમાં રહેતી હતી ત્યારે જૂન, ૨૦૨૩માં તેની ઓળખાણ મહાડિક સાથે થઈ હતી.

મહાડિક દ્વારા દાદર પૂર્વની ઑફિસમાંથી એક ટ્રેડિંગ ફર્મ દ્વારા પ્રમોટ કરાતી ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ વિશે જાણકારી અપાઈ હતી. ઊંચા વળતરોની લાલચ આપવામાં આવતાં મધુરા ભોલેએ રોકાણ કરવાનું શરૂ કર્યું હતું. પછી તેને એજન્ટ બનાવી દેવાઈ, જેમાં તે જે લાવે એ દરેક રોકાણકાર દીઠ તેને ૧૦ ટકા કમિશનની લાલચ અપાઈ હતી. પછી તેની ઓળખાણ સંસ્થાના કથિત સંસ્થાપક નવલે સાથે કરાવાઈ હતી.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે વિવિધ યોજનાઓ, બમ્પર ઑફરો, લકી ડ્રો અને બાઈક્સ, સોના તેમ જ ચાંદીની ગિફ્ટ્સથી ભોલે પ્રભાવિત થઈ હતી. કંપનીએ તહેવારો દરમિયાન પ્રચાર કર્યો હતો અને યોજનાઓ લોકોને સમજાવવા યુટ્યૂબ ચૅનલનો ઉપયોગ કર્યો હતો. ફરિયાદી ભોલેએ બાદમાં અનેક મહિલાઓ અને સ્વરોજગારી મહિલાઓને યોજનામાં રોકાણ કરવા સમજાવી હતી, જેમાં રોકાણ સામે તેને કમિશન મળતું હતું. એપ્રિલ, ૨૦૨૫માં

(જુઓ પાનું ૪) ▸▸

# દલિત પ્રેમીની પિયર પક્ષ દ્વારા હત્યાઃ પ્રેમિકાએ તેના નામનું કંકુ લગાવી સાસરે જ રહેવાનો ફેંસલો કર્યો

છત્રપતિ સંભાજી નાગરઃ નાંદેડમાં મૃત પ્રેમીના હાથે કંકુ લગાવીને લગ્ન કર્યાની ઘટના સામે આવી છે. પોતાની દીકરી એક દલિત યુવક સાથે લગ્ન કરશે તો સમાજમાં બદનામી થશે એવા ડરે યુવતીના ઘરનાઓએ યુવકની હત્યા કરી નાખી, પરંતુ તે યુવતીએ તે જ મૃત યુવક સાથે પ્રતિકાત્મ લગ્ન કરીને તેના જ ઘરમાં રહેવાનો નિર્ણય કર્યો. પ્રેમમાં પ્રેમીની જીત થઇ એવી પ્રતિક્રિયા યુવતીએ આપી હતી.

સક્ષમ તાટે નામના યુવકને આંચલ નામની યુવતી સાથે પ્રેમ હતો. બંનેએ લગ્ન કરવાનો નિર્ણય કર્યો હતો. આ સંબંધની યુવતીના ઘરવાળાઓને ખબર પડતા તેમણે સક્ષમને પોતાની દીકરીથી દૂર રહેવા કહ્યું હતું. પરંતુ બંનેએ સંબંધ ચાલુ રાખ્યો હતો. છેવટે આંચલના ઘરનાઓએ સક્ષમની ગોળી મારીને હત્યા કરી નાખી હતી.

આ બાજુ આંચલ સક્ષમ ના ઘરે પહોંચી અને ત્યાં તું જીત્યો કહીને તેના નામનું માથે કંકુ લગાવી તેના ઘરમાં જ રહેવાની જાહેરાત કરી. ત્યારબાદ શોકગ્રસ્ત વાતાવરણમાં સક્ષમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. આ અંગે પોલીસ અધિકરીએ જણાવ્યું હતું કે તાટે પરિવારે યુવતીનો સ્વીકાર કર્યો છે અને યુવતી તેમના ઘરમાં જ રહે છે.

આ ઘટનામાં ગજાનન મામીડવાર ,સાહિલ મામીડવાર ,સોમેશ લાખે,વેદાંત કુંડેકર અને અન્યની હત્યાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓને કોર્ટમાં રજુ કરતા તેમને આઠ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. ■

# ભારતીય પરંપરાના મૂળ ભાઈચારામાં, વિવાદ આપણા સ્વભાવમાં નથીઃ ભાગવત

મુંબઈઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે શનિવારે કહ્યું કે વિવાદોમાં જોડાવું એ ભારતનો સ્વભાવ નથી અને ભારપૂર્વક જણાવ્યું હતું કે દેશની પરંપરા હંમેશા ભાઈચારો અને સામૂહિક સંવાદિતા પર ભાર મૂકે છે.

નાગપુરમાં રાષ્ટ્રીય પુસ્તક મહોત્સવમાં બોલતા, ભાગવતે કહ્યું હતું કે ભારતનો રાષ્ટ્રીયત્વનો ખ્યાલ પશ્ચિમી અર્થઘટનથી મૂળભૂત રીતે અલગ છે.

'અમારો કોઈ સાથે કોઈ દલીલ નથી. અમે વિવાદોથી દૂર રહીએ છીએ. વિવાદ કરવો આપણા દેશનો સ્વભાવ નથી. સાથે રહેવું અને ભાઈચારાને પ્રોત્સાહન આપવું એ આપણી પરંપરા છે,' એમ જણાવાતં તેમણે ઉમેર્યું હતું કે વિશ્વના અન્ય ભાગો સંઘર્ષથી ભરેલી પરિસ્થિતિઓમાં વિકસિત થયા છે.'એકવાર અભિપ્રાય રચાય છે, તે વિચાર સિવાય કંઈપણ અસ્વીકાર્ય બની જાય છે. તેઓ અન્ય વિચારો માટે દરવાજા બંધ કરે છે અને તેને '...વાદ' કહેવાનું શરૂ કરે છે,' એવી ટિપ્પણી તેમણે કરી હતી.

'આપણે રાષ્ટ્રીયતા શબ્દનો ઉપયોગ કરીએ છીએ, રાષ્ટ્રવાદ નહીં. રાષ્ટ્ર વિશે વધુ પડતા ગર્વને કારણે બે વિશ્વયુદ્ધો થયા, જેના કારણે કેટલાક લોકો રાષ્ટ્રવાદ શબ્દથી ડરે છે,' એવો દાવો તેમણે કર્યો હતો.

ભાગવતે નોંધ્યું હતું કે જો આપણે પશ્ચિમી સંદર્ભમાં રાષ્ટ્રની

(જુઓ પાનું ૪) ▸▸

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વોર્ડ અનામત અંગે હાઈ કોર્ટનો મંગળવારે ચુકાદો

મુંબઈ : સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે વોર્ડ અનામત અંગે દાખલ કરાયેલી વિવિધ અરજીઓ પર સુનાવણી પૂર્ણ કર્યા પછી બોમ્બે હાઈ કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. શુક્રવારે હાઈ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે ચુકાદો મંગળવારે જાહેર કરવામાં આવશે. આ ઉપરાંત હાઈ કોર્ટે એમ પણ કહ્યું છે કે આ ચૂંટણીઓથી નવી અનામત રોટેશન સિસ્ટમ લાગુ થશે કે નહીં તે પણ સ્પષ્ટ કરવામાં આવશે.

રાજ્ય સરકારે ઓગસ્ટ મહિનામાં જ આ ચૂંટણીઓ માટે જાહેરનામું બહાર પાડ્યું હતું. આ ચાર આદેશોની જોગવાઈઓ મુજબ એસસી અને એસટી શ્રેણીઓની વધુ વસ્તી ધરાવતા વોર્ડ તેમના માટે અનામત રાખવામાં આવશે. ઉપરાંત ૧૨મી જોગવાઈમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ચૂંટણીઓથી અનામતની રોટેશન સિસ્ટમ નવેસરથી શરૂ થશે. રાજ્યના વિવિધ વોર્ડમાંથી આનો વિરોધ કરતી ઘણી અરજીઓ હાઇ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી.

મુંબઈ, નાગપુર અને છત્રપતિ સંભાજીનગર બેન્ચ સમક્ષ દાખલ કરાયેલી આ બધી અરજીઓની સુનાવણી મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બેન્ચ સમક્ષ એકસાથે કરવામાં આવી હતી. શુક્રવારે થયેલી સુનાવણીમાં અરજદારો અને રાજ્ય સરકાર વતી દલીલો સાંભળ્યા બાદ હાઇ કોર્ટે અરજીઓ પર ચુકાદો મંગળવાર પર મુલતવી રાખ્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વોર્ડ અનામત રાખવા જોઈએ. દરેક ચૂંટણીમાં રોટેશન પદ્ધતિ દ્વારા વોર્ડ અનામતનો નિર્ણય લેવો જોઈએ. આ રાજ્ય બંધારણ સુધારો વર્ષ ૧૯૯૨ માં જ કરવામાં આવ્યો હતો. તે મુજબ, વોર્ડ અનામતનું રોટેશન વર્ષ ૧૯૯૭ થી શરૂ થયું. અત્યાર સુધી મહિલા અને ઓબીસી અનામતનું રોટેશન પૂર્ણ થયું છે. એસસી અને એસટી શ્રેણીઓનું રોટેશન હજુ બાકી છે. તેને પૂર્ણ કર્યા વિના, રાજ્ય સરકારે જાહેરાત કરી છે કે આગામી ચૂંટણીઓથી અનામતની નવી રોટેશન સિસ્ટમ શરૂ કરવામાં આવશે. તેથી, કેટલાક અરજદારોએ હાઇકોર્ટનો સંપર્ક કરીને દાવો કર્યો છે કે આ નિર્ણય રાજ્યના બંધારણનું ઉલ્લંઘન છે અને અનામતની આ નવી રોટેશન સિસ્ટમ એસસી અને એસટી શ્રેણીઓના બાકીના રોટેશન પૂર્ણ થયા પછી જ શરૂ કરી શકાય. ■

## શિંદેની રેલીમાં સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા

# મહિલા પોલીસ બેસી રહી, એક સગીર છોકરાને રાખ્યો મહિલાઓની તપાસ માટે



અકોલા : રાજ્યમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ પહેલા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે પ્રચારે વેગ પકડ્યો છે. ચૂંટણી પ્રચાર તેના અંતિમ તબક્કામાં છે અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અકોલા જિલ્લાના હિવરખેડમાં એક પ્રચાર રેલીમાં હાજરી આપવાના હતા. એમાં એવું જોવા મળ્યું કે પોલીસે આ સભામાં હાજરી આપતી મહિલાઓનું ચેકીંગ શિંદે જૂથનો કાર્યકર એવા એક સગીર છોકરાને સોંપ્યું હતું. આ છોકરાના ગળામાં શિવસેનાનો ગમછા અને માથા પર શિવસેનાની ટોપી હતી. રસપ્રદ વાત એ છે કે, નજીકમાં ચારથી પાંચ મહિલા પોલીસ કર્મચારીઓ પણ બેઠી હતી. તેથી પોલીસ બાજુ પર બેઠી અને નાયબ મુખ્ય પ્રધાનની સુરક્ષા માટે સગીરને રાખ્યો, આવી ચર્ચા સભા સ્થળે થઈ હતી. એકનાથ શિંદેની રેલીમાં આવતી મહિલાઓની મેટલ ડિટેક્ટર દ્વારા સગીર છોકરા દ્વારા તપાસ કરવામાં આવી રહી હોવાનો વીડિયો કેમેરામાં કેદ થયો હતો. વાસ્તવમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે માટે ઝેડ પ્લસ સુરક્ષા છે. ■

## 'સ્ટિંગ ઑપરેશન' વિવાદઃ નીલેશ રાણે સામે કેસ દાખલ

મુંબઈઃ માલવણમાં ભાજપ કાર્યકર વિજય કેનાવડેકરના ઘરમાં ગેરકાયદે રીતે પ્રવેશ કરવા બદલ માલવણના વિધાનસભ્ય નિલેશ નારાયણ રાણે અને અન્ય પાંચ લોકો સામે માલવણ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. નિલેશ રાણેએ પોતે પત્રકારોને આ માહિતી આપી હતી, પરંતુ સ્થાનિક પોલીસે આ અંગે વાત કરવાનો ઇનકાર કર્યો છે.

કેસ નોંધાયા પછી વિધાનસભ્ય નિલેશ રાણેએ આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. માલવણમાં ભાજપના કાર્યકરના ઘરમાં 'અનધિકૃત પ્રવેશ' માટે કેસ નોંધવામાં આવ્યો છે. મને આની અપેક્ષા હતી. મેં પૈસા બતાવ્યા. તેથી મને આશ્ચર્ય થયું કે કોઈ એફઆઈઆર દાખલ થઈ રહ્યો નથી અને મારી સામે કેસ દાખલ થઈ રહ્યો છે.

'મારી સામે દસ કેસ દાખલ થાય તો પણ હું તેમને છોડીશ

(જુઓ પાનું ૪) ▸▸

# ત્રિભાષી પેનલને મોળો પ્રતિસાદઃ ફક્ત ૧૧,૨૦૦ લોકોના અભિપ્રાય

મુંબઇઃ પહેલા ધોરણથી હિન્દી ફરજિયાત બનાવવાના પગલા અંગે જાહેર જનતાની તીવ્ર પ્રતિક્રિયા હોવા છતાં રાજ્ય દ્વારા નિયુક્ત કરવામાં આવેલી સમીક્ષા સમિતિને લોકોના મંતવ્યો મેળવવા માટે પ્રશ્નાવલી અને અભિપ્રાય ફોર્મ પર કેવળ ૧૧ હજાર ૨૦૦ લોકોના જવાબો મળ્યા છે.

રાજ્યભરની શાળાઓમાં હિન્દી ફરજિયાત કરવાની રજૂઆત અંગેની ઘોષણા કરવામાં આવતા તીવ્ર નારાજગી જોવા મળતા રાજ્યએ જૂનમાં સમિતિ બનાવી હતી. પ્રોફેસર નરેન્દ્ર જાધવની અધ્યક્ષતાવાળી સમિતિને ત્રિભાષા ફોર્મ્યુલા શક્ય છે કે નહીં તે અંગે અહેવાલ રજૂ કરવા કહેવામાં આવ્યું હતું.

સમિતિએ નીતિ અંગે લોકોનો અભિપ્રાય માપવા માટે મહારાષ્ટ્રના આઠ સ્થળની મુલાકાત લીધી હતી. શુક્રવારે મુંબઈમાં થયેલી અંતિમ સુનાવણીમાં શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને રાજકીય નેતાઓ સહિત અંદાજે ૪૦૦ લોકો હાજર રહ્યા હતા.

સમિતિને મળેલા પ્રતિભાવ અંગે જાધવે જણાવ્યું હતું કે પ્રશ્નાવલી અને અભિપ્રાયનું ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. અત્યાર સુધી અમને પ્રશ્નાવલીના ૧૦ હજાર અને અભિપ્રાય ફોર્મના ૧ હજાર ૨૦૦ જવાબ મળ્યા છે. અમે એનું વિશ્લેષણ કરી તેને અમારા અહેવાલ સાથે જોડીશું. સમિતિ ૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં તેના તારણો રજૂ કરે તેવી અપેક્ષા છે, પરંતુ જાધવે કહ્યું હતું કે અહેવાલ ૨૦ ડિસેમ્બર પહેલા તૈયાર થઈ જશે. ■

હોંગકોંગ મકાઉ શેનઝેન 9 જાન્યુઆરી, 7 દિવસ
બાલી-સિંગાપુર 1 ફેબ્રુઆરી, 8 દિવસ
બેંગકોક પટાયા ફુકેટ 8 ફેબ્રુ., 7 દિ.
શ્રીલંકા 5 માર્ચ,7 દિ. | વેઇટનામ 5 માર્ચ, 8 દિ. | દુબઈ 6 દિ. 24 જાન્યુ.
ન્યુઝીલેન્ડ 19 ફેબ્રુઆરી,10 દિવસ
Tour Costs are Dynamic.
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 9769318872

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં રોકાણનો વિવાદ

# પાલિકાના સહાયક મ્યુનિસિપલ કમિશનરને એક મહિનાની ફરજિયાત રજા પર મોકલી દેવાયા

મુંબઈઃ બાન્દ્રા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં અનુચિત રોકાણના આરોપોને પગલે મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)એ એસ વોર્ડ (ભાંડુપ)ના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર મહેશ પાટીલને એક મહિનાની ફરજિયાત રજા પર મોકલી દીધા છે.

મુખ્ય પ્રધાન, રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુંબઈ પોલીસ કમિશનરને કરેલી લેખિત ફરિયાદમાં એનઆરઆઈ રહેવાસીએ આરોપ કર્યો હતો કે પાટીલે રોકડમાં આ પ્રોજેક્ટમાં રોકાણ કરી સારું વળતર મળશે એવી સલાહ તેમને આપી હતી. તેમને એમ પણ કહેવામાં આવ્યું હતું કે જે રોકાણકારો અગાઉથી ૧૦૦ ટકા રકમ ચૂકવશે તેમને વધુ નફો મળશે.

બીએમસીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપોની ચાલી રહેલી તપાસમાં વિક્ષેપ ન પડે એની તકેદારી રાખવા પાટીલને રજા પર મોકલવામાં આવ્યા છે.

પાટીલે આ આરોપોને ખોટા, પાયાવિહોણા અને ઉપજાવી કાઢેલા ગણાવી ઉમેર્યું હતું કે તેમણે ફરિયાદીને પુરાવા આપવા માટે કાનૂની નોટિસ મોકલી છે જેનો હજુ સુધી કોઈ જવાબ નથી મળ્યો. ■

વિયેતનામ સાથે/વગર ફુકોક
ભુવનેશ્વર-પૂરી સાથે/વગર ગંગાસાગર
શીખરજી મહાયાત્રા NOV TO FEB
કચ્છનું રણ
કૂર્ગ-કબિની-વાયનાડ
આંદમાન-નિકોબાર
રંગીલો રાજસ્થાન
રામેશ્વર-મદુરાઈ-ત્રિવેન્દ્રમ સાથે કોવલમ
સિંગાપુર-મલેશિયા
દુબઈ-થાઈલેન્ડ
સુ-મૂન સ્ટેચ્યુ ઓફ યુનિટી
9224139889 / 9930096560
શ્રીલંકા BY AIR • જ્યોર્જિયા

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.